ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકનો
સામાન્ય અને સામાજિક ક્ષેત્રનો
માર્ચ 2018 ના રોજ પૂરા થતાં વર્ષ માટેનો અહેવાલ

ગુજરાત સરકાર
વર્ષ 2020 નો અહેવાલ નંબર 1

http://www.cag.gov.in

વિષય સૂચિ

વિગત	ફકરા નંબર	પૃષ્ઠ નંબર
પ્રસ્તાવના		v
પ્રકરણ-I - પ્રાસ્તાવિક નોંધ		1
પ્રકરણ -II - કામગીરી ઓડિટ		
નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ		
ગુજરાતમાં ગ્રામ્ય પેય-જળ પાણી પુરવઠા કાર્યક્રમનુ અમલીકરણ	2.1	9
પ્રકરણ -III - અનુપાલન ઓડિટ		
શિક્ષણ વિભાગ		
પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયક રાષ્ટ્રીય કાર્યક્રમનુ અમલીકરણ	3.1	41
પંચાયાત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ		
રુર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમનું અમલીકરણ	3.2	55
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ		
ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વયોવૃધ્ધ પેન્શન યોજનાનુ અમલીકરણ	3.3	64
આદિજાતિ વિકાસ વિભાગ		
ગુજરાત રાજ્ય ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત નિવાસી શાળાઓની કામગીરી	3.4	72
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ		
રેફ્યૂઝ કોમ્પેક્ટર વ્હીકલની ખરીદીમાં બિન-ફળદાયી ખર્ચ	3.5	86

પરિશિષ્ટો

પરિશિષ્ટ	વિગત	ફકરા નંબર	પૃષ્ઠ નંબર
I	31 ડિસેમ્બર 2018 ની સ્થિતિએ પડતર રહેલા નિરક્ષણ અહેવાલો/ ફકરાઓની વર્ષવાર વિગતો દર્શાવતુ પત્રક	1.6.1	91
II	31 ડિસેમ્બર 2018 ના રોજ બાકી રહેલ વિગતવાર ખુલાસાની વિગતો દર્શાવતુ પત્રક	1.6.3	92
III	31 ડિસેમ્બર 2018 ના રોજ જાહેર હિસાબ સમિતિ દ્વારા ચર્ચા કરવાના બાકી રહેતા ફકરાઓ	1.6.4	93
IV	આંકડાકીય માળખું દર્શાવતુ પત્રક	2.1.5	94
V	ઓડિટ માટે પસંદ કરાયેલ યુનિટ દર્શાવતુ પત્રક	2.1.5	95
VI	જિલ્લા સ્તરની લેબોરેટરીઓ (DLLs) દ્વારા ફેર-ચકાસણી કરાયેલ નમૂનાઓના પરિણામોની વિગત દર્શાવતુ પત્રક	2.1.8.1	97
VII	રાજ્ય સ્તરની લેબોરેટરીઓ (SLL), જિલ્લા સ્તરની લેબોરેટરીઓ (DLLs) તથા તાલુકા સ્તરની લેબોરેટરીઓ (TLLs) માં પરીક્ષણ કરવા જરૂરી માપદંડોની યાદી	2.1.8.3	98
VIII	નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોના નમૂનાઓના પ્રિક્ષનોના પરિણામો દર્શાવાતું પત્રક	2.1.9.1	101
IX	વર્ષ 2013-18ના સમય ગાળા દરમિયાન નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં ચકસાયેલ નમૂનાઓની વિગતો દર્શાવતુ પત્રક	2.1.9.1	102
X	વિવિધ યોજનાઓ હેઠળ ખર્ચની વર્ષવાર વિગતો દર્શાવતુ પત્રક	2.1.10	103
XI	MDM યોજનાના અમલીકરણનો ફ્લો-ચાર્ટ	3.1.1	104
XII	પસંદ કરાયેલ જિલ્લાઓ,તાલુકાઓ અને GPs/વોર્ડ્સ તથા લાભાર્થીઓના કરાયેલ સર્વેક્ષણની વિગતો દર્શાવતુ પત્રક	3.3.1	105
XIII	સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓ સાથે છાત્રોની સંખ્યા અને ભંડોળની રૂપરેખાની વિગતો દર્શાવતુ પત્રક	3.4.1 & 3.4.2	106
XIV	વર્ષ 2015-18 દરમિયાન મેળવેલ અનુદાન અને કરાયેલ ખર્ચની વિગતો દર્શાવતુ પત્રક	3.4.4	107
XV	નમૂના તપાસ કરાયેલ ખાટલાઓ અને ગાદલાઓની ઉપલબ્ધતાની અછત દર્શાવતુ પત્રક	3.4.6.3	108

પ્રસ્તાવના

31 માર્ચ 2018 ના રોજ પૂરા થતાં વર્ષ માટેનો આ અહેવાલ ભારતના બંધારણની કલમ 151 હેઠળ રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં ત્રણ પ્રકરણો છે.

નિયંત્રક અને મહાલેખા પરીક્ષકનો (ડ્યુટીઝ, પાવર્સ અને કંડીશન ઓફ સર્વિસ) ધારો, 1971 ની જોગવાઈઓ તથા નિયંત્રક અને મહાલેખા પરીક્ષક દ્વારા જારી કરાયેલ ઓડિટ અને એકાઉન્ટસ પરના ધારા-ધોરણો, 2007 અંતર્ગત સામાજિક અને સામાન્ય ક્ષેત્રના વિભાગોના ઓડિટ સંબંધિત અહેવાલ છે. આ અહેવાલ ભારતના બંધારણની કલમ 151 (2) હેઠળ રાજ્ય વિધાનસભાને રજૂ કરવો જરૂરી છે.

આ અહેવાલમાં દર્શાવેલ કિસ્સાઓ વર્ષ 2017-18 દરમિયાન કરવામાં આવેલ નમૂનારૂપ ઓડિટ ચકાસણી દરમિયાન તેમજ આગલા વર્ષો દરમિયાન ધ્યાન પર આવેલા પરંતુ આગલા અહેવાલોમાં સમાવિષ્ટ ન થઈ શકેલ કિસ્સાઓ પૈકીનાં છે. વર્ષ 2017-18 પછીના સમયગાળાને લગતી બાબતોનો પણ જરૂરિયાત પ્રમાણે સમાવેશ કરવામાં આવેલ છે.

ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક દ્વારા બહાર પાડવામાં આવેલ ઓડિટિંગ સ્ટાન્ડર્ડ (માર્ચ 2002) ને અનુસરીને ઓડિટ કરવામાં આવે છે.

ઓડિટ અહેવાલમાં ગુજરાતી અનુવાદમાં રહેલ હકીકત દોષ માટે મૂળ ઈંગ્લિશ અહેવાલમાં આપેલ વિગત સાચી ગણવી.

પ્રકરણ-I

પ્રાસ્તાવિક નોંધ

પ્રકરણ - I

પ્રાસ્તાવિક નોંધ

1.1 આ અહેવાલ અંગે

ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (C&AG)નો આ અહેવાલ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના પસંદ કરાયેલ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના કામગીરી ઓડિટમાં ઉદભવેલ બાબતો અને ઓડિટ સ્વીકૃતિ અંગેનો છે.

ભારતના બંધારણમાં કરાયેલ જોગવાઇઓ, સંબંધિત કાયદાઓ, ધારા, નિયમો અને વિવિધ હુકમો અને સક્ષમ સત્તા ધરાવતા અધિકારી દ્વારા જારી કરાયેલ સૂચનાઓનું અનુપાલન કરવામાં આવે છે કે નહીં તેની ખાત્રી કરવા માટે ઓડિટ કરવામાં આવેલા વિભાગોના ખર્ચાઓના વ્યવહારોની તપાસણીના સદર્ભમાં અનુપાલન ઓડિટ કરવામાં આવે છે. જ્યારે બીજી બાજુ કામગીરી ઓડિટમાં અનુપાલન ઓડિટ ઉપરાંત વિભાગ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓ અને કાર્યક્રમોનો અમલ કરકસરયુક્ત તેમજ કાર્યદક્ષતાપૂર્વક પ્રાપ્ત કરવામાં આવેલ છે, તેની પણ તપાસ કરે છે.

અહેવાલનો મૂળભૂત હેતુ ઓડિટના મહત્વના તારણો રાજ્ય વિધાનસભાના ધ્યાન ઉપર લાવવાનો છે. ઓડિટના માપદંડ માટે જરૂરી છે કે રિપોર્ટિંગ માટેનું આવશ્યક સ્તર નિયમાનુસાર સાહજિક અને વ્યવહારોની મહત્તા અને કદ વિસ્તારને અનુરૂપ હોય. ઓડિટના તારણોનાં પરિણામ સ્વરૂપે સંસ્થાના વહીવટી અધિકારી સુધારાત્મક પગલાઓ લઈ તેમજ માર્ગદર્શક સૂચનો આપી એવી નીતિ ઘડે, કે જેથી સંસ્થાનો આર્થિક વહીવટ સુધરે. આમ, ઓડિટના તારણો સંસ્થાના વધુ સારા સંચાલનમાં ફાળો આપે છે.

આ પ્રકરણમાં ઓડિટનો વ્યાપ તેમજ આયોજન સમજાવવા ઉપરાંત પસંદ થયેલ કાર્યક્રમોની કામગીરીમાં રહી ગયેલ મહત્વની ક્ષતિઓનો સારાંશ, વ્યવહારોના ઓડિટ દરમિયાન કરવામાં આવેલ મહત્વના ઓડિટ અવલોકનો તથા અગાઉના ઓડિટ રિપોર્ટની અનુવર્તી કાર્યવાહીનો સમાવેશ કરવામાં આવેલ છે. આ અહેવાલનાં પ્રકરણ-IIમાં પસંદ કરાયેલ કાર્યક્રમો/પ્રવૃતિઓ વિભાગોના કામગીરી ઓડિટ દરમિયાન ઉદભવેલ તારણોનો સમાવેશ થાય છે. પ્રકરણ-IIIમાં સરકારી વિભાગોના અનુપાલન ઓડિટના અવલોકનોનો સમાવેશ થાય છે.

1.2 ઓડિટ કરાયેલ વિભાગોની રૂપરેખા

સામાન્ય અને સામાજિક સેવા અંતર્ગત રાજ્યમાં 17 વિભાગો,[1] 226 સ્વાયત્ત સંસ્થા તથા 14,482 સ્થાનિક સંસ્થાઓ[2] ના ખર્ચનું ઓડિટ પ્રધાન મહાલેખાકાર (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર), ગુજરાત, સચિવ કક્ષાએ, હાથ ધરે છે. વિભાગોના વડા તરીકે અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ, સચિવો તથા તેઓની સહાયમાં નિયામક, કમિશ્નર, મુખ્ય ઈજનેર તથા અધિકારીઓ રહેતા હોય છે.

વર્ષ 2016-17 અને 2017-18 દરમિયાન થયેલ રાજકોષીય લેવડ-દેવડ (વ્યવહારો) નો સારાંશ આગળ **કોષ્ટક-1** માં આપેલ છે –

1 નર્મદા, જળ સંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનું પાણી પુરવઠા પ્રભાગ સામેલ છે.

2 જિલ્લા પંચાયતો-33, તાલુકા પંચાયતો-249, ગ્રામ પંચાયતો-14,030, નગરપાલિકાઓ-162 અને મ્યુનિસિપલ કોર્પોરેશનો-8

કોષ્ટક-1 : રાજકોષીય વ્યવહારોનો સારાંશ

(₹ કરોડમાં)

આવક			વહેંચણી				
	2016-17	2017-18		2016-17	2017-18		
					આયોજન બહાર	આયોજન	કુલ
1	2	3	4	5	6	7	8
વિભાગ A: મહેસૂલ							
મહેસૂલી આવક	**1,09,841.81**	**1,23,291.27**	**મહેસૂલી ખર્ચ**	**1,03,894.83**	**1,03,043.68**	**15,015.98**	**1,18,059.66**
કર મહેસૂલ	64,442.71	71,549.41	સામાન્ય સેવાઓ	35,804.35	40,932.63	468.93	41,401.56
બિન કર મહેસૂલ	13,345.66	15,073.97	સામાજિક સેવાઓ	44,926.02	38,934.11	10,104.89	49,039.00
કેન્દ્રિય કર/ શુલ્ક નો હિસ્સો	18,835.39	20,782.29	આર્થિક સેવાઓ	22,748.51	22,702.88	4,442.16	27,145.04
ભારત સરકાર તરફથી અનુદાન	13,218.05	15,885.60	સહાયક અનુદાન અને ફાળો	415.95	474.06	0.00	474.06
વિભાગ B: મૂડી							
પરચુરણ મૂડી આવકો	240.05	0.00	મૂડી ખર્ચ	22,355.39	20,305.34	6,007.85	26,313.19
લોન તથા પેશગીની વસૂલાત	165.77	346.22	લોન તથા પેશગીની વહેંચણી	477.56	631.07	-	631.07
જાહેરઋણ આવકો *	27,668.31	26,952.74	જાહેર ઋણની પરત ચૂંકવણી*	9,073.17	-	-	13,700.23
આકસ્મિક નિધિ	3.75	0.00	આકસ્મિક નિધિ	0.00	-	-	0.00
જાહેર હિસાબી આવકો[3]	2,570.71	1,394.21	જાહેર હિસાબી આવકો	0.00	-	-	0.00
રોકડની ખૂલતી સિલક	18,559.48	23,248.93	બંધ બાકી સિલક	23,248.93	-	-	16,529.22
કુલ	1,59,049.88	1,75,233.37	કુલ	1,59,049.88			1,75,233.37

(સ્ત્રોત : વર્ષ 2016-17 અને 2017-18 ના વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો)

* સાધનોપાલય પેશગી અને ઓવરડ્રાફટના વ્યવહારો સિવાય

1.3 ઓડિટ માટે કાયદેસર અધિકાર

ભારતના બંધારણના આર્ટીકલ 149 અને 151 તથા નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (ફરજો, સત્તા અને સેવાની શરતો) એક્ટ, 1971 દ્વારા ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકને ઓડિટ કરવા માટેની કાયદેસરની સત્તા મળેલ છે.

3 જાહેર હિસાબની નેટ આવકો જાહેર હિસાબની આવક માંથી વહેંચણી ને બાદ કરતાં આવે છે. વર્ષ 2017-18 દરમિયાન જાહેર હિસાબની આવક ₹ 89,132.67 કરોડ અને વહેંચણી ₹ 87,738.46 કરોડ હતી, જેથી જાહેર હિસાબની નેટ પુરાંત ₹ 1,394.21 દર્શાવેલ છે.

1.4 ઓડિટ આયોજન અને સંચાલન

વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચાઓ, પ્રવૃત્તિઓની જટિલતા અને ગંભીરતા, આપવામાં આવેલ આર્થિક-નાણાકીય સત્તાના સ્તર, સમગ્ર આંતરિક નિયંત્રણ પરનું નિર્ધારણ, સંબંધિત નિયંત્રણ અધિકારી પર આધારિત સરકારી વિભાગો દ્વારા સામનો કરવામાં આવતા જોખમોની મોજણી સાથે ઓડિટ પ્રક્રિયા શરૂ થાય છે. આ પ્રક્રિયામાં અગાઉના ઓડિટ તારણો પણ ધ્યાને લેવામાં આવે છે. આ જોખમના નિર્ધારણના આધારે ઓડિટનો વ્યાપ અને સમયાવધી નક્કી કરવામાં આવે છે.

દરેક કચેરીનું ઓડિટ પુર્ણ થયા બાદ ઓડિટ તારણો સાથેનો નિરીક્ષણ અહેવાલ વિભાગના વડાને મોકલવામાં આવે છે. જે વિભાગને નિરિક્ષણ અહેવાલમાં સમાવિષ્ટ તારણોનો જવાબ નિરીક્ષણ અહેવાલ મળ્યાના એક મહિનાની અંદર આપવાની વિનંતી કરવામાં આવે છે. જ્યારે પણ જવાબો મળે છે ત્યારે ઓડિટના તારણો ફેસલ (પતાવટ) કરવામાં આવે છે, યા તો તેના અનુપાલન માટે વધુ આગળ ની કાર્યવાહી કરવા માટે સલાહ આપવામાં આવે છે. આ નિરીક્ષણ અહેવાલોમાં ઉદભવેલા મહત્વના અવલોકનો ઓડિટ રિપોર્ટમાં સમાવિષ્ટ કરવા માટે તથા આગળની કાર્યવાહી માટે ભારતના બંધારણના આર્ટીકલ 151 હેઠળ રાજ્યના રાજયપાલને મોકલવામાં આવે છે. જે રાજ્ય વિધાનસભામાં પ્રસ્તુત કરવા જવાબદાર છે.

વર્ષ 2017-18 દરમિયાન સામાન્ય અને સામાજિક ક્ષેત્ર,ઓડિટ વિભાગ દ્વારા 17,839 પાર્ટી દિવસનો ઉપયોગ કરી કુલ 251 કચેરીઓ (યુનિટો) નું ઓડિટ કરવામાં આવ્યું હતું. ઓડિટ આયોજન કરતી વખતે એવા જ યુનિટો/કચેરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો કે જ્યાં અમારા મૂલ્યાંકન પ્રમાણે અગત્યના ભય સ્થાનો જણાતા હતા.

1.5 નોંધપાત્ર ઓડિટ અવલોકનો

છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ કાર્યક્રમ અને પ્રવૃતિઓના અમલીકરણમાં રહી ગયેલ કેટલીક નોંધપાત્ર/ મહત્વની ક્ષતિઓ ઓડિટ થકી ઉજાગર થયેલ, જેનો ઓડિટ રિપોર્ટમાં નિર્દેશ કરાયેલ છે, સાથો સાથ પસંદ કરેલા વિભાગોના આંતરિક નિયંત્રણની ગુણવત્તા કે જે કાર્યક્રમની સફળતા તેમજ વિભાગના કાર્યરત રહેવામાં પણ અસરકર્તા છે, તેના ઉપર પણ અહેવાલ આપેલ છે. તેવી જ રીતે સરકારી વિભાગો/સંગઠનોના અનુપાલન ઓડિટ દરમિયાન ધ્યાન ઉપર આવેલ ક્ષતિઓ અંગે પણ અહેવાલ આપેલ છે. આ ઓડિટ રિપોર્ટમાં એક કામગીરી ઓડિટ અને પાંચ અનુપાલન ઓડિટના ફકરાઓ સમાવાયા છે, જેના વિશિષ્ટ મુદ્દાઓ નીચે મુજબ છે.

1.5.1 કામગીરી ઓડિટ

1.5.1.1 ગુજરાતમાં ગ્રામ્ય પેય-જળ પાણી પુરવઠા કાર્યક્રમનુ અમલીકરણ

પાણીએ રાજ્યનો વિષય છે અને ન્યુનત્તમ માત્રામાં પીવાલાયક પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. દેશના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા વસવાટો ને સલામત પેય-જલ પુરૂં પાડવામાં ભારત સરકાર ટેકનિકલ તથા નાણાંકીય સહાયવડે રાજ્ય સરકારોના પ્રયાસોની પૂર્તિ કરે છે. ગુજરાત પાણી-પૂરવઠા અને ગટર-વ્યવસ્થા બોર્ડ (GWSSB) તથા વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (WASMO) થકી ગ્રામ્ય પાણી-પૂરવઠા કાર્યક્રમ (RWSP) ના યોગ્ય અમલીકરણ માટે પાણી-પૂરવઠા વિભાગ (WSD) જવાબદાર છે.

રાજ્યમાં ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમનું વર્ષ 2013-18 ના સમયગાળાને આવરી લેતું કામગીરી ઓડિટ માર્ચ 2018 થી ઓગષ્ટ 2018 દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ઓડિટના મુખ્ય તારણોને સંક્ષેપમાં નીચે આપવામાં આવ્યાં છે.

- ઓગષ્ટ 2018ની સ્થિતિએ રાજ્યમાં આવેલ 17,843 ગામોમાંથી 8,947 ગામોની નર્મદા કેનાલ આધારિત યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવેલ હતાં, જ્યારે 3,893 ગામે ને અન્ય સ્ત્રોતો પર આધારિત પાણી પૂરવઠા યોજનાઓ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતાં.

- રાજ્યમાં આવેલ તમામ 35,996 વસવાટોને પાણી પૂરવઠાથી પૂર્ણ રીતે આવરી લેવાયેલ હોવાનો ગુરાત સરકાર (GoG) એ કરેલ દાવો સાચો ઠર્યો ન હતો.

- નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓમાં 91 ગ્રામ્ય પાણી પૂરવઠા યોજનાઓ (RWSSs) હેઠળ આવરી લેવાયેલ 2,352 ગામોમાંથી માત્ર 1,587 ગામો જ RWSSs મારફત પાણી મેળવતાં હતાં. બાકીના 765 ગામો માંથી 258 ગામોને જળસ્ત્રોતમાં અપુરતું પાણી હોવાથી, આંતરિક વિતરણ નેટવર્ક ઊભું ન કરાયું હોવાથી, ક્ષતિયુક્ત પાઈપો, વિગેરે કારણોસર પાણી ઉપલબ્ધ ન હતું.

- બિન-કાર્યરત WSSsની ઓછી નોંધણી કરાવવામાં આવી હતી. વળી, ઘણી બિન-કાર્યરત યોજનાઓ તો વિભાગની જાણકારીમાં પણ ન હતી.

- ગુજરાત જલસેવા તાલિમ સંસ્થા (GJTI) ખાતે આવેલી રાજ્યકક્ષાની લેબોરેટરી (SLL) ચોક્કસ પરીક્ષણો હાથ ધરવાને બદલે માત્ર સામાન્ય સ્તરના રાબેતા મુજબના પરીક્ષણો જ હાથ ધરતી હતી અને તે ઊંચી કક્ષાના ઉપકરણો/સાધનો ઉપલબ્ધ ન હોવાના કારણે રેફરેલ લેબોરેટરી તરીકે તેની કામગીરી કરી શકતી ન હતી. તાલુકા કક્ષાની લેબોરેટરીઓની ઓછી સંખ્યાના કારણે ધોરણો અનુસાર પરીક્ષણ કરવા જરૂરી જળસ્ત્રોતોની સંખ્યામાં મોટી ઘટ રહેવા પામી હતી. મોબાઈલ લેબોરેટરી વાનોનો ઈષ્ટતમ રીતે ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. નમૂનારૂપ ચકાસણી કરાયેલ વસવાટોમાં ગ્રામ પંચાયતો (GPs) તથા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર્સ (MPHWs) દ્વારા પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટેની ફીલ્ટ ટેસ્ટ કીટ્સનો ઉપયોગ કરાયો ન હતો.

- રાજ્યમાં કોઈ જ વસવાટો ગુણવત્તાથી પ્રભાવિત ન હોવાનો ગુજરાત સરકારનો દાવો સાચો ન હતો. રાજ્યમાં લગભગ 10 ટકા વસવાટો ને પીવાલાયક પાણીના કોઈ જ સ્ત્રોત ઉપલબ્ધ ન હતાં.

- નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં RWSS કે જેમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (WTPs) માં પ્રક્રિયા કર્યા બાદ પાણી પૂરું પાડવામાં આવે છે, તેના મારફત પુરાં પડાયેલા પાણી સિવાય તમામ જળસ્ત્રોતો માટે બેકટેરીયોલોજીકલ-જીવાણુલક્ષી પરીક્ષણ કરવામાં આવતું ન હતું.

- ઓડિટમાં સંશોધન અને વિકાસ (R&D) યોજનાઓ અંતર્ગત GWSSB તથા નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ દ્વારા અનિયિમત ખર્ચની નોંધણી કરાઈ હોવાનું WASMO દ્વારા વણવપરાયેલ ભંડોળો પરત ન કરાયાં હોવાનું તેમજ ગ્રામ-પંચાયતો દ્વારા વોટર ચાર્જિસની ચુકવણી ન કરાતી હોવાનું જોવા મળ્યું હતું.

- પૂર્ણ કરાયેલ યોજનાઓની સમયાંતરે દેખરેખ થતી ન હતી.

(ફકરો 2.1.1 થી 2.1.15)

1.5.2 લેવડ દેવડના વ્યવહારોનું અનુપાલન ઓડિટ

1.5.2.1 પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયક રાષ્ટ્રીય કાર્યક્રમનુ અમલીકરણ

ઓડિટે કમિશ્નર (MDM) દ્વારા GoI ને યોજના હેઠળ આવરી લેવાયેલ શાળાઓના અને વિદ્યાર્થીઓ બાબતે ખોટું રીપોર્ટિંગ કર્યાનું નોંધ્યું હતું. એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ (AWP&B) માં આવરી લેવાયેલ શાળાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યા સર્વ શિક્ષા અભિયાન (SSA) ના રેકોર્ડ્ઝ મુજબ રાજ્યની શાળાઓની વાસ્તવિક સંખ્યા કરતાં વધુ હોવાનું રિપોર્ટિંગ થયું હતું. તેવી જ રીતે, નમૂના-તપાસેલ જીલ્લોઓના આંકડા અને કમિશ્નર દ્વારા રિપોર્ટ કરાયેલા વિદ્યાર્થીઓના કવરેજના આંકડામાં વિસંગતતા હતી.

વર્ષ 2015-18 દરમિયાન GoI ને અનાજના બંધ સ્ટોકનું ઓછું રેપોર્ટિંગ કરી રહ્યા છે, જો કે, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ (GSCSC) ના ગોદામોમાં અનાજનો મોટા પ્રમાણમાં બંધ સ્ટોક હતો. સમગ્ર રાજયમાં સમાન મેનૂ રાખી વિદ્યાર્થીઓને પોષક તત્વોનું પ્રમાણ વધારી ખોરાક આપવા માત્ર બપોરના ભોજનને સવારના નાસ્તા અને બપોરના ભોજનમાં વિભાજિત કરવાનો હેતુ પ્રાપ્ત કરાયો ન હતો. બાળકોને ગુણવત્તા યુક્ત અનાજનો રાંધેલો ખોરાક પૂરો પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટેની તપાસ અસરકારક રીતે લાગુ પાડવામાં આવી ન હતી.

(ફકરો 3.1.1 થી 3.1.10)

1.5.2.2 રુર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમ (UDS) નું અમલીકરણ

રુર્બન યોજના હેઠળ હાથ ધરાયેલા 19 માંથી 18 UDS પ્રોજેક્ટનો અમલ, ₹ 194.70 કરોડ[4] ખર્ચ કર્યા પછી આયોજનની ભૂલોને કારણે અને છ વર્ષ (2012 થી 2018 સુધી) વીત્યા પછી પણ સંતોષકારક નથી. શહેરની સ્વચ્છતા યોજનાઓ વિના પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા હતા; પ્રોજેક્ટ રિપોર્ટ્સ સાઇટ સર્વે વગર તૈયાર કરવામાં આવ્યા હતા; પ્રોજેક્ટ શરૂ થતાં પહેલાં પાણીનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો ન હતો; પૂર્ણ UDS સાથેના ઘરના જોડાણો નબળા હતા; ચોમાસાની ઋતુ દરમિયાન પમ્પિંગ સ્ટેશનો અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ માટે પસંદ કરેલી જગ્યાઓમાં પાણી ભરાવાની સંભાવના હતી; અને પૂર્ણ થયેલ પ્રોજેક્ટ્સના સંચાલન અને જાળવણીની જવાબદારી પંચાયતને તેમની આર્થિક ક્ષમતાનું મૂલ્યાંકન કર્યા વિના ગ્રામ પંચાયતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતોએ જેટીંગ-કમ-ક્લીનિંગ મશીનરીની ઉપલબ્ધતાની ખાતરી આપી ન હતી.

(ફકરો 3.2.1 થી 3.2.6)

1.5.2.3 ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વયોવૃધ્ધ પેન્શન યોજનાનુ અમલીકરણ

ઓડિટનું તારણ છે કે GoG એ ગ્રામીણ અને શહેરી બંને ગરીબી રેખા હેઠળ (BPL) વસ્તીનાં બધા જ BPL લાભાર્થીઓને આ યોજનાં હેઠળ આવરી લીધા નથી. 2004-05 નાં ગરીબી ગુણોત્તરને આધારે GoI દ્વારા અધિકતમ મર્યાદા તરીકે મંજૂર કરાયેલ ₹ 5.81 લાખ અંદાજિત BPL લાભાર્થીઓની સામે, માર્ચ-2018 ની સ્થિતિએ, GoG યોજના હેઠળ 5.60 લાખ BPL લાભાર્થીઓને આવરી શકી છે.

નમૂના તપાસેલ તાલુકાઓના ઓડિટમાં જણાયું કે મામલતદારોએ BPL ગુણાંક નક્કી કરાયેલ માપદંડો કરતાં વધારે BPL ગુણાંકો સાથેના પાત્રતા ન ધરાવતા BPL વ્યક્તિઓને પેન્શન પુરૂ પાડેલ અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓને યોજનાની માર્ગદર્શિકાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા સ્વચ્છંદ રીતે અસ્વીકાર કરવામાં આવ્યો હતો. અને નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સૂચનાઓ જારી કરવામાં આવેલ હતી.

4 15 પૂર્ણ પ્રોજેક્ટ્સ પર ₹ 166.83 કરોડ ખર્ચ + 03 અપૂર્ણ પ્રોજેક્ટ્સ પર ખર્ચ ₹ 27.87 કરોડ

નમૂના-તપાસેલ તાલુકાઓમા મનીઓર્ડરોનાં પરત થવાના કિસ્સાઓમાં પેન્શનનાં વિસ્તરણ ન થવાના કિસ્સાઓ નોંધવામાં આવ્યાં હતાં. દાહોદ, જામનગર અને પાલનપુર તાલુકાઓમાં, ઓડિટમાં જણાયું કે 107 લાભાર્થીઓનું પેન્શન (₹ 10.18 લાખ) મામલતદારો દ્વારા આધારની સાથે ખોટી રીતે લીંકઅપ અને ખોટા નંબરનાં બેંક ખાતામાં એન્ટ્રીને કારણે અન્યનાં બેંક ખાતાઓમાં ખોટી રીતે જમાં કરવામાં આવ્યાં હતાં. નમૂનાં તપાસેલ મામલતદારોએ હાલનાં લાભાર્થીઓની વાર્ષિક ચકાસણી હાથ ધરી ન હતી.

(ફકરો 3.3.1 થી 3.3.6)

1.5.2.4 ગુજરાત રાજ્ય ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત નિવાસી શાળાઓની કામગીરી

ઓડિટનું અવલોકન હતું કે, આદિજાતિઓ (STs) માટેની નિવાસી શાળાઓનો સમસ્તરીય વ્યાપ એકસરખો થયો ન હતો, જેમકે 43 આદિજાતિ તાલુકાઓમાંથી 18 તાલુકાઓમાં એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ (EMRSs) ન હતી, જ્યારે ત્રણ તાલુકાઓમાં એકથી વધારે EMRS હતી. જે EMRS સ્થાપવા માટેનાં પારદર્શક માપદંડોની ગેરહાજરી સ્વયં સિધ્ધ કરે છે. સોસાયટી અને કન્યા સાક્ષરતા રેસીડેન્સીયલ શાળાઓ (GLRSs), બજેટ અનુમાનો મુજબ અને માર્ગદર્શિકાઓમાં નક્કી કર્યા મુજબ આવર્તક અનુદાનનો વપરાશ કરવામાં નિષ્ફળ રહી હતી, જે ₹ 5.36 કરોડની કેન્દ્રીય સહાયનાં નુકશાનમાં પરીણમ્યું હતું. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) પદ્ધતિ મુજબ સંચાલિત બે બિનસરકારી સંસ્થાઓ (NGOs) દ્વારા ચલાવાતા EMRSsને વધારે આવર્તક અનુદાનો મુક્ત કરીને સોસાયટીએ વધારાનો નાણાકીય લાભ (₹ 2.07 કરોડ) આપ્યો હતો.

ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ ન કરવા/આંશિક શરૂ કરવાને લઈ આઠ EMRSs અને 19 GLRSsનાં છાત્રો ઉચ્ચતર માધ્યમિક શિક્ષણથી વંચિત રહયા હતા. 36 EMRSs અને 43 GLRSsમાંથી ત્રણેય પ્રવાહની પસંદગી માત્ર ચાર EMRSsમાં ઉપલબ્ધ હતી. શિક્ષકોની નિયુક્તી કરાર આધારિત, માસિક ફીકસ પગાર મુજબ કરાતી હતી જે કુશળ કામદારો માટેનાં રાજ્યનાં નિયત લઘુતમ વેતન કરતા ઓછા હતા. પરિણામે તેમાના ઘણાજ અધવચ્ચે નોકરી છોડી જતા હતા જે જગ્યાઓ ખાલી પડવામાં અને નિયમીત વર્ગો યોજવામાં અસરકર્તા છે.

GoI એ ₹ 110 કરોડનું ભંડોળ પુરુ પાડ્યું હોવા છતાં સોસાયટી સાત EMRSs અને આઠ GLRSsનું બાંધકામ શરૂ કરી શકી ન હતી. મકાનો ઉપલબ્ધ ન હોવાને કારણે આ શાળાઓ, અન્ય શાળાનાં મકાનોમાં ચલાવાતી હતી. પરિણામ સ્વરૂપ સંકલિત આદિજાતિ વિકાસ પ્રયોજના (ITDP) બનાસકાંઠામાં વર્ગખંડો અને હોસ્ટેલો વધારે ભીડભાડ વાળી જણાતી હતી. નમૂના તપાસ કરાયેલ છ GLRSs અને બે EMRSs માં ખાટલાઓ અને ગાદલાઓની સઘન ધ્યાનમાં આવી હતી. EMRS જાગાણામાં 479 છાત્રો સામે માત્ર 294 ખાટલા, ગાદલા અને ચાદરોનો સેટ ઉપલબ્ધ હતો; EMRS કડાણામાં 338 છાત્રો સામે માત્ર 155 ખાટલાઓ ઉપલબ્ધ હતા અને નમૂના તપાસ કરાયેલ 12 શાળાઓમાંથી આઠમાં ખાટલાઓની એકંદર અછત 27 ટકા હતી. ITDP છોટાઉદેપુરની GLRSનાં છાત્રો તેમના વપરાશ માટે વોટર ટેંકરમાંથી પાણી એકઠુ કરી તેને ડોલમાં સંગ્રહિત કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું કારણકે મકાનમાં પાણી માટે સીધા જોડાણની સગવડતા ન હતી.

સોસાયટી દ્વારા શાળાઓનું મુલ્યાંકન અને તેની દેખરેખ ખામીયુક્ત માલુમ પડી હતી. કારણકે છાત્રોનાં અભ્યાસ લક્ષી અને અભ્યાસેતર વિકાસ, EMRSનાં છાત્રોએ ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાઓમાં મેળવેલ

પ્રવેશ અંગેની અને તાલુકાઓમાં શાળા છોડી જવા અંગેની માહિતીનાં મૂલ્યાંકન માટે કોઈ જ પ્રણાલી સ્થાપવામાં આવી ન હતી.

(ફકરો 3.4.1 થી 3.4.8)

1.5.2.5 રેફ્યૂઝ કોમ્પેક્ટર વ્હીકલની ખરીદીમાં બિન-ફળદાયી ખર્ચ

નગરપાલિકાનાં ઘન કચરાનાં કાર્યક્ષમ વ્યવસ્થાપન માટે ગુજરાત શહેરી વિકાસ કંપની લીમીટેડ નગરપાલીકાઓ (NPs) માટે સમાવવાની અને ભાર વહનની એકસરખી ક્ષમતા ધરાવતા 25 રેફ્યુઝ કોમ્પેક્ટર ₹ 9.94 કરોડની કુલ કિંમતે ખરીદ્યા હતા. આ 25માંથી 15 વ્હીકલો તેમની મોટી સાઈઝને લઈ NP વિસ્તારનાં સાંકડા રસ્તાઓ/શેરીઓમાંથી કચરા એકઠા કરવાનું કામ પાર પાડી શકતા ન હતા, જ્યારે ત્રણ વાહનો કચરાને અનુરૂપ કન્ટેઈન્સ પ્રાપ્ય ન હોવાને અને કોન્ટ્રાક્ટર દ્વારા ખાતરીબધ્ધ સમારકામની સાપુર્તી ન થવાના કારણે ₹ 7.16 કરોડનાં બિન ફળદાયી ખર્ચમાં પરીણમ્યું હતું.

(ફકરો 3.5)

1.6 ઓડિટ પ્રત્યેની સરકારની જવાબ દેહિતાનો અભાવ

1.6.1 પડતર નિરીક્ષણ અહેવાલ

નાણાં વિભાગે 1992 માં ઓડિટ વાંધાઓ/નિરીક્ષણ અહેવાલના ઝડપી નિકાલ/પતાવટ માટે સૂચનો આપતી માહિતી પુસ્તિકા બહાર પાડેલ છે. જેમાં જણાવ્યા મુજબ મહાલેખાકાર દ્વારા જારી કરાયેલ નિરીક્ષણ અહેવાલો (IRs)ના કાર્યપાલન અધિકારી ઝડપી પ્રતીભાવ આપે, જેથી નિયત નિયમો અને પધ્ધતિ મુજબ ભૂલ સુધારણા અંગેની કાર્યવાહી કરી શકાય તથા નિરીક્ષણ દરમિયાન ધ્યાન ઉપર આવેલ જે તે વિભાગની નિયમ મુજબની કાર્યવાહીમાં રહી ગયેલ ખામીઓ/ઉપેક્ષાઓ વિગેરે અંગે જવાબદારી નક્કી કરી શકાય. નિરીક્ષણ અહેવાલના મળ્યા પછીના ચાર અઠવાડીયાની અંદર કચેરીના વડા તથા તેના ઉચ્ચ સત્તાધિકારી દ્વારા નિરીક્ષણ અહેવાલમાં થયેલ અવલોકનોમાં દર્શાવેલ વિભાગની ખામી/ત્રુટીઓ તથા થયેલ ઉપેક્ષાઓ દૂર કરી નિરીક્ષણ અહેવાલનો અનુપાલન રિપોર્ટ મહાલેખાકારને મોકલવાનો રહે છે. IRs (નિરીક્ષણ અહેવાલ)ના બાકી ફકરાઓના ઝડપથી જવાબો મોકલી આપવા માટે વિભાગોના વડાને સમયાંતરે વિનંતી કરતા સ્મૃતિ પત્રો પાઠવવામાં આવે છે.

સામાન્ય અથવા સામાજિક ક્ષેત્ર અંતર્ગત 17 વિભાગોના 6,286 નિરીક્ષણ અહેવાલ (28,018 ફકરાઓ) 31 ડિસેમ્બર 2018 ના રોજની સ્થિતિએ પડતર હતા. **પરિશિષ્ટ-I** માં પડતર રહેલા નિરીક્ષણ અહેવાલો અને ફકરાઓની વર્ષવાર વિગત આપવામાં આવેલ છે.

1.6.2 ઓડિટ ફકરા પરત્વે વિભાગનો પ્રતિભાવ

જુલાઈ 2018 અને નવેમ્બર 2018 ની વચ્ચે કામગીરી ઓડિટ રિપોર્ટના એક અને અનુપાલન ઓડિટના પાંચ ફકરાઓ સંબંધિત વહીવટી વિભાગના અધિક મુખ્ય સચિવો/મુખ્ય સચિવો/ સચિવો ને છ અઠવાડિયામાં તેઓનો પ્રતીભાવ આપવા વિનંતી સાથે મોકલવામાં આવ્યા હતા. વિભાગોએ આજ સુધી (સપ્ટેમ્બર 2019) બે અનુપાલન ઓડિટ રિપોર્ટના ફકરાઓના જવાબ આપ્યા હતા. સંબંધિત વિભાગો સાથે ઓડિટ દરમિયાન ધ્યાને આવેલ તારણોની ચર્ચા કરવા સમાપન મીટીંગ પણ યોજવામાં આવેલ, જેનો સમાવેશ કામગીર ઓડિટ અને અનુપાલન ઓડિટના ડ્રાફ્ટ રિપોર્ટમાં કરવામાં આવેલ છે. અહેવાલને આખરી સ્વરૂપ આપતા પહેલા વિભાગના જવાબો તથા વિભાગના દ્રષ્ટિકોણને પણ ધ્યાને લેવામાં આવેલ છે.

1.6.3 ઓડિટ રિપોર્ટની અનુવર્તી કાર્યવાહી

જાહેર હિસાબ સમિતિ (નિયમો અને પધ્ધતિ) 1990ના નિયમ 7માં જણાવ્યા મુજબ ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ તારણોના વિગતવાર ખુલાસા બધાજ વિભાગો દ્વારા ઓડિટ અહેવાલ વિધાનસભામાં રજૂ થયાના 90 દિવસમાં રજૂ કરવાના રહે છે.

સરકારના વહીવટી વિભાગોએ આ સૂચનાનું અનુપાલન કરેલ નથી અને 31 ડિસેમ્બર 2018ની સ્થિતિએ **પરિશિષ્ટ-II**માં જણાવ્યા મુજબ 18 વિભાગો[5] દ્વારા 2007-08 થી 2016-17 ના સમયગાળાના 57 ફકરાઓના વિગતવાર ખુલાસા રજૂ કર્યા ન હતા.

1.6.4 જાહેર હિસાબ સમિતિ દ્વારા ચર્ચા કરવાના બાકી ફકરાઓ

31 ડિસેમ્બર 2018 ની સ્થિતિએ ચર્ચા કરવાના બાકી ફકરાઓની વિગત **પરિશિષ્ટ-III**માં દર્શાવવામાં આવેલ છે.

5 આમાં 1 એપ્રિલ 2012થી પ્રધાન મહાલેખાકાર(E&RSA),ગુજરાત, અમદાવાદ ને તબદીલ કરવામાં આવેલ વિભાગોના ફકરાઓ પણ સમાવિષ્ટ છે

પ્રકરણ-II

કામગીરી ઓડિટ

પ્રકરણ-II

આ પ્રકરણમાં ''ગુજરાતમાં ગ્રામ્ય પેય-જળ પાણી પુરવઠા કાર્યક્રમનું અમલીકરણ'' ના કામગીરી ઓડિટના તારણો સમાવિષ્ટ છે.

કામગીરી ઓડિટ

નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ

2.1 ગુજરાતમાં ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમનું અમલીકરણ

કાર્યકારી સારાંશ

પાણીએ રાજ્યનો વિષય છે અને ન્યુનત્તમ માત્રામાં પીવાલાયક પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. દેશના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા વસવાટોને સલામત પેય-જળ પુરૂં પાડવામાં ભારત સરકાર ટેકનિકલ તથા નાણાંકીય સહાય વડે રાજ્ય સરકારોના પ્રયાસોની પૂર્તિ કરે છે. ગુજરાત પાણી-પૂરવઠા અને ગટર-વ્યવસ્થા બોર્ડ (GWSSB) તથા વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (WASMO) થકી ગ્રામ્ય પાણી-પૂરવઠા કાર્યક્રમ (RWSP) ના યોગ્ય અમલીકરણ માટે પાણી-પૂરવઠા વિભાગ (WSD) જવાબદાર છે.

રાજ્યમાં ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમનું વર્ષ 2013-18 ના સમયગાળાને આવરી લેતું કામગીરી ઓડિટ માર્ચ 2018 થી ઓગષ્ટ 2018 દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ઓડિટના મુખ્ય તારણોને સંક્ષેપમાં નીચે આપવામાં આવ્યાં છે.

- *ઓગષ્ટ 2018ની સ્થિતિએ રાજ્યમાં આવેલ 17,843 ગામોમાંથી 8,947 ગામોને નર્મદા કેનાલ આધારિત યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવેલ હતાં, જ્યારે 3,893 ગામોને અન્ય સ્ત્રોતો પર આધારિત પાણી પૂરવઠા યોજનાઓ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતાં.*
- *રાજ્યમાં આવેલ તમામ 35,996 વસવાટોને પાણી પૂરવઠાથી પૂર્ણ રીતે આવરી લેવાયેલ હોવાનો ગુજરાત સરકાર (GoG) એ કરેલ દાવો સાચો ઠર્યો ન હતો.*
- *નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓમાં 91 ગ્રામ્ય પાણી પૂરવઠા યોજનાઓ (RWSSs) હેઠળ આવરી લેવાયેલ 2,352 ગામોમાંથી માત્ર 1,587 ગામો જ RWSSs મારફત પાણી મેળવતાં હતાં. બાકીના 765 ગામો માંથી 258 ગામોને જળસ્ત્રોતમાં અપુરતું પાણી હોવાથી, આંતરિક વિતરણ નેટવર્ક ઊભું ન કરાયું હોવાથી, ક્ષતિયુક્ત પાઈપો, વિગેરે કારણોસર પાણી ઉપલબ્ધ ન હતું.*
- *બિન-કાર્યરત WSSsની ઓછી નોંધણી કરાવવામાં આવી હતી. વળી, ઘણી બિન-કાર્યરત યોજનાઓ તો વિભાગની જાણકારીમાં પણ ન હતી.*
- *ગુજરાત જલસેવા તાલિમ સંસ્થા (GJTI) ખાતે આવેલી રાજ્યકક્ષાની લેબોરેટરી (SLL) ચોક્કસ પરીક્ષણો હાથ ધરવાને બદલે માત્ર સામાન્ય સ્તરના રાબેતા મુજબના પરીક્ષણો જ હાથ ધરતી હતી અને તે ઊંચી કક્ષાના ઉપકરણો/સાધનો ઉપલબ્ધ ન હોવાના કારણે રેફરલ લેબોરેટરી તરીકે તેની કામગીરી કરી શકતી ન હતી. તાલુકા કક્ષાની લેબોરીટરીઓ (TLLs)ની ઓછી સંખ્યાના કારણે ધોરણો અનુસાર પરીક્ષણ કરવા જરૂરી જળસ્ત્રોતોની સંખ્યામાં મોટી ઘટ રહેવા પામી હતી. મોબાઈલ લેબોરેટરી વાનોનો ઈષ્ટતમ રીતે ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. નમૂનારૂપ ચકાસણી કરાયેલ વસવાટોમાં ગ્રામ પંચાયતો (GPs) તથા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર્સ (MPHWs) દ્વારા પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટેની ફીલ્ટ ટેસ્ટ કીટ્સનો ઉપયોગ કરાયો ન હતો.*
- *રાજ્યમાં કોઈ જ વસવાટો ગુણવત્તાથી પ્રભાવિત ન હોવાનો ગુજરાત સરકારનો દાવો સાચો ન હતો. રાજ્યમાં લગભગ 10 ટકા વસવાટો ને પીવાલાયક પાણીના કોઈ જ સ્ત્રોત ઉપલબ્ધ ન હતાં.*

- ***નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં RWSS કે જેમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (WTPs) માં પ્રક્રિયા કર્યા બાદ પાણી પૂરું પાડવામાં આવે છે, તેના મારફત પુરાં પડાયેલા પાણી સિવાય તમામ જળસ્ત્રોતો માટે બેકટેરીયોલોજીકલ-જીવાણુલક્ષી પરીક્ષણ કરવામાં આવતું ન હતું.***
- ***ઓડિટમાં સંશોધન અને વિકાસ (R&D) યોજનાઓ અંતર્ગત GWSSB તથા નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ દ્વારા અનિયિમત ખર્ચની નોંધણી કરાઈ હોવાનું WASMO દ્વારા વણવપરાયેલ ભંડોળો પરત ન કરાયાં હોવાનું તેમજ ગ્રામ-પંચાયતો દ્વારા વોટર ચાર્જિસની ચુકવણી ન કરાતી હોવાનું જોવા મળ્યું હતું.***
- ***પૂર્ણ કરાયેલ યોજનાઓની સમયાંતરે દેખરેખ થતી ન હતી.***

2.1.1 પ્રસ્તાવના

પાણી એ રાજ્યનો વિષય છે અને ન્યૂનત્તમ માત્રામાં પીવાલાયક પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગુજરાતમાં 185 નદી-વિસ્તારો આવેલા છે અને રાજ્ય માં ઉપલબ્ધ પાણીની માત્રા 55,608 મીલીયન કયુબીક મીટર[1]ની છે.

ઓગષ્ટ 2018 ની સ્થિતિએ રાજ્યમાં 17,843 ગામડાંઓ આવેલા છે, જેમાંથી લગભગ 12,840 ગામડાંઓ (72 ટકા) ને ગુજરાત સરકાર દ્વારા અમલીકૃત પાણી-પૂરવઠા યોજનાઓ મારફત પેય-જળ પુરૂં પાડવામાં આવતું હતું. આ 12,840 ગામડાંઓમાંથી 8,947 ગામડાંઓ (70 ટકા) ને નર્મદા કેનાલ આધારિત યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવેલ છે. અને 3,893 ગામડાંઓ (30 ટકા) ને અન્ય જળસ્ત્રોત[2] આધારિત પાણી-પૂરવઠા યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ[3] (IMIS) પર ઉપલબ્ધ વિગતો અનુસાર તારીખ 01 એપ્રિલ 2018ની સ્થિતિએ 41.91 ની ઓલ-ઈન્ડીયા સ્તરની ટકાવારી સામે ગુજરાતના 91.11 ટકા વસવાટોને પાઈપ વડે પાણી પૂરવઠા (PWS) ની સુવિધા ઉપલબ્ધ હતી.

પાણીની ખેંચવાળા તેમજ પાણીની ગુણવત્તા બાબતે અસરયુક્ત વિસ્તારો ઉપર ખાસ કરીને ધ્યાન કેન્દ્રીત કરતી ગ્રામ્ય પાણી-પૂરવઠા યોજનાઓ (RWSSs)ના અમલીકરણ માટે રાજ્ય સરકારોને અનુદાન આપવા માટે ભારત સરકાર (GoI) એ રાષ્ટ્રીય ગ્રામ્ય પેય-જળ કાર્યક્રમ[4] (NRDWP) શરૂ કર્યો હતો (એપ્રિલ 2009). પાણી પૂરવઠા સંબંધિત વિવિધ કામો, ભૂગર્ભ-જળ રિચાર્જિંગના કામો, પાણીની ગુણવત્તા જાળવવા ના હેતુથી વોટર-ટેસ્ટીંગ લેબોરેટરીઝની સ્થાપના કરવી, વિગેરે હાથ ધરીને પાણી પૂરવઠા માટે આવરી લેવાના બાકી/અંશતઃ રીતે આવી લેવાયેલ/આવીરી લીધા બાદ છુટી ગયેલ/પાણીની ગુણવત્તા બાબતો અસરયુક્ત વસવાટો (ફળિયાઓ)ને[5] પૂર્ણ રીતે આવરી લેવાયેલ વસવાટો (ફળિયાઓ)નાં[6] તબદીલ કરવા માટે NRDWPમાં અગ્રતા આપવામાં આવે છે.

1 ભૂતળ જળ 38,100 મીલીયન કયુબીક મીટર તથા ભૂગર્ભ જળસ્ત્રોતો : 17,508 મીલીયન કયુબીક મીટર

2 ડેમ, નદીઓ, સિંચાઈ કેનાલો, ભૂગર્ભ-જળ, વિગેરે

3 ગ્રામીણ ભારતમાં પાણી પૂરવઠા યોજનાઓની યથાસ્થિતિ તથા તેમના આવરી લેવાયેલ વ્યાપ ઉપર ઓનલાઈન દેખરેખ રાખવાના હેતુથી ઊભું કરાયેલ પેય-જળ અને સ્વચ્છતા મંત્રાલય (MoDWS) દ્વારા અમલીકૃત વેબ-આધારિત પ્લેટફોર્મ

4 એક્સીલરેટેડ ગ્રામ્ય પાણી-પૂરવઠા યોજનાની અનુગામી

5 **આવરી લેવાના બાકી વસવાટ** એ એક એવો વસવાટ છે કે જેને સરકાર દ્વારા પેય-જળનો પૂરવઠો ક્યારેય પુરો પાડવામાં આવ્યો નથી અથવા તો દરરોજ માથાદીઠ 10 લીટર (lpcd) કરતાં ઓછું પાણી પુરૂં પાડવામાં આવતું હોય; **અંશતઃ રીતે આવરી લેવાયેલ વસવાટ** એ એક એવો વસવાટ છે કે જેને દરરોજ સરેરાશ 40 lpcd કે તેથી ઓછું પણ 10 lpcd કરતાં વધારે પેય-જળ પુરૂં પાડવામાં આવતું હોય; **છુટી ગયેલ વસવાટ** એ એક એવો વસવાટ છે કે જે એકસમયે પૂર્ણ રીતે 'આવરી લેવાયેલ' હતો, પરંતુ હાલમાં જે અંશતઃ રીતે આવરી લેવાયેલ છે; **ગુણવત્તા પ્રભાવિત વસવાટ** એ એક એવો વસવાટ છે જ્યાંના પાણીના નમૂનાઓમાં લેબોરેટરીઓ દ્વારા પરીક્ષણ કરાતાં આર્સેનિક, ફ્લોરાઈડ, આયર્ન, નાઈટ્રેટ તથા ક્ષારને લગતાં રાસાયણિક દુષણો બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડસ દ્વારા નિર્ધારિત સ્વીકાર્ય મર્યાદાઓ કરતાં અધિક પ્રમાણમાં જોવા મળેલ હોય.

6 **પૂર્ણ રીતે આવરી લેવાયેલ વસવાટ** એ એક એવો વસવાટ છે કે જ્યાંના ઘરરહીશને દરરોજ સરેરાશ 40 lpcd જેટલો કે તેનાથી વધારે માત્રામાં પેય-જળ 100 મીટર સુધીના અંતરે જ પુરૂં પાડવામાં આવતું હોય.

NRDWP ની માર્ગદર્શિકાઓ અનુસાર ગુજરાત સરકારે 'નેશનલ પોલિસી ફ્રેમવર્કસ' ના આધારે 'જળનીતિ-2015'નો મુસદો તૈયાર કર્યો હતો (ફેબ્રુઆરી 2015). જો કે આ નીતિનું આખરીકરણ કરવાનું હજુ (મે 2019) બાકી હતું.

વર્ષ 2013-18 દરમિયાન ગુજરાત સરકારે NRDWP ઉપરાંત ગ્રામ્ય પાણી પૂરવઠા કાર્યક્રમ (RWSP), જળ સંરક્ષણ તથા પાણીનો બગાડ અટકાવવા માટેની યોજના, મુખ્યમંત્રી મહીલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના, વિગેરે જેવી રાજ્ય પુરસ્કૃત પાણી પૂરવઠા યોજનાઓ (WSSs) ને પણ અમલમાં મૂકી હતી.

2.1.2 સંસ્થાકીય માળખુ

રાજ્યમાં ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમોના અમલીકરણની જવાબદારી પાણી-પૂરવઠા વિભાગ (WSD) ની છે. WSD નું સંસ્થાકીય માળખું તેમજ વિવિધ કાર્યક્રમોના અમલીકરણમાં સંકળાયેલ તેની હેઠળ કાર્યરત એજન્સીઓના કામકાજને સંક્ષિપ્તમાં **આલેખ-1** માં દર્શાવવામાં આવેલ છે.

આલેખ-1



(i) GWSSB બલ્ક પાઈપલાઈનમાંથી કુદરતી પાણી મેળવે છે અને ગામોના ભૂગર્ભ ટાંકા સુધી પીવાલાયક પાણી પુરૂ પાડવાં જુથ વિતરણ યોજનાઓના કામો હાથ ધરે છે. તે વિભાગીય પાણી પૂરવઠા યોજનાઓ (RWSSs), વ્યક્તિગત પાણી પૂરવઠો યોજનાઓ (IVWSSs) મીની પાઈપ પાણી પૂરવઠા યોજનાઓ તથા હેન્ડ પમ્પ યોજનાઓને અમલીકૃત કરે છે. ગુજરાત જલસેવા તાલિમ સંસ્થા (GJTI) તેમજ જિલ્લા તથા તાલુકા સ્તરે આવેલી તેની વોટર ટેસ્ટીંગ લેબોરેટરીઝ પણ GWSSB ના તાબાં હેઠળ કાર્યરત છે.

(ii) WASMO 'આંતરિક ગ્રામ પાણી પૂરવઠા યોજના' તથા 'મીની પાઈપ પાણી-પૂરવઠા યોજના' હેઠળ વિતરણ પાઈલપાઈન નાખીને ઘરગથ્થુ જોડાણો તેમજ સ્ટેન્ડ-પોસ્ટ દ્વારા પાણી પૂરવઠો પૂરો પાડે છે. WASMO આ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે તેમજ લોકભાગીદારી અંતર્ગત પાણી સમિતિઓની રચના કરીને આ પ્રવૃત્તિઓના અમલીકરણ ઉપર દેખરેખ રાખે છે.

(iii) GWIL નર્મદા કેનાલના પાણીના આંતર જિલ્લા સ્તરે બલ્ક વોટર ટ્રાન્સમીશન માટેની બલ્ક પાઈપલાઈન નાખે છે તથા તેની જાળવણી કરે છે.

2.1.3 ઓડિટના ઉદ્દેશો

કામગીરી ઓડિટના વ્યાપક ઉદ્દેશો એ તપાસવાનાં હતાં કે-

- ભારત સરકાર/ગુજરાત સરકાર દ્વારા નક્કી કરાયેલ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાં માટે તેમજ વસવાટ સ્તરે પેય-જળની ઉપલબ્ધતા તથા તેનો પુરતો વ્યાપ આવરવા માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું;
- યોજનાઓનું અમલીકરણ તેમજ ભંડોળોનો વપરાશ અસરકારક તથા કાર્યક્ષમ હતાં; અને
- વિવિધ ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા યોજનાઓના અસરકારક અમલીકરણ તેમજ દેખરેખ રાખવા માટે જરૂરી સંસ્થાકીય માળખું પ્રવર્તમાન હતું.

2.1.4 ઓડિટના માપદંડ

કામગીરી ઓડિટ માટે અપનાવાયેલ ઓડિટ માપદંડોના મુખ્ય સ્ત્રોતો નીચે મુજબ હતાં-

- MoDWS, ભારત સરકાર દ્વારા જારી કરાયેલ વ્યૂહાત્મક આયોજનો, અધિસૂચનાઓ, આદેશો તથા પરિપત્રો;
- ભારત સરકાર દ્વારા જારી કરાયેલ NRDWP માટેની માર્ગદર્શિકાઓ
- ગુજરાત સરકાર દ્વારા જારી કરાયેલ ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા યોજનાઓને લગતાં માર્ગદર્શિકાઓ/મેન્યુઅલ્સ/આદેશો; અને
- ગુજરાત નાણાકીય નિયમો, ગુજરાત પબ્લિક વર્કસ મેન્યુઅલ, પાણી પૂરવઠા તથા ટ્રીટમેન્ટ તેમજ પાણી પૂરવઠા યોજનાઓનાં સંચાલન તથા જાળવણી બાબતે શહેરી વિકાસ-મંત્રાલયના સેન્ટ્રલ પબ્લિક હેલ્થ એન્ડ એનવાયરન્મેન્ટલ એન્જીનીયરીંગ ઓર્ગેનાઈઝેશન (CPHEEO) દ્વારા પ્રકાશિત મેન્યુઅલ્સ.

2.1.5 ઓડિટનો વ્યાપ તથા કાર્યપદ્ધતિ

કામગીરી ઓડિટમાં WSD દ્વારા વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવેલી NRDWP સહિત વિવિધ ગ્રામ્ય પેય-જળ પાણી પૂરવઠા કાર્યક્રમોના અમલીકરણ માટેની પ્રવૃતિઓને આવરી લેવામાં આવી હતી. ફેબ્રુઆરી 2018 થી ઓગષ્ટ 2018 દરમિયાન ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું.

ઓડિટની શરૂઆતમાં WSD ના અગ્રસચિવ સાથે પ્રારંભિક બેઠક યોજવામાં આવી હતી (ફેબ્રુઆરી 2018), જેમાં ઓડિટના ઊદ્દેશો, ઓડિટના માપદંડો, ઓડિટનો વ્યાપ તથા કાર્યપદ્ધતિની ચર્ચા કરવામાં આવી હતી, તેમજ વિભાગના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતાં. ઓડિટમાં WSD, GWSSB, GWIL, WASMO, GJTI તેમજ નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ ખાતે નિભાવવામાં આવેલ વર્ષ 2013-18 ના સમયગાળાને લગતા રેકોર્ડસની તપાસણી કરવામાં આવી હતી. ઓડિટમાં વિગતવાર ચકાસણી કરવા માટે રાજ્યનાં 33 જિલ્લાઓમાંથી આઠ જિલ્લાઓની[7] સિમ્પલ રેન્ડમ સેમ્પલીંગ વિધાઉટ રિપ્લેસમેન્ટ પદ્ધતિ (SRSWOR) અપનાવીને પસંદગી કરવામાં આવી હતી. ઓડિટ દ્વારા GWSSB તથા/અથવા WASMOના કર્મચારીઓને સાથા રાખીને પાણી પૂરવઠા માટે ઊભી કરાયેલ અસ્કયામતોની સંયુક્ત રીતે ભૌતિક ચકાસણી તેમજ ઓડિટમાં નમૂનારૂપ ચકાસણી માટે પસંદ કરાયેલ જિલ્લાઓમાં 78 વસવાટોના લાભાર્થી સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યા હતાં. આંકડાકીય માળખાં તેમજ કરાયેલ પસંદગીની વિગતો **પરિશિષ્ટ-IV તથા V** માં આપવામાં આવી છે.

7 (i) ભરૂચ, (ii) દાહોદ, (iii) ડાંગ, (iv) જામનગર, (v) પાટણ, (vi) પોરબંદર, (vii) સાબરકાંઠા તથા (viii) વલસાડ.

ઓડિટના તારણોની ચર્ચા કરવા માટે અગ્રસચિવ, WSD સાથે સમાપન બેઠક યોજવામાં આવી હતી (30 મે 2019). રાજ્ય સરકારના મંતવ્યોને ધ્યાને લઈને તેમને અહેવાલમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

ઓડિટના તારણો

2.1.6 આયોજન તથા વ્યવસ્થાપન

2.1.6.1 આયોજન

- *લાંબા ગાળાનું આયોજન*

પાણી પૂરવઠા ક્ષેત્રને દુષ્કાળ સામે રક્ષણ આપવા તેમજ વર્ષ 2021 સુધીમાં રાજ્યની લગભગ 75 ટકા વસ્તીને[8] પેય-જળ પુરૂં પાડવાના ઉદ્દેશથી લાંબા ગાળાની વ્યુહરચના તરીકે ગુજરાત સરકારે સ્ટેટ વાઈડ વોટર સપ્લાય ગ્રીડ ઊભી કરવા માટે નર્મદા માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો (મે 2013). મે 2013 ની સ્થિતિએ રાજ્યમાં આવેલા 18,066 ગામો અને 242 નગરોની માસ્ટર પ્લાનમાં ઓળખ કરવામાં આવી હતી. ગુજરાત સરકારે ગ્રીડ અંતર્ગત 387 યોજનાઓને અમલીકૃત કરીને વર્ષ 2021 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કર્યુ હતું. આમાંથી નર્મદા માસ્ટર પ્લાનના 9,633 ગામો તથા 131 નગરોને આવરી લેતી 174 યોજનાઓ સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પૂરવઠા યોજના તેમજ સુજલામ સુફલામ યોજના અંતર્ગત અમલીકૃત થઈ રહી હતી. 5,318 ગામો તથા 15 નગરોને આવરી લેતી ભૂતળ/પેટા-ભૂતળ સ્ત્રોતો આધારિત બાકીની 213 યોજનાઓ RWSP અંતર્ગત અમલીકૃત થઈ રહી હતી. ઓગષ્ટ 2018ની સ્થિતિએ રાજ્યમાં આવેલ 17,843 ગામો[9]માંથી 8,947 ગામોને નર્મદા કેનાલ આધારિત યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જ્યારે 3,893 ગામોને અન્ય સ્ત્રોતો પર આધારિત પાણી પૂરવઠા યોજનાઓ અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે ભૂગર્ભજળને બદલે ભૂતળ જળ આધારિત તેમજ રાજ્યના તમામ ગામોને પાઈપ વડે પાણી પૂરવઠો પૂરો પાડવા માટે આવરી લેવા માટેનો નવો પ્લાન તૈયાર કરવાની બાબત વિચારણા હેઠળ છે.

- *ટૂંકા ગાળાનું આયોજન*

NRDWPની માર્ગદર્શિકાઓ અનુસાર, મૂળભૂત જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેમજ મૂડી રોકાણ સહિત જળ સંશાધનોના વ્યવસ્થાપન અંગેનો નિર્ણયો લેવા માટે ગામ, જિલ્લા તથા રાજ્ય સ્તરે વોટર સિક્યુરીટી પ્લાન્સ (WSPs) તૈયાર કરવાં જરૂરી હતાં. જિલ્લામાં આવેલા ગામોના WSPs ના આધારે જિલ્લા WSP તૈયાર કરવામાં આવે છે, જેના ઉપરથી રાજ્ય WSP તૈયાર થાય છે. WSPમાં વસ્તી-વૈવિધ્ય, ભૌતિક વિશેષતા, જળ-સ્ત્રોતો, પેય-જળનું ઉપલબ્ધ આંતર માળખું, ભંડોળોની ઉપલબ્ધતા, RWSP માટે આવશ્યક ભંડોળ, વિગેરે જેવી માહિતી-વિગતો ને સમાવિષ્ટ કરવામાં આવે છે.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે WSP માત્ર એવા ગામો માટે જ તૈયાર કરવામાં આવતો હતો કે જ્યાં WASMO દ્વારા ગ્રામ્ય પેય-જળ WSS હાથ ધરવામાં આવતી હતી. જો કે નમૂના-રૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓએ WSP તૈયાર કર્યો ન હતો, પરંતુ ગુજરાત સરકારે વર્ષ 2012-17 ના સમયગાળા માટેનો પેય-જળ પાણી પૂરવઠા ક્ષેત્રનો રાજ્ય WSP તૈયાર કરેલ હતો. જો કે ત્યારબાદ આવો કોઈ જ પ્લાન તૈયાર કરવામાં આવ્યો ન હતો. મૂળભૂત હાર્દ સ્તરના આયોજનને સમાવિષ્ટ કરતાં જિલ્લા/ગામોના WSPs મેળવ્યા વગર જ રાજ્ય WSP તૈયાર કરવામાં આવ્યો હતો.

8 વસ્તી ગણતરી-2011 મુજબ રાજ્યની વસ્તી 6.04 કરોડ છે, પરંતુ માસ્ટર પ્લાનમાં રાજ્યની વસ્તી વસ્તી-ગણતરી 2001 મુજબ 5.06 કરોડને ધ્યાને લેવામાં આવી હતી.

9 223 ગામો અસ્તિત્વ ધરાવતાં ન હતાં, કેમકે તેમના વિસ્તરણને લીધે તે નગરોમાં સમાવિષ્ટ થઈ ગયાં હોઈ શકે.

NRDWP ની માર્ગદર્શીકાઓ અનુસાર દરેક રાજ્યએ ગ્રામ્ય પેય-જળ ક્ષેત્ર વર્ષ દરમિયાન હાથ ધરવા માટે પ્રસ્તાવિત પ્રવૃતિઓ તેમજ આવી પ્રસ્તાવિત પ્રવૃતિઓના નાણાંકીય ખર્ચ સહિતની વિગતો દર્શાવતો એન્યુલ એકશન પ્લાન (AAP) તૈયાર કરવો જરૂરી હતો. અન્ય વિગતો ઉપરાંત વ્યાપક દિશાનિર્દેશો/ઝોક તેમજ નાણાંકીય વર્ષ દરમિયાન સિદ્ધિ કરવા માટે આયોજન કરવામાં આવેલ ભૌતિક લક્ષ્યાંકોને AAPમાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

ઓડિટમાં એવું જણાવ્યું હતું કે સમિક્ષા હેઠળના તમામ વર્ષો દરમિયાન ગુજરાત સરકાર દ્વારા નિયમિત રીતે ભારત સરકારને AAP રજુ કરવામાં આવ્યો હતો. જો કે એવું પણ જોવા મળ્યું હતું કે AAP તૈયાર કરતી વખતે વિવિધ WSSsના અભિસરણની બાબતને ધ્યાનમાં લેવામાં આવતી ન હતી. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી સ્કીમ/ઈન્ટીગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામના ભંડોળોમાંથી સ્થિરતાના ઘટક અંતર્ગત પુનઃપ્રભરણ પ્રણાલિઓ/ભૂતળ જળ-રાશિ માળખાં, તળાવોના ડી-સિલ્ટીંગના શ્રમ-મજુરી ખર્ચને પહોંચી વળવા માટે રાજ્યમાં કોઈ જ જોગવાઈ કરવામાં આવી ન હતી. વધુમાં, વસવાટો (ફળિયાઓ)/ઘરોને પીવાલાયક પાણીની ઉપલબ્ધતા વિષે જાણકારી મેળવવા, પીવા માટે તેમજ રસોઈના હેતુસર ઉપયોગમાં લેવાનું પાણી પુરૂં પાડવા માટેના સ્ત્રોતો/ડેલીવરી પોઈન્ટ્સની જાણકારી મેળવીને તેમને હસ્તગત કરવા માટે, નવા સ્ત્રોતોની ઓળખ કરવા, વિગેરે માટે અસરકારક આયોજન માટે જરૂરી એવો કોઈ જ બેઝલાઈન સર્વેક્ષણ કરવામાં આવ્યો ન હતો.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્રસચિવે જણાવ્યું હતું કે હવેથી AAP તૈયાર કરતી વખતે અભિસરણ કરવાના પ્રયાસો કરવામાં આવશે. બેઝલાઈન સર્વેક્ષણની બાબતે એવું જણાવવામાં આવ્યું હતું વર્ષ 2020-21 માટેનો હવે પછીનો AAP બહુવિધ જળસ્ત્રોતોને આવરી લઈને તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેથી કોઈ જ ગામ કોઈ એક જ સ્ત્રોત પર આધારિત ન રહે.

2.1.6.2 આવરી લેવાયેલ વસવાટો (ફળિયાઓ)નો વ્યાપ

NRDWPની માર્ગદર્શિકાઓ અનુસાર વસવાટોને આવરી લેવાયેલ વ્યાપનો આધાર વસવાટની અંદર જ કોઈક જાહેર કે સામુહિક સ્ત્રોતથી ઘરના નિર્ધારિત અંતર સુધીમાં મૂળભૂત ન્યુત્તમ માત્રામાં પીવાલાયક પાણી મેળવતાં લોકોની ટકાવારી ઉપર આધાર રાખે છે. NRDWPની માર્ગદર્શિકાઓમાં એવું નિર્ધારિત કરવામાં આવ્યું છે વર્ષ 2017 સુધીમાં ઓછામાં ઓછી 50 ટકા ગ્રામ્ય વસ્તીને તેમના ઘરોનાં પરિસરમાં જ અથવા તો ત્યાંથી 100 મીટરના અંતર સુધીમાં 55 lpcd પીવાલાયક પાણી ઉપલબ્ધ થઈ રહે.

ગુજરાત સરકારે એવો દાવો કર્યો હતો તારીખ 01 એપ્રિલ 2018ની સ્થિતિએ રાજ્યમાં આવેલા તમામ 35,996 વસવાટો ને પૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યા હતા. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના જિલ્લા પાણી અને સ્વચ્છતા એકમો (DWSU) દ્વારા ઓડિટને પુરી પાડવામાં આવેલી માહિતી અનુસાર નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાંથી 41 વસવાટો (53 ટકા) જ પૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના 37 વસવાટોને અંશતઃ રીતે જ આવરવામાં આવ્યા હતાં.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્રસચિવે જણાવ્યું હતું કે વસવાટોને પૂર્ણ રીતે આવરી લેવા માટે જરૂરી પગલાં ભરવામાં આવશે.

2.1.6.3 ઘરોને પાઈપ વડે પાણી પૂરવઠો (PWS)

MoDWS દ્વારા તૈયાર કરાયેલ સ્ટ્રેટેજીક પ્લાન (2011-22)માં એવું નિર્ધારિત કરવામાં આવ્યું હતું કે વર્ષ 2017 સુધીમાં ઓછામાં ઓછા 50 ટકા ગ્રામ્ય વસવાટને PWS થી પાણી પુરૂં પાડવામાં આવે.

IMIS મારફત ગુજરાત સરકારે એવો દાવો કર્યો હતો (જુલાઈ 2018) કે રાજ્યમાં આવેલા 35,996 વસવાટોમાંથી 33,044 વસવાટો (92 ટકા)ને PWS ની સુવિધા ઉપલબ્ધ હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના DWSU એ નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં PWSની સુવિધાની સ્થિતિ અંગે પૂરી પાડેલી માહિતી અનુસાર 64 વસવાટો (82 ટકા) માં PWSની સુવિધા ઉપલબ્ધ હતી. જો કે આ 64 વસવાટોમાં અસ્ક્યામતોની એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018 દરમિયાન કરવામાં આવેલી સંયુક્ત ભૌતિક ચકાસણીમાં એવું જોવા મળ્યું હતું કે 32 વસવાટોમાં ભૌતિક ચકાસણીની તારીખે આ સુવિધા બંધ પડેલી જોવા મળી હતી.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્રસચિવે જણાવ્યું હતું કે બિન-કાર્યરત/બંધ પડેલી યોજનાઓને ઓળખી કાઢવાનું કામ પ્રગતિમાં છે અને યોજનાને ફરીથી કાર્યાન્વિત કરવા માટે સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

2.1.7 યોજનાઓનું અમલીકરણ

ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ દાવા અનુસાર વર્ષ 2017 સુધીમાં સિદ્ધ કરવા જરૂરી એવા લક્ષ્યાંકો જેવા કે ઓછામાં ઓછા 50 ટકા ગ્રામ્ય ઘરોને PWS પુરૂં પાડવામાં આવે, ઓછામાં ઓછા 35 ટકા ગ્રામ્ય ઘરોમાં PWS થી ઘરદીઠ નળ-જોડાણ ઉપલબ્ધ થઈ રહે, જાહેર નળનો ઉપયોગ 20 ટકાથી ઓછા લોકો સુધી જ સિમિત રહે, તેમજ હેન્ડપમ્પ કે અન્ય સલામત તથા પુરતાં ખાનગી જળસ્ત્રોતોનો ઉપયોગ 45 ટકા થી ઓછા લોકો સુધી જ સિમિત રહે, વિગેરે સુનિશ્ચિત કરવાં જેવા લક્ષ્યાંકો રાજ્યએ સિદ્ધ કરી લીધા હતાં.

2.1.7.1 ક્ષેત્રિય પાણી પૂરવઠા યોજનાઓનું અમલીકરણ

રાજ્યમાં આવેલ 17,843 ગામોમાંથી લગભગ 12,840 ગામો (71.96 ટકા)ને 347 RWSSs મારફત પેય-જળ પુરૂં પાડવામાં આવે છે.

- ***ક્ષેત્રિય પાણી પૂરવઠા યોજનાઓ મારફત પાણી પુરૂં ન પડાયું***

નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓ દ્વારા નિભાવવામાં આવેલી જિલ્લા-પ્રોફાઈલ અનુસાર તારીખ 31 માર્ચ 2018ની સ્થિતિએ 3,727 ગામોમાંથી 2,352 ગામો[10] (63 ટકા) ને 91 RWSSs હેઠળ આવરી લેવામાં આવ્યા હતાં, જ્યારે બાકીના 1,375 ગામો પાણીના અન્ય સ્ત્રોત ઉપર આધાર રાખતાં હતાં. આ 2,352 ગામોમાંથી 1,587 ગામો[11] (67.47 ટકા) RWSSs મારફત પાણી મેળવતાં હતાં. બાકીના 765 ગામોમાંથી 258 ગામોને[12] યોજના હેઠળ ગામના છેવાડે ઓછું વોટર-પ્રેશર હોવાથી, સપ્લાય નેટવર્કની પાઈપલાઈનમાં ખરાબી હોવાથી, ગામોમાં આંતરિક વિતરણ નેટવર્ક ઊભું ન કરાયું હોવાથી તેમજ જળસ્ત્રોતોમાં અપુરતી જળરાશિ હોવાથી RWSs ની સુવિધા હસ્તગત ન હતી. અન્ય 507 ગામો દ્વારા RWSSs માંથી પાણી લેવામાં આવતું ન હતું, કેમકે ગ્રામ પંચાયતો (GPs) વોટર-ચાર્જિસ ચુકવવા ઈચ્છતી ન હતી. RWSS થકી પાણીનો ઉપયોગ કરવાની આવી અનિચ્છા એવું દર્શાવે છે કે સત્તાધિકારીઓ (WASMO તથા GWSSB) દ્વારા હાથ ધરવામાં આવેલ ઈન્ફોર્મેશન, એજ્યુકેશન તથા કોમ્યુનિકેશન (IEC) ની પ્રવૃતિઓ અસરકારક ન હતી, કેમ કે તેઓ આ ગામો/GPs ના રહીશોને RWSS મારફત ઉપલબ્ધ પ્રક્રિયા કરેલ પીવાલાયક પાણીનો ઉપયોગ કરવા માટે સમજાવવામાં નિષ્ફળ રહ્યા હતાં.

10 ભરૂચ-363, દાહોદ-158, ડાંગ-145, જામનગર-430, પાટણ-516, પોરબંદર-146, સાબરકાંઠા-467 તથા વલસાડ-127.

11 ભરૂચ-220, દાહોદ-117, ડાંગ-143, જામનગર-300, પાટણ-402, પોરબંદર-98, સાબરકાંઠા-190, તથા વલસાડ-117.

12 ભરૂચ-85, દાહોદ-37, ડાંગ-2, જામનગર-23, પાટણ-49, પોરબંદર-18, સાબરકાંઠા-38, તથા વલસાડ-6.

નમૂના-રૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્ક્યામતોની સંયુક્ત ભૌતિક ચકાસણી (2018 થી ઓગષ્ટ 2018) દરમિયાન ઓડિટને એવું જોવા મળ્યું હતું કે 37 વસવાટો[13] વિવિધ RWSSs હેઠળ આવરી લેવામાં આવ્યા હતાં. આમાંથી 18 વસવાટો[14] RWSSs મારફત પાણી મેળવતાં હતાં, જ્યારે 16 વસવાટો[15] પાણીનો પૂરવઠો ન હોવાથી તેમજ ગામના સમ્પ/ઊંચી ટાંકી (એલિવેટેડ સ્ટોરેજ રિઝરવોયર) (ESRs) સાથે RWSS નું જોડાણ ન થયેલ હોવાથી RWSS મારફત પાણી મેળવતાં ન હતાં. આથી આ વસવાટો ભૂગર્ભજળનો ઉપયોગ કરતાં હતાં, જેની ગુણવત્તા ચકાસણી કરીને સુનિશ્ચિત કરાતી ન હતી. બાકીના ત્રણ વસવાટો[16] RWSS મારફત પુરૂં પડાતું પાણી લેવા ઈચ્છતા ન હતાં. એવું પણ જોવા મળ્યું હતું કે ભરૂચ જિલ્લાના દેવળા ફળિયા (વસવાટ) RWSS માંથી પાણી મેળવતું હતું, પરંતુ જળસ્ત્રોતમાં અપુરતાં પાણીને લીધે 15 થી 20 દિવસના અંતરે પાણી પુરૂં પાડવામાં આવતું હતું. આવી જ રીતે, જામનગર જિલ્લાના રણજીતપર ફળિયા (વસવાટ) RWSS હેઠળ આવરી લેવાયેલ હોવા છતાં ત્યાંના રહીશો સિસ્ટર્ન [17]ની ઊંચાઈ નીચી હોવાના કારણે પાણી મેળવી શકતાં ન હતાં.

GWSSBનાં સંબંધિત ડીવીઝનના EEએ જણાવ્યું હતું (મે 2018 થી જુલાઈ 2018) કે વિવિધ ટેકનીકલ કારણોસર જે ગામો પાણી મેળવી શકતાં નથી તેમને પાણી પુરૂં પાડવા માટે ચાલુ વર્ષના AAPમાં પ્રયાસો કરવામાં આવશે.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે RWSS મારફત પાણી પૂરવઠામાં રૂકાવટ પેદા કરતી ટેકનીકલ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવશે.

નમૂનારૂપ ચકાસણી દરમિયાન ઓડિટને તદઉપરાંત એવું જોવા મળ્યું હતું કે-

(i) જગડીયા તાલુકાના 70 ગામોને આવરી લેવા માટેની ₹ 30.48 કરોડની ટેન્ડર કિંમત વાળી ડીસેમ્બર 2010માં શરૂ કરવામાં આવેલ RWSS (રૂંધ રાજપારડી, ભરૂચ) નવેમ્બર 2014 સુધીમાં પૂર્ણ કરવાનું નિર્ધારિત હતું. પરંતુ, એવું જોવા મળ્યું હતું કે ₹ 27.68 કરોડનો ખર્ચ થયા બાદ પણ તેનુ કામ હજુ પ્રગતિમાં જ હતું (જુન 2018), કેમકે યોજના અંતર્ગત ₹ 1.25 કરોડના ખર્ચે બાંધવામાં આવેલ ઈન્ટેક-વેલ ક્ષતિપૂર્ણ ડીઝાઈનને લીધે સ્વીકાર્ય મર્યાદા કરતાં વધુ નમી ગયેલ હતો (ઓકટોબર 2013) કે જે ભવિષ્યમાં ઉપયોગમાં લેવા માટે અયોગ્ય ઠર્યો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને યોજનાને બે મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. ઓડિટને એવું જોવા મળ્યું હતું કે યોજના હજુ પણ પૂર્ણ કરવામાં આવી ન હતી (સપ્ટેમ્બર 2019).

(ii) નર્મદા જિલ્લાના ફલોરાઈડ-સમસ્યાવાળા 12 ગામોના રહીશોને પીવાલાયક પાણી પુરૂં પાડવા માટે NRDWP અંતર્ગત નર્મદા-નો-સોર્સ RWSS, ભાગ-II ને મંજુરી આપવામાં આવી હતી (મે-2010). ટેન્ડરની શરતો તથા કાર્ય-આદેશ અનુસાર કોન્ટ્રાક્ટરે આ કામ માટેના પાઈપોની ખરીદી GWSSBના મંજુર કરાયેલ વિક્રેતાઓ પાસે થી જ કરવાની હતી. પાઈપ પુરા પાડીને પાઈપલાઈન બિછાવવાનું કામ ₹ 3.73 કરોડના ખર્ચે ઓગષ્ટ 2014 માં પૂર્ણ કરવામાં આવ્યું હતું. આમ છતાં,

13 ભરૂચ-7 માંથી 6, દાહોદ-14 માંથી 0, ડાંગ-11 માંથી 8, જામનગર-5 માંથી 5, પાટણ-9 માંથી 6, પોરબંદર-4 માંથી 4, સાબરકાંઠા-12 માંથી 4 તથા વલસાડ-16 માંથી 4.

14 ભરૂચ-1, ડાંગ-1, જામનગર-3, પાટણ-6, પોરબંદર-4, સાબરકાંઠા-2, તથા વલસાડ-1.

15 ભરૂચ-4, ડાંગ-7, જામનગર-2 તથા વલસાડ-3.

16 ભરૂચ-1 તથા સાબરકાંઠા-2.

17 ડુંગરાળ વિસ્તારોનું પાણી પુરૂં પાડવા માટે ઊભી કરવામાં આવતી જળ-સંગ્રહની ટાંકી/રિઝરવોયર

આ પાઈપો ઓક્ટોબર 2013 થી ડીસેમ્બર 2013 દરમિયાન ક્ષેત્રીય સ્થળે કરાયેલ હાઈડ્રો-ટેસ્ટીંગમાં નિષ્ફળ ગયા હતાં અને વિવિધ સ્થળોએ પાઈપોમાં ચુવાણ (લીકેજીસ) જોવા મળ્યાં હતાં. આથી આખી પાઈપલાઈનનું પૂર્ણપણે હાઈડ્રો-ટેસ્ટીંગ થઈ શક્યું ન હતું. GWSSB એ કોન્ટ્રાક્ટરને બિછાવવામાં આવેલી આખી પાઈપલાઈન બદલવા માટે સૂચના આપી હતી, આમ છતાં એવું કરવામાં આવ્યું ન હતું. આખરે GWSSB એ કોન્ટ્રાકટનો અંત આણ્યો હતો અને ₹ 23.49 લાખની પરફોર્મન્સ ગેરંટી (PG) વટાવી લીધી હતી, તેમજ કોન્ટ્રાક્ટરના રનીંગ એકાઉન્ટ (RA) બીલોમાંથી ₹ 3.27 લાખની લીકવીડેટેડ ડેમેઝીસ (LD) ની રકમ વસૂલી હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GWSSBએ આ કામ પૂર્ણ કરવા માટે કોઈ જ કાર્યવાહી કરી ન હતી, જેના પરિણામે ગામવાસીઓને પીવાલાયક પાણી પૂરાં પાડવાનો ઉદ્દેશ સિદ્ધ થયો ન હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે આવશ્યક સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

2.1.7.2 અન્ય પાણી પૂરવઠા યોજનાઓનું અમલીકરણ

ગુજરાતમાં RWSS ઉપરાંત IVWSS, મીની પાઈપ WSSs, આંતરિક ગામ WSSs તથા હેન્ડ પમ્પ યોજનાઓ જેવી અન્ય WSSs પણ અમલીકૃત કરવામાં આવે છે.[18]

- ***બિન કાર્યરત પાણી પૂરવઠા યોજનાઓ ઓછી નોંધાવવામાં આવી.***

જુન-2018 માટેના IMIS ડેટા અનુસાર ગુજરાત સરકારે એવું નોંધાવ્યું હતું કે રાજ્યમાં આવેલી 93,794 WSSs માંથી 2,050 WSSs બિન-કાર્યરત હતી. એપ્રિલ-2018 થી ઓગષ્ટ-2018 દરમિયાન કરાયેલ ઓડિટની પ્રક્રિયામાં નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના ભૌતિક રેકોર્ડસની તેની સાથે સરખામણી કરતાં એવું જોવા મળ્યું હતું કે બિન-કાર્યરત યોજનાઓને ઓછી નોંધાવવામાં આવતી હતી અથવા તો નોંધાવવામાં આવતી જ ન હતી.નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં DWSUs/ GWSSBના ડીવીઝનોના રેકોર્ડસ અનુસાર નમૂનારૂપ ચકાસણી કરાયેલ આ આઠ જિલ્લાઓમાં 377 યોજનાઓ બિન-કાર્યરત હતી. આમ છતાં, IMISમાં માત્ર 76 યોજનાઓ (20 ટકા) જ બિન-કાર્યરત યોજનાઓ તરીકે નોંધાવવામાં આવી હતી.

આવી જ રીતે, ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે તારીખ 31 માર્ચ 2018 ની સ્થિતિએ GWSSB ના રેકોર્ડસ અનુસાર રાજ્યમાં આવેલા 2,68,181 કાર્યરત તથા 14,975 બિન-કાર્યરત હેન્ડ પમ્પ્સની સામે IMISમાં માત્ર 5,785 કાર્યરત તથા 86 બિન-કાર્યરત હેન્ડ પમ્પ્સ જ નોંધાયેલ હતાં.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓના DWSUs (WASMO) એ આ હકીકતો સ્વીકારતાં એવી ખાતરી આપી હતી કે તેને યથાસમયમાં સુધારી લેવામાં આવશે. GWSSBએ એવું જણાવ્યું હતું કે ક્ષેત્રિય ઓફિસો દ્વારા IMIS હેન્ડ પમ્પ્સની વિગતો ભૂલથી ખોટી રીતે દાખલ કરવામાં આવી હતી. વધુમાં એવી પણ ખાતરી આપવામાં આવી હતી કે દાખલ કરી ચુકાયેલા વિગતોને ભારત સરકારના IMIS સત્તાધિકારીઓ સાથે પરામર્શ કરીને સુધારી લેવામાં આવશે.

- ***આંતરિક ગ્રામ WSS/IVWSS***

નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓના DWSUs/GWSSBના ડીવીઝનો દ્વારા નિભાવવામાં રેકોર્ડસ અનુસાર 6,346 આંતરિક ગ્રામ WSSs/IVWSSs હતી[19] (માર્ચ 2018). આમાંથી 139 આંતરિક

18 હેન્ડ પમ્પ યોજના સિવાયની ઉપરોક્ત યોજનાઓને સામુહિક રીતે પાઈપ વડે પાણી પૂરવઠા (PWS) યોજના કહેવામાં આવે છે.

19 ભરૂચ-843, દાહોદ-986, ડાંગ-500, જામનગર-756, પાટણ-551, પોરબંદર-251, સાબરકાંઠા-868, તથા વલસાડ-1591.

ગ્રામ WSSs/IVWSSs[20] (2.19 ટકા) બિન-કાર્યરત નોંધાવવામાં આવી હતી (એપ્રિલથી ઓગષ્ટ 2018). વધુમાં, રેકોર્ડસ અનુસાર, નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં 49 આંતરિક ગામ WSSs/IVWSSs અને આ તમામ કાર્યરત તરીકે નોંધાવવામાં આવી હતી. આમ છતાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ આ 78 વસવાટોમાં અસ્ક્યામતોના સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018)માં ઓડિટને રેકોર્ડ ઉપર કાર્યરત યોજનાઓ તરીકે નોંધાયેલ હોવા છતાં 16 આંતરિક WSSs/IVWSSs (32.65 ટકા) બિનકાર્યરત-બંધ પડેલી જોવા મળી હતી.

ઉપરોક્ત ઓડિટ અવલોકન એવા પ્રકારનું છે કે જે ઓડિટની નમૂનારૂપ ચકાસણી કરાયેલ ન હોય એવાં અન્ય જિલ્લાઓમાં જોવા મળી શકે છે. તમામ આંતરિક ગ્રામ WSSs/IVWSSs કાર્યરત બની રહે તે સુનિશ્ચિત કરવા વિભાગે/સરકારે આવા તમામ કિસ્સાઓની આંતરિક રીતે તપાસ કરવી જોઈએ.

WASMO/GWSSBની સંસ્થાકીય તથા ટેકનિકલ સહાયથી આંતરિક ગામ IVSSsના સંચાલનની જવાબદારી સંબંધિત GPs/પાણી સમિતિઓની હતી. આમ છતાં, WASMO/GWSSB દ્વારા કોઈ જ પ્રયાસો કરવામાં આવ્યા ન હતાં, કેમ કે આ યોજનાઓના સંચાલન તથા જાળવણી માટે ન તો કોઈ IECની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી કે ન તો કોઈ ટેકનિકલ માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.

ઓડિટ એવી ભલામણ કરે છે કે રાજ્ય સરકારે બિન-કાર્યરત પાણી પૂરવઠા યોજનાઓની ઓળખ કરીને તેમને કાર્યાન્વિત કરવી જોઈએ.

- ***મીની પાઈપલાઈન યોજનાઓ***

ગુજરાતમાં અનુસુચિત જનજાતિઓની વસ્તી મોટે ભાગે ડુંગરાળ તેમજ જંગલ વિસ્તારોમાં કેન્દ્રિત થયેલી જોવા મળે છે. આ વિસ્તારોમાં આવેલા વસવાટો નાના-નાના તેમજ ઘણાં જ અંતરે છુટાછવાયા ફેલાયેલા હોય છે. અવરોધક ડુંગરાળ ધરાતલ ને લીધે આ વિસ્તારોમાં RWSS ને અમલીકૃત કરવાનું મુશ્કેલ હોય છે, અને તેથી ભૂગોલીય રીતે આવી છુટીછવાઈ વસ્તીને પેય-જળ પુરૂં પાડવા માટે મીની પાઈલાઈન WSSs[21] ને અમલીકૃત કરવામાં આવી હતી, તેમજ હેન્ડ પમ્પ્સ સ્થાપવામાં આવ્યા હતાં. સંચાલન અને જાળવણીના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન મીની યોજનાઓની મરામત અને જાળવણીની જવાબદારી કોન્ટ્રાક્ટરોની હતી; અને જો કોઈ કારણસર યોજના કાર્યરત સ્થિતિમાં ન હોય, તો કોન્ટ્રાક્ટરે કોઈ જ અધિક ચુકવણી વિના જ ટેન્કર દ્વારા જરૂરી માત્રામાં પીવાલાયક પાણી પુરૂં પાડવાનું હતું. નમૂનારૂપ ચકાસણી કરાયેલા આઠ જિલ્લાઓમાંથી પાંચ જિલ્લાઓમાં[22] મીની યોજનાઓ અમલીકૃત હતી. રેકોર્ડ અનુસાર, નમૂનારૂપ ચકાસણી કરાયેલાં આ પાંચ જિલ્લાઓમાં 1,474 મીની યોજનાઓ[23] આવેલી હતી (માર્ચ 2018).

આમાંથી ભરૂચ જિલ્લામાં GWSSB દ્વારા અમલીકૃત માત્ર 239 મીની યોજનાઓ જ બિન-કાર્યરત નોંધાવવામાં આવી હતી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018). વધુમાં રેકોર્ડસ અનુસાર (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018), નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં 16 મીની યોજનાઓ આવેલી હતી,

20 ભરૂચ-9, દાહોદ-10, ડાંગ-34, જામનગર-2, પાટણ-0, પોરબંદર-0, સાબરકાંઠા-39, તથા વલસાડ-45.

21 150 થી 250ની વસ્તી ધરાવતા વસવાટો માટે આ યોજનાઓ અમલીકૃત હતી, અને આ કામના ઘટકોમાં 150 મીટર સુધીની ઊંડાઈ ધરાવતાં બોરવેલ ઉપર સિંગલ ફેઝ પાવરના પમ્પની સ્થાપના, 5000 થી 10000 લીટરની ક્ષમતાવાળી જળસંગ્રહની PVC કે કોન્ક્રીટની ટાંકી તથા એક કે તેથી વધુ સ્ટેન્ડ પોસ્ટ માટેની વિતરણ લાઈનનો સમાવેશ થાય છે.

22 જામનગર, પાટણ તથા પોરબંદર જિલ્લાઓ સિવાયના

23 ભરૂચ-285 (GWSSB ની 239 તથા WASMO ની 46), દાહોદ-420 (GWSSB ની 203 તથા WASMOની 217), ડાંગ-GSWSSBની 125, સાબરકાંઠા-245 (GWSSBની 110 તથા WASMOની 135) અને વલસાડ-399 (GWSSBની 380 તથા WASMOની 19)

જે તમામ કાર્યરત તરીકે નોંધાવવામાં આવી હતી. આમ છતાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્ક્યામતોની સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018) દરમિયાન 12 મીની યોજનાઓ બંધ પડેલી જોવા મળી હતી, કે જે રેકોર્ડસ અનુસાર કાર્યરત યોજનાઓ તરીકે નોંધાવવામાં આવેલી હતી.

ઉપરોક્ત ઓડિટ અવલોકન એવા પ્રકારનું છે કે જે ઓડિટની નમૂનારૂપ ચકાસણી કરાયેલ ન હોય એવા અન્ય જિલ્લાઓમાં જોવા મળી શકે. વિભાગે/સરકારે બંધ પડેલી આવી તમામ યોજનાઓની તપાસ કરવી જોઈએ અને તેમની પુનઃસ્થાપના માટે જરૂરી સુધારાત્મક પગલાં ભરવાં જોઈએ.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે બિનકાર્યરત બંધ પડેલી યોજનાઓને ઓળખી કાઢવાનું કામ પ્રગતિમાં છે અને યોજનાને પુનર્જિવીત કરવા માટે સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

2.1.7.3 પડતી મૂકાયેલ યોજનાઓ

NRDWPની માર્ગદર્શીકાઓ અનુસાર આંતરિક ગામ યોજના માટે દરેક ગામે લોકભાગીદારીના ભાગરૂપે યોજનાની અંદાજિત કિંમતના 10 ટકા રકમ જમા કરાવવાની રહેશે, સિવાય કે જનજાતિ ગામો કે જ્યાં જનજાતિ વિભાગ દ્વારા આ રકમ ભોગવવાની હોય છે.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓ માટે વર્ષ 2013-18ના સમયગાળામાં મંજુર કરાયેલી 1,597 આંતરિક ગ્રામ યોજનાઓ [24]માંથી 77 યોજનાઓ[25] બાદમાં પડતી મુકવામાં આવી હતી. પડતી મુકાયેલી આ 77 યોજનાઓમાંથી 22 યોજનાઓ[26] (29 ટકા) લોકભાગીદારીના અપુરતા ફાળાને લીધે કે આવો ફાળો બિલકુલ નહીં મળવાના કારણ કે ગામવાસીઓમાં આંતરિક વિગ્રહના કારણે પડતી મૂકવામાં આવી હતી. બાકીની 55 યોજનાઓ[27] સ્ત્રોતની નિષ્ફળતા (53), પાણી સમિતિ દ્વારા કામની શરૂઆત કરવામાં વિલંબ (1) તથા જમીનની ઉપલબ્ધતા ન હોવાના કારણે પડતી મૂકવામાં આવી હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે જ્યાં પહેલા નક્કી કરાયેલ સ્ત્રોત નિષ્ફળ ગયા હતાં ત્યાં WASMO એ યોજનાઓ માટે વૈકલ્પિક સ્ત્રોત ખોળી કાઢયાં ન હતાં. વધુમાં, અન્ય કિસ્સાઓમાં આ યોજનાઓ અમલીકૃત બની શકે તે માટે સંકળાયેલ સમસ્યાઓનું નિરાકરણ લાવવા રહીશો ને સમજાવવા માટે WASMO એ અસકારક IEC પ્રવૃતિઓ હાથ ધરી ન હતી. આમ, પડતી મૂકાયેલી/ નિષ્ફળ રહેલી યોજનાઓને પુનર્જિવિત કરવા માટે WASMO એ વધુ સઘન પ્રયાસો કરવાની આવશ્યકતા છે.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે આ બાબતે આવશ્યક કાર્યવાહી કરવા માટે ખાતરી આપી હતી.

- ***NGOs દ્વારા કામ કરવામાં ન આવ્યું***

દાહોદ જિલ્લાના 31 ગામોને પીવાલાયક પાણી પુરૂં પાડવાના ઉદ્દેશથી EE (GWSSB) એ ₹ 4.40 કરોડની અંદાજિત કિંમતવાળી 31 WSSs નું કામ બે NGOs[28] ચાર મહિનાની મુદત સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપ્યું હતું (ઓગષ્ટ-2012). માર્ગદર્શિકાઓની જોગવાઈઓ વિરૂધ્ધ EEએ ₹ 1.26

24 ભરૂચ-328, દાહોદ-370, ડાંગ-129, જામનગર-86, પાટણ-103, પોરબંદર-28, સાબરકાંઠા-254 તથા વલસાડ-299

25 દાહોદ-25, જામનગર-7, પાટણ-4, પોરબંદર-6, સાબરકાંઠા-30 તથા વલસાડ-5.

26 દાહોદ-1, જામનગર-7, પાટણ-4, પોરબંદર-6, સાબરકાંઠા-1 તથા વલસાડ-3

27 દાહોદ-24, સાબરકાંઠા-28, તથા વલસાડ-1 (સ્ત્રોતની નિષ્ફળતા); સાબરકાંઠા-1 (શરૂઆત કરવામાં વિલંબ) તથા વલસાડ-1 (જમીનની સમસ્યા)

28 કબીર ટ્રસ્ટ, ગાંધીનગર-13 WSSs (₹ 2.17) કરોડ તથા નવજાગૃતિ સાર્વજનિક ટ્રસ્ટ, ગાંધીનગર-18 WSSs (₹ 2.23 કરોડ)

કરોડ[29]ની રકમ NGOs ને એડવાન્સ તરીકે છુટી કરી હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે એક NGO (કબીર ટ્રસ્ટએ ₹ 50.50 લાખનું કામ કર્યા બાદ કામ છોડી દીધું હતું (2014-15), જ્યારે અન્ય NGO એ કોઈ જ કામ કર્યુ ન હતું. GWSSBએ આ NGOsને વારંવાર એડવાન્સની રકમ પરત કરવા સૂચનાઓ જારી કરી હતી, પરંતુ તેઓએ આવું કરવાનું નકાર્યુ હતું અને અંતે સંબંધિત EE તથા આ NGOs વિરૂધ્ધ કોર્ટ-કેસ દાખલ કરવાની સુચનાઓ જારી કરી હતી (માર્ચ 2015). આમ છતાં, એવું જોવા મળ્યું હતું કે માત્ર NGOsની વિરૂધ્ધ જ કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જેનું પરિણામ હજાું આવવાનું બાકી હતું અને લક્ષ્યાંકિત રહીશોને પીવાલાયક પાણી પુરૂં પાડવા માટે આ કામો પૂર્ણ કરાવવા માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે EE વિરૂધ્ધ વિભાગીય કાર્યવાહી કરવામાં આવી છે. જો કે વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની કોઈ જ વિગત ઓડિટને હજાુ સુધી પુરી પાડવામાં આવી નથી.

- ***છોડી દીધેલાં કામ***

દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના છ ગામો/ફળિયાઓ[30] માટેની WSS નું કામ GWSSB એ ₹ 64.69 લાખની અંદાજિત કિંમતે એક એજન્સીને જુન 2011 સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપ્યું હતું (ડીસેમ્બર 2010). ચકાસણીમાં એવું ઊજાગર થયું હતું કે એજન્સીએ[31] માર્ચ-2012 સુધીમાં ₹ 48.28 લાખની કિંમત જેટલું કામ હાથ ધર્યા બાદ આ કામ છોડી દીધું હતું. કોન્ટ્રાક્ટર દ્વારા આ કામ છોડી દેવા માટેના કારણો રેકોર્ડસ પર નોંધાયેલ ન હતાં, ઘણાં સ્મૃતિપત્રો જારી કરવા છતાંય એજન્સીએ આ કામ ફરીથી શરૂ ન કરવાને લીધે, ડેપ્યુટી EEએ કોન્ટ્રાક્ટ રદ કરીને એજન્સીને ભલામણ કરી હતી (સપ્ટેમ્બર 2014). ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે એજન્સીએ માત્ર એક જ ગામ (સંજેલી) નું કામ પૂર્ણ કર્યુ હતું, જ્યારે બાકીના પાંચ ગામોના કામ એજન્સીએ કામ છોડી દીધા બાદ છ વર્ષો કરતાં પણ વધુ સમય વિતવા છતાં અપૂર્ણ પડી રહયાં હતાં. આ એવું દર્શાવે છે કે વિભાગ થકી કે અન્ય કોઈ એજન્સીને રોકીને કામ પૂર્ણ કરાવવાં માટે GWSSB દ્વારા પુરતાં પગલાં ભરવામાં આવ્યાં ન હતાં; જેને પરિણામે આ પાંચ ગામોના રહીશો યોજનાની લાભોથી વંચિત રહ્યાં હતાં.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્ર સચિવે હકીકતોની ચકાસણી કરીને આવશ્યક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

2.1.7.4. જળસંગ્રહની ઊંચી ટાંકીઓ તથા જમીનતળની ટાંકીઓ વણવપરાયેલી પડી રહી

જળસંગ્રહની ઊંચી ટાંકીઓ (ESR) એ PWS યોજનાઓનું એક અભિન્ન અંગ છે. GWSSB તથા WASMO દ્વારા પુરી પડાયેલી માહિતીમાં એવું જણાવાયું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓમાં 212 ESRs આવેલી હતી (ઓગષ્ટ 2018). GWSSB/WASMO દ્વારા એવું પણ જણાવાયું હતું કે તેમાંથી નમૂનારૂપ ચકાસણી કરાયેલ પાંચ જિલ્લાઓમાં આવેલા 26 ESRs[32] (WASMO દ્વારા બાંધવામાં આવેલ 21 તથા GWSSB દ્વારા બાંધવામાં આવેલા પાંચ) જે તે તારીખે ઉપયોગમાં લેવામાં આવી રહયા ન હતાં. તેમને ઉપયોગમાં ન લેવા માટે (i) જળસ્ત્રોતની નિષ્ફળતા

29 કબીર ટ્રસ્ટ, ગાંધીનગર ₹ 82.00 લાખ તથા નવજાગૃતિ સાર્વજનિક ટ્રસ્ટ, ગાંધીનગર-₹ 43.70 લાખ

30 (i) નીમેવરોડ (ગામતળ), (ii) રળિયાતી ભરૂ (ગામતળ), (iii) મૂંડાહેળા (તળાવ ફળિયા), (iv) કરાઢ (કાળી મહુડી), (v) ભામેલા (ડામોર) તથા (vi) સંજેલી (ભગત ફળિયા)

31 મેસર્સ આર. એમ. પટેલ, દાહોદ.

32 દાહોદ-4, જામનગર-2, પાટણ-12, સાબરકાંઠા-6 તથા વલસાડ-2

(ii) આંતરિક પાઈપલાઈનમાં ખરાબી, (iii) તેમનો ઉપયોગ કરવા માટે VWSCsની અનિચ્છા, (iv) ESRમાં જળસંગ્રહ કરવાને બદલે જળસ્ત્રોતમાંથી જ સીધેસીધું પાણી પૂરૂં પાડવું, વિગેરે જેવા કારણો જણાવવામાં આવ્યા હતાં. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે આ ESRs નો ઉપયોગ થાય એ સુનિશ્ચિત કરવા માટે બન્ને GWSSB તેમજ WASMO દ્વારા કોઈ જ સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા ન હતાં.

પસંદ કરાયેલ વસવાટોમાં અસ્ક્યામતોની સંયુક્ત ભૌતિક ચકાસણી (ઓગષ્ટ-2018) દરમિયાન ઓડિટને એવું જોવા મળ્યું હતું કે

- ભરૂચ જિલ્લામાં રૂંધરાજપારડી RWSS અંતર્ગત રાજપારડી તથા ભીમપોર વસવાટો ખાતે ઊભી કરાયેલી બે ESRs અને રાજપારડી તથા માધવપુરા વસવાટો ખાતે બાંધવામાં આવેલી બે જમીન તળની ટાંકીઓ ઉપયોગમાં લેવામાં આવતી ન હતી. આમ, ગામવાસીઓને RWSSના પ્રક્રિયા કરાયેલ પાણીનો લાભ નકારવામાં આવ્યો હતો. આ બાંધકામો ઉપયોગમાં લેવામાં આવતા ન હોવા છતાં GWSSB ના રેકોર્ડ્સ ઉપર તેમને ઉપયોગમાં લેવામાં આવતાં હોવાનું નોંધાયેલ હતું. આવી જ રીતે, ભોદર ગામમાં RWSS અંતર્ગત બાંધવામાં આવેલી જમીન તળની ટાંકી પણ તેના બાંધકામ થયાના સમયથી જ ઉપયોગમાં લેવામાં આવતી ન હતી, કેમ કે ટાંકીમાં પાણી છોડવા માટે આંતરિક-પ્રવાહ માટના નળની સગવડ ઊભી કરવામાં આવી ન હતી. વધુમાં, ગામવાસીઓ પણ RWSS માંથી પાણી લેવા માટે ઈચ્છુક ન હતાં.
- વલસાડ જિલ્લામાં ઉબરગાંવ પૂર્વ RWSS અંતર્ગત ડુંગરી ફળિયા તથા ઘોડીયાવાડ વસવાટો (GP-ટુંભ, ઉબરગાંવ તાલુકા)માં બાંધવામાં આવેલા ESRs તથા જમીનતળની ટાંકીઓ તેમના બાંધકામ થયાંના સમયથી જ ઉપયોગમાં લેવામાં આવતાં ન હતાં, કેમકે વિતરણ-નેટવર્ક ઊભું કરવાનું હજુ પણ બાકી હતું. (ઓગષ્ટ-2018). આ બાંધકામો ઉપયોગમાં લેવામાં આવતાં ન હોવા છતાં GWSSBના રેકોર્ડ્સ ઉપર તેમને ઉપયોગમાં લેવામાં આવતાં હોવાનું નોંધાયેલું હતું.

ઉપરોક્ત ઓડિટ અવલોકનો એવા પ્રકારના છે કે ઓડિટની નમૂનારૂપ ચકાસણી કરાયેલ ન હોય એવા અન્ય વસવાટોમાં પણ જોવા મળી શકે છે. ઊભા કરાયેલ બાંધકામો પાણી-પૂરવઠા માટે કાર્યરત બની રહે તે સુનિશ્ચિત કરવા માટે વિભાગે/સરકારે આવા તમામ કિસ્સાઓની આંતરિક રીતે તપાસ કરવી જોઈએ.

DWSU, હિંમતનગર (સાબરકાંઠા જિલ્લો) એ જણાવ્યું હતું કે ESR ને જોડતી પાઈપલાઈનો માટે વર્ષ 2018-19 ના એન્યુઅલ એકશન પ્લાનમાં જોગવાઈ કરવામાં આવી છે અને DWSCની મંજુરી મેળવ્યા બાદ કામ હાથ ઉપર લેવામાં આવશે. વધુમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે ત્યારબાદ ESR ને ઉપયોગમાં લેવામાં આવશે. DWSU, વલસાડે જણાવ્યું હતું કે ગામના આંતરિક રસ્તા પહોળા કરવાની કામગીરીમાં વિતરણ પાઈપલાઈનો ને ક્ષતિ પહોંચી હતી, જેની વર્ષ 2018-19 દરમિયાન મરામત કરવામાં આવશે. નમૂનારૂપ ચકાસણી કરાયેલ બાકીના જિલ્લાઓના જિલ્લા-સત્તાધિશોએ નજીકના ભવિષ્યમાં ESR ને ઉપયોગમાં લેવા માટેની ખાતરી આપી હતી.

2.1.7.5 ગ્રામ્ય શાળાઓ તથા આંગણવાડીઓમાં પેય-જળની સુવિધાઓ

- *ગ્રામ્ય શાળાઓમાં પેય-જળની સુવિધાઓ*

વર્ષ 2017 સુધીમાં સિદ્ધ કરવાના NRDWP ના લક્ષ્યાંકોમાં તમામ સરકારી શાળાઓમાં સલામત પેય-જળની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો લક્ષ્યાંક પણ સામેલ હતો. શિક્ષણ વિભાગે રાજ્યમાં આવેલી

ઓળખ કરીને નિયત કરાયેલી એવી 2,920 પ્રાથમિક શાળાઓ કે જ્યાં પેય-જળના કોઈ ચોક્કસ જળસ્ત્રોતો ઉપલબ્ધ ન હતાં, તેમને પેય-જળની સુવિધા પુરી પાડવાનું નક્કી કર્યુ હતું (જુલાઈ 2015). WASMO એ શાળાઓનું સર્વેક્ષણ હાથ ધર્યુ હતું (2015-16) અને તેમાં એવું જણાયું હતું કે આ 2,920 શાળાઓમાંથી 1,921 શાળાઓ પાસે પેય-જળના કોઈ ચોક્કસ સ્ત્રોત ઉપલબ્ધ ન હતાં. તદ્અનુસાર, ₹ 12.00 કરોડનું ભંડોળ (2015-17) આ 1,921 શાળાઓમાં પેય-જળની સવિધા પુરી પાડવા માટે WASMO ને છુટું કરવામાં આવ્યું હતું.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે WASMO એ 1,384 શાળાઓમાં આ કામ પૂર્ણ કરી લીધું હતું તથા બે શાળાઓમાં કામો પ્રગતિમાં હતાં (ફેબ્રુઆરી 2019). જો કે ફેબ્રુઆરી 2019ની સ્થિતિએ બાકીની 535 શાળાઓમાં જળસ્ત્રોતનું આખરીકરણ ન થવાના કારણે કોઈ જ કામ હાથ ધરવામાં આવ્યું ન હતું.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે બાકીની શાળાઓને વહેલામાં વહેલી તકે આવરી લેવામાં આવશે.

- ***આંગણવાડીઓમાં પેય-જળની સુવિધાઓ***

NRDWP ની માર્ગદર્શિકાઓ એવું નિર્ધારિત કરે છે કે રાજ્ય સરકારોએ અગ્રતાના ધોરણે આંગણવાડીને પેય-જળની સુવિધાઓ પુરી પાડવી જોઈએ. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં પસંદ કરાયેલ વસવાટોની આંગણવાડીઓની સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી 2018) દરમિયાન ઓડિટને એવું જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ 32 GPsમાં આવેલી 116 આંગણવાડીઓમાંથી 43 આંગણવાડીઓ (37.07 ટકા) માં પેય-જળની સુવિધા ઉપલબ્ધ ન હતી. એવું પણ જોવા મળ્યું હતું કે 116 આંગણવાડીઓમાંથી 62 આંગણવાડીઓમાં અલ્ટ્રા વાયોલેટ (UV)/રીવર્સ ઓસ્મોસિસ (RO) વોટર પ્યોરીફાયર સિસ્ટમો પુરી પાડવામાં આવી હોવા છતાં PWS, ઈલેક્ટ્રીક જોડાણ, પાણીની સુવિધા, ઊંચી પાણીની ટાંકી, વિગેરેની અનઉપલબ્ધતાને કારણે 47 સિસ્ટમો કાર્યરત ન હતી.

સમાપન બેઠક (30 મે 2019)માં અગ્રસચિવે જણાવ્યું હતું કે બાકીની આંગણવાડીઓને વહેલામાં વહેલી તકે આવરી લેવામાં આવશે.

2.1.8 પાણીની ગુણવત્તા માટેનું આંતર માળખું

બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડઝ (BIS) દ્વારા નિર્ધારિત કરાયેલ માપદંડોને MoDWS દ્વારા યુનિફોર્મ ડ્રીકીંગ વોટર ક્વોલિટી મોનીટરીંગ પ્રોટોકોલ (UDWQMP) તૈયાર કરવામાં અનુસરવામાં આવતાં હતાં. આ પ્રોટોકોલ ગ્રાહકોને સલામત પેય-જળનું પુરૂં પાડવાનું સુનિશ્ચિત કરવા મોટ પેય-જળની ગુણવત્તા ઉપર દેખરેખ રાખવા માટેની ચોક્કસ આવશ્યકતાઓનું વર્ણન કરે છે.

2.1.8.1 પાણીની ગુણવત્તાના ટેસ્ટીંગ માટેના આંતરમાળખાની ઉપલબ્ધતા.

NRDWP તથા UDWQMPની માર્ગદર્શિકાઓ રાજ્ય, જિલ્લા તેમજ તાલુકા સ્તરે વોટર ક્વોલિટી ટેસ્ટીંગ લેબોરેટરીઝની સ્થાપના કરવાનું નિર્ધારિત કરે છે. રાજ્યમાં GJTI ખાતે એક રાજ્યકક્ષાની લેબોરેટરી (SLL) તરીકે નામાંકિત સેન્ટ્રલ લેબોરેટરી, 32 જિલ્લા કક્ષાની લેબોરેટરીઝ (DLLs) તથા 47 તાલુકા કક્ષાની લેબરોટરીઝ (TLLs) આવેલી હતી.

- ***રાજ્યકક્ષાની લેબોરેટરી***

NRDWP તથા UDWQMP ની માર્ગદર્શિકાઓ એવું નિર્ધારિત કરે છે કે SLLમાં પાણીની ગુણવત્તા માટેના ચોક્કસ ભૌતિક, રાસાયણિક તેમજ માઈક્રોબાયોલોજિકલ માપદંડોના પરિપૂર્ણ વ્યાપના વિશ્લેષણ કરવા માટેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ અને તેણે પાણીની ગુણવત્તા અંગેની ચોક્કસ કે નવી/ઉદ્દભવતી સમસ્યાઓના વિશ્લેષણ માટે સ્ટેટ રેફરલ ઈન્સ્ટીટ્યૂટ (SRI) તરીકે કાર્ય કરવું જોઈએ. SLLએ DLLs તથા TLLs દ્વારા ગુણવત્તાની ખાતરી તેમજ ગુણવત્તા-નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે DLLs તથા TLLs ની કામગીરી પર દેખરેખ રાખવી જોઈએ. વધુમાં, DLLs દ્વારા અયોગ્ય ઠરાવાયેલ નમૂનાઓના પાંચ ટકા જેટલાં નમૂનાઓની SLL એ ફેરચકાસણી કરવી જરૂરી હતી. MoDWS એ GoGને પેય-જળના જળસ્ત્રોતોમાં ભારે ધાતુઓ તેમજ જંતુનાશકોના અવશેષો ના પૃથ્થકરણ માટે એટમિક એબ્ઝોબર્શન સ્પેક્ટોફોટોમીટર તથા હાઈ-પ્રેશર લીકવીડ ક્રોમેટોગ્રાફી, વિગેરે જેવા ઉપકરણો ધરાવતી SLLની સ્થાપના-પ્રક્રિયાને ઝડપી બનાવવા સૂચનાઓ જારી કરી હતી (મે 2013)

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ગુજરાત સરકાર SLL-કમ-SRI[33] ની સ્થાપના 2015 માં જ કરી શકી હતી. આમ છતાં, ₹ 4.00 કરોડની અંદાજિત કિંમતના ઉપકરણો/સાધનો હજુ પણ ખરીદ કરવાના બાકી હતાં (મે-2019). ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ઊંચી કક્ષાના ઉપકરણો/સાધનો ઉપલબ્ધ ન હોવાના કારણે SLL ભારે ધાતુઓ તથા જંતુનાશકોના અવશેષોના પૃથ્થકરણ માટેના ચોક્કસ પરીક્ષણોને બદલે ગાંધીનગર જિલ્લામાં પુરાં પાડવામાં આવતા પાણીના માત્ર સામાન્ય સ્તરના રાબેતા મુજબના પરીક્ષણો જ કરી રહી હતી. વધુમાં, વર્ષ-2013-18ના સમયગાળા દરમિયાન DLLs દ્વારા કરાયેલા પરીક્ષણોની ફેર ચકાસણી કરવા માટે DLLsમાંથી કોઈ જ નમૂનાઓ મંગાવવામાં આવ્યા ન હતાં. આમ, SRI તરીકે કાર્ય કરી શકે તે માટે SLLની સ્થાપના કરવાનો ઉદ્દેશ સિદ્ધ થઈ શક્યો ન હતો.

GJTIના સંયુક્ત નિયામક (સાયન્ટીફીક) એ ચોક્કસ પરીક્ષણો તથા DLLs ના નમૂનાઓની ફેર-ચકાસણી ન કરવા માટે ઉપકરણો/સાધનોની અનઉપલબ્ધતા તેમજ કર્મચારીગણની કમી હોવાના કારણો આગળ ધર્યા હતાં. વળી, એવી પણ ખાતરી આપવામાં આવી હતી કે હયાત કર્મચારીગણને તાલિમ પુરી પાડ્યા બાદ DLLs ના અયોગ્ય ઠરેલા નમૂનાઓની ફેરચકાસણી કરવામાં આવશે.

GJTI એ DLLs દ્વારા અયોગ્ય ઠેરવાયેલા નમૂનાઓની ફેર-ચકાસણી કરવા માટે યાદચ્છિક રીતે અટકળે 12 DLLs પસંદગી કરવાની સૂચનાઓ જારી કરી હતી (2017-18). ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે DLLsએ અયોગ્ય જણાયેલ જળસ્ત્રોતોમાંથી 249 નમૂનાઓની ફેરચકાસણી જે-તે સ્ત્રોતમાંથી નવાં નમૂનાઓ લઈને જ કરી હતી. જો કે આવી ફેરચકાસણીના પરિણામો **પરિશિષ્ટ-VI** માં દર્શાવ્યા મુજબ મૂળ ચકાસણીના પરિણામોથી વિસ્તૃત રીતે જુદા જણાયાં હતાં, આ એવું દર્શાવે છે કે DLLs દ્વારા હાથ ધરવામાં આવેલ પરીક્ષણો વિશ્વનીય ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે SLL માટે સાધનોની ખરીદી પ્રગતીમાં છે. વધુમાં, એવું પણ જણાવવામાં આવ્યું હતું કે ગાંધીનગરની DLL ને કલોલ તાલુકાની TLLમાં તબદીલ કરવામાં આવી છે તથા ગાંધીનગર જિલ્લામાં પુરાં પાડવામાં આવતા પાણીના નમૂનાઓનું પરીક્ષણ TLL, કલોલ ખાતે કરવામાં આવી રહ્યું છે.

- ***જિલ્લા તથા તાલુકા કક્ષાની વોટર ટેસ્ટીંગ લેબોરેટરીઝ***

UDWQMP અનુસાર DLLs તથા TLLs એ તેમના કાર્યક્ષેત્ર હેઠળના જળસ્ત્રોતોના પેય-જળની ગુણવત્તાની દેખરેખ રાખવા IS 19500-2012 અંતર્ગત નિર્ધારિત પેય-જળના જળસ્ત્રોમાં ફીઝીયો-

33 ગાંધીનગર ખાતે GJTI પરિસર

કેમીકલ તથા માઈક્રો-બાયોલોજિકલ માપદંડોના પૃથ્થકરણ કરવાં જોઈએ. આ લેબોરેટરીઓએ પરીક્ષણ-પિરણામોને હિસ્સેદારો[34] સાથે વહેંચીને ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની ગુણવત્તા અંગે જાગૃતિ ફેલાવવી જોઈએ.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે રાજ્યમાં આવેલા 245 તાલુકાઓની સામે ગુજરાત સરકારે આજ દિન સુધી 47 TLLsની સ્થાપના કરેલ હતી (ફેબ્રુઆરી 2019). આમ, રાજ્યના 198 તાલુકાઓમાં પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટે કોઈ જ લેબોરેટરી ન હતી, કે જેથી આવાં પરીક્ષણ સંબંધિત DLLs દ્વારા કે પછી નજીકના તાલુકામાં આવેલી TLLs દ્વારા કરવામાં આવતાં હતાં. NRDWP ની માર્ગદર્શીકાઓ એવું નિર્ધારિત કરે છે કે TLLના અયોગ્ય ઠરેલા નમૂનાઓના 10 ટકા જેટલા નમૂનાઓની ફેરચકાસણી સંબંધિત DLLs દ્વારા કરવી જોઈએ, આમ છતાં ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે TLLs દ્વારા અયોગ્ય[35] ઠરાવાયેલા પાણીના નમૂનાઓની ફેર ચકાસણી કોઈ જ DLL દ્વારા કરવામાં આવતી ન હતી.

GJTIના સંયુક્ત નિયામક (સાયન્ટીફીક) એ જણાવ્યું હતું કે DLLsમાં આવશ્યક આંતરમાળખું પ્રસ્થાપિત કર્યા બાદ ફેર ચકાસણી કરવામાં આવે છે.

NRDWPની માર્ગદર્શિકાઓમાં એવી પણ જોગવાઈ છે કે દરેકે દરેક જળસ્ત્રોતનું વર્ષમાં એક વાર રાસાયણિક માપદંડો માટે તેમજ બે વાર બેકટેરીયોલોજિકલ માપદંડો માટે એટલે કે એકવાર ચોમાસા પહેલાંના સમયગાળા દરમિયાન તથા એકવાર ચોમાસા બાદ પરીક્ષણ કરવાનું રહેશે. ફેબ્રુઆરી 2018ની સ્થિતિએ રાજ્યમાં 5,78,866 જળસ્ત્રોતો આવેલા હોવાનું નોંધાયેલ હતું. ધોરણો અનુસાર વર્ષ 2017-18 દરમિયાન પાણીના ઓછામાં ઓછા 5,78,866 નમૂનાઓનું રાસાયણિક માપદંડો માટે તેમજ પાણીના 11,57.732 નમૂનાઓનું બેકટેરિયોલોજિકલ માપદંડો માટે પરીક્ષણ થયેલ હોવા જોઈએ. આમછતાં, ઓડિટને GJTI દ્વારા પુરી પડાયેલ માહિતી ઉપરથી એવું જોવા મળ્યું હતું કે રાસાયણિક માપદંડો માટે માત્ર 1,86,431 નમૂનાઓ (32 ટકા) નું જ તેમ જ બેકટેરિયોલોજિકલ માપદંડો માટે માત્ર 1,23,771 નમૂનાઓનું (11 ટકા) જ વર્ષ 2017-18 દરમિયાન પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષણ કરવામાં રહેલી આવી ઘટ માટે રાજ્યમાં આવેલી TLLs અપૂરતી હોવાનું કારણ આગળ ધરવામાં આવ્યું હતું.

ચિત્ર ૧: DLL, હિંમતનગરમાં પરિક્ષણ માટે મળેલ પાણીના વિવિધ નમૂનાઓ (25-04-2018)

તદ્ઉપરાંત, ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે UDWQMP અનુસાર સામાન્ય પૃથ્થકરણ માટે નમૂનાની માત્રા નોન-એસીડીફાઈડ પાત્રમાં બે લીટરની હોવી જોઈએ, જ્યારે બેકટેરિયોલોજિકલ પૃથ્થકરણી માટે નમૂનાની માત્ર સ્ટરીલાઈઝડ બોટલમાં 250 ml ની હોવી જોઈએ. GJTI એ જણાવ્યું હતું કે સામાન્ય રીતે રાજ્યમાં આવેલી લેબોરેટરીઓ રાસાયણિક પરીક્ષણ માટે પોલિથીલીન પાત્રોમાં એક લીટરની માત્રામાં અને માઈક્રોબાયોલોજિકલ પરીક્ષણ માટે સ્ટરીલાઈઝડ બોટલોમાં 300 ml ની માત્રામાં નમૂનાઓ એકઠા કરતાં હોય છે. આમ છતાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ DLLsની મુલાકાત દરમિયાન એવું જોવા મળ્યું હતું કે ફેંકી દેવાયેલ વપરાયેલી ઠંડા પીણાની તથા પેકેજડ પાણીની પ્લાસ્ટીકની બોટલોમાં (**ચિત્ર-1**) પણ નમૂનાઓ એકઠાં કરવામાં આવતાં હતાં. પરિણામે, પરીક્ષણના

34 જિલ્લા/રાજ્ય જાહેર આરોગ્ય વિભાગ સહિત તથા ફૂડ સિક્યુરિટિ એક્ટ હેઠળ સ્થાપવામાં આવેલી/પ્રસ્તાવિત અન્ય લેબોરેટરીઓ, વિગેરે સાથે પણ

35 વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન પાણીના 1,46,546 નમૂનાઓ

પરિણામો ખોટાં તારણોનું જોખમ ધરાવતાં હતાં. DLL હિંમતનગરના લેબોરેટરી આસીસ્ટન્ટે ઉપયોગમાં લેવાના પાત્રના પ્રકારે વિષેના અજ્ઞાનનો સ્વીકાર કર્યો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે DLLs તથા TLLsના સઘનીકરણ માટે આવશ્યક કાર્યવાહી કરવામાં આવશે.

- ***મોબાઈલ લેબોરેટરીઝ***

NRDWP અંતર્ગત પાણીની ગુણવત્તા, તેની દેખરેખ તથા સર્વેક્ષણના કામને સઘન બનાવવા માટે ગુજરાત સરકારે ₹ 1.55 કરોડના ખર્ચે છ મોબાઈલ લેબોરેટરી વાનો ખરીદી હતી (જાન્યુઆરી 2014). આમાંથી પાંચ વાનો સંબંધિત જિલ્લાની DLL દ્વારા ઉપયોગમાં લઈ શકાય તે માટે GWSSBની પાંચ ઝોનલ ઓફિસો[36]ને ફાળવવામાં આવી હતી, અને બાકીની એક વાન GJTI ને ફાળવવામાં આવી હતી. આ વાનોના સંચાલન માટે જરૂરી કર્માચારીગણને આઉટસોર્સ કરીને બહારથી રોકવાના હતાં.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું DLLs દ્વારા મોબાઈલ વાનોનો **કોષ્ટક-1**માં દર્શાવ્યા મુજબ ઈષ્ટત્તમ ઉપયોગ થઈ રહ્યો ન હતો.

કોષ્ટક-1 પાંચ DLLs દ્વારા મોબાઈલ વાનોના ઉપયોગની વિગતો

ઝોનલ ઓફિસ	ઉપયોગ ન કરવા માટેના કારણો
વડોદરા	ડ્રાઈવર તથા કેમીસ્ટના અભાવે જાન્યુઆરી 2016 થી ઉપયોગમાં લેવાતી નથી
અમદાવાદ	વચગાળાના સમય ગાળાઓમાં એપ્રિલ 2017 સુધી ઉપયોગમાં લેવાતી હતી. ત્યારબાદ કેમીસ્ટના અભાવે ઉપયોગમાં લેવાતી નથી.
રાજકોટ	વચગાળાના સમયગાળાઓમાં માર્ચ 2018 સુધી ઉપયોગમાં લેવાતી હતી.
ભુજ	વચગાળાના સમયગાળાઓમાં જાન્યુઆરી 2017 સુધી ઉપયોગમાં લેવાતી હતી. ત્યારબાદ કેમીસ્ટના અભાવે ઉપયોગમાં લેવામાં આવતી નથી.
જુનાગઢ	વચગાળાના સમયગાળાઓમાં ફેબ્રુઆરી 2018 સુધી ઉપયોગમાં લેવાતી હતી. ત્યારબાદ ઉપકરણો/સાધનોના અભાવે ઉપયોગમાં લેવામાં આવતી નથી.

(સ્ત્રોત : GJTI દ્વારા પુરી પડાયેલ માહિતી)

GJTI પાસે રહેલી મોબાઈલ વાનના કિસ્સામાં ઓડિટને એવું જોવા મળ્યું હતું કે 25 મહિનાઓ સુધી વચગાળાના સમયગાળામાં વાન ઉપયોગમાં લેવામાં આવતી હતી. ઓડિટ દ્વારા લેવામાં આવેલ ક્ષેત્રીય મુલાકાત (એપ્રિલ 2018) દરમિયાન એવું જોવા મળ્યું હતું કે વાનમાંથી તમામ ઉપકરણો/ સાધનો દૂર કરવામાં આવ્યાં હતાં અને તેમને SLLના મકાનમાં રાખવામાં આવ્યા હતાં. વધુમાં, વાનની આંતરિક પરિસ્થિતિ ક્ષતિયુક્ત જોવા મળી હતી. આ એવું દર્શાવે છે કે વાનના પરીક્ષણો કરવા માટે ઉષ્ટત્તમ ઉપયોગ થઈ રહ્યો ન હતો, અને આ વાનોની ખરીદી માટે કરવામાં આવેલ ખર્ચ વિફળ રહ્યો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્રસચિવે જણાવ્યું હતું કે મોબાઈલવાનો થકી નિયમિત રીતે પરીક્ષણો થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે.

36 અમદાવાદ, ભુજ, જુનાગઢ, રાજકોટ તથા વડોદરા.

2.1.8.2 લેબોરેટરીઓમાં માનવ-બળ.

મિનીસ્ટ્રી ઓફ ડ્રીંકીંગ વોટર એન્ડ સેનીટેશન, ભારત સરકાર દ્વારા જારી કરાયેલ યુનિફોર્મ ડ્રીંકીંગ વોટર ક્વોલિટી મોનીટરીંગ પ્રોટોકોલ (UDWQMP)માં વિવિધ કક્ષાની લેબોરેટરીઓ માટે આવશ્યક કર્મચારીગણની એક સૂચિત યાદી નિર્ધારિત કરવામાં આવી છે. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ગુજરાત સરકારે SLL, DLLs તથા TLLs માટે કોઈ જ જગ્યા મંજુર કરેલ ન હતી. આ લેબોરેટરીઓમાં મોટાભાગના કર્મચારીગણની આઉટસોર્સીંગ કરીને ભરતી કરવામાં આવી હતી.

UDWQMP અનુસાર સૂચિત યાદીની સામે તારીખ 31 માર્ચ 2018ની સ્થિતિએ ઉપલબ્ધ કર્મચારીગણની વિગતો નીચે આપેલા **કોષ્ટક-2**માં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક-2 : UDWQMP અંતર્ગત સૂચિત કર્મચારીગણની સામે લેબોરેટરીઓમાં ઉપલબ્ધ કર્મચારીગણની વિગતો

રાજ્યમાં આવેલી લેબોરેટરીઓના નામ	UDWQMP અનુસાર સૂચિત કર્મચારીગણની સંખ્યા	ઉપલબ્ધ કર્મચારીગણની સંખ્યા	ઘટ
રાજ્યકક્ષાની લેબોરેટરી	14	12	02
જિલ્લા કક્ષાની લેબોરેટરીઓ	256	196	60
તાલુકા કક્ષાની લેબોરેટરીઓ	376	209	167

(સ્ત્રોત : GJTI દ્વારા પુરી પડાયેલી માહિતી)

UDWQMP વધુમાં એવું પણ સૂચિત કરતાં હતાં કે દરેક લેબોરેટરીમાં વોટર એનાલિસ્ટ/કેમીસ્ટની ઓછામાં ઓછી એક નિયમિત જગ્યા તો હોવી જ જોઈએ. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ગુજરાત સરકારે આ માટે કોઈ જ નિયમિત જગ્યા મંજુર કરેલ ન હતી. આઉટસોર્સથી ભરતી કરાયેલ કર્મચારીઓ દ્વારા જ કેમીસ્ટ/એનાલિસ્ટની કામગીરી કરવામાં આવી રહી હતી.

જરૂરી સંખ્યામાં પાણીના નમૂનાઓના પરીક્ષણો માટેના નિર્ધારિત લક્ષ્યાંકો સિદ્ધ ન થવામાં કર્મચારીગણની ઘટ તેમજ TLLsની અનઉપલબ્ધતાએ ઘણો જ ભાગ ભજવ્યો હતો.

ઓડિટનો એવો અભિપ્રાય છે કે ગુજરાત સરકારે વોટર ટેસ્ટીંગ લેબોરેટરીઓ માટે ટેકનિકલ કર્મચારીગણની જરૂરિયાતની સમિક્ષા કરીને ખાલી જગ્યાઓ ભરવી જોઈએ.

2.1.8.3 લેબોરેટરીઓ દ્વારા નિર્ધારિત માપદંડોની ચકાસણી ન થઈ.

UDWQMP એવું નિર્ધારિત કરે છે કે SLL એ 76 માપદંડોની ચકાસણી કરવાની રહેશે, DLL એ 34 માપદંડોની ચકાસણી કરવાની રહેશે તથા TLL એ 19 માપદંડોની ચકાસણી કરવાની રહેશે (**પરિશિષ્ટ-VII**). આમ છતાં, આની સામે ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે SLL, DLLs તથા TLL એ અનુક્રમે માત્ર 16, 14 તથા 14 માપદંડોની જ ચકાસણી કરી હતી. આમ, જરૂરી ઉપકરણો/સાધનો તથા રસાયણોના અભાવે, રાજ્યમાં આવેલી કોઈ જ લેબોરેટરીએ નિર્ધારિત માપદંડોના પૂર્ણ સમૂહની ચકાસણી કરેલ ન હતી.

UDWQMP એવું પણ નિર્ધારિત કરે છે કે DLL તથા TLLs એ ફરજિયાત પણે ઓછામાં ઓછા 13 મૂળભૂત માપદંડોની ચકાસણી કરવાની રહેશે, જેમાં અન્યો ઉપરાંત pH, TDS, ટોટલ હાર્ડનેસ, આલ્કલીનીટી, ફ્લોરાઈડ, ક્લોરાઈડ, નાઈટ્રેટ, આર્સનિક, આયર્ન, E-coli, વિગેરે સામેલ છે. આમછતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે રાજ્યમાં આવેલી કોઈ જ લેબોરેટરી આયર્ન તેમજ આર્સનિક ને લગતા પરીક્ષણો કરતી ન હતી, કેમકે તેમની પાસે આ માપદંડોના પરીક્ષણ કરવા માટેના જરૂરી ઉપકરણો/સાધનો ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યુ હતું કે ભવિષ્યમાં રાજ્યમાં ઓછામાં ઓછા 34 માપદંડોના પરીક્ષણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવેશે.

2.1.8.4 ફીલ્ડ ટેસ્ટીંગ કીટ્સ (FTKs)

રાજ્યમાં ગ્રામ્ય જનસમૂહ આધારિત ક્વોલીટી મોનીટરીંગ એન્ડ સર્વિલન્સ પ્રોગ્રામ અમલમાં મૂકવાના ઉદ્દેશથી WASMO એ 3.14 કરોડ[37]ના ખર્ચે 35,900 FTKs[38] ની ખરીદી કરી હતી (2013-16) આ FTKs DWSUs મારફત GPs (સરપંચ/પાણી સમિતિ/આશા કાર્યકરો) ને તથા પબ્લિક હેલ્થ સબ-સેન્ટર્સના મલ્ટી પરપઝ હેલ્થ વર્કર્સ (MPHW) ને ફાળવવામાં આવી હતી.

નમૂના રૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં 32 GPs માંથી માત્ર 13 GPs[39] જ સબંધિત DWSU પાસેથી 17 FTKs મળેલ હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે માત્ર એક જ FTK નો ઉપયોગ સાબરકાંઠા જિલ્લાની કમાલપુર GP દ્વારા કરવામાં આવી રહ્યો હતો, જ્યારે બાકીની 12 GPs દ્વારા તેમને પૂરી પાડવામાં આવેલી 16 FTKs (94 ટકા) નો ઉપયોગ કરવામાં આવી રહ્યો ન હતો, અને તેમને હવે ઉપયોગમાં લઈ શકાય તેમ પણ ન હતું, કેમકે આ FTKs નો આવરદાં નો ગાળો માત્ર એક વર્ષનો જ હતો. વધુમાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટો માટે MPHWs ને ફાળવવામાં આવેલી 45 FTKs માંથી MPHWs દ્વારા 78 વસવાટોમાંથી 12 વસવાટો માત્ર 12 FTKs નો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. બાકીની 33 FTKs વણવપરાયેલી જ પડી રહી હતી, જેની આવરદાં પૂરી થઈ ગઈ હતી. WASMO/DWSUs દ્વારા નવી FTKs વર્ષ 2016 પછી રીફીલ-સામગ્રી પુરી પાડવામાં આવી ન હતી, જેના કારણે જે FTKs ઉપયોગમાં લેવામાં આવી ન હતી તે પણ વાપરી શકાય તેમ રહી ન હતી. આમ, આ FTKs ની ખરીદી ઉપર કરવામાં આવેલ ખર્ચ બિનફળદાયી નિવડયો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે FTKs ના યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવા GP સ્તરે કર્મચારીઓ તથા MPHWS માટે તાલિમ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

2.1.9 પુરાં પડાયેલ પીવાલયક પાણીની ગુણવત્તા

પેય-જળની ગુણવત્તા માટેના BIS દ્વારા નિર્ધારિત IS 10500:2012 સ્ટાન્ડર્ડસ, કે જેને UDWQMP માં અનુસરવામાં આવે છે, તેમાં બે મર્યાદાઓ નિર્ધારિત હોય છે એટલે કે ઈચ્છનીય મર્યાદા તથા સ્વીકાર્ય મહત્તમ કે અસ્વીકાર માટે કારણરૂપ મર્યાદા. જો કોઈ માપદંડ સ્વીકાર્ય મર્યાદા કરતા વધી જાય, તો તેવા પાણીને માનવ-ઉપયોગ માટે અયોગ્ય ગણવામાં આવે છે. નિયત બેકટરીયા ખાસ કરીને E-coli, વાયરસ વિગેરે ની હાજરી ને લીધે જો પાણી જીવાણુ જન્ય રીતે દુષિત જણાયું હોય અથવા તો પાણીમાં ફ્લોરાઈડ, ટોટલ ડીઝોલ્વ્ડ સોલીડ (TDS), આયર્ન, મેંગેનીઝ, આર્સેનિક, નાઈટ્રેટસ વિગેરે જેવા રાસાયણિક દુષણ મહત્તમ સ્વીકાર્ય મર્યાદાઓ[40] કરતાં વધારે જણાય, તો વ્યાપક રીતે એવા પાણી ને પીવાના હેતુ માટે અયોગ્ય ઠેરવવામાં આવે છે.

CGWB ના ડેટા અનુસાર ગુજરાતમાં 20 જિલ્લાઓ ક્ષારના દુષણથી પ્રભાવિત છે, 18 જિલ્લાઓ ફ્લોરાઈડ, 17 જિલ્લાઓ ક્લોરાઈડ, છ જિલ્લાઓ આયર્ન તથા 22 જિલ્લાઓ નાઈટ્રેટ ના દુષણથી પ્રભાવિત છે.

---

37 2013-14 :13,000 FTKs માટે 1.36 કરોડ, 2014-15: 3,900 FTKs માટે 0.37 કરોડ તથા 2015-16: 19,000 FTKs માટે 1.41 કરોડ.

38 તે અસલામત પાણી પૂરવઠા સિસ્ટમ ને તરત ઓળખી કાઢવામાં મદદ કરે છે, જેથી ઉપયોગકર્તા ને ઉપયોગમાં લેવામાં આવતાં પાણી વિષે સામાન્ય ખ્યાલ આવે.

39 ભરૂચ જિલ્લો-દેવળા, ભોદર, રાણીપરા તથા રાજપોરડી GPs (એપ્રિલ-2014), ડાંગ જિલ્લો ડોન, ચિચલી, ગવધડ, તથા દાહર GPs (મે-જૂન-2014), સાંબરકાંઠા જિલ્લો - કમાલપુર GP (ફેબ્રુઆરી-2016) અને વલસાડ જિલ્લો - મોટીધોળ ડુંગરી, પીપળપાડાં, ટુંભ તથા મરોળી GPs (જુન-જુલાઈ-2014).

40 ફ્લોરાઈડ (>1.5mg/લીટર) TDS (>2,000 mg/લીટર), આયર્ન (>0.3 Mg/લીટર), મેંગેનીઝ (>0.3 MG/ લીટર), આર્સેનિક (>0.05 mg/ લીટર), જુન-2015 માં સુધારીત મર્યાદા (>0.01 Mg/ લીટર તથા નાઈટ્રેટ્સ (>45 mg/લીટર).

ઓડિટ ચકાસણીમાં એવું ઉજાગર થયું હતું કે સ્થાનિક સ્ત્રોત આધારિત આંતરિક ગામ PWS યોજનાઓ કે ભૂગર્ભ જળ આધારિત મીની WSSs કે IVWSSs હેઠળ આવરી લેવાયેલ વસવાટોમાં તથા હેન્ડ પમ્પ્સ કે ટયુબ-વેલ થકી પાણી મેળવતાં ગામોમાં પાણીને ગાળવા માટેની કોઈ જ જોગવાઈ ન હતી.

વર્ષ 2016-17 માટેના એન્યુઅલ એકશન પ્લાનમાં ગુજરાત સરકારે એવો દાવો કર્યો હતો કે રાજ્ય હવે ગુણવત્તા અંગે પ્રભાવિત વસવાટોથી મુકત છે, પરંતુ કેટલાંક છુટી ગયેલ વસવાટો નજીકના ભવિષ્યમાં ઉદભવ પામી શકે. ગુજરાત સરકારનો આ દાવો હકીકતે સાચો જણાયો ન હતો, કેમકે વર્ષ 2015-16 દરમિયાન GJTI ની લેબોરેટરીઓ દ્વારા હાથ ધરાયેલ રસાયણિક ચકાસણીમાં 1,30,857 નમૂનાઓમાંથી 20,906 નમૂનાઓ (15.98 ટકા) નિષ્ફળ રહ્યા હતાં. વર્ષ 2016-17 અને 2017-18 માં પણ આવું વલણ જારી રહ્યું હતું, કેમકે 1,22,909 નમૂનાઓમાંથી 19,171 નમૂનાઓ (15,60 ટકા) અને 1,86,431 નમૂનાઓમાંથી 36,427 નમૂનાઓ (19.54 ટકા) રસાયણિક ચકાસણીમાં નિષ્ફળ રહ્યાં હતાં. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GJTI ને વર્ષ 2017-18 માં 35,433 વસવાટોના ચોમાસા પૂર્વે સર્વેક્ષણમાં 3,714 વસવાટો (10.48 ટકા) ના સ્ત્રોતો આયોગ્ય જણાયાં હતાં તથા વર્ષ 2017-18 માં આ 35,433 વસવાટોના ચોમાસા બાદના સર્વેક્ષણમાં 3,694 વસવાટો (10.43 ટકા) ના સ્ત્રોતો અયોગ્ય જણયાં હતાં. આ એવું દર્શાવે છે કે રાજ્યમાં લગભગ 10 ટકા વસવાટો ને પીવાલાયક પાણીના કોઈ જ સ્ત્રોત ઉપલબ્ધ ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે ગુણવતા થી પ્રભાવિત વસવાટોની સંખ્યાને ચકાસણી કરીને આવશ્યક પગલાં લેવા માટેની ખાતરી આપી હતી.

2.1.9.1 પીવાલાયક પાણીમાં રાસાયણિક દુષણ

પીવાનાં પાણીમાં કેટલાક રસાયણોની નિર્ધારિત મર્યાદા કરતાં વધુ માત્રામાં હાજરી મોટી બિમારીનું કારણ બને છે, દા.ત. આર્સનિક થી કેન્સર થાય છે, ફલોરાઈડ થી ફલોરોસિસ થાય છે, નાઈટ્રેટ લોહીની ઓકિસજન હેરફેર કરવાની ક્ષમતા ઘટાડે છે, જેને લીધે મગજને ક્ષતિ પહોંચે છે, આયર્નથી હીમોક્રોમેટોસિસ થાય છે, વિગેરે. ગુજરાત સરકારે ભારત સરકારને એવું જણાવ્યું હતું કે રાજ્ય પાણીની ગુણવત્તા અંગે પ્રભાવિત ન હતું (માર્ચ 2016).

GJTI દ્વારા ઓડિટને પુરી પડાયેલ માહિતી અનુસાર રાજ્યમાં આવેલી લેબોરેટરીઓમાં વર્ષ 2013-18 ના સમયગાળામાં પીવાલાયક પાણીના નમૂનાઓના પરીક્ષણોના પરિણામો **ચાર્ટ-2** માં દર્શાવવામાં આવ્યા છે.

ચાર્ટ-2: લેબોરીટરીઓમાં પીવાલાયક પાણીના નમૂનાઓના પરીક્ષણના પરિણામો



(સ્ત્રોત GJTI દ્વારા પુરી પાડાયેલ માહિતી)

ઉપરોકત ચાર્ટ પરથી જોઈ શકાય છે કે વર્ષ 2013-18 ના સમયગાળામાં રાજ્યમાં પરીક્ષણ કરાયેલ પાણીના 6,29,517 નમૂનાઓમાંથી 1,15,224 નમૂનાઓ (18.30 ટકા) રાસાયણિક રીતે અયોગ્ય

જણાયાં હતાં. આમાંથી 27,269 નમૂનાઓ (4.33 ટકા) માં ફ્લોરાઈડની માત્રા અધિક હતી, 74,866 નમૂનાઓ (11.89 ટકા) માં નાઈટ્રેટની માત્રા અધિક હતી, તથા 19, 245 નમૂનાઓ (3.06 ટકા) માં TDS ની માત્રા અધિક હતી.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્કયામતોની સંયુકત ભૌતિક ચકાસણી (એપ્રિલ-2018 થી ઓગષ્ટ-2018) દરમિયાન DLL ના કર્મચારીગણે ઓડિટની હાજરીમાં પાણીના 188 નમૂનાઓ[41] એકઠા કર્યા હતાં. આ નમૂનાઓનાં સંબંધિત DLL દ્વારા રાસાયણિક માપદંડો માટેના પરીક્ષણો કરવામાં આવ્યા હતાં. પરીક્ષણોના પરિણામોમાં એવું ઉજાગર થયું હતું કે મહત્તમ સ્વીકાર્ય મર્યાદા કરતાં વધારે રાસાયણિક દુષણ હોવાના કારણે આ 188 નમૂનાઓમાં 54 નમૂનાઓ[42] (29 ટકા) અયોગ્ય કર્યા હતાં (**પરિશિષ્ટ-VIII**) વધુમાં, એકઠાં કરાયેલ આ નમૂનાઓમાં 40 નમૂનાઓ RWSSs માંથી લેવામાં આવ્યા હતાં, કે જેમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) માં પ્રક્રિયા કર્યા બાદ પાણી પુરૂં પાડવામાં આવતું હતું. આ 40 નમૂનાઓમાંથી આઠ[43] (20 ટકા) નમૂનાઓ અયોગ્ય ઠર્યા હતાં.

આમ, ઉપરોકત હકીકતો એવું પ્રતિપાદિત કરે છે કે ભારત સરકારને IMIS માં માહિતી પુરી પાડતી વખતે ગુજરાત સરકારે કરેલ એક પણ વસવાટ ગુણવત્તા અંગે પ્રભાવિત ન હોવાનો દાવો સાચો ન હતો.

- ***પીવાના પાણીમાં નાઈટ્રેટ તથા ફ્લોરાઈડનું દુષણ***

પીવાના પાણીમાં નાઈટ્રેટની અધિક માત્રાના કારણે મિથેમોગ્લોબીનેમી નામનો રોગ કે જે શરીરમાં શુદ્ધ ઓકિસજનના આવાગમન કરવાની લોહીની ક્ષમતા ઘટાડે છે; શીશુઓ તથા બાળકોમાં થતો ''બ્લુ બેબી સિન્ડ્રોમ''[44] નો રોગ કે જેમાં શ્વાસ લેવામાં તકલીફ ઊલ્ટી, તથા ઝાડા ની તકલીફો થાય છે. કેટલાંક કિસ્સાઓમાં મૃત્યુ પણ થઈ શકે છે. લાંબાગાળા માટે ફલોરાઈડનો અધિક વપરાશના પરિણામે શરીરના વિવિધ કોષો ઉપર ક્ષતિકારક અસર થાય છે. જેમ કે દાંત (ડેન્ટલ ફ્લોરોસિસ), હાડકાં (સ્કેલટલ ફ્લોરોસિસ) તથા મૃદુ કોષો (નોન-સ્કેલટલ ફ્લોરોસિસ). ડેન્ટલ ફ્લોરોસિસ એ એક ઉલટાવી ન શકાય તેવો અફર રોગ છે, જનો ઈલાજમાં જટિલ તેમજ ખર્ચાળ પ્રક્રિયાઓ સામેલ હોય છે. જે ઘણોજ સમય લે છે, તથા તે ગ્રામ્ય વસ્તીને સહેલાઈથી ઉપલબ્ધ પણ નથી હોતો. સ્કેલટલ ફ્લોરોસિસ ના કિસ્સામાં કોઈ જ ચોકકસ ઈલાજ હોતો નથી.

આગળના ફકરામાં દર્શાવ્યા મુજબ, રાજ્યમાં વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન પરીક્ષણ કરાયેલ નમૂનાઓમાં નાઈટ્રેટ તથા ફલોરાઈડનું એકંદર દુષણ અનુક્રમે 11.89 ટકા તથા 4.33 ટકા રહ્યું હતું.રાજ્યમાં નાઈટ્રેટના ઊંચા દુષણવાળા જિલ્લાઓમાં છોટાઉદેપુર, દાહોદ, બનાસકાંઠા, પંચમહાલ તથા વડોદરાનો સમાવેશ થતો હતો. આવી જ રીતે, ફ્લોરાઈડના દુષણથી સૌથી ખરાબ રીતે પ્રભાવિત જિલ્લાઓમાં દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ, બનાસકાંઠા તથા ખેડા જિલ્લાનો સમાવેશ થતો હતો. વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન પરીક્ષણ કરાયેલ નમૂનાઓ આધારિત નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં નાઈટ્રેટ તથા ફ્લોરાઈડના દુષણની સ્થિતિ **પરિશિષ્ટ-IX** માં દર્શાવવામાં આવી છે.

41 (i) ભરૂચ-21, (ii) દાહોદ-36, (iii) ડાંગ-37, (iv) જામનગર-18, (v) પાટણ-11, (vi) પોરબંદર-14, (vii) સાબરકાંઠા-22, તથા (viii) વલસાડ-29

42 ભરૂચ-5, દાહોદ-17, ડાંગ-2, જામનગર-7, પાટણ-3, પોરબંદર-3, સાબરકાંઠા-16, તથા વલસાડ-1

43 (i) સણોસર-સાબરકાંઠા, (ii) સોનગઢ ફળિયા-સાબરકાંઠા, (iii) પ્રાથમિક શાળા નજીક સોનગઢ-સાબરકાંઠા, (iv) ઉમરા હેડવર્કસ-ભરૂચ, (v) ઠાકોર તલાવડી સબ હેડવર્કસ-ભરૂચ, (vi) દેવળા ફળિયા-ભરૂચ, (vii) દેવળા નવી નાગરી ભરૂચ તથા (viii) પાટી-પાટણ

44 શિશુ તંદુરસ્ત દેખાતું હોય, પરંતુ મોઢા, હાથ તથા પગ આસપાસ બ્લુ થઈ ગયેલ જણાય.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે સંયુક્ત ભૌતિક ચકાસણી દરમિયાન એકઠાં કરાયેલ 188 નમૂનાઓમાંથી પાણીના 54 નમૂનાઓ અયોગ્ય ઠર્યા હતાં, જેમાંથી 41 નમૂનાઓ નાઈટ્રેટ/ફ્લોરાઈડ ની મહત્તમ સ્વીકાર્ય મર્યાદા કરતાં અધિક માત્રાને કારણે અયોગ્ય ઠર્યા હતાં. આમ છતાં, આ સ્ત્રોતોમાંથી પાણીનો ઉપયોગ પીવાના હેતુ તથા રસોઈના હેતુ માટે થઈ રહ્યો હતો, કેમકે આ વસવાટો પાસે અન્ય કોઈ વૈકલ્પિક સ્ત્રોત ઉપલબ્ધ ન હતો.

- ***સામૂહિક પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ (CWPP)***

માર્ચ-2017 સુધીમાં આર્સેનિક તથા ફ્લોરાઈડ થી પ્રભાવિત નોંધાયેલ હોય તેવા વસવાટોમાં CWPPs ની સ્થાપના કરવા અંગે તમામ રાજ્યોને MoDWS એ સલાહ આપી હતી (ઓકટોબર-2016) આમ છતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે વર્ષ-2013-18 ના સમયગાળામાં ઉપર ચર્ચા કર્યા મુજબ રાજ્યમાં ફ્લોરાઈડની અધિક માત્રા ને કારણે 27,269 નમૂનાઓ અયોગ્ય ઠર્યા હોવા છતાં પણ ગુજરાત સરકારે વર્ષ-2013-18 ના સમયગાળા દરમિયાન કોઈ જ CWPPs ની ખરીદ કરી ન હતી. આ એવું દર્શાવે છે કે ભારત સરકાર તરફથી સૂચનાઓ મળી હોવા છતાંય ગુજરાત સરકારે તમામ ફ્લોરાઈડ થી પ્રભાવિત સ્ત્રોત/ડેલિવરી પોઈન્ટ ઉપર CWPPs ની સ્થાપના કરી ન હતી.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે CWPP સ્થાપિત કરવામાં આવેલ ન હોય તેવા ફ્લોરાઈડ થી પ્રભાવિત વિસ્તારોમાં વૈકલ્પિક જળસ્ત્રોત ની ઉપલબ્ધતા શોધ-ખોળ કરવામાં આવશે.

2.1.9.2 પીવાલાયક પાણીમાં બેકટેરીયોલોજીકલ જીવાણુલક્ષી દુષણ

પીવાના પાણીમાં રહેલ બેકટેરિયોલોજીકલ જીવાણુલક્ષી દુષણ (E-Coli, ટોટલ કોલીફોર્મ) ને કારણે પાણીજન્ય રોગો જેવા કે ઝાડા, ઠંડી ચડી જવી, ચક્કર આવવાં, માથું દુઃખવું, ઉલ્ટી, પેટમાં બળતરાં, ટાઈફોઈડ, કોલેરા, વિગેરે થાય છે. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે UDWQMP અનુસાર તમામ જળસ્ત્રોતોનું તમામ માપદંડો માટે દર વર્ષે ઓછામાં ઓછું બે વાર પરીક્ષણ કરવું જરૂરી હતું. આમ છતાં નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં બેકટેરિયોલોજીકલ જીવાણુલક્ષી તપાસણી માટે પાણીના નમૂનાઓ માત્ર એવી RWSSs માંથી જ લેવામાં આવતાં હતાં કે જે GWSSB દ્વારા સંચાલિત તથા તેમની માલિકીની હોય. આંતરિક ગામ યોજનાઓ, મીની યોજનાઓ, સ્થાનિક સંસ્થાઓની યોજનાઓ, વિગેરે જેવા સ્ત્રોતોમાંથી પાણીના નમૂનાઓ લેવામાં આવતાં ન હતાં.

વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલ ચોમાસા-પૂર્વેના તેમજ ચોમાસા-બાદના બેકટેરિયોલોજીકલ-જીવાણુલક્ષી પરીક્ષણોમાં એવું ઉજાગર થયેલ હતું કે આ સમયગાળામાં ચકાસણી કરાયેલ 5,58,156 નમૂનાઓમાંથી પાણીના 31,322 નમૂનાઓ (5.61 ટકા) બેકટેરિયોલોજીકલ-જીવાણુલક્ષી માપદંડો માટે અયોગ્ય ઠર્યા હતાં. વર્ષ 2017-18 દરમિયાન રાજયમાં બેકટેરિયોલોજીકલ-જીવાણુલક્ષી ચકાસણી માટે પરીક્ષણ કરાયેલ પાણીના 1,23,771 નમૂનાઓમાંથી 3,494 નમૂનાઓ (ત્રણ ટકા) અયોગ્ય ઠર્યા હતાં.

2.1.9.3 અયોગ્ય ઠરેલ સ્ત્રોતો/ડેલિવરી પોઈન્ટ્સની નોંધણી ન કરાવાઈ તેમજ તેમની ઓળખ માટે યોગ્ય માર્કીંગ ન કરાવાયું

NRDWP ની માર્ગદર્શિકાઓમાં એવી જોગવાઈ છે કે લેબોરેટરીઓએ પોતાના દ્વારા પરીક્ષણ કરાયેલ પાણીના નમૂનાઓના પરિણામો વિષે સંબંધિત સત્તાધિશો (GWSSB, WASMO તથા GP) ને જાણ કરવાની રહેશે. GWSSB તથા WASMO એ પણ પરીક્ષણના પરિણામો વિષે સંબંધિત GP ને જાણ કરવી જરૂરી હતી. જેથી તેઓ અયોગ્ય પાણીના વપરાશમાં રહેલા આરોગ્યલક્ષી જોખમોથી વાકેફ

રહે. વળી, તેઓ સ્ત્રોત/ડેલિવરી પોઈન્ટને તે અસલામત હોવા અંગે જરૂરી માર્કિંગ કરવા માટે પણ જવાબદાર હતા. તદ્ઉપરાંત, RWSS મારફત પુરાં પાડવામાં આવતાં પાણી બાબતે WTPs માં પ્રક્રિયા કર્યા બાદ ગુણવત્તાસભર પાણી પુરૂં પાડવાની જવાબદારી GWSSB ની હતી.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્ક્યામતોનાં સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018) દરમિયાન ઓડિટને એવું જાણવા મળ્યું હતું કે વર્ષ 2013-18 દરમિયાન આ વસવાટોમાંથી લેવામાં આવેલ 1400 નમૂનાઓમાંથી 81 નમૂનાઓ[45] લેબોરેટરીઓ દ્વારા અયોગ્ય ઠેરવવામાં આવ્યા હોવા છતાં પણ આ સ્ત્રોતોમાંથી પાણીનો ઉપયોગ ન કરાય તે માટે આ સ્ત્રોતોનું માર્કિંગ કરવામાં આવ્યું ન હતું. તેથી ત્યાંના રહીશો ત્યાંના દુષિત પાણીનો ઉપયોગ કરતાં હતાં અને તેઓ આ બાબતથી વાકેફ પણ ન હતાં. વળી, પરીક્ષણ-પરિણામોની સંબંધિત GPs ને જાણ પણ કરવામાં આવી ન હતી. સંયુક્ત સર્વેક્ષણ દરમિયાન સર્વેક્ષણ કરાયેલ 1920 ઘર-રહીશોમાંથી 308 ઘર-રહીશો (16 ટકા) એ એવું નોંધાવ્યું હતું કે પુરા પડાઈ રહેલ પાણીની ગુણવત્તા[46]થી તેઓ સંતુષ્ટ ન હતાં.

ઉપરોક્ત હકીકતો એવું દર્શાવે છે કે પાણીના નમૂનાઓના પરીક્ષણનો મૂળભૂત ઉદ્દેશ ફળીભૂત થયો ન હતો, કેમકે સંબંધિત GPs/વસવાટો પાણીના દૂષણથી વાકેફ થતાં ન હતાં અને તેઓએ દુષિત પાણીનો વપરાશ ચાલુ રાખ્યો હતો, જે ફકરા નં. **2.1.9.1** તથા **2.1.9.2** માં ચર્ચા કરાયેલ આરોગ્યલક્ષી જોખમો તરફ દોરી જતો હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે પાણીના અસલામત સ્ત્રોતોના માર્કીંગ કરવા સામૂહિક પગલાં લેવામાં આવશે.

2.1.10 નાણાકીય વ્યવસ્થાપન

વર્ષ 2013-14 થી 2017-18 ના સમયગાળા દરમિયાન WSD એ વિવિધ RWSSs ના અમલીકરણમાં ₹ 13,037.63 કરોડનો ખર્ચ કર્યો હતો, જેમાં NRDWP અંતર્ગત ભારત સરકારના ₹ 2,379.48 કરોડના અનુદાનો સામેલ છે. વિવિધ યોજનાઓ હેઠળ વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન મળેલ ભંડોળો તથા કરાયેલ ખર્ચની વિગતો **કોષ્ટક-3** માં દર્શાવવામાં આવેલ છે.

કોષ્ટક-3 : વર્ષ 2013-18 દરમિયાન વિવિધ યોજનાઓ હેઠળ મળેલ ભંડોળો તથા ખર્ચની વિગતો

(₹ કરોડમાં)

યોજનાનું નામ	રકમ	
	પ્રાપ્તિ	ખર્ચ
સંશોધન અને વિકાસ (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ)	18.00	17.35
NRDWP (ભારત સરકારનો હિસ્સો)	1663.55	2379.48
NRDWP ગુજરાત સરકારના હિસ્સા સહિત RWSSs	5935.64	6612.79
સરદાર સરોવર કેનાલ આધારિત RWSS	3310.80	3982.46
ડ્રીંકીંગ વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન ટાસ્ક ફોર્સ	23.75	15.19
વોટર કંઝરવેશન એન્ડ પ્રિવેન્શન ઓફ વેસ્ટેજ ઓફ વોટર	8.00	2.65
મુખ્યમંત્રી મહીલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના	6.00	4.28
ટ્રાઈબલ એરિયા સબ-પ્લાન અંતર્ગત 10 ટકાનો સ્થાનિક ફાળો	30.00	23.43
કુલ	**10,995.74**	**13,037.63**

(સ્ત્રોત : WSD ના એન્યુઅલ એડમીનીસ્ટ્રેટેવી રિપોર્ટ)

45 ભરૂચ-11, દાહોદ-9, ડાંગ-9, જામનગર-22, પાટણ-1, સાબરકાંઠા-26 તથા વલસાડ-3

46 રંગ, સ્વાદ, ગંધ, વિગેરેથી તેમના દ્વારા અનુભૂત

પ્રાપ્ત અનુદાન કરતાં વધારે ખર્ચના કિસ્સામાં વધારાનો ખર્ચ WSSs માટે GWSSB ના ભંડોળોમાંથી કરવામાં આવ્યો હતો. વિવિધ યોજનાઓ અંતર્ગત વર્ષ-વાર ખર્ચની વિગતો **પરિશિષ્ટ-X** માં આપવામાં આવી છે.

2.1.10.1 અમલકર્તા એજન્સીઓએ પુર રાહત-ભંડોળ પોતાની પાસે રાખી મૂક્યું

રાજયના વિવિધ ભાગોમાં જુલાઈ 2017 માં આવેલ પુર દરમિયાન નુકશાન પામેલ WSSs ના ત્વરીત પુનઃસ્થાપન માટે ગુજરાત સરકારના નાણાં વિભાગે WSD ને રાજય આફત-રાહત ભંડોળ (SDRF) માંથી ₹ 164.05 કરોડનું ભંડોળ છુટું કર્યુ હતું. આ અનુદાન તારીખ 10 માર્ચ 2018 સુધીમાં વાપરવાનું હતું અને વણવપરાયેલ રકમ સરકારી ખાતામાં પરત-જમા કરવી જરૂરી હતી. WSD એ GWSSB ને ભંડોળો છુટાં કર્યા હતાં (નવેમ્બર 2017), જેમાંથી ₹ 77.20 કરોડ[47] GWSSB એ તેમની માંગના આધારે ત્રણ અમલકર્તા એજન્સીઓને છુટાં કર્યા હતાં અને બાકીની ₹ 86.76 કરોડની રકમ પોતાની પાસે રાખી હતી. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે આ અમલકર્તા એજન્સીઓ માત્ર ₹ 6.96 કરોડ[48] જ વાપરી શકી હતી તથા તેમણે ₹ 60.19 કરોડ[49] GWSSB ને પરત કર્યા હતાં. બાકીના ₹ 4.77 કરોડ, ₹ 4.90 કરોડ તથા ₹ 0.47 કરોડની રકમો અનુક્રમે WASMO તથા GWIL એ પોતાની પાસે રાખી મુકી હતી (એપ્રિલ-2018). GJTI એ SLL માટે ઉપકરણોની ખરીદી માટે ભંડોળ રાખી મૂકયું હતું, જયારે GWILએ નદીમાં 1650 mm ડાયામીટરની બલ્ક પાઈપલાઈન SPP-3A ને મજબૂત કરવા માટે ભંડોળ રાખી મૂક્યું હતું. આ બાબત સ્વીકાર્ય ન હતી કેમકે અનુદાન માત્ર ક્ષતિગ્રસ્ત પાણી પૂરવઠા યોજનાઓના પુનઃસ્થાપન માટે જ વાપરવાનું હતું, નહીં કે નિયમિત કામો માટે. GWSSB દ્વારા કરાયેલ ખર્ચ તથા વણવપરાયેલ રકમની વિગતો ઓડિટને ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી.

ઓડિટને વધુ એવું પણ જોવા મળ્યું હતું કે અનુદાન આદેશમાં નિર્ધારિત શરતો અનુસાર GWSSB એ કરાયેલ ખર્ચ માટે ન તો વપરાશ-પ્રમાણપત્ર (UC) રજુ કર્યુ હતું કે ન તો વણવપરાયેલ રકમ (અમલકર્તા ત્રણ એજન્સીઓ દ્વારા પરત કરાયેલ ભંડોળો સહિત) નાણાં-વિભાગને પરત-જમા કરી હતી (મે-2019).

2.1.10.2 સંશોધન અને વિકાસ ભંડોળ

સંશોધન અને વિકાસ (R&D) ની પ્રવૃતિઓ જેવી કે (i) બલ્ક ટ્રાન્સમિશન/ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમમાં શ્રેષ્ઠ ટેકનોલોજીનું આકલન, (ii) પમ્પીંગ સિસ્ટમો તથા એનર્જી એફીસીયન્સી પરફોર્મન્સની પ્રવૃતિઓનું ઓડિટ, (iii) પાણીનો કાર્યદક્ષ ઉપયોગ-નોન રેવેન્યુ વોટર, (iv) જળ સંરક્ષણ તથા જળ-પ્રભરણ વિગેરે પ્રવૃતિઓ હાથ ધરવા માટે GWIL, GWSSB તથા WASMO ને WSD ભંડોળો પુરાં પાડે છે.

- ***GWSSB દ્વારા ₹ 4.57 કરોડનો અનિયમિત ખર્ચ***

વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન GWSSB ને R&D ની પ્રવૃતિઓ માટે WSD પાસેથી ₹ 18.00 કરોડ પ્રાપ્ત થયા હતાં. GWSSB દ્વારા એવું નોંધાવવામાં આવ્યું હતું કે આ ₹ 18.00 કરોડમાંથી વર્ષ 2013-18 ના સમયગાળામાં ₹ 15.98 કરોડ નો ખર્ચ કરવામાં આવ્યો હતો. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ પાંચ જિલ્લાઓમાં વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન R&D ભંડોળોમાંથી ₹ 4.57 કરોડની રકમ R&D ને બદલે અનિયમિત રીતે અન્ય કામો માટે વાપરવામાં આવી હતી, જેની વિગતો **કોષ્ટક-4** માં દર્શાવવામાં આવી છે.

---

47 GWIL ને ₹ 15.38 કરોડ, GJTI ને ₹ 15.45 કરોડ તથા WASMO ને ₹ 46.46 કરોડ

48 GWIL દ્વારા ₹ 0.71 કરોડ, GJTI દ્વારા ₹ 0.55 કરોડ તથા WASMO દ્વારા ₹ 5.70 કરોડ

49 GWIL દ્વારા ₹ 14.20 કરોડ, GJTI દ્વારા ₹ 10.00 કરોડ તથા WASMO દ્વારા ₹ 35.99 કરોડ

કોષ્ટક-4 : નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ દ્વારા અન્ય કામો માટે વપરાયેલ R&D ભંડોળોની વિગતો

(₹ કરોડમાં)

નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાનું નામ	વર્ષ	અન્ય કામો માટે વપરાયેલ રકમ	હાથ ધરાયેલ કામની વિગત
સાબરકાંઠા	2016-17	0.37	ઓફિસના મકાનની લીફ્ટ, મકાનને રંગરોગાન, કોન્ફરન્સ હોલનું ફર્નીશીંગ, વિગેરે
ભરૂચ	2016-18	0.22	GWSSB ની ડીવીઝન ઓફીસ તેમજ DLL ની ઓફીસનાં રીનોવેશનનું કામ
વલસાડ	2013-18	1.53	સર્વેક્ષણની કામગીરી, પાણી પૂરવઠા યોજનાઓ માટે ડ્રાફ્ટ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તથા ડ્રાફ્ટ ટેન્ડર પેપર (DTP) તૈયાર કરવાં, મીટીંગ માટેના એજન્ડા તૈયાર કરવાં, વિગેરે.
પાટણ	2013-18	2.40	ઓફિસ-મકાનનું બાંધકામ
કુલ		**4.57**	

(સ્ત્રોત : નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓની GWSSB ની ઓફિસો પાસેથી મેળવેલી માહિતી)

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે R & D કે જેના માટે ભંડોળ આપવામાં આવ્યું હતું તેના બદલે અન્ય કામો માટે અનિયમિત રીતે ₹ 4.57 કરોડ વાપરવામાં આવ્યા હતાં.

ઉપરોક્ત ઓડિટ અવલોકન એવા પ્રકારનું છે કે ઓડિટની નમૂનારૂપ ચકાસણી કરાયેલ ન હોય તેવા અન્ય જિલ્લાઓમાં પણ જોવા મળી શકે છે. R & D ના હેતુ માટેના ભંડોળમાંથી કરવામાં આવતો અનિયમિત ખર્ચ નિવારી શકાય તે માટે વિભાગે/સરકાર આવા તમામ કિસ્સાઓની આંતરિક રીતે તપાસ કરવી જોઈએ.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે R & D પ્રવૃતિઓ અંતર્ગત આવરી લેવાના કામો/આઈટમો ને વિભાગે નિયત કરેલ છે. GWSSB એ એવો જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2019) કે સક્ષમ સત્તાધિશો દ્વારા સંબંધિત ઓફિસોને ખર્ચ કરતી વખતે R & D પ્રવૃતિઓ ના ધોરણોનું અનુપાલન કરવા માટે મૌખિક સૂચનાઓ આપેલ હતી.

2.1.10.3 વણવપરાયેલ અનુદાન ભારત સરકારને પરત ન કરાયું.

MoDWS એ જે-તે સમયે સ્વજલધારા યોજના અંતર્ગત સ્ટાર્ટ-અપ, સંચારક્ષમતા વિકાસ, ગુણવત્તા-નિયંત્રણ, દેખરેખ તથા વહીવટી ખર્ચ વિગેરે માટે ₹ 14.04 કરોડની રકમ WASMO ને છુટી કરી હતી (2009-10). વધુમાં, WSD એ પણ આ હેતુ માટે ₹ 4.52 કરોડ આપ્યા હતાં (2010-15). ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે વર્ષ 2013-14 સુધીમાં WASMO માત્ર ₹ 10.23 કરોડ જ વાપરી શક્યું હતું અને બાકીની ₹ 17.14 કરોડની વણવપરાયેલી રકમ (₹ 8.81 કરોડના વ્યાજ સહિતની) ઓગષ્ટ 2018 ની સ્થિતિએ વણવપરાયેલી પડી રહી હતી. ભારત સરકારે અનુદાન છુટા કર્યાના આદેશમાં વણવપરાયેલ અનુદાન પરત કરવાની શરત નિર્ધારિત કરેલ હોવા છતાં WASMO એ વણવપરાયેલ અનુદાનની ₹ 17.14 કરોડની રકમ ભારત સરકારને પરત કરેલ ન હતી.

આવી જ રીતે ભારત સરકારની રિવર્સ ઓસ્મોસિસ (RO) પ્લાન્ટ યોજના તથા અર્થક્વેક રિહેબીલીટેશન રિકન્સ્ટ્રક્શન (ERR) યોજના અંતર્ગત અનુક્રમે વર્ષ 2013-14 થી ₹ 0.79 કરોડની રકમનું વણવપરાયેલ રહેલ અનુદાન તથા વર્ષ 2014-15 થી ₹ 1.21 કરોડની રકમનું વણવપરાયેલ રહેલ અનુદાન પણ ભારત સરકારને પરત કરવામાં આવ્યા ન હતાં. (એપ્રિલ 2018)

WASMO એ જરૂરી ફેરચકાસણી તેમજ આંકડાઓનું મેળવણું કર્યા બાદ સ્વજલધારા યોજના અંતર્ગત વણવપરાયેલ રહેલ રકમ પરત કરવા અંગે ખાતરી આપી હતી (ઓગષ્ટ 2018). જોકે જવાબમાં નાણાંનો ઉપયોગ ન થવા અંગેના કે વણવપરાયેલ રકમો સમયસર પરત-જમા ન કરવા અંગેના કોઈ જ કારણ આપવામાં આવ્યા ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે વણવપરાયેલ અનુદાન ભારત સરકારને પરત કરવામાં આવશે.

2.1.10.4 ગ્રામ પંચાયતો દ્વારા વોટર-ચાર્જિસની ચુકવણી ન થઈ

GWSSB સિંચાઈ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ (SSNNL) તથા GWIL પાસેથી કુદરતી પાણીની ખરીદી કરે છે અને તેના પર પ્રક્રિયા કરીને પીવાલાયક પાણી ઉદ્યોગો, શૈક્ષણિક તથા અન્ય સંસ્થાઓ, GPs, નગરપાલિકાઓ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન્સને ગુજરાત સરકાર દ્વારા નિર્ધારિત (ફેબ્રુઆરી 2007) વોટર-ચાર્જના દરો[50] મુજબ પુરૂં પાડે છે.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GWSSB દ્વારા તેમને પુરાં પડાયેલ પીવાલાયક પાણી માટે GPs વોટર ચાર્જિસની ચુકવતી ન હતી. 31 માર્ચ 2018 ની સ્થિતિએ વોટર ચાર્જિસની બાકી વસૂલાતની વિગતો **કોષ્ટક-5** માં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક-5 : વોટર ચાર્જિસની GPs પાસેથી બાકી-વસૂલાતની વિગતો

(₹ કરોડમાં)

નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ તથા સમગ્ર રાજય	01 એપ્રિલ 2013 ના રોજ ખુલતી સિલક	2013-18 દરમિયાન GPs પાસેથી માંગ કરાયેલ વોટર ચાર્જિસ	વસુલ કરવાની કુલ રકમ	2013-18 દરમિયાન વસૂલ કરાયેલ રકમ	વસૂલાતની ટકાવારી	31 માર્ચ 2018 ના રોજ બાકી વસૂલાત
ભરૂચ	7.20	4.33	11.53	0.11	0.95	11.42
દાહોદ	1.89	0.93	2.82	0.00	0.00	2.82
ડાંગ	3.11	2.08	5.19	0.10	1.93	5.09
જામનગર	1.25	48.77	50.02	4.62	9.24	45.40
પાટણ	14.01	6.65	20.66	0.70	3.39	19.96
પોરબંદર	2.26	2.75	5.01	0.51	10.18	4.50
સાબરકાંઠા	6.58	7.75	14.33	0.05	0.35	14.28
વલસાડ	2.41	3.36	5.77	0.15	2.60	5.62
રાજય	**279.17**	**363.91**	**643.08**	**48.92**	**7.61**	**594.16**

(સ્ત્રોત : GWSSB ની ડીવીઝન/સર્કલ તથા મુખ્યાલય ઓફિસ દ્વારા પુરી પડાયેલ માહિતી)

50 ઉદ્યોગો માટે : દર 1000 લીટરે ₹ 15.00, GPs માટે : દર 1000 લીટરે ₹ 2.00, નગરપાલિકાઓ માટે : દર 1000 લીટરે ₹ 4.00 તથા મ્યુનિસિપલ કોર્પોરેશન્સ માટે : દર 1000 લીટરે ₹ 6.00

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GWSSB માંગના બિલો ત્રિમાસિક ધોરણે જારી કરતું હતું, પરંતુ ત્યારબાદ તે અંગે અનુવર્તી 'પગલાં' લેતું ન હતું. આમ, અપુરતાં અનુવર્તી 'પગલાં'ને લીધે રાજયમાં વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન વોટર ચાર્જિસની વસૂલાતની ટકાવારી માત્ર 7.61 ટકા જેટલી જ રહી હતી. ઉપરોક્ત કોષ્ટક પરથી એવું જોઈ શકાય છે કે તારીખ 31 માર્ચ 2018 ની સ્થિતિએ રાજયમાં આવેલી GPs પાસેથી ₹ 594.16 કરોડની વસૂલાત બાકી હતી. ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન વસૂલાતની ટકાવારી શૂન્ય ટકા (દાહોદ) અને 10.18 ટકા (પોરબંદર) વચ્ચે રહી હતી. વધુમાં એવું પણ જોવા મળ્યું હતું કે વર્ષના અંતે બાકી વસૂલાતની બંધ-સિલકના આંકડા પછીના વર્ષની ખુલતી સિલકના આંકડા સાથે મેળ ધરાવતા ન હતાં અને આવા તફાવતના મેળવણાં કરવા માટે GWSSB એ કોઈ જ કાર્યવાહી કરેલ ન હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે સંચાલકીય ખર્ચ કરતાં વોટર ચાર્જિસ ઓછા હોવાને કારણે GWSSB એ વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન ₹ 2,505.74 કરોડ[51]ની સંચાલકીય નુકશાન વેઠયું હતું.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે વોટર ચાર્જિસની ચૂકવણી માટે ઉપયોગકર્તાઓ/GPs ને સબસીડી આપવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

2.1.10.5 વોટર મીટરના અભાવે અયોગ્ય બિલીંગ

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે GWSSB દ્વારા GPs ને પુરાં પાડવામાં આવતાં પાણીનો જથ્થો માપવા માટે કોઈ જ મીટર-સીસ્ટમ અસ્તિત્વમાં ન હતી. GWSSB સંબંધિત GP ની અંદાજિત વસ્તીના આધારે તથા દરેક વસવાટ માટેની યોજનાની સ્થાપિત ક્ષમતાના પ્રમાણસર પાણી પૂરવઠાના આધારે જ બીલો બનાવતું હતું. ઓડિટમાં એવું પણ જોવા મળ્યું હતું કે ફકરા નં. **2.1.7.1** માં દર્શાવ્યા મુજબ કોઈક ચોકકસ યોજનાના મોટા ભાગના છેવાડા ના ગામો મેળવતાં જ ન હતાં અથવા તો એકદમ ઓછું પાણી મેળવતાં હતાં. વધુમાં, નમૂનારૂપ ચકાસણી કરાયેલ 32 GPs માંથી બે GPs RWSS ના પાણીનો ઉપયોગ કરતી ન હોવા છતાં GWSSB દ્વારા તેમના નામે બીલ બનાવવામાં આવતાં હતાં. ફકરા નં. **2.1.10.4** માં દર્શાવ્યા મુજબ તારીખ 31 માર્ચ 2018 ની સ્થિતિએ GWSSB એ બનાવેલા બીલોની સામે GPs પાસેથી ₹ 594.16 કરોડની વસૂલાત કરવાની બાકી હતી. ઓડિટનો એવો અભિપ્રાય છે કે અંદાજિત વસ્તી તથા પ્રમાણસરના પાણી પૂરવઠાના આધારે માંગ કરવાને બદલે GWSSB એ ખરેખર વપરાશ નોંધવા માટે વોટર-મીટરો સ્થાપિત કરવા જોઈએ, જેથી વસૂલાતનું અનુસરણ કરવું સરળ રહે.

GWSSB ના ચીફ એન્જિનીયર (પ્લાનીંગ સેલ) એ જણાવ્યું હતું (માર્ચ-2018) કે મીટર સ્થાપિત કરવાની બાબત ખૂબ જ ખર્ચાળ છે. વળી, એવી પણ ખાતરી આપવામાં આવી હતી કે WSD તબક્કાવાર વોટર મીટરોની સ્થાપન કરશે. જવાબ સ્વીકાર્ય ન હતો, કેમકે WSD એ પંચ-વર્ષીય યોજના (2012-17) માં મીટરીંગ ડીવાઈસ સાથે 50 ગામોને આવરી લેવાનું આયોજન કર્યુ હતું, અને તેના પરિણામો તથા જન-સમૂહના પ્રતિભાવના આધારે આખા રાજ્યમાં આ વ્યૂહ અપનાવવાનો હતો. આમ છતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે માર્ચ-2018 સુધી આ બાબતે WSD એ કોઈજ કાર્યવાહી કરેલ ન હતી.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે એ બાબત પર ભાર મૂકયો હતો કે તબક્કાવાર વોટર-મીટરોની સ્થાપના કરવામાં આવશે. વધુમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે બલ્ક પાઈપ થકી વિતરીત થતાં પાણી માટે વોટર-મીટરની સ્થાપના કરવાનું પ્રગતિમાં હતું.

51 (A) ખર્ચા-કુદરતી પાણીનો ખર્ચ ₹ 788.77 કરોડ + O & M ખર્ચા – ₹ 2316.85 કરોડ = ₹ 3,105.62 કરોડ = 3,105.62 કરોડ માંથી (B) O & M અનુદાન ₹ 292.50 કરોડ + વોટર ચાર્જિસ વસૂલાત ₹ 307.38 કરોડ = ₹ 599.88 કરોડ બાદ કરતાં (A)–(B)=₹ 2505.74 કરોડ.

2.1.11 જન-સમૂહની ભાગીદારી

પાણી સમિતિઓ એટલે કે વિલેજ વોટર એન્ડ સેનીટેશન કમિટિ (VWSC) એ ગ્રામસભા દ્વારા બહુમતીથી રચાયેલ એક ચાવી રૂપ સંસ્થા છે. એ ગ્રામસભાની 10-20 ચૂંટાયેલ સભ્યોની બનેલી એક પેટા-સમિતિ છે, જે ગામની વિવિધ જ્ઞાતિઓ તેમજ હાંસિયામાં રહેલ સમાજ-સમૂહનું પ્રતિનિધિત્વ કરે છે. પાણી સમિતિઓ ગામની પાણી-પૂરવઠા સિસ્ટમના આયોજન, ડીઝાઈન, અમલીકરણ, વ્યવસ્થાપન, માલિકી અને સંચાલન તથા જાળવણી માટે જવાબદાર છે. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે ગામોમાં આવેલી તમામ WSSs ના અમલીકરણ તથા વ્યવસ્થાપન માટે જરૂરી જનસમૂહની ભાગીદારી ને રાજ્યમાં VWSCs ને રોકી ને સુનિશ્ચિત કરવામાં આવી હતી. વર્ષ 2017-18 દરમિયાન રાજ્યમાં 17,452 પાણી સમિતિઓ હતી. ઓડિટમાં વધુ એવું પણ જોવા મળ્યું હતું કે VWSCs માં મહીલાઓની ભાગીદારીને પણ 50 ટકા કે તેથી વધુ મહીલા સભ્યો ધરાવતી VWSCs ને મુખ્યમંત્રી મહીલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના હેઠળ રૂ. 25000 ના વધારાના અનુદાન આપીને સુનિશ્ચિત કરવામાં આવી હતી. મહીલા પાણી સમિતિઓ[52]ની સંખ્યા વર્ષ 2016-17 માં 276 હતી તે વર્ષ 2017-18 માં વધીને 495 (79 ટકા) થઈ હતી.

2.1.12 માહિતી, શિક્ષણ અને સંચારની પ્રવૃતિઓ

ઈન્ફોર્મેશન, એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન (IEC) એટલે કે માહિતી, શિક્ષણ અને સંચારની પ્રવૃતિઓ એ કોઈ કાર્યક્રમ/યોજના ખાસ કરીને એવાં કે જેમાં લોકો સીધેસીધા સંકળાયેલ હોય છે, તેમને સફળ બનાવવાનું એક અગત્યનું સાધન છે.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓમાં ઓડિટને એવું જોવા મળ્યુ હતું કે 507 ગામો RWSSs માંથી પાણી લેતાં ન હતા. આ એવું દર્શાવે છે કે RWSS ના લાભો વિષે તેમજ પરીક્ષણ કરીને ગુણવતાની ખાતરી ન કરાયેલ પાણીનો ઉપયોગ કરવામાં રહેલા આરોગ્ય લક્ષી જોખમો વિષે વિભાગે GPs તથા ગામવાસીઓને માહિતી પુરી પાડી ન હતી. ઓડિટને વધુ એવું પણ જોવા મળ્યું હતું લેબોરેટરીઓમાં પરીક્ષણ કરાયેલ પાણીના નમૂનાઓના પરીક્ષણ-પરિણામોથી સંબંધિત GPs તેમજ ગામવાસીઓને વાકેફ કરવામાં આવતા ન હતાં, વળી અયોગ્ય જોવા મળેલાં જળસ્ત્રોતોને વસવાટો દ્વારા તેના પાણીનો ઉપયોગ કરતાં અટકાવવા માટે અયોગ્ય જળસ્ત્રોત તરીકે ઓળખાવવા માટે કોઈ જ પ્રકારનું માર્કીંગ કરવામાં આવતું ન હતું. પરિણામે અયોગ્ય જળસ્ત્રોત વાળા રહેવાસીઓ એનાથી વાકેફ ન હતાં અને દુષિત પાણીનો ઉપયોગ કરતા હતાં. 1,920 HHs સંયુકત સર્વેક્ષણમાં ઓડિટને એવું જોવા મળ્યું હતું કે સર્વેક્ષણ કરાયેલ HHs ના કોઈ જ સભ્ય એ કયારેય વિભાગ દ્વારા પાણી સંબંધિત પ્રશ્નો અંગે ગોઠવવામાં આવેલ કોઈ જ IEC કાર્યક્રમ માં હાજરી આપેલ ન હતી.

NRDWP ની માર્ગદર્શિકામાં MoDWS નાણાકીય સહાયથી દરેક રાજ્ય સરકાર દ્વારા કોમ્પ્યુટરરાઈઝડ ગ્રીવન્સ રિડ્રેસલ સિસ્ટમની સ્થાપના કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે રાજ્યમાં કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ સ્થાપવામાં આવી ન હતી, જો કે ફરિયાદ નિવારણ માટે રાજ્યમાં એક ટોલ-ફ્રી નંબર 1916 નવેમ્બર-2016 માં શરૂ કરવામાં આવ્યો હતો. આવી વ્યવસ્થા પાણી પૂરવઠા તેમજ ગુણવત્તાના પ્રશ્નો અંગેની ફરિયાદોની નોંધણી

52 50 ટકા કે વધુ મહીલા સભ્યો ધરાવતી પાણી સમિતિઓ

તેમજ તેમના નિવારણ માટે કરવામાં આવી હતી. નવેમ્બર-2016 થી માર્ચ-2018 દરમિયાનના 17 મહિનાના સમયગાળામાં 426 ફરિયાદો મળી હતી. 1,920 રહીશો સંયુકત સર્વેક્ષણમાં ઓડિટને એવું જોવા મળ્યું હતું કે માત્ર એક જ રહીશને આ ટોલ ફ્રી નંબર અંગે જાણકારી હતી. આ એવું દર્શાવે છે કે સંબંધિત સત્તાધિશો દ્વારા IEC ની પ્રવૃતિઓ હાથ ધરવાના અભાવે આ ટોલ-ફ્રી નંબર લોકપ્રિય ન હતો.

ઉપરોકત હકીકતો એવું દર્શાવે છે કે વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ IEC ની પ્રવૃતિઓ અસરકારક ન હતી. ભૂગર્ભ જળના વપરાશમાં રહેલા આરોગ્ય લક્ષી જોખમોથી ગ્રામ્ય વસ્તીને વાકેફ કરવા માટે વિભાગે IEC પ્રવૃતિઓ નો અસરકારક અમલ સુનિશ્ચિત કરવો જોઈએ, જેથી RWSS અંતર્ગત વધુને વધુ વસવાટોને આવરી લઈ શકાય. વળી, આ ભૂગર્ભ જળના વપરાશમાં રહેલા આરોગ્યલક્ષી જોખમો ટાળવામાં પણ મદદરૂપ થશે.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે કોમ્પ્યુટરાઈઝડ ગ્રીવન્સ રિડ્રેસલ સિસ્ટમ હવે વિકસિત થઈ ગયેલ છે.

2.1.13 દેખરેખ અને નિરીક્ષણ

2.1.13.1 સંસ્થાકીય માળખું

NRDWP ની માર્ગદર્શિકાઓ અનુસાર પાણીપૂરવઠા અને સ્વચ્છતા અંગે નીતિગત માર્ગદર્શન, પાણી પૂરવઠા તથા સ્વચ્છતા પ્રવૃતિઓની સમરૂપતા, ગુજરાત સરકારના વિવિધ વિભાગો વચ્ચે સંકલન, વિગેરે માટે રાજ્યમાં એક ઉચ્ચતમ સંસ્થા રૂપે રાજ્ય પાણી તથા સ્વચ્છતા અભિયાન (SWSM) ની સ્થાપના કરવાની હતી. ગુજરાત સરકારે મુખ્ય સચિવ તથા ગુજરાત સરકારના વિવિધ વિભાગોના સચિવોના[53] સભ્યપદ ધરાવતા અભિયાનની રચના કરી હતી (સપ્ટેમ્બર 2003). જેમને વર્ષમાં ઓછામાં ઓછા બે વાર બેઠક બોલાવવાની હતી. WSD એ પુરી પાડેલી માહિતી (ફેબ્રુઆરી-2018) ઉપરથી ઓડિટને એવું જોવા મળ્યું હતું કે સપ્ટેમ્બર-2005 બાદ આ અભિયાને કયારેય પણ બેઠક બોલાવી ન હતી કે કોઈ જ પરામર્શ કરેલ ન હતો.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે સ્વચ્છતા ને લગતાં કામો ગ્રામ્ય વિકાસ વિભાગ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે.

2.1.13.2 રાજ્ય દ્વારા ખોટી માહિતી નોંધાવવામાં આવી.

ગુજરાતમાં WASMO તથા GWSSB ની ક્ષેત્રિય ઓફિસો દ્વારા તાલુકા તથા જિલ્લા કક્ષાએ માસિક ધોરણે IMIS માં માહિતી ભરવામાં આવે છે, જે તેમની સંબંધિત મુખ્ય ઓફિસો દ્વારા વેલિડેટ (માન્ય) કરવામાં આવે છે. IMIS ની માહિતી ઉપરથી કેન્દ્ર તથા રાજ્ય સરકારો દ્વારા નાણાંકીય આયોજન તથા અંદાજપત્રિય ફાળવણી કરવામાં આવે છે.

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે સિસ્ટમમાં ડેટા નિયમિત ધોરણે ભરવામાં આવતો ન હતો. એવું પણ જોવા મળ્યું હતું કે ભરવામાં આવેલ ડેટા કોઈ જ દસ્તાવેજી પુરાવા નો આધાર ધરાવતો ન હતો. IMIS માં ઉપલબ્ધ માહિતીના ઓડિટ વિશ્લેષણમાં એવું ઊજાગર થયું હતું કે કોઈ એક ચોકકસ નાણાંકીય

53 પાણીપૂરવઠા, ગ્રામ્ય વિકાસ, પંચાયેતા, નાણાં, આરોગ્ય, આયોજન વિગેરે.

વર્ષ અંતિત બંધ સિલકના આંકડા ત્યાર પછીના વર્ષની ખુલતી સિલક ના આંકડા સાથે મેળ ધરાવતાં ન હતાં, જેની વિગત **કોષ્ટક-6** માં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક-6 વર્ષ 2013-18 સમયગાળા દરિમયાન રાજ્યમાં PWS જોડાણ ધરાવતાં ઘર-રહીશોની વિગતો

વર્ષ	રાજ્યમાં કુલ ઘર-રહીશોની સંખ્યા	વર્ષની શરૂઆતમાં PWS ધરાવતાં ઘર-રહીશો	વર્ષ દરિમયાન PWS પુરાં પડાયેલ ઘર-રહીશો	વર્ષનાં અંતે PWS ધરાવતાં કુલ ઘર-રહીશો
2014-15	71,19,197	45,26,352	85,244	46,11,596
2015-16	63,23,672	29,56,260	43,295	29,99,555
2016-17	64,77,558	45,18,434	2,34,967	47,53,401
2017-18	64,77,637	47,03,323	23,855	47,27,178

(સ્ત્રોત - દર વર્ષે માર્ચના અંતે IMIS ડેટા)

ઉપરોકત કોષ્ટક એવું દર્શાવે છે કે વર્ષ 2014-15 માં રાજ્યમાં આવેલા ઘર-રહીશોની કુલ સંખ્યામાં વર્ષ 2015-15 માં 7,95,525 નો ઘટાડો થયેલ હતો, જેમાં સામાન્ય રીતે વધારો થયેલ હોવો જોઈએ. આવી જ રીતે, વર્ષ 2014-15 ના અંતે PWS ધરાવતાં ઘર-રહીશો ની કુલ સંખ્યામાં વર્ષ 2015-16 ની શરૂઆતમાં 16,55,336 નો ઘટાડો થયેલ હતો. વળી, વર્ષના અંતની બંધ કરાયેલ સંખ્યા પણ ત્યાર બાદ ના બે વર્ષ (2016-17 તથા 2017-18) ની શરૂઆતની ખુલતી સંખ્યા સાથે મેળ ધરાવતી ન હતી. આ એવું દર્શાવે છે કે રાજ્યમાં PWS જોડાણો ધરાવતાં ઘર-રહીશોના નોંધાવવાના આવેલા આંકડા સાચા ન હતાં.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે જણાવ્યું હતું કે IMIS માં કરવામાં આવતી ડેટા-એન્ટ્રીના કામમાં જોડાયેલ કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે.

2.1.13.3 પૂર્ણ કરાયેલ યોજનાઓની સમયાંતરે કરવાની દેખરેખનો અભાવ

WASMO ની સંસ્થાકીય તેમજ ટેકનીકલ સહાયથી આંતરિક ગામ-યોજનાઓના વ્યવસ્થાપન માટે GPs/પાણી સમિતિઓ જવાબદાર છે. NRDWP ની માર્ગદર્શિકાઓ અનુસાર, પુર્ણ કરાયેલ યોજનાઓની કામગીરીની સમયાંતરે દેખરેખ અને સમિક્ષા કરવા માટે અધિકારીઓ, નિષ્ણાંતો, NGOs, સંસ્થાઓ વિગેરે મારફત ગોઠવણ કરવી જોઈએ. આમ છતાં, ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે WASMO માત્ર એવી જ યોજનાઓની દેખરેખ કરતું હતું કે જેનું કામ ચાલુ હોય પૂર્ણ કરાયેલ યોજનાઓની ન તો WASMO દ્વારા કે ન તો અન્ય કોઈ સત્તાધિશો દ્વારા દેખરેખ કરવામાં આવતી હતી.

સમાપન બેઠક (30 મે 2019) માં અગ્ર સચિવે સમયાંતરે દેખરેખ કરવા અંગે ખાતરી આપી હતી.

2.1.14 ઉપસંહાર

ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓએ વર્ષ 2012-17 ના સમયગાળા દરિમયાન WSP તૈયાર કર્યા ન હતાં, જોકે મૂળહાર્દ-સ્તરના આયોજન એટલે કે જિલ્લાસ્તરના WSPs કે ગામસ્તરના WSPs ને ધ્યાનમાં લીધા વિન જ રાજ્ય સ્તરનો રાજ્ય

WSP તૈયાર કરવામાં આવ્યો હતો, પણ ત્યાર બાદ આવો કોઈ જ પ્લાન તૈયાર કરવામાં આવ્યો ન હતો.

ગુજરાત સરકારે એવું નોંધાવ્યું હતું કે રાજ્યમાં આવેલા તમામ 35,996 વસવાટો ને પાણી-પૂરવઠાથી પૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યા હતાં, પરંતુ નમૂનારૂપ ચકાસણી કરાયેલ DWSUs દ્વારા પુરી પડાયેલ માહિતી અનુસાર નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટો માંથી 37 વસવાટો અંશતઃ રીતે જ આવરવામાં આવ્યા હતાં. નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓ માં 91 RWSSs હેઠળ આવરી લેવાયેલ 2,352 ગામોમાંથી માત્ર 1,587 ગામો જ RWSSs મારફત પાણી મેળવતાં હતાં. બાકીના 765 ગામોમાંથી 258 ગામોને જળ સ્ત્રોતમાં અપુરતું પાણી હોવાથી આંતરિક વિતરણ નેટવર્ક ઊભું ન કરાયું હોવાથી, ક્ષતિયુક્ત પાઈપો વિગેરે કારણોસર પાણી ઉપલબ્ધ ન હતું.

નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં DWSUs/GWSSBના ડીવીઝનોના રેકોર્ડસ અનુસાર નમૂનારૂપ ચકાસણી કરાયેલ, આ આઠ જિલ્લાઓમાં 377 યોજનાઓ બિન-કાર્યરત હતી. આમ, છતાં IMISમાં માત્ર 76 યોજનાઓ (20 ટકા)ને જ બિન-કાર્યરત યોજનાઓ તરીકે નોંધવામાં આવી હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં અસ્ક્યામતોની સંયુક્ત ભૌતિક ચકાસણી (એપ્રિલ 2018 થી ઓગષ્ટ 2018) માં ઓડિટને રેકોર્ડ ઉપર કાર્યરત યોજનાઓ તરીકે નોંધાયેલ હોવા છતાં 65 આંતરિક ગ્રામ યોજનાઓ/IVWSS/મીની યોજનાઓમાંથી 28 યોજનાઓ બિન-કાર્યરત જોવા મળેલ હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં 77 યોજનાઓ લોકભાગીદારીના અપૂરતાં ફાળા, સ્ત્રોતની નિષ્ફળતા, જમીનની અનઉપલબ્ધતા વિગેરે કારણોસર પડતી મૂકવામાં આવી હતી.

SLL એ સ્ટેટ રેફરલ લેબોરેટરી તરીકે કાર્યરત જોવા મળી ન હતી. રાજ્યમાં આવેલા 245 તાલુકાઓમાંથી 198 તાલુકોમાં TLLsની કાંઈ જ સુવિધા ઉપલબ્ધ ન હતી. દરેક તાલુકામાં TLLs ન હોવાના કારણે વર્ષ 2017-18 દરમિયાન માત્ર 32 ટકા નમૂનાઓનું જ રાસાયણિક માપદંડો માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું તથા માત્ર 11 ટકા નમૂનાઓના જ બેકટેરીયોલોજિકલ માપદંડો માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પાણીની ગુણવત્તાના પરીક્ષણના ફરજિયાત એવા બે રાસાયણિક માપદંડો એટલે કે આયર્ન તથા આર્સનિકના પરીક્ષણ કોઈ જ લેબોરેટરીમાં કરવામાં આવતાં ન હતાં. નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં RWSS મારફત પુરાં પડાતાં પાણી સિવાય તમામ સ્ત્રોતો માટે બેકટેરીયોલોજીકલ જીવાણુંલક્ષી પરીક્ષણ કરવામાં આવતું ન હતું. ડ્રાઈવર, કેમીસ્ટ તથા ઉપકરણો/ સાધનોની મરામતના અભાવે GJTI તથા GWSSB ની પાંચ ઝોનલ ઓફિસોને ફાળવવામાં આવેલી મોબાઈલ લેબોરેટરીવાનો વણવપરાયેલી રહી હતી. નમૂનારૂપ ચકાસણી કરાયેલ વસવાટોમાં પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટેની ફીલ્ડ ટેસ્ટ કીટ્સનો GPs તથા MPHWs દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

વર્ષ 2013-18 ના સમયગાળા દરમિયાન રાજ્યમાં રાસાયણિક માપદંડો માટે પરીક્ષણ કરાયેલ પાણીનાં આઠ ટકા નમૂનાઓ નાઈટ્રેટ, ફ્લોરાઈડ, TDS વિગેરેની અધિક માત્રાના કારણે અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતાં. નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોમાં ઓડિટની હાજરીમાં DLLના કર્મચારીગણ દ્વારા એકઠાં કરાયેલ 188 નમૂનાઓના સંબંધિત DLL દ્વારા કરાયેલ પરીક્ષણોના પરિક્ષણ-પરીણામોમાં 54 નમૂનાઓમાં ઉપરોક્ત દુષણો સ્વીકાર્ય મર્યાદા કરતાં અધિક હોવાનું જોવા મળ્યું હતું.

વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ IEC પ્રવૃતિઓ અસરકારક ન હતી. પૂર્ણ કરાયેલ યોજનાઓની સમયાંતરે દેખરેખ કરવામાં આવતી ન હતી.

2.1.15 ભલામણો

રાજ્ય સરકારે -

- *બિન-કાર્યરત પાણી પૂરવઠા યોજનાઓની ઓળખ કરીને તેમને કાર્યાન્વિત કરવી જોઈએ તેમજ*
- *વોટર ટેસ્ટીંગ લેબોરેટરીઓ માટે ટેકનિકલ કર્મચારીગણની જરૂરિયાતની સમિક્ષા કરીને ખાલી જગ્યાઓ ભરવી જોઈએ.*

પ્રકરણ-III

અનુપાલન ઓડિટ

પ્રકરણ - III

અનુપાલન ઓડિટ

આ પ્રકરણમાં ત્રણ થીમ બેઝ ફકરાઓ છે “પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયક રાષ્ટ્રીય કાર્યક્રમનું અમલીકરણ”, “રુર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમનું અમલીકરણ” અને “ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત નિવાસી શાળાઓની કામગીરી” અને “ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વયોવૃદ્ધ પેન્શન યોજનાનું અમલીકરણ” અને “રેફ્યુઝ કોમ્પેક્ટર વ્હીકલની ખરીદીમાં બિન-ફળદાયી ખર્ચ” પરના બે લાંબા ફકરા અનુપાલનના ફકરાઓનો સમાવેશ કરાયો છે.

શિક્ષણ વિભાગ

3.1 પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયક રાષ્ટ્રીય કાર્યક્રમનું અમલીકરણ

3.1.1 પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયક રાષ્ટ્રીય કાર્યક્રમ (સામાન્ય પણે મધ્યાહન ભોજન (MDM) યોજના તરીકે ઓળખાય છે) કેન્દ્રિય પુરસ્કૃત યોજના તરીકે શરૂ કરાઇ હતી (ઓગસ્ટ 1995). આ યોજનાનો હેતુ પ્રાથમિક વર્ગોમાં નોંધણી, રીટેન્શન અને હાજરી વધારીને પ્રાથમિક શિક્ષણના વૈશ્વિકરણને પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમ સરકારી, સરકારી સહાય મેળવતી અને સ્થાનિક સંસ્થાઓમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વર્ગોમાં અભ્યાસ કરતાં બાળકો, શૈક્ષણિક બાંયધરી યોજના (EGS) અને વૈકલ્પિક અને નવીનીકરણ શૈક્ષણિક (AIE) કેન્દ્રો (જે હવે ખાસ તાલીમ કેન્દ્રો તરીકે ઓળખાય છે) માં અભ્યાસ કરતાં બાળકો અને સર્વ શિક્ષા અભિયાન (SSA) હેઠળ આધારિત માન્યતા પ્રાપ્ત મદરેસાઓ/ મકતાબાઓ ના બાળકો આવરી લેવાયા છે. ગુજરાતમાં, યોજના 1984 થી કાર્યરત હતી અને GoI યોજના સાથે ભેળવવામાં આવી હતી(ઓગસ્ટ 1995).

યોજનાની સુધારેલ માર્ગદર્શિકા (સપ્ટેમ્બર 2006) માં પ્રાથમિક વિદ્યાર્થીઓ[1] માટે 450 કેલરી ઉર્જા અને 12 ગ્રામ પ્રોટીન તથા ઉચ્ચ પ્રાથમિક વિદ્યાર્થીઓ[2] માટે 700 કેલરી ઉર્જા અને 20 ગ્રામ પ્રોટીનની ન્યૂનતમ પોષણ મૂલ્ય અંગેના રાંધેલ ભોજન પાત્રતા ધરાવતા બાળકોને પૂરું પાડવું જરૂરી છે. ગુજરાત સરકાર(GoG) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત આદિજાતિ તાલુકા શાળાઓ અને શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત વિકાસશીલ તાલુકાઓની શાળાઓના વિદ્યાર્થીઓને રાંધેલ ભોજન ઉપરાંત રાજ્ય પુરસ્કૃત યોજના “દૂધ સંજીવની” હેઠળ 200 ml સ્વાદિષ્ઠ દૂધ પણ પૂરું પાડે છે. વધુમાં, આદિજાતિ કુટુંબની કન્યા છાત્રાઓ (કુટુંબ દીઠ વધુમાં વધુ બે કન્યાઓ)ને “અન્ન ત્રિવેણી” યોજના હેઠળ વાર્ષિક 60 કિલોગ્રામ અનાજ એક કન્યા છાત્ર દીઠ GoG દ્વારા પૂરું પાડવામાં આવે છે. તદુપરાંત, એક મીઠાઇ પણ “સુખડી[3] પ્રોજેકટ” હેઠળ સપ્તાહમાં એક વખત વધારાના પોષણયુક્ત ખોરાક માટે વિદ્યાર્થીઓને GoG દ્વારા પૂરી પડાય છે. સામુદાયિક હિસ્સેદારી માટે GoG ની “તિથિ ભોજન” યોજના હેઠળ ગ્રામ્ય સમુદાય દ્વારા મહિનામાં એકવાર છાત્રોને ભોજન પૂરું પાડવામાં આવે છે.

અગ્ર સચિવ (PS), શિક્ષણ વિભાગ (ED) મુખ્યત્વે રાજયમાં યોજનાના અમલીકરણ માટે પ્રભારી છે. કમિશ્નર (MDM) નાયબ કલેકટર (MDM) મારફત જિલ્લા કક્ષાએ યોજનાનું અમલીકરણ કરે છે. મામલતદાર દ્વારા સહાય પ્રાપ્ત કરી મામલતદાર દ્વારા યોજના અમલમાં મૂકે છે. શાળા સ્તરે

1 અનાજ (100 ગ્રામ), કઠોળ (20 ગ્રામ), શાકભાજી (50 ગ્રામ), તેલ અને ચરબીયુક્ત પદાર્થ (5 ગ્રામ)

2 અનાજ (150 ગ્રામ), કઠોળ (30 ગ્રામ), શાકભાજી (75 ગ્રામ), તેલ અને ચરબીયુક્ત પદાર્થ (7.5 ગ્રામ)

3 ઘઉં, ગોળ અને તેલથી બનાવેલ એક મીઠાઇ

સંચાલક-કમ-રસોઈયા (SCCs) દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે, કે જેઓ રસોઈયા-કમ-સહાયકોને ખોરાક રાંધવામાં નિરીક્ષણ કરવા અને ધારા ધોરણ મુજબ અનાજ અને રસોઈ ખર્ચ, તથા હિસાબો રજૂ કરવા માટે મામલતદાર સાથે સમન્વય કરવા માનદ વેતન પર રોકાયેલ છે. સિવિલ સોસાયટી સંસ્થાઓ (CSOs) અને બિન-સરકારી સંસ્થાઓ (NGOs) ચાલી રહેલા કેંદ્રીયકૃત રસોઈઘરો દ્વારા શહેરી વિસ્તારો (મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો) તેમજ જિલ્લાઓમાં યોજનાનુ અમલીકરણ કરવા જોડાયેલ છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ (GSCSC) અનાજ, કઠોળ, ખાદ્ય તેલ વ્યાજબી કિમતની દુકાનો (FPS) સુધી પહોચડવા માટેની નોડલ પરિવહન એજન્સી છે. MDM યોજનાના અમલીકરણનો ફ્લો ચાર્ટ **પરિશિષ્ટ- XI** માં આપવામાં આવેલ છે.

MDM યોજનાનુ અમલીકરણ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના પાત્રતા ધરાવતા બધાજ બાળકોને આવરી લેવા યોજનાની આયોજીત પદ્ધતિ લાગુ કરવામાં આવી રહી છે કે કેમ; બાળકોની પોષણયુક્ત સ્થિતીમાં સુધારો લાવવાના ઉદ્દેશોને પ્રાપ્ત કરવામાં આવ્યા હતા કે કેમ; ફાળવેલ ભંડોળનો ઉપયોગ આર્થિક અને કાર્યક્ષમ રીતે કરવામાં આવ્યો હતો કે કેમ; તે નક્કી કરવા માટે અનુપાલન ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું અને યોજનાના અમલીકરણ પર અસરકારક રીતે નજર રાખવામાં આવી હતી. ઓડિટે નમૂના તપાસેલ 2015-16 થી 2017-18 સુધીના સમયગાળાને આવરી લેવામાં આવતા યોજનાના રેકોર્ડ કમિશ્નર, MDM ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ (GSCSC) અને પસંદ કરાયેલ પાંચ જિલ્લાઓ[4] અને 11 તાલુકાઓની[5] અમલીકરણ એજન્સીઓ ખાતે નિભાવવામાં આવતા હતા. ઓડિટે તાલુકા મામલતદાર/વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના(VMC) કર્મચારીઓ સાથે 96 શાળાઓની[6] સંયુક્તપણે મુલાકાત (જૂન થી ઓગષ્ટ 2018 દરમિયાન) પણ લીધી હતી. રસોઈઘરના આધુનિક સાધનોના ઉપયોગની ચકાસણી માટે પાંચ[7] તાલુકાની વધારાની 11 શાળાઓની મુલાકાત પણ લેવામાં આવી હતી.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના સચિવશ્રી સાથે ઓડિટના તારણોની ચર્ચા કરવા માટે સમાપન બેઠક કરાઇ હતી (19 જૂન 2019). રાજ્ય સરકારના અભિપ્રાયો ધ્યાને લેવાયા હતા અને રિપોર્ટમાં સમાવાયેલ છે.

3.1.2 યોજનાના ભંડોળની રૂપરેખા

યોજના અંતર્ગત રસોઈ ખર્ચ[8] અને રસોઈયા-કમ-સહાયકના માનદ વેતન માટે આર્થિક સહાય GoI અને GoG વચ્ચે 60:40 ના ગુણોત્તર મુજબ વહેચાયેલ છે. આ ઉપરાંત, GoI નિ:શુલ્ક અનાજ (પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક માટે વિદ્યાર્થી દીઠ પ્રતિ દિન 100/150 ગ્રામ) પૂરું પાડે છે અને ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) ના ગોડાઉનોથી શાળાઓમાં અનાજ પરિવહન માટે પ્રતિ ક્વિન્ટલ ₹ 75 ના દરે પરિવહન સબસીડી પૂરી પાડે છે, અને વ્યવસ્થાપન,દેખરેખ અને મૂલ્યાંકન (MME) માટે રાંધવાનો ખર્ચ, નિ:શુલ્ક અનાજ અને પરિવહન સબસીડી પરની કુલ સહાયના 1.8 ટકાના દરે સહાય પણ પૂરી પાડે છે.

---

4 અમરેલી, બનાસકાંઠા, પંચમહાલ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત વડોદરા અને વલસાડ

5 અમરેલી (ધારી અને સાવરકુંડલા), બનાસકાંઠા (દાંતા (પ્રાથમિક અભ્યાસ દરમિયાન સમાવિષ્ટ એક અન્ય), દિયોદર અને વાવ), પંચમહાલ (ગોધરા અને સહેરા), વડોદરા (કરજણ અને વડોદરા ગ્રામ્ય) અને વલસાડ (વલસાડ અને કપરાડા)

6 રીપ્લેસમેંટ પદ્ધતિ વગર સિમ્પલ રેંડમ સેમ્પલીંગના આધારે પસંદ ન કરાયેલ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની આઠ શાળાઓ સહિત દરેક તાલુકાની આઠ શાળાઓ

7 દાંતા, ગોધરા, કપરાડા, કરજણ અને સહેરા

8 રસોઈ ખર્ચમાં કઠોળ, વનસ્પતી તેલ, શાકભાજી અને મસાલાની કિંમત અને બળતણ અને પરચુરણ ખર્ચનો સમાવેશ થાય છે. જુલાઈ 2016 થી રસોઈ ખર્ચનો દર પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિદ્યાર્થીઓને પ્રતિદિન વિદ્યાર્થીદીઠ અનુક્રમે ₹ 4.13 અને ₹ 6.18 નક્કી કરાયેલ છે. આ ઉપરાંત,GoG પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિદ્યાર્થીઓને વધારાના ખાદ્યતેલ માટે પ્રતિદિન વિદ્યાર્થીદીઠ અનુક્રમે વધારાના ₹ 0.45 અને ₹ 0.23 પૂરા પાડે છે.

ઓડિટના તારણો

3.1.3 આયોજન અને વ્યાપ

3.1.3.1 શાળાઓ અને વિદ્યાર્થીઓનો વ્યાપ

કમિશનર દ્વારા જારી કરાયેલ (એપ્રિલ 2002) સૂચનાઓ મુજબ, દરેક તાલુકાનાં મામલતદાર તાલુકા શિક્ષણ સત્તાધીશો પાસેથી શાળા મુજબ નોંધણીની વિગતો પ્રાપ્ત કરશે અને તેને રજીસ્ટરમાં દાખલ કરશે. MDM યોજના અંતર્ગત દૈનિક સરેરાશ વ્યાપ સાથે આવરી લેવાયેલ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાની માસિક વિગતો SCCs દ્વારા રજૂ કરાયેલ હિસાબોને આધારે રજીસ્ટરમાં દાખલ કરવામાં આવશે. માસિક પ્રગતિ અહેવાલો/રિપોર્ટ (MPRs) રજીસ્ટરના ડેટાના આધારે મામલતદાર દ્વારા જિલ્લા સત્તાધીશોને રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવશે.

ઓડિટમાં જણાયું હતું કે નમૂના-તપાસેલ 11 તાલુકાઓમાંથી કોઈપણ તાલુકાએ ઉપરોક્ત રજીસ્ટર નિભાવ્યું ન હતું. પરિણામે, શાળાઓ અને વિદ્યાર્થીઓના વ્યાપ સંબંધીત અપાયેલા ડેટાના અહેવાલોની સચોટતાની બાંયેધરી ઓડિટમાં આપી શકાતી નથી. હવે પછીના ફકરાઓમાં ચર્ચા કર્યા મુજબ નમૂના-તપાસેલ તાલુકાઓ દ્વારા MPR માં જણાવેલ ડેટા ખામીયુક્ત હોવાનું જણાયું હતું -

- ***શાળાઓના વ્યાપ અંગેની ખામીયુક્ત રજૂઆત***

GoI ના પ્રોગ્રામ એપ્રુવલ બોર્ડ (PAB)[9] ને શિક્ષણ વિભાગ દરેક નાણાકીય વર્ષ માટે એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ (AWP&B) અગાઉના વર્ષના ફેબ્રુઆરી સુધીમાં મંજૂરી માટે રજૂ કરે છે. PAB દ્વારા ત્યારપછીના વર્ષ માટે AWP&B માં લક્ષ્યાંક તરીકે પૂર્વ વર્ષમાં આવરી લેવામાં આવેલ શાળાઓની સંખ્યાને મંજૂરી આપવામાં આવે છે. સરકાર દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓ (PSs) અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (UPSs) (સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓ સહિત) અને સર્વ શિક્ષા અભિયાન (SSA) ના રાજ્ય પ્રયોજન નિયામક (SPD) દ્વારા પૂરી પડાયેલ અનુદાન સહાયિત (GIA) ખાનગી શાળાઓની સંખ્યા અને GoG દ્વારા જણાવેલ કે જે વર્ષ 2015-16 થી 2017-18 દરમિયાન MDM યોજના અંતર્ગત આવરી લેવાયેલ શાળાઓની સંખ્યાની વિગતો **કોષ્ટક 1** માં દર્શાવવામાં આવી છે -

કોષ્ટક 1: શાળાઓનો વ્યાપ

વર્ષ	રાજ્યમાં SSA અંતર્ગત શાળાઓની સંખ્યા			AWP&B માં મંજૂર કરાયેલ શાળાઓની સંખ્યા			AWP&B માં GoI ને જણાવેલ શાળાઓનો વ્યાપ		
	સરકારી	GIA	કુલ	સરકારી	GIA	કુલ	સરકારી	GIA	કુલ
1	2	3	4	5	6	7	8	9	10
2015-16	31535	523	32058	33666	845	34511	33358	413	33771
2016-17	31512	502	32014	33358	413	33771	33041	412	33453
2017-18	31567	513	32080	33041	412	33453	32368	365	32733

(સ્ત્રોત : નિયામકશ્રી (SSA) અને કમિશ્નર, MDM દ્વારા પૂરી પડાયેલ માહિતી)

9 તેમાં સમાવિષ્ટ છે (1) અધ્યક્ષ તરીકે સચિવશ્રી, શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા, (2) પોષણ સંબંધિત નિષ્ણાતો અને (3) મહિલા અને બાળ વિકાસ, ગ્રામીણ વિકાસ મંત્રાલય, પંચાયતી રાજ મંત્રાલય, FCI,અન્ય વિભાગોના પ્રતિનિધિઓ વિગેરે. PAB તેની બેઠકમાં વિવિધ રાજ્યોમાથી પ્રાપ્ત કરેલ દરખાસ્તોની ચર્ચા કરે છે અને તેને મંજૂરી આપે છે.

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે AWP&B માં મંજૂર કરાયેલ તેમજ યોજના હેઠળ આવરી લેવાયેલ તેવી શાળાઓની સંખ્યા રાજયમાંના SSA રેકોર્ડ મુજબની શાળાઓની સંખ્યા કરતાં વધારે હતી. વધુમાં, ઓડિટમાં જણાયું હતું કે નમૂના-તપાસેલ જિલ્લાઓ દ્વારા 6,755 શાળાઓના વાસ્તવિક વ્યાપની સામે કમિશ્નરે વર્ષ 2015-16 દરમિયાન 7,105 શાળાઓ AWP&B એ આવરી લીધી હતી તેમ દર્શાવ્યું હતું. બાકીના બે વર્ષમાં (2016-17 અને 2017-18), શાળાઓની સંખ્યા ઓછી દર્શાવવામાં આવી હતી. આ દર્શાવે છે કે રાજ્ય દ્વારા GoI ને શાળાઓના વ્યાપ અંગે અવાસ્તવિક ડેટા જણાવવામાં આવ્યા હતા.

કમિશ્નરે ડેટામાં અસમાનતા માટે જિલ્લા સત્તાધીશો દ્વારા પૂરી પાડવામાં આવેલ ખોટી માહિતીનું કારણ દર્શાવ્યું હતું(ઓગસ્ટ 2018). આ પ્રત્યુત્તર દર્શાવે છે કે કમિશ્નર નિયમિત મેળવણું કરવામાં નિષ્ફળ રહ્યા હતા કે જેથી GoI ને સચોટ માહિતી પૂરી પાડવાનું સુનિશ્ચિત કરી શકાય. સચિવશ્રીએ સમાપન બેઠક (19 જૂન 2019) માં ઓડિટના અવલોકનો સ્વીકાર્યા અને જણાવ્યું હતું કે તેઓ સૉફ્ટવેર વિકસાવવા માટેની મંજૂરી લેવાની પ્રક્રિયા કરી રહ્યા છે જે યોજના સાથે સંબંધિત બધીજ માહિતીને એકીકૃત કરશે જેવી કે શાળાઓની સંખ્યા, લાભાર્થી બાળકો માટે વપરાયેલ જથ્થો વિગેરે,. વધુમાં જણાવ્યુ હતું કે ઓડિટના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સૉફ્ટવેરનું અમલીકરણ કરવામાં આવશે. ઓડિટનો મત છે કે રાજ્ય સરકાર GoI ને શાળાઓના વ્યાપ અંગે સચોટ માહિતી પૂરી પાડે તે સુનિશ્ચિત કરવું જોઈએ.

3.1.3.2 વિદ્યાર્થીઓના વ્યાપનું ખોટું રીપોટીંગ કરવું

હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ મંત્રાલય (MHRD) દ્વારા આગામી વર્ષમાં આવરી લેવામાં આવતા વિદ્યાર્થીઓની દૈનિક સરેરાશ સંખ્યાને AWP&B માં રિપોર્ટ કરેલા અગાઉના વર્ષના આધારે આવરી લેવામાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યાને મંજૂરી આપી હતી.

MHRD એ વિદ્યાર્થીઓનો વ્યાપ 42.27 લાખ, 43.95 લાખ, અને 43.67 લાખ અનુક્રમે 2015-16, 2016-17 અને 2017-18 ના વર્ષ માટે મંજૂર કરેલ હતો, જેની સામે કમિશ્નરે GoI ને આ વર્ષો માટે વિદ્યાર્થીઓનો વ્યાપ અનુક્રમે 43.95 લાખ, 43.67 લાખ અને 43.97 લાખ જણાવ્યો હતો.

કમિશ્નરે MPRs મારફતે GoI ને આવરી લેવાયેલ વિદ્યાર્થીઓના ડેટાના અહેવાલની નમૂના-તપાસેલ જિલ્લાઓના ડેટા સાથે સરખામણી કરતાં, ઓડિટે નોંધ્યું હતું કે આવરી લેવાયેલ દૈનિક સરેરાશની ઘણી સંખ્યામાં તફાવત જણાયો હતો. વર્ષ 2017-18માં, વિદ્યાર્થીઓની દૈનિક સરેરાશની ઘણી સંખ્યાઓમાં GoI ને કમિશ્નરે અહેવાલ મુજબ પાંચ નમૂના-તપાસેલ જિલ્લાઓમાંથી ચારમાં[10] દર્શાવ્યા કરતાં (7,58,278 વિદ્યાર્થીઓ) છ ટકા વધુ (8,05,073 વિદ્યાર્થીઓ) આવરી લેવાયા તેવું જણાય છે.

ઓડિટે તાલુકાઓના વિગતવાર કંટીજંટ બિલોનો ડેટા એકત્રિત કરેલ તેમાં શાળા સ્તરે ખરેખર આવરી લીધેલ વિદ્યાર્થીઓની MPRs માં રિપોર્ટ કરાયેલ સંખ્યા DC બિલોમાં 8, 12 અને 19 ટકા 2015-16 થી 2017-18 ના સમયગાળા દરમિયાન 11 નમૂના-તપાસેલ તાલુકાઓમાંથી છમાં[11] વધુ હતી.

આમ ઉપરોક્ત હકીકતો દર્શાવતી હતી કે વિદ્યાર્થીઓના કવરેજનો GoI ને કરાયેલું ઊંચું રીપોટીંગ તાલુકાઓ અને કમિશ્નરના સ્તરે ખોટા રિપોર્ટિંગ માટે કારણભૂત હતો. તે મુજબ, **ફકરા 3.1.4.1** માં ચર્ચા મુજબ અનાજ અને રાંધણ ખર્ચ વાસ્તવિક જરૂરિયાત કરતાં વધુ ફાળવાયો હોય અનાજની બંધ સિલક વધુ હતી.

---

10 વલસાડ સિવાય જ્યાં કમિશ્નર દ્વારા નોંધાયેલ સરેરાશ દૈનિક લાભાર્થીઓ (1,17,989) જિલ્લાઓ દ્વારા દર્શાવેલ આંકડા(1,23,392) કરતાં 5,403 જેટલા ઓછા જણાયા હતા.

11 ધારી(અમરેલી જિલ્લો), દાંતા, દિયોદર અને વાવ (બનાસકાંઠા જિલ્લો), કરજણ (વડોદરા જિલ્લો) અને વલસાડ (વલસાડ જિલ્લો). અમરેલીના સાવરકુંડલા તાલુકામાં,અને , પંચમહાલ જિલ્લાના ગોધરા અને સહેરા તાલુકાઓમાં, DC બિલ અને MPR વચ્ચે કોઈ તફાવત નહતો. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકા અને વડોદરા (ગ્રામ્ય)માં, DC બિલોમાં લાભાર્થીઓની સંખ્યાનો ઉલ્લેખ કરાયો નહતો.

સમાપન બેઠકમાં (19 જૂન 2019) સચિવે ઓડિટ અવલોકન સ્વીકાર્યું હતું અને જણાવ્યુ હતું કે તેઓ એક એવા સૉફ્ટવેર વિકસાવવા માટેની મંજૂરી મેળવવા માટેની પ્રક્રિયા કરી રહ્યા છે જેથી યોજનાની સમગ્ર માહિતી જેવી કે શાળાઓની સંખ્યા, લાભાર્થી બાળકો, વપરાયેલ જથ્થો વગેરેને એકીકૃત કરી શકાય. વધુમાં જણાવાયું હતું કે સોફ્ટવેરનું અમલીકરણ ઓડિટના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. ઓડિટનો મત એ છે કે રાજ્ય સરકાર વિદ્યાર્થીઓના કવરેજનો સાચો અહેવાલ GoI ને આપે તે સુનિશ્ચિત કરી શકે છે.

- ***ખાસ તાલીમ પ્રોગ્રામમાં આવરી લેવાયેલ વિદ્યાર્થીઓનું ખોટું રીપોર્ટીંગ***

બાળકોના નિ:શુલ્ક અને ફરજિયાત શિક્ષણના અધિકારનો અધિનિયમ (RTE) 2009 ની કલમ 4 માં જોગવાઈ છે કે સ્થાનિક અધિકારીઓએ શાળા બહારના બાળકો (OoSC)ની ઓળખ માટે ખાસ તાલીમ કાર્યક્રમ (STP) ગોઠવશે અને તેમણે નિયમિત શાળાએ જવા મુખ્ય પ્રવાહમાં ભેળવશે. MDM ની માર્ગદર્શિકા મુજબ, ખાસ તાલીમ કાર્યક્રમના STPs વિદ્યાર્થીઓ MDM હેઠળ ભોજન માટે હક્કદાર છે.

વર્ષ 2015-16 થી 2017-18[12] દરમિયાન મંજૂર થયેલા ખાસ તાલીમ કાર્યક્રમો અને તેમાં નોંધાયેલા વિદ્યાર્થીઓનો કમિશ્નર MDM[13] દ્વારા AWP&B ને કરેલ અહેવાલની વિગતો નીચે **કોષ્ટક 2** માં દર્શાવી છે -

કોષ્ટક 2: AWP&B મુજબ 2015-16 થી 2017-18 ના સમયગાળા માટે ખાસ તાલીમ કાર્યક્રમો STPs અને તેના વિદ્યાર્થીઓનો વ્યાપ

વર્ષ	SSA ના રેકોર્ડ મુજબ		AWP&B ના અહેવાલ મુજબ (શાળા કવરેજ ઉપરાંત)	
	મંજૂર થયેલા STPs ની સંખ્યા	નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા	આવરી લેવાયેલ અને અહેવાલીત STPs ની સંખ્યા	આવરી લેવાયેલ અને અહેવાલીત વિદ્યાર્થીઓની સંખ્યા
2015-16	2,646	26,942	2,514	31,345
2016-17	2,496	31,966	2,107	26,939
2017-18	2,500	47,139	1,827	18,124

(સ્તોત્ર : કમિશ્નર MDM અને SSA દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઉપરનું કોષ્ટક MDM ના કમિશ્નર દ્વારા અહેવાલ કરાયેલ STPs ના વિદ્યાર્થીઓએ અને SSA દ્વારા અહેવાલિત કરાયેલમાં તફાવત દર્શાવે છે. નમૂના-તપાસેલ તાલુકાઓના રેકોર્ડની ચકાસણી કરતાં જાણવા મળ્યું છે કે મામલતદારોને તાલુકામાં રાખવામા આવેલી STP ની સંખ્યા વિષે કોઈ માહિતી નહોતી અને આવરી લેવાયેલ STPs અને તેના વિદ્યાર્થીઓના કવરેજની તેઓએ MPRs માં ક્યારેય જાણ કરી નથી. આમ, કમિશ્નર AWP&B માં STPs ના કવરેજ અને તેના વિદ્યાર્થીઓના ખોટા ડેટાની જાણ કરી રહ્યા હતા.

કમિશ્નરે જણાવ્યું (ઓગસ્ટ 2018) હતું કે SSA દ્વારા પુરી પાડવામાં આવેલ માહિતીને આધારે આવરી લેવાયેલ STP વિદ્યાર્થીઓને સામેલ કરાયા હતા. સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર SSA એ જણાવ્યું હતું કે (સપ્ટેમ્બર 2018) મંજુરી આપવામાં આવેલ STPની વિગતો MDM કમિશ્નરને MDM યોજના હેઠળ તેમના કવરેજ માટે આપવામાં આવી હતી. ઓડિટનો મત એ છે કે તાલુકા સ્તરે ડેટાની અપ્રાપ્યતાએ MDM કમિશ્નર દ્વારા આ બાબતે ખોટું રીપોર્ટીંગ કરાયા હોવાનું સૂચવે છે.

12 SSA ના રાજ્યના પ્રોજેકટ નિયામક(SPD) દ્વારા ઓડિટને પૂરું પાડ્યા મુજબ

13 શાળાઓ હેઠળ આવરી લેવાયેલ વિદ્યાર્થીઓ ઉપરાંત

3.1.4 ખાદ્યચીજોનો પૂરવઠો અને તેનો ઉપયોગ

GoI દ્વારા ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) મારફત અનાજનો પૂરવઠો પૂરો પાડે છે જેનો રાજ્ય નાગરિક પુરવઠા નિગમ (GSCSC) દ્વારા ઉપાડ કરવામાં આવે છે. GoG દ્વારા કઠોળ અને ખાદ્ય તેલની ખરીદી કરાય છે અને GSCSC મારફત તેનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. મામલતદાર તાલુકામાં આવેલા GSCSC ના ગોદામોમાથી ખાદ્ય ચીજો ઉપાડવા માટે વ્યાજબી ભાવની દુકાનો (FPS)ને દર મહિને પરવાનગી આપે છે. SCCs વિદ્યાર્થીઓની મહિનાની અપેક્ષિત સંખ્યાના આધારે મામલતદાર દ્વારા તેમણે ફાળવેલ સ્ટોકના જથ્થા મુજબ ખાદ્ય ચીજોનો FPS માંથી ઉપાડ કરે છે. વિભિન્ન ખડી ચીજોના ઉપયોગ અંગેના ઓડિટના તારણો આગળના ફકરાઓમાં દર્શાવવામાં આવ્યા છે.

3.1.4.1 અનાજના વપરાશનું વધુ રીપોર્ટીંગ

ઓડિટે GoIને અનાજના વપરાશની બંધ સિલક અને GSCSC દ્વારા નિભાવવામાં આવતા અનાજ વપરાશની બંધ સિલકમાં વિસંગતતા નોંધી હતી. GoI દ્વારા વર્ષ-વાર ફાળવેલ અનાજની વિગતો જેવી કે યોજના હેઠળ વર્ષ 2015-16 થી 2017-18 દરમિયાન ઉપાડ કરાયેલ અને વપરાયેલ અને કમિશ્નર દ્વારા પૂરી પડાયેલ વર્ષ-વાર અનાજની બંધ જથ્થાની GSCSC દ્વારા અપાયેલ વિગતો નીચેના **કોષ્ટક 3** માં અપાઈ છે -

કોષ્ટક 3: અનાજના વપરાશ અને બંધ સિલકની વિગતો

(જથ્થો મેટ્રિક ટનમાં)

વર્ષ	કમિશ્નરના જણાવ્યા મુજબ					GSCSC દ્વારા નોંધાયેલ બંધ જથ્થો	બંધ જથ્થામાં તફાવત
	ખૂલતો જથ્થો	ફાળવણી	FCI માંથી GSCSC દ્વારા ઉપાડેલ જથ્થો	વપરાયેલ જથ્થો	બંધ જથ્થો		
1	2	3	4	5	6 (2+4-5)	7	8(7-6)
2015-16	4,781	1,15,348	1,07,047	1,10,013	1,815	27,423	25,608
2016-17	1,815	1,23,287	1,20,794	1,19,653	2,956	38,003	35,047
2017-18	2,956	1,21,489	1,20,505	1,19,903	3,558	49,939	46,381

(સ્ત્રોત : કમિશ્નર અને GSCSC દ્વારા પુરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે અનાજનો મોટો જથ્થો GSCSC ના ગોદામોમાં પડી રહ્યો હોવા છતાં, વર્ષ 2015-16 થી 2017-18 ના સમયગાળા દરમિયાન અનાજનો વધુ વપરાશ બતાવી કમિશ્નરે GoI ને બંધ જથ્થો ઓછો બતાવ્યો હતો. ઓડિટ ચકાસણીમાં બહાર આવ્યું હતું કે અનાજનો ઉપયોગ જિલ્લા/તાલુકા સ્તરેથી વાસ્તવિક વપરાશની વિગતો મેળવ્યા વગર અને GSCSC પાસે અનાજનો વાસ્તવિક બંધ જથ્થો સુનિશ્ચિત કર્યા વગર કરવામાં આવી રહ્યો હતો. તેના બદલે અનાજના વપરાશની ગણત્રી આવરી લેવાયેલ વિદ્યાર્થીઓને આધારે કમિશ્નર દ્વારા ફકરા **3.1.3.2**માં ચર્ચા કર્યા મુજબ વધારે બતાવ્યા હતા.

સમાપન બેઠકમાં (19 જૂન 2019) સચિવે જણાવ્યું હતું કે GSCSC ઉપલબ્ધ ડેટાનું મેળવણું કરશે અને નિગમ પાસેના સાચા પ્રાપ્ય અનાજના જથ્થાને GoI મારફત ઓળખી સમાયોજન કરવામાં આવશે. આ બાબતે ઓડિટે જણાવ્યું હતું કે આંતરિક રેકોર્ડ્ઝની ચકાસણી કર્યા બાદ પરિસ્થિતિ ધ્યાને લેવામાં આવશે.

3.1.4.2 સમાન મેનુનું અયોગ્ય અમલીકરણ

યોજનાની માર્ગદર્શિકા મુજબ, રોજિંદા ખોરાકનું મેનુ સ્થાનિક રીતે નક્કી કરવાનું હોય છે. યોજનાનું અમલીકરણ થયું ત્યારથી ઓગષ્ટ 2017 સુધી મેનુ સ્થાનિક સ્તરે નક્કી કરવામાં આવતું હતું. ત્યારબાદ,

સમગ્ર રાજયમાં સમાન મેનૂ રાખવાના હેતુથી અને વિદ્યાર્થીઓને પોષણ સહાયક ખોરાકની માત્રા વધારવા માટે, GoG ના શિક્ષણ વિભાગે નવી પહેલ કરી રાંધણ ખર્ચમાં વધારો કર્યા વગર એક જ ભોજનને સવારનો નાસ્તો અને બપોરના ભોજનમાં વિભાજિત કરાયો હતો. વધુમાં, સવારના નાસ્તા માટે ચણા ત્રણ દિવસ અને મિશ્ર કઠોળનું (આખ્ખા કઠોળ) મેનુ એક દિવસ આપવાનું નિર્ધારિત કર્યું હતું.

સંયુક્ત સ્થળ મુલાકાત દરમિયાન (જુન થી ઓગષ્ટ 2018) નમૂના-તપાસેલ જિલ્લાઓની 72 શાળાઓમાં (SCCs દ્વારા સંચાલિત), ઓડિટે નોંધ્યું હતું કે 28 શાળાઓમાં ઓડિટે લીધેલ મુલાકાતના દિવસે સવારનો નાસ્તો પીરસ્યો ન હતો, જ્યારે બાકીની 44 શાળાઓમાં SCCs એ બપોરના ભોજન/ભોજન સાથે સવારનો નાસ્તો પીરસ્યો હતો. વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં, બપોરના ભોજન/ભોજન સાથે સવારનો નાસ્તો પીરસાતો હતો પણ નિયત કરાયેલ મેનુ મુજબ ન હતો. વિદ્યાર્થીઓને પોષણ સહાયક ખોરાકની માત્રા વધારવા ભોજનને સવારના નાસ્તા અને બપોરના ભોજનથી અલગ પાડવાનો તેનો હેતુ તેઓને બપોરના ભોજન/ભોજન સાથે સવારનો નાસ્તો પૂરો પાડવાને લીધે માર્યો ગયો હતો.

સમાપન બેઠકમાં (19 જૂન 2019) સચિવે જણાવ્યું હતું કે સમાન મેનુના અમલીકરણનું સર્વેક્ષણ કરાશે અને નિર્ધારિત કર્યા મુજબ તેનો અમલ કરવા સુધારાત્મક પગલાં લેવાશે.

3.1.4.3 દુધ સંજીવની યોજના હેઠળ દુધ પૂરું પાડવું

GoG ના શિક્ષણ વિભાગે રાજ્યના બે વિકસતા તાલુકાઓ જેવા કે પાટણ જિલ્લાના સંતલપુરમાં અને અરવલ્લી જિલ્લાના મોડાસામાં પ્રાથમિક ધોરણે "દુધ સંજીવની યોજના" શરૂ કરી (2014-15) હતી. યોજનાનો હેતુ કૂપોષણના મુદ્દાને ધ્યાને લેવાનો હતો. વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસણી કર્યા પછી અને મૂલ્યાંકન તથા અધ્યયન કર્યા પછી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર તેની સકારાત્મક અસર થાય છે કે કેમ તે અંગે આ યોજનાનું આંકલન કરશે. "અમુલ" ની છત્રછાયા હેઠળ કામ કરતાં જિલ્લા સહકારી દુધ-યુનિયનોએ દુધ પૂરું પાડવાનું થતું હતું અને તે ખર્ચ નાયબ કલેક્ટર્સ (MDM) દ્વારા પુન:પ્રાપ્ત કરાતો હતો. આ યોજના ધીરે ધીરે અન્ય જીલ્લાઓમાં લંબાવાઇ હતી.

નમૂના-તપાસેલ પાંચ જિલ્લાઓમાંથી, ત્રણ જિલ્લાઓમાં (બનાસકાંઠા, પંચમહાલ અને વલસાડ[14]) યોજનાનું અમલીકરણ કરાયું હતું. વર્ષ 2015-16 થી 2017-18 ના સમયગાળા દરમિયાન બનાસકાંઠા જીલ્લામાં, ઓડિટે નોંધ્યું હતું કે યોજના હેઠળ આવરી લેવાયેલ વિદ્યાર્થીઓની રોજીંદી સરેરાશ સંખ્યા 1,25,961 થી ઘટીને 91,489 વિદ્યાર્થીઓ, અને પંચમહાલ જીલ્લામાં 31,574 થી ઘટીને 18,188 થઈ હતી.

નમૂના-તપાસેલ 11 તાલુકાઓમાંથી, ત્રણ તાલુકાઓમાં[15] શિક્ષણ વિભાગ દ્વારા યોજનાનુ અમલીકરણ કરાતું હતું. રેકોર્ડની ચકાસણીમાં એવું ઉજાગર થયું હતું કે ત્રણ નમૂના-તપાસેલ તાલુકાઓની કોઈપણ શાળાઓએ પ્રાપ્ત કરેલ અને વપરાશ કરેલ દૂધના પાઉચનો મામલતદારને અહેવાલ આપ્યો ન હતો, જોકે કમિશ્નર દ્વારા અપાયેલ સૂચનાઓ મુજબ એ જરૂરી હતું. મુલાકાત લીધેલ આઠમાંથી પાંચ શાળાઓમાં, પંચમહાલ જિલ્લાના સહેરા તાલુકામાં, મુલાકાતના દિવસે પ્રાપ્ત થયેલ 270 દૂધના પાઉચમાંથી 142 (53 ટકા) પાઉચ વણવપરાયેલ પડી રહ્યા હતા અને શાળાઓ પાસે તેનો ઠંડી

14 આ યોજના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકાઇ હતી, તેથી, યોજનાના અમલીકરણની હદને ઓડિટમાં આવરી લેવાઈ નહતી.

15 દિયોદર અને વાવ (બનાસકાંઠા) અને સહેરા (પંચમહાલ)

જગ્યાએ સંગ્રહ કરવાની સગવડ ન હતી જેથી પછીથી અથવા બીજા દિવસે તેનો ઉપયોગ થઈ શકે. ઓડિટે સંયુક્ત મુલાકાતમાં વધુમાં નોંધ્યું હતું કે વપરાયેલા દૂધના પાઉચ ખુલ્લી જગ્યામાં ફેંકાતા હતા અથવા ખુલ્લામાં બાળી નાખતા હતા, જે પર્યાવરણીય જોખમ ઊભું કરી શકે છે.

વિભાગે કોઈ જવાબ આપ્યો ન હતો. તેમ છતાં, સમાપન બેઠકમાં, સચિવે (19 જૂન 2019) જણાવ્યું હતું કે જિલ્લાઓ પાસેથી માહિતી મેળવાશે અને સુધારાત્મક પગલાં લેવાશે.

3.1.5 ભોજન પીરસવું

3.1.5.1 NGOs દ્વારા સંચાલિત કેંદ્રસ્થ રસોડાઓ

સપ્ટેમ્બર 2010 અને સપ્ટેમ્બર 2017 માં જારી કરાયેલ માર્ગદર્શિકા (2006) અને MHRD ની સૂચનાઓમાં કેંદ્રસ્થ રસોડાઓ માટે શહેરી વિસ્તારોમાં જ્યાં જગ્યાની મર્યાદાઓ છે ત્યાં NGOs ને તેના સંચાલનમા રોકવાની જોગવાઈ છે. આ મુજબ, ત્રણ NGOs ને પાંચ જિલ્લાઓના સ્થળો[16] અને પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશનો (MCs) [17] ના વિસ્તારોમાં રોકવામાં આવી હતી.

ઓડિટે નમૂના-તપાસેલ જિલ્લાઓમાં (VMC વિસ્તાર અને વડોદરા અને વલસાડ જિલ્લાના સ્થળો) કેંદ્રસ્થ રસોડા ચલાવનારા બે NGOs[18] ના રેકોર્ડની તપાસ કરવામાં આવી હતી. ઓડિટના તારણોની ચર્ચા નીચે કરાઇ છે -

- ***ગરમ ભોજન પીરસાયુ નહતું***

MHRD એ જારી કરેલ સૂચનાઓ (સપ્ટેમ્બર 2017) મુજબ, કેંદ્રસ્થ રસોડાઓ દ્વારા શાળાઓમાં અપાતા ખોરાકનું પીરસતી વખતે ઓછામાં ઓછું 65°C તાપમાન હોવું જોઈએ. વલસાડ જિલ્લાની શાળાઓના સ્થળોની સંયુક્ત મુલાકાતમાં, ઓડિટે નોંધ્યું હતું કે NGO દ્વારા પીરસાતો ખોરાક ગરમ નહતો અને મુલાકાત લીધેલ કોઈપણ શાળાઓ પાસે તાપમાન ચકાસવાની કોઈ સગવડ નહતી. વડોદરા જીલ્લામાં, ઓડિટે શાળામાં ખોરાક પીરસવાના સમયે તાપમાન ચકાસયુ અને જાણ્યું કે તાપમાન નિયત ધોરણોથી નીચું હતું.

સમાપન બેઠકમાં (19 જૂન 2019) સચિવે જણાવ્યું હતું કે ખોરાક આપતા સમયે તાપમાન માપવા માટેની પદ્ધતિ વિકસીત કરાશે અને યોજનાની માર્ગદર્શિકા મુજબ ગરમ રાંધેલો ખોરાક અપાય તે સુનિશ્ચિત કરવામાં આવશે.

- ***રાંધેલા ખોરાકની માત્રા અને પોષક મૂલ્યની ચકાસણી કરાઈ નહીં***

નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ, 2013 હેઠળ જારી કરાયેલ MDM ના નિયમો 2015માં જોગવાઈ છે કે બાળકોને પૂરો પડાતા રાંધેલા ગરમ ખોરાકનું મૂલ્યાંકન અને પ્રમાણીકરણ ગવર્નમેંટ ફૂડ રિસર્ચ લેબોરેટરી અથવા અન્ય કોઈ કાયદા દ્વારા માન્યતા પ્રાપ્ત અથવા સ્વીકૃત લેબોરેટરી દ્વારા પ્રમાણીકરણ અને મૂલ્યાંકન કરાશે કે જેથી ભોજન નિર્ધારીત પોષણના ધોરણો અને ગુણવત્તા મુજબ છે કે કેમ તે સુનિશ્ચિત કરી શકાય.

ઓડિટે નોંધ્યું હતું કે કમિશ્નરે એવી કોઈ યંત્રણા વિકસાવી નહતી જેથી NGOs દ્વારા પૂરો પડાતો ખોરાક નિર્ધારીત જથ્થા અને ગુણવત્તા ધરાવે છે કે કેમ તે તપાસી શકાય, ન તો કમિશ્નર કે વડોદરા

16 અમદાવાદ, ગાંધીનગર, નવસારી, વડોદરા અને વલસાડ

17 અમદાવાદMC, ભાવનગર MC, રાજકોટ MC, વડોદરા MC અને સુરત MC

18 વડોદરા VMC દ્વારા સંચાલિત અને શાળાઓ ને જિલ્લા સ્થળ (વડોદરા (શહેર), વડોદરા (ગ્રામ્ય), પાદરા અને વાઘોડિયા) અક્ષય પાત્ર દ્વારા વલસાડ જીલ્લામાં (વલસાડ, પારડી, ઉમરગામ અને વાપી) માં સ્ત્રી શક્તિ દ્વારા MDM અપાતું હતું

અને વલસાડ જિલ્લાઓના જિલ્લા સત્તાધીશોએ 2015-16 થી 2017-18 ના સમયગાળા દરમિયાન રાંધેલા ખોરાકના નમૂનાઓ લીધા ન હતા જેથી તેના પોષણ મૂલ્યનું પરીક્ષણ કરી માપી શકાય. જોઇન્ટ રિવ્યુ મિશન[19] (JRM) ની ટીમ જેને વડોદરાની શાળાઓની મુલાકાત (માર્ચ 2018) માં લીધી હતી તેના રિપોર્ટમાં નિર્દેશ કર્યો હતો કે NGO દ્વારા અપાતો ખોરાક MDM હેઠળ નિર્ધારીત કરેલ પોષક મૂલ્ય ધરાવતો નહતો.

કેંદ્રસ્થ રસોડાની સુધારેલી માર્ગદર્શિકા (2017) માં દર્શાવ્યું છે કે મેનૂ પ્રમાણે રાંધેલા ભોજનના વજનના ધોરણોનું રાજ્યના સત્તાધીશોએ અને NGO વચ્ચે પરામર્શ દ્વારા અંતિમ સ્વરૂપ આપવું જોઈએ જેથી ધારા ધોરણ મુજબ ગરમ રાંધેલા ખોરાકનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે. આમ છતાં ઓડિટે નોંધ્યું હતું કે કમિશ્નરે રાંધેલા ભોજનના વજન માટે કોઈ ધોરણો નિયત કર્યા નહતા. વધુમાં, શાળાએ પહોંચાડાતા ખોરાકના વજનની નમૂના-તપાસણી કરવાની કોઈ પદ્ધતિ ન હતી.

કમિશ્નરે જણાવ્યું (જાન્યુઆરી 2019) હતું કે પોષણ મૂલ્ય માપવા માટે, તાપમાન અને વજન માટેના ધોરણોની પદ્ધતિ વિકસાવવામાં આવશે. આ દર્શાવતુ હતું કે નિયત કરાયેલ ધારાધોરણ મુજબ NGOs દ્વારા પૂરા પડાતા ભોજન પર વિભાગ દ્વારા દેખભાળની ખામી હતી. સમાપન બેઠકમાં (19 જૂન 2019) સચિવે જણાવ્યું હતું કે આ બાબતમાં સૂચનાઓ જારી કરવામાં આવશે અને તેનું તે મુજબ અમલીકરણ સુનિશ્ચિત કરાશે.

3.1.6 નાણાકીય સંચાલન

3.1.6.1 અંદાજ અને ખર્ચ

GoG તેના પોતાના ફાળા[20] સાથે GoI ના અપેક્ષિત ફાળા માટે બજેટમાં જોગવાઈ કરે છે. GoI નો ફાળો રાજ્યના એકીકૃત ભંડોળમાં જમા કરાય છે અને તેને રાજ્યના ફાળા સહિત શિક્ષણ વિભાગને હવાલે કરાય છે, જે બદલામાં, જિલ્લા અને તાલુકા સ્તરે યોજનાનુ અમલીકરણ કરતી સંસ્થાઓને MDM કમિશ્નર મારફત અનુદાન મુક્ત કરે છે. બજેટ ફાળવણી, મુક્ત કરાયેલ અનુદાન અને યોજના હેઠળ 2015-16 થી 2017-18 ના સમયગાળા દરમિયાન થયેલ ખર્ચની વિગતો નીચે **કોષ્ટક 4** માં દર્શાવી છે –

કોષ્ટક 4: બજેટ ફાળવણી અને ખર્ચની વિગતો

(₹ કરોડમાં)

વર્ષ	બજેટ ફાળવણી			મુક્ત કરાયેલ અનુદાન			ખર્ચ			મુક્ત કરાયેલ અનુદાનના પ્રમાણમાં થયેલ ખર્ચની ટકાવારી
	GoI	GoG	કુલ	GoI	GoG	કુલ	GoI	GoG	કુલ	
2015-16	432.32	470.14	902.46	388.30	458.22	846.52	396.35	442.44	838.79	99
2016-17	424.68	523.44	948.12	330.66	498.22	828.88	323.46	485.02	808.48	98
2017-18	408.50	517.48	925.98	398.56	503.25	901.81	386.33	386.53	772.86	86

(સ્ત્રોત : MDM ના કમિશ્નર દ્વારા પૂરી પડાયેલ માહિતી)

19 યોજનાના અસરકારક અમલીકરણ માટે MDM યોજનાની માર્ગદર્શિકામાં ઉજાગર કર્યા પ્રમાણે અને તે અંગે પોલિસી બાબતના સૂચનો મુજબ દેશના વિવિધ રાજ્યોમાં તેની કામગીરીની સમિક્ષા કરવા GoI એ 2009 માં રચના કરી હતી. ટીમમાં આરોગ્ય અને પોષણ બાબતના વિવિધ યુનિવર્સિટીઝ અને સરકારી સંસ્થાનોમાંથી લેવાયેલા નિષ્ણાતોનો સમાવેશ કરાયો છે.

20 રાજ્ય પ્રયોજીત બે યોજનાઓ ("દૂધ સંજીવની" અને "અન્ન ત્રિવેણી")

વર્ષ 2017-18 ના સમયગાળા દરમિયાન થયેલ ખર્ચમાં ઘટનું કારણ મુખ્યત્વે આદિજાતિ કન્યાઓને મફત અનાજની રાજ્ય પ્રયોજીત યોજના માટે અનાજની પ્રાપ્તીમાં GSCSC ને નિષ્ફળતા, કઠોળના ભાવમાં ઘટાડો અને કઠોળ પ્રાપ્તીમાં ઘટાડો હોવાને લીધે હતો.

3.1.6.2 ખર્ચનું અતિરેક ભર્યું રિપોર્ટીંગ

યોજનાના માર્ગદર્શિકામાં મેનેજમેન્ટ, મોનિટરિંગ એન્ડ ઈવેલ્યુએશન (MME) ના ઘટક હેઠળ અનુદાનની જોગવાઈ છે, જેમાંથી 50 ટકા રાજ્ય સ્તરે અને બાકીના 50 ટકા માનવ શક્તિ, પરિવહન, ફર્નિચર, વગેરે અન્ય ખર્ચ રાજ્ય સરકારને યોગ્ય જણાશે તેમ, શાળા સ્તરે વાપરી શકાય છે.

વર્ષ 2015-16 થી 2017-18 ના સમયગાળા દરમિયાન, MHRD એ ₹ 21.62 કરોડ GoG ને મુક્ત કર્યા હતા. આમાથી, ED એ ₹ 20.16 કરોડ કમિશ્નરને (MDM) મુક્ત કર્યા હતા. રેકોર્ડની ચકાસણીમાં એવું ઉજાગર થયું હતું કે કમિશ્નરે વપરાશનું પ્રમાણપત્ર ₹ 20.17 કરોડનું પૂરેપૂરા વાપર્યા તરીકે રજૂ કર્યું હતું, જોકે કમિશ્નર દ્વારા ફક્ત ₹ 7.46 કરોડ તો ઓફિસ ખર્ચ અને કમિશ્નર, જિલ્લા અને તાલુકા સ્તરે કરાર આધારિત સ્ટાફના પગાર પેટે વપરાયા હતા અને વણ-વપરાયેલ ₹ 28.62 કરોડની બેલેન્સ કમિશ્નર ના બેન્ક ખાતામાં પડી રહી હતી (અગાઉના વર્ષનું વણ-વપરાયેલ બેલેન્સ અને તેના પર મળેલ વ્યાજ સહિત). વધુમાં ઓડિટે નોંધ્યું હતું કે વર્ષ 2015-16 થી 2017-18 ના સમયગાળા દરમિયાન શાળા સ્તરે કોઈ રકમ ખર્ચાઈ નહતી. કમિશ્નરે જણાવ્યુ હતું (ઓક્ટોબર 2018) કે MME નું ભંડોળ કાયમી છે અને રદ થાય તેવું નથી તેથી પૂરેપૂરા ભંડોળના વપરાશનું પ્રમાણ પત્ર અપાયું હતું. આમ, કમિશ્નરે વપરાશનું ખોટું પ્રમાણપત્ર મંત્રાલયને રજૂ કર્યું હતું.

3.1.6.3 રસોડાના અધ્યતન સાધનો પર કરેલો વ્યર્થ ખર્ચ

MHRD ના પત્રના આધારે ED ના અગ્ર સચિવે (PS) એ ઉચ્ચ ક્ષમતાવાળા રાંધવાના સાધનો જેવા કે પ્રેશર કુકર, પેન્સ, ઢોકળા મેકર, ચટણી મેકર, ગેસ બર્નર વિગેરે પૂરા પાડીને રસોડાની કક્ષા ઊંચી લાવવાનું પ્રાયોગિક ધોરણે 500 શાળાઓ કે જેમાં 500 થી વધુ વિદ્યાર્થીઓ હતા, તેમાં ખોરાકનું પોષણ મૂલ્ય વધારવાના હેતુથી હાલના રસોડાઓ પરંપરાગત અને વધુ શ્રમ પડે તેવા સાધનો વાળા હતા.

એવી દરખાસ્ત કરવામાં આવી હતી (એપ્રિલ 2014) કે શાળા રસોડાને કેંદ્રસ્થ રસોડામાં તબદીલ કરવામાં આવશે જ્યાંથી નજીકની શાળાઓમાં MDM ને સેવા આપી શકાય. તેના આધારે, વર્ષ 2014-15 ના બજેટમાં 500 શાળાઓને આધુનિક બનાવવા માટે ₹ 25.00 કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. સપ્ટેમ્બર 2014 માં, વધારાના મુખ્ય સચિવે (નાણાં વિભાગ) ED ને સૂચવ્યું હતું કે સૂચિત 500 શાળાઓની સામે પાયલોટ ધોરણે 50 શાળાઓમાં આ પ્રોજેકટ શરૂઆતમાં લાગુ કરવામાં આવે. તદ-અનુસાર, ED એ 50 શાળાઓ માટે વહીવટી મંજૂરી (સપ્ટેમ્બર 2014) આપી હતી એવી શરત સાથે કે આ પ્રોજેક્ટને એક વર્ષની વોરંટી અને બે વર્ષના વાર્ષિક જાળવણી કરાર સાથે ટર્નકી ધોરણે લાગુ કરવામાં આવે. તેમાં વધુમાં જણાવાયું હતું કે બાકીની 450 શાળાઓમાં MDM ના કમિશ્નરની ચોક્કસ દરખાસ્ત અને ત્રાહિત પક્ષ દ્વારા તેના પરની અસરના વિશ્લેષણ બાદ પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવશે. જોકે ED એ ફેબ્રુઆરી 2015 માં, અગાઉની મંજૂરીમાં દર્શાવેલ શરતોની પરિપૂર્ણતાની ચકાસણી વગર જ બાકીની 450 શાળાઓને વહીવટી મંજૂરી આપી હતી. ED એ વર્ષ 2014-15 દરમિયાન, 756 શાળાઓ[21] અને વર્ષ 2015-16 માં 500 શાળાઓને ₹ 53.42 કરોડની કિંમતના સાધનો પૂરા પાડ્યા હતા.

21 વર્ષ 2014-15 ના સમયગાળા દરમિયાન અનુદાનની બચતમાંથી વધુ 256 શાળાઓ આવરી લેવાઈ હતી

ઓડિટે નોંધ્યું હતું કે પ્રોજેક્ટના અમલીકરણ માટે ED દ્વારા MHRD ના પત્રનો ઉલ્લેખ કરવામાં આવે છે અને રસોડાના આધુનિકરણ વિષે કોઈ ઉલ્લેખ નથી, પરંતુ તેમાં દેશની શાળાના વિદ્યાર્થીઓની નબળા પોષણની સ્થિતીનો ઉલ્લેખ કરાયો છે. શાળાઓની સંયુક્ત મુલાકાતમાં (જૂન થી ઓગષ્ટ 2018), એવું જણાયું હતું કે 2015-16 અને 2016-17 ના સમયગાળા દરમિયાન નમૂના-તપાસેલ સાત તાલુકાઓની[22] 64 શાળાઓને પૂરા પડાયેલ સાધનો ઉપયોગમાં લેવાયા નહતા ને તે પૂરા પાડયા ત્યારથી વપરાયા વગર પડી રહ્યા હતા.

સમાપન બેઠકમાં સચિવે (19 જૂન 2019) જણાવ્યુ હતું કે સાધનોના બિન-વપરાશ અંગે વિભાગ વધુ ચિંતિત છે, જો કે, અન્ય કેટલાક વિભાગમાં જ્યાં ઉપયોગિતા સાથે સેવા આપી શકે ત્યાં, તેના વપરાશની શક્યતાનું મૂલ્યાંકન કરાશે.

3.1.7 ગુણવત્તા નિયંત્રણ

3.1.7.1 અનાજ આપતી વખતે તેની ગુણવત્તા ચકાસવી

કમિશ્નર MDM દ્વારા અપાયેલી સૂચનાઓ (ઓગષ્ટ 2012 અને જાન્યુઆરી 2017)મુજબ, જિલ્લા ને તાલુકા સ્તરે દરેક ડેપ્યુટી કલેક્ટરે અને મામલતદારે દર મહિને રાંધ્યા વિનાના અનાજના 10 નમૂના શાળાઓમાંથી રેંડમ રીતે લેવા પડશે અને તેનું પરીક્ષણ ગવર્નમેંટ લેબોરેટરીઝ ઓફ ફૂડ એન્ડ ડ્રગ્ઝ કંટ્રોલ એડ્મિનિસ્ટ્રેશન (FDCA), મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એન્ડ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઝ (FSL) દ્વારા કરાવવાનું રહેશે.

કમિશ્નર MDM દ્વારા વર્ષ 2017-18 ના સમયગાળા દરમિયાન પૂરા પડેલા એન્યુઅલ વર્ક પ્લાન અને બજેટના રેકોર્ડ્ઝ પરથી, ઓડિટે નોંધ્યું હતું કે 220 નમૂનાઓનું પરીક્ષણ કરાયું હતું. રેકોર્ડ્ઝમાં એવું પણ દર્શાવાયું હતું કે આમાંના 52 નમૂનાઓ (24 ટકા) ઊતરતી કક્ષાના જણાયા હતા. વર્ષ 2015-18 ના સમયગાળા દરમિયાન જિલ્લાઓ કે તાલુકાઓ સ્તરે પૂરતી સંખ્યામાં ગુણવત્તાની ચકાસણી કરાઇ હતી કે કેમ તેની ખાતરી આ બાબતના કોઈ રેકોર્ડ્ઝ નિભાવવામાં આવતા ન હોવાને લીધે ઓડિટ કરી શક્યું ન હતું.

કમિશ્નરે જણાવ્યું (જાન્યુઆરી 2019) હતું કે ઊતરતી કક્ષાની ગુણવત્તા બાબતે પગલાં લેવા માટે GSCSC જવાબદાર છે.

3.1.7.2 રાંધેલા ખોરાકનું પરીક્ષણ

નેશનલ ફૂડ સિક્યોરિટી (NFS) એક્ટ, 2013 અનુસાર MDM નિયમો (સપ્ટેમ્બર 2015) પ્રમાણે FDCA દ્વારા પોષક મૂલ્યની ચકાસણી કરવા માટે રાંધેલા ખોરાકની ચકાસણી કરવાની જોગવાઈ છે. વર્ષ 2015-18 ના સમયગાળા દરમિયાન, FDCA એ MDM કેન્દ્રો અને NGOs દ્વારા ચલાવાતા કેંદ્રસ્થ રસોડાઓમાંથી રાંધેલા ખોરાકના 1,850 નમૂનાઓ ગુણવત્તા પરીક્ષણ માટે લીધા હતા. આમાંથી, 16 નમૂનાઓ ગુણવત્તા પરિક્ષણમાં નિષ્ફળ રહ્યા હતા. જો કે, ઓડિટે નોંધ્યું હતું કે FDCA એ MDM નિયમમાં દર્શાવ્યા મુજબ ખોરાકના પોષક મૂલ્યની ચકાસણી કરવા માટે કોઈ પરીક્ષણ હાથ ધર્યું ન હતું.

સમાપન બેઠકમાં (19 જૂન 2019) સચિવે જણાવ્યુ હતું કે રાંધેલા ખોરાકનું પરીક્ષણ કમિશ્નર (FDCA) દ્વારા કરાય તે સુનિશ્ચિત કરાશે.

22 બનાસકાંઠા (દાંતા-14, દિયોદર-07 અને વાવ-13), પંચમહાલ (ગોધરા-12 અને સહેરા-11), વડોદરા (કરજણ -02) અને વલસાડ (કપરાડા-05)

3.1.8 માનવબળની ઉપલબ્ધતા

માર્ચ 2018 ની સ્થિતીએ રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરે યોજના હેઠળ મંજૂર કરાયેલા પદોની સામે ઉપલબ્ધ માનવબળની સ્થિતી નીચે **કોષ્ટક 5** માં દર્શાવેલ છે -

કોષ્ટક 5: 31 માર્ચ 2018 ના રોજ કર્મચારીઓની ઉપલબદ્ધતા ની સ્થિતી

સ્તર	પદો	મંજૂર કરાયેલ પદો	31 માર્ચ 2015 ની સ્થિતીએ			મંજૂર કરાયેલ પદો	31 માર્ચ 2018 ની સ્થિતીએ		
			ભરાયેલ પદો	ખાલી પદો	ખાલી પદોની ટકાવારી		ભરાયેલ પદો	ખાલી પદો	ખાલી પદોની ટકાવારી
રાજ્ય	કમિશ્નર	1	1	0	0	1	1	0	0
	સંયુક્ત કમિશ્નર	1	1	0	0	1	0	1	100
	સહાયક કમિશ્નર	2	1	1	50	2	1	1	50
	નાયબ મામલતદાર	3	3	0	0	3	3	0	0
જિલ્લો	નાયબ કલેક્ટર	31	8	23	74	33	16	17	52
	જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી	11	3	8	73	12	6	6	50
તાલુકો	નાયબ મામલતદાર	410	226	184	45	410	176	234	57
	MDM નિરીક્ષક	129	100	29	22	201	182	19	9

(સ્તોત્ર: કમિશ્નર, MDM દ્વારા પૂરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે જિલ્લા અને તાલુકા સ્તરે કર્મચારીઓની અછત હતી. યોજનાના અસરકારક અમલીકરણ માટે નાયબ કલેક્ટર મામલતદાર/નાયબ મામલતદાર એ મહત્વના પદો છે. માર્ચ 2018 ની સ્થિતી એ આ જગ્યા માટે ખાલી પદો અનુક્રમે 52 અને 57 ટકા હતા. મહત્વના પદોમાં અછતને લઈ આગળના ફકરાઓમાં ચર્ચા કર્યા મુજબ નિરીક્ષણ અને દેખરેખની ખામીમાં પરિણમ્યું હતું.

3.1.8.1 શાળાઓના નિરીક્ષણમાં કમી

યોજનાની માર્ગદર્શિકાઓમાં રાજ્ય સરકાર દ્વારા MDM શાળાઓ માટે નિરીક્ષણની પદ્ધતિઓ વિકસાવવાની જોગવાઈ છે. ED એ એપ્રિલ 1985 માં નિરીક્ષણ માટેના ધોરણો નિયત કર્યા હતા ને એપ્રિલ 2002[23] માં તેનું પુન:ઉચ્ચારણ કર્યું હતું.

વર્ષ 2015-16, 2016-17 અને 2017-18 દરમિયાન AWP&B માં આવરી લેવાયેલ (કોષ્ટક 1 માં દર્શાવ્યા મુજબ) 34,511 શાળાઓ, 33,771 શાળાઓ અને 33,453 શાળાઓની સામે વર્ષ 2015-16 થી 2017-18 દરમિયાન GoI ને પ્રસ્તુત કરાયેલ ત્રિમાસિક પ્રગતી રિપોર્ટ (QPR) મુજબ વર્ષ 2015-16, 2016-17 અને 2017-18 માં અનુક્રમે 73,999 શાળાઓ (219 ટકા) 61,991 શાળાઓ (185 ટકા) 56,398 શાળાઓ (172 ટકા) ના નિરીક્ષણ કર્યા હોવાનો અહેવાલ કમિશ્નરે આપ્યો હતો. આમ છતાં, કોષ્ટક 6માં દર્શાવ્યા મુજબ ED દ્વારા નિયત કરાયેલ નિરીક્ષણોની સંખ્યા સામે વર્ષ 2015-16 થી 2017-18 દરમિયાન નમૂના-તપાસ કરાયેલ જિલ્લાઓમાં નાયબ કલેક્ટર દ્વારા કરાયેલ અને નમૂના-

23 નાયબ કલેક્ટર - 20, મામલતદાર -10, નાયબ મામલતદાર (નિરીક્ષણ) - 20, નાયબ મામલતદાર (વહીવટ) - 10 અને MDM નિરીક્ષક - 20

તપાસ કરાયેલ તાલુકાઓમાં મામલતદારો, નાયબ મામલતદારો અને MDM નિરીક્ષકો દ્વારા કરાયેલ નિરીક્ષણોમાં ખાધ ઓડિટના ધ્યાને આવી હતી, જેમાં GoI ને કમિશ્નર દ્વારા શાળાઓના નિરીક્ષણના વધારે પડતાં ઊંચા આંક દર્શાવાયા હતા.

કોષ્ટક 6: વર્ષ 2015-16 થી 2017-18 દરમિયાન નિરીક્ષણમા ખાધ

વર્ષ	નમૂના તપાસ કરાયેલ જિલ્લાઓ				નમૂના તપાસ કરાયેલ તાલુકાઓ			
	લક્ષ્યાંક[24]	સિદ્ધી	ખાધ	ખાધની ટકાવારી	લક્ષ્યાંક	સિદ્ધી	ખાધ	ખાધની ટકાવારી
2015-16	1100	213	887	81	22110	6219	15891	72
2016-17	1320	187	1133	86	31350	10917	20433	65
2017-18	1320	177	1143	87	31350	8808	22542	72
કુલ	**3740**	**577**	**3163**		**84810**	**25944**	**58866**	

(સ્તોત્ર : નમૂના તપાસ કરાયેલ જિલ્લાઓ અને MPRs માંથી મેળવાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે ડેપ્યુટી કલેક્ટર્સ દ્વારા જિલ્લા સ્તરે કરાયેલ નિરીક્ષણોમાં ઘટનો ગાળો 81ટકા (2015-16માં) થી 87 ટકા (2017-18 માં) અને મામલતદાર અને નાયબ મામલતદાર અને MDM નિરીક્ષકો દ્વારા કરાયેલ તાલુકા સ્તરના નિરીક્ષણોમાં 65 ટકા (2016-17 માં) અને 72ટકા (2015-16 અને 2017-18 માં) ઘટનો ગાળો રહ્યો હતો.

વધુમાં, નમૂના તપાસેલ જિલ્લાઓના MPRs એ નિયત કરેલા ચોક્કસ સમય દરમિયાન ફક્ત હાથ ધરેલ નિરીક્ષણોની સંખ્યાનો રિપોર્ટ કર્યો હતો નિરીક્ષણ કરેલ શાળાઓની સંખ્યાનો નહી, આમ કમિશ્નર દ્વારા GoI ને કરાયેલું રીપોર્ટિંગ જિલ્લાઓ પાસેથી કોઈ મૂળભૂત માહિતી મેળવ્યા વગર કરાયું હતું. ઓડિટે વધુમાં નોંધ્યું હતું કે નિરીક્ષણો કરાયાનો દાવો કરાયો હતો તે નિરીક્ષણો નિરીક્ષણ રિપોર્ટસના આધાર ધરાવતા ન હતા, તેના પર લેવાયેલા પગલાં/અથવા નિરીક્ષણના અનુસરણ કરાયા બાબત પણ જાણી શકાયું ન હતું.

કમિશ્નરે જવાબ આપ્યો (જાન્યુઆરી 2019) હતો કે જિલ્લા અને તાલુકા સ્તરે સ્ટાફની તીવ્ર અછત ને લીધે ધોરણો મુજબનું નિરીક્ષણ કરી શકાયું ન હતું. સમાપન બેઠકમાં (19 જૂન 2019) સચિવે પણ વિવિધ પદોમાં મોટી સંખ્યામાં ખાલી જગ્યાઓની ઘટને આ માટે કારણભૂત ગણાવી હતી અને તેઓ ખાલી જગ્યાઓની સ્થિતિની સમિક્ષા કરશે અને ખાલી જગ્યાઓ વહેલી તકે ભરવા પ્રયત્નો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આમ, ED દ્વારા નિરીક્ષણની પદ્ધતિનું અસરકારક રીતે અમલીકરણ કરાયું ન હતું.

3.1.8.2 શાળા સંચાલન સમિતીની કામગીરી

MDM નિયમો 2015 ની ધારણા છે કે શાળા સંચાલન સમિતિ (SMC) RTE એક્ટ, 2009 હેઠળ ફરજિયાત પણે MDM યોજનાના બાળકોને પૂરા પડાતાં ભોજનની ગુણવત્તા, રાંધવાની જગ્યાની સ્વછતા અને સ્વછતાની જાળવણી થાય તે જોશે.

24 વર્ષ 2015-16 ના સમયગાળા દરમિયાનનો બનાસકાંઠાનો ડેટા પ્રાપ્ય ન હોવાથી સમાવેશ કરાયો ન હતો

શાળાઓની સંયુક્ત સ્થળ તપાસ (જૂન થી ઓગષ્ટ 2018)દરમિયાન, ઓડિટની SMC ની મિનટ્સની ચકાસણીમાં એવું ઉજાગર થયું હતું કે MDM યોજનાને લગતા કિસ્સાઓની ચર્ચા કરાઈ ન હતી. ઓડિટ દ્વારા SMC ના સભ્યો સાથેની વાતચીતમાં એવું બહાર આવ્યું હતું કે તેઓ વિદ્યાર્થીઓની હક્કદારી,શાળાએ પ્રાપ્ત કરેલ અનાજના જથ્થાની સ્થિતી, અને અનાજના જથ્થાની ગુણવત્તા અને અન્ય યોજના સંબંધિત બાબતો વિષે તેઓ અજાણ હતા. આ બાબત MHRD ની જોઈન્ટ રિવ્યૂ મિશન ટીમના 2013 ના રિપોર્ટ માં પણ નિર્દેશિત કરાઈ હતી. કમિશ્નરે જણાવ્યુ હતું (જાન્યુઆરી 2019) કે SMC ના સભ્યોને યોજનાની માહિતી અપાઈ છે અને તેઓને યોજનાના અમલીકરણ માટે તાલીમ આપવામાં આવશે. આમ, યોજનાની સામુદાયિક દેખરેખનું કાર્ય અસરકારક રીતે થયું ન હતું.

3.1.9 જોઈન્ટ રિવ્યૂ મિશન દ્વારા અસરકારક આકારણી

યોજનાના અમલીકરણ માટે GoI એ જોઈન્ટ રિવ્યૂ મિશનની (JRMs) રચના (2009) કરી હતી. 10 મી JRM ટીમે 05 માર્ચ અને 12 માર્ચ 2018 દરમિયાન રાજ્યની મુલાકાત લીધેલ અને તેમાં બનાસકાંઠા અને વડોદરા જિલ્લાઓના 1,000 વિદ્યાર્થીઓને આવરી લીધા હતા. મિશને રિપોર્ટ કર્યો હતો કે 30 ટકા વિદ્યાર્થીઓ પ્રમાણસર દુબળા અને 13 ટકા વિદ્યાર્થીઓ અત્યંત દુબળા હતા. વિદ્યાર્થીઓનો ઊંચો વિકાસ[25] નો દર 4.2 અને 5.4 ટકા વચ્ચે અને 18.70 ટકા વિદ્યાર્થીઓમાં પ્રમાણસર વિકાસ રિપોર્ટ કરાયો હતો. અત્યંત ઓછા વજનવાળા 12.90 ટકા વિદ્યાર્થીઓ જ્યારે પ્રમાણસર વજન વાળા 34 ટકા વિદ્યાર્થીઓ હોવાનો અહેવાલ અપાયો હતો. JRM એ વિદ્યાર્થીઓએ લીધેલ ખોરાકના પોષણ મૂલ્યનું પૃથકરણ કર્યું હતું અને રિપોર્ટ આપ્યો હતો કે માપેલ ખોરાકના જથ્થામાં MDM ના ધોરણો મુજબ એનર્જિ અને પ્રોટીનના ઘટકોમાં ઉણપ હતી.

3.1.10 ઉપસંહાર

ઓડિટે કમિશ્નર (MDM) દ્વારા GoI ને યોજના હેઠળ આવરી લેવાયેલ શાળાઓના અને વિદ્યાર્થીઓ બાબતે ખોટું રીપોર્ટીંગ કર્યાનું નોંધ્યું હતું. AWP&B માં આવરી લેવાયેલ શાળાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યા SSA ના રેકોર્ડ્ઝ મુજબ રાજ્યની શાળાઓની વાસ્તવિક સંખ્યા કરતાં વધુ હોવાનું રિપોર્ટીંગ થયું હતું. તેવી જ રીતે, નમૂના-તપાસેલ જીલ્લોઓના આંકડા અને કમિશ્નર દ્વારા રિપોર્ટ કરાયેલા વિદ્યાર્થીઓના કવરેજના આંકડામાં વિસંગતતા હતી.

વર્ષ 2015-18 દરમિયાન GoI ને અનાજના બંધ સ્ટોકનું ઓછું રિપોર્ટીંગ કરી રહ્યા છે, જો કે, GSCSC ના ગોદામોમાં અનાજનો મોટા પ્રમાણમાં બંધ સ્ટોક હતો. સમગ્ર રાજયમાં સમાન મેનૂ રાખી વિદ્યાર્થીઓને પોષક તત્વોનું પ્રમાણ વધારી ખોરાક આપવા માત્ર બપોરના ભોજનને સવારના નાસ્તા અને બપોરના ભોજનમાં વિભાજિત કરવાનો હેતુ પ્રાપ્ત કરાયો ન હતો. બાળકોને ગુણવત્તાયુક્ત અનાજનો રાંધેલો ખોરાક પૂરો પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટેની તપાસ અસરકારક રીતે લાગુ પાડવામાં આવી ન હતી

25 યોગ્ય રીતના વિકાસ અને વર્ધનને અવરોધે છે

પંચાયત ગ્રામીણ આવાસ અને ગ્રામીણ વિકાસ વિભાગ

3.2 રુર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમનું અમલીકરણ

3.2.1 પ્રસ્તાવના

ગુજરાત સરકારે ગ્રામીણ વિસ્તારોમાં શહેરી પ્રકારની સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્યથી (માર્ચ 2009) "રુર્બન યોજના" શરૂ કરી. આ યોજનાની મોટી ફલશ્રુતિ ગ્રામીણ-શહેરી વિભાજનને દૂર કરવાની હતી જેવી કે, આર્થિક, તકનીકી સંબંધિત સુવિધાઓ અને સેવાઓ. આ યોજના શરૂઆતમાં કે જેમાં 10,000 (7000 આદિવાસી ગામોના કિસ્સામાં)થી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતો (GPs) છે તે તમામ તાલુકા મથકોમાં લાગુ કરવાનું આયોજન હતું. આ યોજનામાં પીવાના પાણી, પેટા/આંતરિક રસ્તાઓ, આરોગ્ય સુવિધાઓ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન અને પરિવહન જેવા સાત ઘટકોની અમલની કલ્પના કરવામાં આવી છે.

સાત ઘટકોમાંથી, રાજ્ય સરકારે એક ઘટક એટલે કે ભૂગર્ભ ગટર યોજના (UDS) ને બે તબક્કામાં 255 લક્ષિત ગામોમાં લાગુ કરવાનો નિર્ણય કર્યો. પ્રથમ તબક્કામાં, 84 ગામોની ઓળખ કરવામાં આવી હતી, જેમાં એવા ત્રણ ગામોનો સમાવેશ થયો હતો જ્યાં UDSને પાયલોટ પ્રોજેક્ટ તરીકે લેવામાં આવ્યો હતો. પાયલોટ પ્રોજેક્ટ્સની સફળતા બાદ, 81 ગામોમાં UDS મોટા પાયે રજૂ થવાનો હતો.

UDS નો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનું છે કે સમુદાયોમાંથી ગટરના સ્ત્રાવને યોગ્ય રીતે સંગ્રહિત, પરિવહન, શુધ્ધિકરણ અને સુરક્ષિત રીતે નિકાલ / આરોગ્ય અથવા પર્યાવરણીય જોખમોનું કારણ બન્યા વિના ફરીથી ઉપયોગમાં લેવામાં આવે છે. વિશિષ્ટ UDSમાં ગટર નેટવર્ક, મેનહોલ, સર્વિસ કનેક્શન્સ, સીવેજ લિફ્ટિંગ / પમ્પિંગ સ્ટેશનો, ઓક્સિડેશન તળાવ / વિકેન્દ્રિત કચરાના પાણીની શુધ્ધિકરણ યોજના / ગટરના શુદ્ધિકરણ પ્લાન્ટ (STP) નો સમાવેશ થાય છે, જે નીચે યોજનાકીય આકૃતિમાં બતાવ્યા પ્રમાણે છે.



પ્રથમ તબક્કાનો પ્રારંભ 2011 માં થયો હતો. નવેમ્બર 2018 સુધીમાં, 84 UDS પ્રોજેક્ટ્સમાંથી 68 પૂર્ણ થઈ ગયા હતા, 11 અમલ હેઠળ હતા જ્યારે પાંચ જાહેર આંદોલન, જમીન સંપાદન સમસ્યા

વગેરેને કારણે મોટે ભાગે છોડી દેવામાં આવ્યા હતા, ત્યારબાદ સપ્ટેમ્બર 2019 સુધીમાં, માત્ર એક જ ચાલુ પ્રોજેક્ટ પૂર્ણ થયો છે. બાકીના 171 ગામોમાં UDS પ્રોજેક્ટ, બીજા તબક્કામાં લેવામાં આવશે તેવો પ્રસ્તાવ, સપ્ટેમ્બર 2019 સુધી થયો ન હતો.

પ્રથમ તબક્કામાં લેવામાં આવેલા UDS પ્રોજેક્ટ્સ સકુશળ અને અસરકારક રીતે લાગુ કરવામાં આવ્યા હતા તેની ખાતરી મેળવવા, ઓડિટે સિમ્પલ રેંડમ સેમ્પલિંગ વિધાઉટ રિપલેશમેંટ મેથડ દ્વારા ગુજરાતના ચાર પ્રદેશમાંથી 33 જિલ્લા પંચાયતો (DPs)[26] ના 11 જિલ્લાઓના 84 પૈકી 19 પ્રોજેક્ટ્સ[27] (16 પૂર્ણ અને ત્રણ ચાલુ) ની પસંદગી કરવામાં આવી હતી. આ હેતુ માટે, ઓડિટે 19 જી.પી. અને 11 ડી.પી., વિકાસ કમિશનર (DC), પંચાયત, ગ્રામીણ આવાસ અને ગ્રામીણ વિકાસના (PRH&RDD) 2012-18ના સમયગાળાના રેકોર્ડની નમૂના-તપાસ કરેલ (ફેબ્રુઆરી 2018 થી જુલાઈ 2018).

રાજ્ય સરકાર દ્વારા મંજુર થયેલ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે DPના જિલ્લા વિકાસ અધિકારીઓ (DDO) જવાબદાર હતા. ત્યારબાદ, પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સને ઘરના જોડાણો અને કામગીરી અને જાળવણી (O&M) માટે સંબંધિત GPsને સોંપવાના હતા.

ઓડિટ દ્વારા સંબંધિત GPના તલાટી-કમ-મંત્રી(TCM)[28] ની સાથે UDS પ્રોજેક્ટ હેઠળ પૂર્ણ થયેલ 16 સંપત્તિઓનું સંયુક્ત નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય અને પર્યાવરણીય સમસ્યાઓનું મૂલ્યાંકન કરવા માટે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ના અધિકારીઓ સાથે ઓડિટ દ્વારા વિવિધ ઓક્સિડેશન તળાવ/ ગંદા પાણીને વિકેન્દ્રીકરણની પધ્ધતિથી શુધ્ધ કરાયેલ પાણીના નમૂના લેવામાં આવ્યા હતા અને તેને GPCBની પ્રયોગશાળાઓમાં પરીક્ષણ કરાયું હતું.

વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ (DPR), ગુજરાત જાહેર બાંધકામ મેન્યુઅલ, UDS પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે અપાયેલા ઠરાવો / સૂચનાઓ, કેન્દ્રીય જાહેર આરોગ્ય અને પર્યાવરણીય ઈજનેરી સંગઠન મેન્યુઅલ(CPHEEO) વિગેરે સામે ઓડિટે બેંચમાર્ક તારણો આપ્યા હતા.

ઓડિટના તારણો પર ચર્ચા કરવા માટે 29 નવેમ્બર 2018 ના રોજ PRH&RDDના મુખ્ય સચિવ સાથે એક્ઝિટ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. રાજ્ય સરકારનો જવાબ નવેમ્બર 2018 માં મળ્યો હતો અને તેને યોગ્ય રીતે ઓડિટ ફકરામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો.

ઓડિટના તારણો

3.2.2 આયોજનની પર્યાપ્તતા

3.2.2.1 શહેરી સ્વચ્છતા યોજનાની તૈયારી ન કરાઈ

નવેમ્બર 2013 માં CPHEEO દ્વારા જારી કરાયેલ ગટર અને ગટર વ્યવસ્થાપન પ્રણાલીના મેન્યુઅલ મુજબ, શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULB) પાસે એક શહેરી સ્વચ્છતા યોજના (CSP) હોવી જોઈએ અને તેના તમામ નાગરિકોને આર્થિક, પર્યાવરણ-મૈત્રીપૂર્ણ અને લાંબા ગાળા સુધી ટકે તેવી રીતે અમલમાં મૂકવાની કામગીરી હાથ ધરવી જોઈએ. શહેરની હાલની સ્વચ્છતા વ્યવસ્થા અને નવા પ્રોજેક્ટ્સ લેવાની તેમની તકનીકી અને આર્થિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને CSP તૈયાર થવો જોઈએ. નવા પ્રોજેક્ટ્સ શરૂ કરતાં પહેલાં હાલની સુવિધાઓની અસરકારકતાનું મૂલ્યાંકન કરવું અને તેમાં સુધારો કરવો તે સમજદારી

26 UDS પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે DPs જવાબદાર હતા

27 DP અરવલ્લી (ધનસુરા અને મેઘરજ GPs માં 02 પ્રોજેક્ટ્સ); DP. બનાસકાંઠા (અંબાજી અને દિયોદર GPs માં 02 પ્રોજેક્ટ્સ); DP દાહોદ (ગરબાડા અને લીમખેડા GPs માં 02 પ્રોજેક્ટ્સ); DP.ગાંધીનગર (રાંધેજા GP. ખાતે 01 પ્રોજેક્ટ); DP.જામનગર (જોડીયા અને લાલપુર GPs માં 02 પ્રોજેક્ટ્સ); DP. જૂનાગઢ (ભેસાણ અને મેંદરડા GPs માં 02 પ્રોજેક્ટ્સ); DP કચ્છ (મુન્દ્રા અને નલિયા GPs માં 02 પ્રોજેક્ટ્સ); DP.મહિસાગર (કડાણા અને વિરપુર GPs માં 02 પ્રોજેક્ટ્સ); DP.મહેસાણા (ગોઝારીયા GP ખાતે 01 પ્રોજેક્ટ); DP તાપી-વ્યારા (નિઝર અને વાલોડ GPs માં 02 પ્રોજેક્ટ્સ); અને વલસાડ DP (કપરાડા GP ખાતે 01 પ્રોજેક્ટ)

28 GPની બાબતોનું સંચાલન કરનાર એક સરકારી અધિકારી

રહેશે. રાજ્ય સરકારે ULB માટે CPHEEOદ્વારા નિર્ધારિત રુર્બન હેઠળ લેવામાં આવેલ UDSપ્રોજેક્ટ્સ માટેના સમાન માપદંડોનું પાલન કરવાનો નિર્ણય (જાન્યુઆરી ૨૦૧૧) કર્યો હતો. ઓડિટે નોંધ્યું છે કે 11 પસંદ કરેલા DPsમાંથી કોઈએ UDS પ્રોજેક્ટ્સ શરૂ કરતા પહેલા CSP તૈયાર કર્યો ન હતો.

વિકાસ કમિશનરે જણાવ્યું હતું કે (ઓગસ્ટ 2018) પ્રોજેક્ટ્સ DPRsના આધારે હાથ ધરવામાં આવ્યા હતા.

3.2.2.2 વિગતવાર પ્રોજેક્ટ અહેવાલોમાં ઉણપ

પ્રોજેક્ટ માટેની યોજના અને ઇચ્છિત ઉદ્દેશોની સિદ્ધિ મુખ્યત્વે DPR પર આધારિત છે. ખામીયુક્ત DPRs.ના પરિણામે અચોક્કસ ખર્ચની આગાહી થાય છે અને તે નોંધપાત્ર વધુ સમય અને ખર્ચ તરફ દોરી જાય છે.

નવેમ્બર 2013 માં CPHEEOદ્વારા જારી થયેલ ગટર અને ગટર વ્યવસ્થાપન પ્રણાલીના મેન્યુઅલ મુજબ, DPR તૈયાર કરતાં પહેલાં, ભૌતિક પાસાં, જેમ કે, જમીનની સ્થિતિ, ભૂગર્ભ જળની ઉંડાઈ, ગટરોની રચના અને STP.નું સ્થળ, શેરીઓ અને આજુબાજુના વિસ્તારોનું સ્થાન, અશુદ્ધ નિકાલના સ્થળો અને તેમની ઉપલબ્ધતા વગેરેનો સર્વે કરાવવો જોઇએ.

ગુજરાત ગ્રામીણ હાઉસિંગ બોર્ડ (GRHB) ને ટેન્ડર પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલા ખાનગી કન્સલ્ટન્ટ્સ દ્વારા ગામ સર્વેક્ષણો અને UDS પ્રોજેક્ટ્સ માટે DPRs તૈયાર કરવા માટે રાજ્યની નોડલ એજન્સી તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. પસંદ કરેલા 19 UDS પ્રોજેક્ટ્સમાં, GRHB દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ્સ, ગામડાઓના ભૌતિક સર્વેક્ષણ કર્યા વિના, GPs પાસેથી ડેટા એકત્રિત કરીને DPR તૈયાર કર્યા. જેના પરિણામે, સાઇટ્સની અયોગ્ય પસંદગી, ગટર નેટવર્ક દ્વારા હાલના ક્ષેત્રના ઓછું-કવરેજ, માટીના સ્તરના મૂલ્યાંકનને લીધે પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં વિલંબના કિસ્સાઓ બન્યાના દાખલાંઓ ઓડિટમાં સામે આવ્યા જેના કારણે સમય અને ખર્ચ વધુ થશે. PRH&RDDમાં ખાનગી કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરાયેલ DPRsની સચોટતા અને ચોકસાઈ તપાસવા માટે કોઈ ઓવરસાઇટ મિકેનિઝમ પણ નહોતી.

સાહજિક રીતે, PRH&RDDના સેક્રેટરીએ સ્વીકાર્યું (જૂન 2014) કે DPRs ની તૈયારીમાં ખામીઓ રહી હતી કે તેઓ જમીનની વાસ્તવિકતાઓથી વિચલિત થયા હતા અને તેથી, ઘટકોને ફરીથી ડિઝાઇન કરવા અથવા વૈકલ્પિક તકનીકીના રોજગાર તરફ દોરી ગયા હતા, જેને લઈ ઉપસ્થિત ખર્ચ અસરગ્રસ્ત હતો.

રાજ્ય સરકારે એ પણ સ્વીકાર્યું (નવેમ્બર 2018) કે કન્સલ્ટન્ટ્સે ભૌતિક સર્વેને બદલે ટોપોગ્રાફી દ્વારા DPRs તૈયાર કર્યા, જેના કારણે પ્રોજેક્ટ્સના અમલીકરણ દરમિયાન ખામીઓ ઉભી થઈ.

3.2.2.3 સંચાલન અને જાળવણી ખર્ચનો સમાવેશ નહીં

ડિસેમ્બર 2010 માં PRH&RDD દ્વારા જારી કરેલા નિર્દેશો મુજબ રુર્બન હેઠળ લેવામાં આવતા તમામ UDS પ્રોજેક્ટ્સમાં O&M ભાગ હોવો જોઈએ, જે કાયમી રીતે ટેન્ડરનો એક ભાગ બનશે. ઉપરોક્ત નિર્દેશોના અનુરૂપ, 84 UDS માંથી માત્ર એક પ્રોજેક્ટ્સ[29] માંજ પાંચ વર્ષ માટે O&M સાથે અમલમાં મૂકવામાં આવ્યો. તેમ છતાં, બાકીના 83 UDS પ્રોજેક્ટ્સમાં (પસંદ કરેલા 19 પ્રોજેક્ટ્સ સહિત), PRH&RDDએ, ટેન્ડર પરીક્ષણ વખતે, O&M માટે નીતિ નક્કી કરવામાં ન આવી હોવાના આધારે, ફક્ત સિવિલ કાર્યો (O&M ઘટકને બાદ કરતાં) માટે મંજૂરી આપી હતી.

પરિણામે, પસંદ કરેલા GPsના 16 પૂર્ણ થયેલ પ્રોજેક્ટ્સમાંથી,નવ પ્રોજેક્ટ્સ[30] (રાંધેજા પાયલોટ પ્રોજેક્ટ સહિત) O&M હેતુસર GP દ્વારા કબજો લેવામાં આવ્યો હતો. બાકીના સાત પ્રોજેક્ટ્સ[31]

29 રાંધેજા પાઇલોટ પ્રોજેક્ટ

30 દિયોદર, ધનસુરા, ગોઝારીયા, લાલપુર, નલિયા, નિઝર, રાંધેજા, વાલોડ અને વિરપુર

31 અંબાજી, ભેસાણ, ગરબાડા, જોડીયા, કપરાડા, લીમખેડા અને મેંદરડા

તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે GPs દ્વારા લેવામાં આવ્યા ન હતા, અને આ સંબંધિત DPs દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. GPs દ્વારા લેવામાં આવેલા નવમાંથી આઠ પ્રોજેક્ટ્સ પણ ઉચ્ચ O&M સાથે ઘેરાયેલા છે. 16 પૂર્ણ થયેલા UDS પ્રોજેક્ટ્સમાંથી 15 માં O&Mનો અંદાજિત ખર્ચ દર વર્ષે ₹ 5.20 લાખથી આશ્ચર્યજનક ₹ 34 લાખ સુધીનો છે.

સમસ્યાનો સામનો કરવા માટે, PRH&RDDએ નિર્ણય કર્યો (માર્ચ 2015) પ્રોજેક્ટના કદ અથવા ધોરણને ધ્યાનમાં લીધા વિના, દરેક GPsને પાંચ વર્ષના સમયગાળા માટે પાંચ લાખ રૂપિયાની સમાન ગ્રાન્ટ આપવાનું નક્કી કર્યું. ઓડિટમાં જોવા મળ્યું હતું કે, પાંચ લાખ રુપિયાની ગ્રાંટ આપવા છતાં, GPs તેમની નબળી આર્થિક સ્થિતિ અને O&Mની ઉચી કિંમત, તકનીકી કુશળતા, કુશળ માનવશક્તિ અને આધુનિક સાધનોના અભાવને કારણે સંઘર્ષ ચાલુ રાખ્યો હતો.

સંક્ષિપ્તમાં, GPsની નાણાકીય અને સંસ્થાકીય ક્ષમતાનું મૂલ્યાંકન કર્યા વિના UDS પ્રોજેક્ટ્સના O&M માટેની જવાબદારીનો તેમના પર ભાર મૂકવામાં આવ્યો હતો.

3.2.2.4 પાણીનો અપૂરતો પુરવઠો

ઘરોને પાણીનો પૂરતો પુરવઠો ગટરની લાઇનમાં વધુ ગંદુ પાણી ઉત્પન થવાની સરળતા થાય છે અને આમ તે, પાઇપલાઈન્સનું ભરાવું અને ઝેરી વાયુઓના ઉત્સર્જનને ટાળે છે.

PRH&RDDએ માર્ચ 2009 નાં નિર્દેશોમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે UDS પ્રોજેક્ટ્સને પાંચ વર્ષ સુધી ગામોમાં પાણીની ઉપલબ્ધતાની ખાતરી કર્યા પછી જ હાથ ધરવા જોઈએ. DPR સલાહકારો સાથેની બેઠકમાં (જાન્યુઆરી 2011) ગ્રામીણ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવની અધ્યક્ષતામાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે રુર્બન ડ્રેનેજ પ્રોજેક્ટ્સ માટે પાણી પુરવઠો દરરોજ માથાદીઠ 100 લિટરથી (lpcd) ઓછો રહેશે નહીં. ઉપરાંત, UDS પ્રોજેક્ટ્સ માટે તકનીકી મંજૂરીઓ મુજબ, બધા જ ડ્રેનેજ પ્રોજેક્ટ શરૂ થતાં પહેલાં, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે (GWSSB) 100 lpcd પાણી પુરવઠાની જરૂરિયાતને પુનરાવર્તિત કરી.

ઓડિટમાં જણાયું છે કે, માત્ર DP, બનાસકાંઠાએ દિયોદર ડ્રેનેજ પ્રોજેક્ટ માટે 100 lpcd પાણીની ખાતરી આપી હતી. બાકીના પસંદ કરેલા 18પ્રોજેક્ટ્સ[32] માં, પાણીનો પુરવઠો 24 lpcd થી 82 lpcd હતો. TCM સાથે પસંદ કરેલા GPs. ની સંયુક્ત નિરીક્ષણ દરમિયાન ઓડિટે એવું અવલોકન કર્યું કે, પસંદ કરેલા 19 માંથી 10પ્રોજેક્ટ[33] માં પાઈપલાઈન્સ/મુખ્ય ગટર લાઇનો ભરાઈ જવાના કારણે ઘરની ચેમ્બર અને મેનહોલ્સ ઓવરફ્લો થાય છે. પરિણામે, ગંદુ પાણી શુધ્ધિકરણ માટે ઓક્સિડેશન તળાવ/ વિકેન્દ્રિત વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ સિસ્ટમ/ STP પમ્પિંગ સ્ટેશનો સુધી પહોંચતું ન હતું.

રાજ્ય સરકારે સ્વીકાર્યું કે UDS પ્રોજેક્ટ્સના અમલીકરણ પહેલાં 100 lpcd પાણીનો પુરવઠો પ્રાપ્ત કરી શકાયો ન હતો. તેમ છતાં, રુર્બન ગામોને પૂરતા પ્રમાણમાં પાણી પુરવઠો પહોંચાડવા માટે તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

3.2.3 નાણાકીય વ્યવસ્થાપન

રુર્બન યોજના હેઠળ UDS પ્રોજેક્ટ્સ માટેના નાણાં PRH&RDD ના DC દ્વારા DPsને આપવામાં આવે છે. 2009-18 દરમિયાન, PRH&RDDએ પ્રથમ તબક્કા હેઠળ 84 UDS પ્રોજેક્ટ્સના અમલીકરણ

32 અંબાજી:66 lpcd, ભેસાણ: 79 lpcd, ધનસુરા: 31 lpcd, ગરબાડા:32 lpcd, ગોઝારીયા:75 lpcd, જોડીયા:36 lpcd, કડાણા: 76 lpcd, કપરાડા:45 lpcd, લાલપુર:,56 lpcd, લિમખેડા,. 28 lpcd, મેઘરજ 31 lpcd, મેંદરડા: 83 lpcd, મુન્દ્રા: 67 lpcd, નલિયા: 53 lpcd, નિઝર: 26 lpcd, રાંધેજા: 80 lpcd, વાલોડ: 24 lpcd અને વિરપુર:63 lpcd

33 ભેસાણ, ધનસુરા, ગોઝારીયા, જોડીયા, મેંદરડા, નલિયા, નિઝર, રાંધેજા, વાલોડ અને વિરપુર

માટે ₹ 949.68 કરોડ[34] છુટ્ટા કર્યા. માર્ચ 2018 સુધીમાં PRH&RDD પાસેથી મળેલા ₹ 797.79 કરોડમાંથી DPsએ ₹ 681.75 કરોડનો ખર્ચ કર્યો હતો, અને ₹ 116.04 કરોડનું ભંડોળ વણવપરાયેલ રહ્યું હતું.

ગુજરાત નાણાકીય નિયમો, 1971 ના નિયમ 154 (5) થી વિરુધ્ધ, ₹ 116.04 કરોડની વણવપરાયેલ સિલકમાંથી ₹ 18.96 કરોડ 11 ચાલુ પ્રોજેક્ટ્સને સંબંધિત છે જ્યારે ₹ 97.08 કરોડ 68 પૂર્ણ થયેલ પ્રોજેક્ટ્સને સંબંધિત છે જે સંબંધિત DPs પાસે વણવપરાયેલ છે અને સરકારને પરત આપ્યા નથી. વળી, રાજ્ય સરકાર નાબાર્ડ પાસેથી વાર્ષિક 6.75 ટકા વ્યાજના ધોરણે લીધેલ ઉધાર ભંડોળને ધ્યાને લેતા DPsએ વણવપરાયેલ સિલક (₹ 97.08 કરોડ) રાખેલ હતી. જે ટૂંકી આર્થિક દ્રષ્ટિ છે. જો રાજ્ય સરકારે નાણાંની રકમ લોન ખાતામાં સમયસર જમા કરાવી દીધી હોત, તો સરકારની વ્યાજની જવાબદારી ઓછી થઈ હોત.

રાજ્ય સરકારે ઓડિટ નિરીક્ષણને સ્વીકાર્યું હતું અને જણાવ્યું હતું કે તમામ DPsને વણવપરાયેલ સિલકને પરત કરવા સૂચનાઓ જારી કરવામાં આવશે.

3.2.4 UDS પ્રોજેક્ટ્સનું અમલીકરણ

3.2.4..1 અપૂરતા આવરી લીધેલા ઘરો

UDSનો એક ઉદ્દેશ એ છે કે મુખ્ય ગટર સાથે ઘરેલું ગંદુ પાણી અને ઘરેલું ગટર જોડાણ પ્રદાન કરવું છે. ગટરની લાઇનમાં ઘન કચરાનો ભરાવો, ઝેરી વાયુઓનું ઉત્પાદન ગટર અને ગટરના બેકફ્લોને ટાળવા માટે ઘરોને સંપૂર્ણ ડ્રેનેજ સિસ્ટમવાળા શ્રેષ્ઠ કવરેજની જરૂર છે. પૂર્ણ થયેલા UDS પ્રોજેક્ટ્સ સાથેના ઘરેલુ જોડાણો માટે GPs જવાબદાર હતા.

અધિક મુખ્ય સચિવ, ગ્રામીણ વિકાસ વિભાગની અધ્યક્ષતામાં DPR કન્સલ્ટન્ટ્સ (જાન્યુઆરી, 2011) સાથેની બેઠકમાં, ભાર મૂકવામાં આવ્યો હતો કે સફાઇ કામગીરી માટે સફાઇ કવરેજ 80 ટકા ટકાથી વધુ હોવું જોઈએ, પરંતુ, ડ્રેનેજ સિસ્ટમ્સના સફળ કાર્ય માટે 100 ટકા હંમેશા ઇચ્છનીય હતું. આ ઉપરાંત, નવેમ્બર 2013 માં CPHEEO દ્વારા જારી થયેલ ગટર અને ગટર વ્યવસ્થાપન પ્રણાલી અંગેની માર્ગદર્શિકામાં વસ્તીને ઘરના ગટર જોડાણોની સેવાનો લાભ લેવા ફરજિયાત બનાવવા માટે પેટા-કાયદામાં સુધારો કરવાની કલ્પના કરવામાં આવી હતી, જ્યાં પણ જાહેર ગટર ઉપલબ્ધ કરાવવામાં આવે અને જો લોકો તે લેવા માટે આગળ ન આવે તો, સ્થાનિક અધિકારી તે ઘરને ગટર જોડાણ આપશે અને સંસ્થાની આવક મહેસૂલી રાહે વસૂલવાની કાર્યવાહી કરશે. તદનુસાર, PRH&RDD એ તમામ GPsને સંપૂર્ણ ડ્રેનેજ પ્રોજેક્ટ્સ સાથેના ઘરના જોડાણો માટે કાયદા ઘડવાની સૂચના આપી હતી(ફેબ્રુઆરી 2013).

ઓડિટમાં જાણવા મળ્યું કે પ્રથમ તબક્કા હેઠળ 68 પૂર્ણ UDS પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલા મકાનોની સંખ્યા અંગે DCને કોઈ માહિતી નહોતી. ઓડિટ દ્વારા પૂછપરછ કર્યા પછી, DCએ 68 UDS પ્રોજેક્ટ્સમાંથી 42 પ્રોજેક્ટ્સની માહિતી એકત્રિત કરી અને પૂરી પાડી. DC દ્વારા આપવામાં આવેલી માહિતીમાં જાણવા મળ્યું છે કે 1,04,883 પરિવારોમાંથી, ફક્ત 53,848 (51 ટકા) 38 પૂર્ણ UDS પ્રોજેક્ટ સાથે સંકળાયેલા છે. 19 પસંદ કરેલા UDS પ્રોજેક્ટ્સમાંના, 64,003 ઘરોમાંથી માત્ર 27,302 (43 ટકા) 16 પૂર્ણ થયેલ UDS પ્રોજેક્ટ સાથે સંકળાયેલા હતા. વળી, PRH&RDD ના ફેબ્રુઆરી 2013 ના નિર્દેશો હોવા છતાં, પસંદ કરેલા 19 GPs માંથી કોઈએ પણ ઘરના જોડાણો માટેના કાયદા ઘડયા ન હતા.

રાજ્ય સરકારે જણાવ્યુ હતું કે, GPs. દ્વારા તમામ ઘરો પૂર્ણ UDS પ્રોજેક્ટ્સ સાથે અગ્રતાના ધોરણે જોડાયેલા હોય તે સુનિશ્ચિત કરવા DPsને સૂચના જારી કરવામાં આવશે.

34 ₹ 77.79 કરોડ DPsને છુટ્ટા કરાયા, જેમાં નાબાર્ડ તરફથી ₹ 828.17 કરોડની લોન સામેલ છે; ગામ સર્વેક્ષણ માટે GRHBને ₹ 7.09 કરોડ છૂટ્ટા કરાયા; અને UDS પ્રોજેક્ટ્સના બીજા તબક્કા માટે GWSSBને ₹ 144.80 કરોડ છુટ્ટા કર્યા

3.2.4.2 પસંદ કરેલા 19 UDS પ્રોજેક્ટ્સમાં સમય અને ખર્ચમાં વધારો

નવેમ્બર 2018 ની સ્થિતિએ પસંદ કરેલા 19 UDS પ્રોજેક્ટમાંથી 16 પૂર્ણ થયા હતા અને ત્રણ પ્રોજેક્ટ પ્રગતિમાં/અધૂરા છે. આ 16 પ્રોજેક્ટ્સ પાંચ મહિનાથી 67 મહિનાના વધુ સમયગાળો અને ₹ 22.23 કરોડનો વધુ ખર્ચ નોંધાયો છે. (કુલ ખર્ચ ₹ 202.23 કરોડ થયો છે) 19 પસંદ કરેલા UDS પ્રોજેક્ટ્સમાં સમય અને ખર્ચને વધારે થવા માટેનું ટૂંકું વિહંગાવલોકન નીચે આપેલ છે.

- કામના આદેશો મુજબ, બધા UDS પ્રોજેક્ટ સોંપણીની તારીખથી એક વર્ષમાં પૂર્ણ થવાના હતા. જુલાઈ 2011 થી જાન્યુઆરી 2014 વચ્ચે 16 પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સને સોંપવામાં આવ્યા હતા. જો કે, પાંચ મહિનાથી 45 મહિનાના વિલંબ પછી એટલે કે ચાર મહિનાથી 12 મહિનામાં (સાત પ્રોજેક્ટ્સ), 12 મહિનાથી 23 મહિનામાં (છ પ્રોજેક્ટ્સ) અને 33 મહિનાથી 45 મહિનામાં (ત્રણ પ્રોજેક્ટ્સ) પૂર્ણ થયા. વિલંબ મુખ્યત્વે ખામીયુક્ત DPR બનાવવા, પમ્પિંગ સ્ટેશન/ઓક્સિડેશન તળાવ માટે જમીન સંપાદન ન કરવા, માર્ગ ક્રોસિંગની પરવાનગી મેળવવામાં વિલંબ, પમ્પિંગ સ્ટેશનો/ઓક્સિડેશન તળાવો માટેની જગ્યાઓ બદલાવ વગેરેના કારણે હતા. આ 16 પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સ (₹ 152.13 કરોડની ટેન્ડર કિંમત સામે) ઉપર ₹ 174.36 કરોડનો ખર્ચ થયો છે, જેના પરિણામે ₹ 22.23 કરોડના વધુ ખર્ચ તરફ દોરી ગયો.
- નવેમ્બર, 2018 સુધીમાં 51 મહિનાથી 67 મહિના સુધીનો વધુ સમય લીધેલ ત્રણ પ્રોજેક્ટ્સ[35] પ્રગતિમાં છે (ખર્ચ ₹ 27.87 કરોડ) એપ્રિલ 2012 અને ઓગસ્ટ 2013 માં સોંપેલ, અનુક્રમે કડાણા અને મુન્દ્રા GPsના UDS પ્રોજેક્ટ્સ ઓક્સિડેશન તળાવો માટે જમીન સંપાદન ન કરવાને કારણે અધૂરા રહ્યા હતા. મેઘરજ GPમાં પણ UDS પ્રોજેક્ટ એપ્રિલ 2012 માં સોંપવામાં આવ્યો હતો જે પંમ્પિંગ સ્ટેશન માટેના વીજ જોડાણ ન મળવાના કારણે અપૂર્ણ રહ્યો. આ ત્રણ પ્રોજેક્ટ્સમાં કોઈ વધારાનો ખર્ચ થયો નથી (ટેન્ડર કિંમત ₹ 28.38 કરોડ).

3.2.4.3 પૂર્ણ થયેલ 16 UDS પ્રોજેક્ટના અમલીકરણની સ્થિતિ

પૂર્ણ થયેલ 16 પ્રોજેક્ટ્સમાંથી, પાંચ કાર્યરત હતા, છ આંશિક રૂપે કાર્યરત હતા અને બાકીના પાંચ બિન-કાર્યરત/નિષ્ક્રિય હતા. ઓડિટમાં જણાયું છે કે પાંચ કાર્યરત પ્રોજેક્ટ્સમાંથી માત્ર ગાંધીનગર જિલ્લાનો રાંધેજા પાઇલટ પ્રોજેક્ટ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે.

રાંધેજા પ્રોજેક્ટની સફળતા વૃતાંત

સંચાલન અને જાળવણી સાથે રાંધેજા પાઈલટ પ્રોજેક્ટનો કરાર જુલાઈ, 2011 માં આપવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ ₹ 7.53 કરોડના કુલ ખર્ચે જૂન 2013 માં પૂર્ણ થયો હતો. આ પ્રોજેક્ટ 89 ટકા ઘરોના વ્યાપ સાથે સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યો છે અને સંચાલન અને જાળવણી પૂર્ણ થયા પછી પણ GP દ્વારા આવર્તક ખર્ચ ઉઠાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટની સફળતા સંભવત તે કારણોસર થઈ શકી છે કે O&M તેમજ સિવિલ વર્કસ કોન્ટ્રાક્ટ બધા પાંચ વર્ષો માટે એક સાથે આપવામાં આવ્યા હતા, પૂરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો ઉપલબ્ધ હતો, અને ગામલોકો વધુ માહિતગાર હતા, વગેરે. રાંધેજા ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી શુધ્ધ કરેલા ગંદા પાણીના પરીક્ષણ રિપોર્ટ (જૂન 2018) માં બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ[36] (BOD) મુજબના 25 mg/lના આદર્શ સ્તરની તુલનામાં ફક્ત 12 mg/l સુધી બતાવી હતી.

35 કડાણા, મેઘરજ અને મુંદ્રા

36 સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી સપાટી પરના પાણી અથવા વહેણમાં છોડવામાં આવતા પ્રવાહની શક્તિને માપવા માટે પરંપરાગત રીતે BODનો ઉપયોગ કરવામાં આવે છે. એક ઉચ્ચ BOD ગંદા પાણીના દૂષણોની ઉચી સાંદ્રતા સૂચવે છે

બાકીના ચાર કાર્યરત પ્રોજેક્ટ્સ[37], ₹ 44.51 કરોડના ખર્ચે મે 2014 થી ઓક્ટોબર 2018 ની વચ્ચે પૂર્ણ થયેલા, જેમાં 25 mg/l ના બેંચમાર્કની સામે 47 mg/l અને 300 mg/l BOD નું ઉચ્ચ સ્તર દર્શાવ્યું. ઉચા BODવાળું શુધ્ધ કરેલ ગંદા પાણીને ખુલ્લી જગ્યા/નાળાઓમાં છોડવામાં આવી રહ્યુ છે. આમ, પર્યાવરણ અને જાહેર આરોગ્યના જોખમને છતું કરે છે. આ એ પણ સંકેત આપે છે કે આ ચાર પ્રોજેક્ટ્સમાં ઓક્સિડેશન તળાવ/વિકેન્દ્રિત ગંદાપાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ કાં તો યોગ્ય રીતે કાર્યરત નથી અથવા ગંદાપાણીના ઉપચાર માટે યોગ્ય રીતે રચાયેલ નથી.

છ આંશિક કાર્યરત પ્રોજેક્ટ્સ[38] ₹ 77.08 કરોડના ખર્ચે નવેમ્બર 2013 અને એપ્રિલ 2015 ની વચ્ચે પૂર્ણ કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ્સના સંયુક્ત નિરીક્ષણ દરમિયાન, ઓડિટને જણાયું હતું કે પાણીનો અપૂરતો પુરવઠો અને ગટરના માળખા સાથે ઓછા ઘરેલુ જોડાણો (52 ટકા) ને લીધે, ત્યાં ગટર લાઈન/મેનહોલ્સમાં ભરાવો થાય છે, જેના કારણે ગંદા પાણીનો ઓવરફ્લો ખુલ્લા માર્ગ/ જળ સંસ્થાઓમાં(ગામનો તળાવ/નદી) પાણીમાં વહેવા માંડે છે. આનાથી ઓક્સિડાઈઝ્ડ તળાવ/વિકેન્દ્રિત ગંદાપાણીની શુધ્ધતા પ્રણાલીમાં શુધ્ધતાના હેતુ માટે ગંદા પાણીનો ઉપયોગ ઓછો થાય છે જેથી ગંદાપાણીને ફરીથી ઉપયોગમાં લેવાનો મુળ હેતુ માર્યો જાય છે.

બાકીના પાંચ પ્રોજેક્ટ્સ[39] (કુલ ₹ 45.24 કરોડનો ખર્ચ થયો) જૂન 2014 થી ઓગસ્ટ 2016 દરમિયાન પૂર્ણ થયા પછી બિન-કાર્યરત/નિષ્ક્રિય (નવેમ્બર 2019) હતા. પૂરા થયેલા પાંચમાંથી ત્રણ પ્રોજેક્ટ્સ (અંબાજી, કપરાડા અને લીમખેડા) માં, GPsએ તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે પ્રોજેક્ટ્સનો હવાલો લીધો ન હતો. પરિણામે, આ ત્રણ GPsના 8,917 ઘરોમાંથી કોઈપણ સંપૂર્ણ ગટર વ્યવસ્થા સાથે જોડાઈ શક્યા નથી. એક પ્રોજેક્ટમાં (ગરબાડા), ફક્ત ત્રણ ટકા ઘરો જ ગટર વ્યવસ્થાથી જોડાયેલા છે. જોડિયા GPમાં વીજ વિતરણ કંપની દ્વારા વીજ જોડાણ કાપ્યુ હોવાને કારણે UDS પ્રોજેક્ટ નિષ્ક્રિય બન્યો હતો, કારણ કે GP વીજળીના બીલની બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગઈ હતી. વીજળીની ઉપલબ્ધતા ન હોવાને કારણે, પમ્પિંગ સ્ટેશન લાંબા સમય સુધી બિન-કાર્યરત રહ્યું, જેના કારણે ગટરની લાઈનો ભરાઈ ગઈ અને વિવિધ સ્થળોએ મેનહોલ ઓવરફ્લો થયા. અંબાજી GP. માં, UDSના મેનહોલ અને ઘર દીઠ બનાવાયેલ ચેમ્બર પણ ડામર/રીઈન્ફોર્સ્ડ સિમેન્ટ કોંક્રિટ રસ્તાઓ દ્વારા કાયમી ધોરણે આવરી લેવામાં આવ્યાં હોવાનું જાણવા મળ્યું, જેથી, ભવિષ્યમાં ઘરના જોડાણો અને સફાઈ અશક્ય છે.

આમ, નવેમ્બર 2013 થી ઓક્ટોબર 2018 ની વચ્ચે ₹ 166.83 કરોડના કુલ મૂડી ખર્ચ પર રાંધેજા પાયલોટ પ્રોજેક્ટને બાદ કરતા, 16 માંથી 15 પ્રોજેક્ટ્સ, અનેક સમસ્યાઓથી ગ્રસ્ત હતા અને તેથી, તેનો ક્યાં તો ઉપયોગ કરવામાં આવતો નથી અથવા તો આંશિક ઉપયોગ થઈ રહ્યો છે. તદુપરાંત, રાંધેજા પાઈલટ પ્રોજેક્ટની સફળતાનું વૃતાંત અન્ય UDS પ્રોજેક્ટ્સમાં પુનરાવૃત કરી શકાયુ ન હતું, કારણ કે તેમાંના મોટાભાગના પાઈલટ પ્રોજેક્ટ એક સાથે અમલમાં આવ્યા હતા.

ઉપરોક્ત ઉપરાંત, ઓડિટે જોયું હતું કે છ પમ્પિંગ સ્ટેશનો[40], બેઓક્સિડેશન તળાવ[41], પાંચ વિકેન્દ્રિત[42] ગંદા પાણીની શુદ્ધિકરણ પ્રણાલી અને અંબાજી ખાતે STP નદીઓ/ખુલ્લા નાળાઓ પાસે બાંધવામાં આવ્યા છે, જેમાં નવેમ્બર 2013 માં CPHEEO દ્વારા જારી કરેલ ગટર અને ગટર વ્યવસ્થાપન પ્રણાલીના મેન્યુઅલની જોગવાઈઓનું[43] ઉલ્લંઘન થાય છે. નલિયા GP ખાતે પંમ્પિંગ સ્ટેશન ગામના

37 ગોઝારીયા, લાલપુર, નિઝર અને વાલોડ

38 ભેસાણ, દિયોદર, ધનસુરા, મેંદરડા, નલિયા અને વિરપુર

39 અંબાજી, ગરબાડા, જોડીયા, કપરાડા અને લીમખેડા

40 કડાણા: 01, લાલપુર: 01, મેઘરજ: 03 અને નલિયા: 01

41 દિયોદર અને વિરપુર

42 કપરાડા: 02 અને અંબાજી: 03

43 પમ્પિંગ સ્ટેશનો એવા સ્થળે અને એવી રીતે બંધાયેલા હોવા જોઈએ કે કોઈપણ સમયે પૂરની અસર ન થાય

તળાવની નજીકમાં બનાવવામાં આવ્યું હતું. ચોમાસાની સીઝનમાં વરસાદના પાણીના ભરાવાથી પમ્પિંગ સ્ટેશનને નુકસાન થયું હતું. તેવી જ રીતે, અંબાજી GP ખાતે STP દ્વારા ખુલ્લા નાળા વહે છે જેથી STP નો પાયો સખત રીતે ક્ષતિગ્રસ્ત થયો છે.

નલિયા GP, જીલ્લો કચ્છ, ખાતે ગામ તળાવ પાસે બાંધેલ પમ્પિંગ સ્ટેશન (05.06.2018)

અંબાજી GP, જીલ્લો બનાસકાંઠા, ખાતે STP. ના નુકસાન પામેલ પાયા (19.04.2018)

રાજ્ય સરકારે તથ્યો સ્વીકાર્યા અને જણાવ્યું હતું કે તમામ પ્રોજેક્ટ્સને ઉચ્ચતમ અગ્રતાના આધારે સંપૂર્ણ રીતે કાર્યરત કરવા જરૂરી કાર્યવાહી કરવા DPsને સૂચનાઓ જારી કરવામાં આવશે. આ ઉપરાંત, તમામ GPsને UDS પ્રોજેક્ટ્સના મહત્તમ ઉપયોગ માટે મહત્તમ ગૃહ જોડાણો મેળવવા જાગૃતિ કાર્યક્રમો કરવા પણ સૂચનાઓ આપવામાં આવશે.

રાજ્ય સરકારે ઉમેર્યું હતું કે સંબંધિત GPsમાં સરકારી જમીનની ઉપલબ્ધતાના આધારે વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ માટેના સ્થળો પસંદ કરવામાં આવ્યા હતા.

જવાબ સ્વીકાર્ય નથી કારણ કે, (i) સાઇટ્સની પસંદગી સ્વત: ખોટી હતી જેના માટે DPR સલાહકારો DPs. અને GPs સાથે સંયુક્ત રીતે જવાબદાર હતા, અને (ii) ગંદા પાણીના શુધ્ધિકરણના માળખાના નિર્માણ માટે પસંદ કરતાં પહેલા વિચારણા હેઠળની સાઇટ્સની ચકાસણી/તપાસ કરી હોવી જોઈએ.

3.2.5 અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ

3.2.5.1 મેલુ ઉપાડવા માટે સફાઈ કામદારોને રોજગારી આપી

મેલુ ઉપાડવા માટે સફાઈ કામદાર તરીકે રોજગાર પર પ્રતિબંધ અને તેમના પુનર્વસન કાયદા, 2013 અને તેની હેઠળ ભારત સરકાર દ્વારા બનાવેલા નિયમો અનુસાર વ્યક્તિ દ્વારા સફાઈ, વહન, નિકાલ અથવા અન્યથા કોઈપણ રીતે સંચાલન, બિન-આરોગ્યપ્રદ રીતે જાજરૂમાં મળ વિસર્જન, અથવા ખુલ્લી ગટર અથવા ખાડામાં માનવ મળ વિસર્જન કરવાનું પ્રતિબંધિત છે. PRH&RDDએ તાત્કાલિક અસરથી UDS ની સફાઇ માટે હાથથી મેલુ ઉપાડનારની રોજગારી પર પ્રતિબંધ મૂકવા તમામ DPs., તાલુકા પંચાયતો અને GPsને સૂચનાઓ (જૂન 2014) પણ જારી કરી હતી.

ઓડિટમાં જણાવાયું છે કે પસંદ કરેલ 15 માંથી 10GPs[44] (ગોઝારીયા સિવાય) પાસે જેટિંગ-કમ-ક્લિનિંગ મશીનરી નથી. બે GPsના (મેંદરડા અને વાલોડ) સંયુક્ત નિરીક્ષણ દરમિયાન, ઓડિટે નિરીક્ષણ કર્યું હતું કે હાથથી મેલુ ઉપાડનારને કોઈપણ જાતના સલામતી ઉપકરણો/ગિઅર વિના મેન્હોલ્સને જાતે સફાઈ કામદારો દ્વારા રોજગારી આપીને સાફ કરવામાં આવી રહ્યા છે. સાહજિક રીતે, UDSની સફાઇ માટે જેટિંગ-કમ-ક્લિનિંગ મશીનરીની ખરીદીનું DPs જુઠ્ઠું કહે છે. જો કે, પસંદ કરેલા કોઈપણ DPsએ નવેમ્બર 2018 સુધી જરૂરી મશીનરી ખરીદી નથી.

44 ભેસાણ, દિયોદર, ધનસુરા, ગોઝારીયા, લાલપુર, મેંદરડા, નલિયા, નિઝર, વાલોડ અને વિરપુર (05 બિન-કાર્યરત પ્રોજેક્ટ્સને બાદ કરતા)

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે હાથથી મેલુ ઉપાડનાર કામદારોની રોજગારીની પ્રથા બંધ કરવા માટે DPsને ફરીથી સૂચના આપવામાં આવી છે. સમાપન બેઠક દરમિયાન અગ્ર સચિવે તમામ DDOsને જેટીંગ-કમ-ક્લિનિંગ મશીનરી ખરીદવા અને હાથથી મેલુ ઉપાડનાર કામદારોનો રોજગાર બંધ કરવા સૂચના આપી હતી.

3.2.5.2 ઓડિટ રિપોર્ટનું અનુસરણ

ગુજરાત સરકાર દ્વારા સપ્ટેમ્બર 2013થી ઓક્ટોબર 2013 ની વચ્ચે આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ ડિસેમ્બર 2016 સુધી ઘરના જોડાણો પૂરા પાડવા સંબંધિત GPsની નિષ્ફળતાના કારણે ત્રણ UDS પ્રોજેક્ટ્સ[45] પર ₹ 13.24 કરોડના નિષ્ક્રિય ખર્ચ અંગે 31 માર્ચ, 2016 ના રોજ પૂરા થયેલા વર્ષ માટે સ્થાનિક સંસ્થાઓ પર ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલના અહેવાલના ફકરા 2.2માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે (2017 ના અહેવાલ નંબર 2).

પંચમહાલ જિલ્લામાં બંધપડેલ મોરવા હડફ UDS પ્રોજેક્ટ (4.11.2019)

ફોલો-અપ શિષ્ટાચારના ભાગ રૂપે, ₹ 4.69 કરોડના ખર્ચે UDSપ્રોજેક્ટ ઓક્ટોબર 2013 માં પૂર્ણ થયો હતો કે નહીં તેની ચકાસણી કરવા ઓડિટ ત્રણ GPs. માંથી એક(મોરવા હડફ) ની મુલાકાત (નવેમ્બર 2019)લીધી હતી. ઓડિટમાં નોંધ્યું છે કે પ્રોજેક્ટ અંતર્ગત નિર્માણ થયેલ ઓક્સિડેશન તળાવ પછીથી સરકારી કોલેજ માટે સિમેન્ટ કોંક્રિટ ગ્રાઉન્ડમાં ફેરવાયો હોવાથી પ્રોજેક્ટ આખરે નિરર્થક બની ગયો છે.

3.2.6 નિષ્કર્ષ અને ભલામણો

રુર્બન યોજના હેઠળ હાથ ધરાયેલા 19 માંથી 18 UDS પ્રોજેક્ટનો અમલ, ₹ 194.70 કરોડ[46] ખર્ચ કર્યા પછી આયોજનની ભૂલોને કારણે અને છ વર્ષ (2012 થી 2018 સુધી) વીત્યા પછી પણ સંતોષકારક નથી. શહેરની સ્વચ્છતા યોજનાઓ વિના પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા હતા; પ્રોજેક્ટ રિપોર્ટ્સ સાઇટ સર્વે વગર તૈયાર કરવામાં આવ્યા હતા; પ્રોજેક્ટ શરૂ થતાં પહેલાં પાણીનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો ન હતો; પૂર્ણ UDS સાથેના ઘરના જોડાણો નબળા હતા; ચોમાસાની ઋતુ દરમિયાન પમ્પિંગ સ્ટેશનો અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ માટે પસંદ કરેલી જગ્યાઓમાં પાણી ભરાવાની સંભાવના હતી; અને પૂર્ણ થયેલ પ્રોજેક્ટ્સના સંચાલન અને જાળવણીની જવાબદારી પંચાયતને તેમની આર્થિક ક્ષમતાનું મૂલ્યાંકન કર્યા વિના ગ્રામ પંચાયતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતોએ જેટીંગ-કમ-ક્લીનિંગ મશીનરીની ઉપલબ્ધતાની ખાતરી આપી ન હતી.

ભલામણો: રાજ્યસરકારે (i) પરિપૂર્ણ UDS પ્રોજેક્ટમાં તેમના કાર્યક્ષમ કાર્ય માટે ઘરોને પૂરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરાવવો, અને (ii) ટકાઉ ધોરણે ગટરનાં માળખાંનું સંચાલન અને જાળવણી માટેની પદ્ધતિ વિકસાવી.

45 બાકોર, જાંબુઘોડા અને મોરવા હડફ

46 15 પૂર્ણ પ્રોજેક્ટ્સ પર ₹ 166.83 કરોડ ખર્ચ + 03 અપૂર્ણ પ્રોજેક્ટ્સ પર ખર્ચ ₹ 27.87 કરોડ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

3.3 ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વયોવૃધ્ધ પેન્શન યોજનાનું અમલીકરણ

3.3.1 પ્રસ્તાવના

ભારતનાં બંધારણનાં અનુચ્છેદ-41 રાજ્યોને બેરોજગાર, વયોવૃધ્ધ, બિમાર અને અપંગતા, વિગેરે કિસ્સાઓમાં તેનાં નાગિરકોને જાહેર સહાય પૂરી પાડવા નિર્દેશ આપે છે. ગુજરાત સરકાર (GoG) એ માસિક ₹ 200 પેન્શન (જુલાઈ 1995 માં સુધારેલ રકમ) સાથેની ''વયોવૃધ્ધ પેન્શન યોજના'' અમલમાં મૂકી હતી. ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર (GoI) એ 65 વર્ષ અથવા તેનાથી વધુ વયના ગરીબી રેખા હેઠળ (BPL)[47] ના પુરુષો અથવા સ્ત્રીઓને ₹ 75 માસિક પેન્શન તરીકે આપવાના ઉદ્દેશ સાથે રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP) હેઠળ, ઓગસ્ટ-1995 માં રાષ્ટ્રીય વયોવૃધ્ધ પેન્શન યોજના (NOAPS) શરૂ કરી હતી. GoG તેને હાલની યોજનાં (NOAPS) શરૂ કરી હતી. GoG તેને હાલની યોજનાં NOAPS સાથે ભેળવી દીધી હતી (સપ્ટેમ્બર 1995) અને ₹ 75 નાં કેન્દ્રીય હિસ્સા અને ₹ 125 રાજ્યનાં હિસ્સા સાથે ₹ 200 માસિક પેન્શન ચાલુ રાખવાનું નક્કી કર્યુ છે.

GoI એ યોજનાને ઈન્દિરા ગાંધી NOAPS (IGNOAPS) તરીકે નવું નામ આપ્યું અને યોજનાં હેઠળ ₹ 200 નો માસિક પેન્શનમાં વધારો કર્યો હતો. ત્યારપછી, સમયાંતરે વધુમાં વધુ લાભાર્થીઓને આવરી અને ભરણપોષણ નિર્વાહ માટેની સહાયમાં વધારો કરવામાં ઉદ્દેશ સાથે સરકારે આવરી લેવામાં આવતાં નિરાધાર લોકોની પાત્રતાના માપદંડ બદલ્યા, વયમર્યાદા ઘટાડી અને માસિક પેન્શનનો દર વધાર્યો. એપ્રિલ-2011 થી અસરકારક, સરકારે 80 વર્ષ અને તેથી વધુ વયનાં લાભાર્થીઓ માટે માસિક પેન્શનનો દર ₹ 200 થી વધારીને ₹ 500 કરવાનો નિર્ણય કર્યો હતો. તે મુજબ, GoG એ પોતાના હિસ્સાને સામેલ કરી. 60-79 વર્ષની વય ધરાવતા લાભાર્થીઓ માટે ₹ 400 અને 80 વર્ષ અને તેથી વધુ વય ધરાવતા લાભાર્થીઓ માટે ₹ 700 નું માસિક પેન્શન નિશ્ચિત કરેલ છે. GoG એ એપ્રિલ 2017 માં પોતાનો હિસ્સો વધારીને 60-79 વર્ષની વય ધરાવતા લાભાર્થીઓ માટે ₹ 500 અને 80 વર્ષ અને તેથી વધુ વયનાં લાભાર્થીઓ માટે ₹ 1000 કરી માસિક પેન્શનમાં સુધારો કર્યો હતો.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (SJED) હેઠળ નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ રાજ્ય સ્તરે નોડલ ઓફિસર છે અને IGNOAPS નાં અમલીકરણ માટે જવાબદાર છે. મહેસૂલ વિભાગનાં મામલતદાર અને મહેસૂલ તલાટી એ જિલ્લા/તાલુકા/ગ્રામ્ય સ્તરે યોજનાનાં અમલીકરણમા નિયામકશ્રીને મદદ પૂરી પાડે છે.

ઓડિટે યોજનાના નિષ્કર્ષોની દેખરેખ માટે યોજનામા સમાવિષ્ટ વ્યાપ અને કાર્યક્ષેત્ર, પાત્રતા ધરાવતા લાભાર્થીઓની ઓળખ માટે અપનાવેલ પ્રણાલી, યોજનાના પરિણામોની દેખરેખ માટે પેન્શન અને પધ્ધતિના વિતરણમાં સમયસરતાની ચકાસણી કરી હતી. આ હેતુ માટે, ઓડિટે 2013-18 નાં સમયગાળાને આવરી લેતા નિયામકશ્રી સમાજ સુરક્ષા અને પસંદ કરાયેલ ચાર જિલ્લા (**પરિશિષ્ટ-XII**) ના પસંદ કરાયેલ આઠ તાલુકાઓના મામલતદારોના રેકર્ડઝની નમૂનાં તપાસ કરેલ હતી. (એપ્રિલ 2018 અને ડિસેમ્બર 2019 દરમિયાન) ઓડિટે જાગૃતિનુ સ્તર અને યોજનાનાં પરિણામોનુ મૂલ્યાંકન કરવા પસંદ કરાયેલ દરેક તાલુકાઓ માંથી નગરપાલિકાઓની ત્રણ ગ્રામ પંચાયતો/વોર્ડોમાંથી 30 લાભાર્થીઓ સુધી લાભકર્તા સર્વેક્ષણ[48] (કુલ 611 લાભાર્થીઓ) પણ હાથ ધરવામાં આવેલ હતું. ઓડિટે યોજના

47 ગરીબોમાં પણ ગરીબ કે તેના/તેણીના નિર્વાહ માટે આવકનો નિયમિત સ્વસ્ત્રોત અથવા ન્યુનત્તમ અથવા અન્ય સ્ત્રોત કે કુટુંબના સભ્યો તરફથી નાણાકીય મદદ ન હોય

48 પસંદ કરાયેલ GPs/વોર્ડોનાં મહેસૂલ તલાટી અને તલાટી-કમ-મંત્રી/સરપંચને સાથે રાખીને

હેઠળ ગ્રામ્ય અને શહેરી લાભાર્થીઓની નોંધણીનું મૂલ્યાંકન કરવા અનુક્રમે GoG ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ ગૃહ વિકાસ વિભાગ પાસેથી નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર દ્વારા પૂરા પડાયેલ સામાજિક-આર્થિક સમીક્ષા (SES)[49] 2002 નાં વિસ્તૃત ડેટા અને નમૂના-તપાસ કરેલ તાલુકાઓની નગરપાલિકા (NPs) દ્વારા પૂરા પાડવામાં આવેલ જારી કરાયેલ BPL કાર્ડસનાં ડેટાનો ઉપયોગ કર્યો હતો.

ઓડિટનાં તારણો

નિયામકશ્રીની કચેરી અને નમૂના તપાસેલ મામલતદારો નાં 2013-15 નાં સમયગાળાનું વિગતવાર ઓડિટ હાથ ધરી શકાયુ નહિ, કારણ કે નિભાવવામાં આવેલ રેકર્ડઝ પરિપૂર્ણ સ્વરૂપે ન હતા, જેમ કે સપ્ટેમ્બર-2016 અગાઉ (પ્રિ-ડાયરેકટ બેનીફિટ ટ્રાન્સફર (DBT સમયગાળો) ચૂકવાયેલ પેન્શન સંબંધિત રજીસ્ટરો/રેકર્ડઝ, લાભાર્થીઓની વિગતો સાથેનાં ટ્રેઝરી બિલો, કેશ-બુક વિગેરે. વધુમાં, લાભકર્તા સર્વેક્ષણ દરમિયાન, કોઈપણ ગંભીર ફરિયાદ પ્રાપ્ત થઈ ન હતી. આમ, ઓડિટ ફક્ત નિયામકશ્રી અને નમૂનાં તપાસેલ મામલતદારો દ્વારા પૂરી પડાયેલ ડેટા/માહિતી[50] પર આધાર રાખી શકે છે અને અહેવાલમાં તે મુજબનાં તારણો સમાવિષ્ટ છે.

3.3.2 રજીસ્ટ્રેશન/નોંધણીની પ્રક્રિયા

ઓડિટમા આવરી લેવાયેલ સમયગાળા (2013-18) દરમિયાન યોજનાં હેઠળ રજીસ્ટ્રેશન માટે ગ્રામીણ લાભાર્થીઓએ નક્કી કરેલ અરજીપત્રક નિયત દસ્તાવેજો[51] સાથે મામલતદારને રજૂ કરવા જરૂરી હતા. શહેરી લાભાર્થીઓએ સ્વર્ણિમ જયંતિ શહેરી રોજગાર યોજના (SJRSY)[52] હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનો (MCs) અને NPs દ્વારા જારી કરાયેલ BPL કાર્ડસ (ઓળખના પુરાવા/ઉંમરનાં પુરાવા અને સરનામાના પુરાવા ઉપરાંત) રજૂ કરવા જરૂરી હતાં. મામલતદાર અરજી અને રજુ કરવામાં આવેલ દસ્તાવેજોની ખરાઈને આધારે યોગ્યતાની ચકાસણી કરે અને ત્યારપછી SES[53]-2002 નાં ડેટા સાથે અરજદારની BPL સ્થિતિની ચકાસણી કરે અને ત્યારબાદ અરજી મળ્યાની તારીખથી 60 દિવસમાં અરજી સ્વીકારે અથવા નામંજૂર કરે. નમૂના તપાસેલ તાલુકાઓમાં, ઓડિટમાં જણાયું હતું કે યોજનાં હેઠળ રજીસ્ટ્રેશન માટે પ્રાપ્ત કરાયેલ બધી અરજીઓનો મામલતદાર દ્વારા 60 દિવસની નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવ્યો હતો.

3.3.2.1 ગ્રામ્ય વસ્તીનો સમાવેશ ન થવો

યોજનાની માર્ગદર્શિકા (2014) દર્શાવે છે કે ઉપલબ્ધ BPL સૂચિના આધારે, લાભાર્થીઓ તેમના રહેઠાણો સુધી પહોંચી સક્રિય પણે ઓળખાવા જ જોઈએ. તે એવું પણ દર્શાવે છે કે જો પાત્રતા ધરાવતી વ્યક્તિનું નામ BPL સૂચિમાં નથી આવતુ તો તે/તેણી છુટી જાવા જોઈએ નહી.

---

49 સર્વેક્ષણ તમામ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું સામાજિક-આર્થિક સમીક્ષાનાં 13 પરિમાણો જેવા કે કબજા હેઠળની જમીનનો વિસ્તાર/કદ, રહેણાંકનો પ્રકાર, ખાદ્ય સુરક્ષા, સ્વચ્છતાની સુવિધા, ઉપભોક્તા સાધનોની માલિકી, સાક્ષરતાનો દરજ્જો, આજીવિકાનું માધ્યમ, વિગેરેનાં આધારે ગુણાંકની ગણતરી કરી છે (વેબસાઈટ : http://ses2002.guj.nic.in)

50 અરજીપત્રક ફોર્મનું રજીસ્ટર, ગ્રામીણ વસ્તી માટે SES-2002 નો ડેટા બેઈઝ, શહેરી વસ્તી માટે સ્વર્ણિમ જયંતિ શહેરી રોજગાર યોજના (SJSRY) નો ડેટા બેઈઝ, NSAP પોર્ટલનો ડેટાબેઈઝ, બચત બેંક ખાતા સાથે લિંક કરેલ DBT નું બેંક સ્ટેટમેન્ટ, ટ્રેઝરીનાં ચલણો અને ઓડિટ કરવામાં આવેલ યુનિટ દ્વારા ઓડિટને પૂરી પડાયેલ માહિતી/ડેટા

51 ઓળખનાં પુરાવા (મતદાર ઓળખપત્ર અથવા ડ્રાઈવીંગ લાયસન્સ, ઉંમરના પુરાવા (જન્મ પ્રમાણપત્ર/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/ચૂંટણી ફોટો ઓળખપત્ર (EPIC)/રેશનકાર્ડ/સરકારી તબીબી અધિકારી દ્વારા જારી કરાયેલ ઉંમર અંગેનું પ્રમાણપત્ર) અને સરનામાંનાં પુરાવા (મતદાર ઓળખપત્ર/સ્થાનિક વેરાની પહોંચ)

52 તે બેરોજગાર/અલ્પ રોજગાર ધરાવતા શહેરી ગરીબોને લાભદાયક રોજગારી પૂરી પાડવા માટેની કેન્દ્રિય પ્રાયોજિત યોજનાં છે.

53 વર્ષ ૨૦૦૨માં હાથ ધરવામાં આવેલ અને વર્ષ 2006-07 સુધી દરેક વર્ષે સુધારવામાં આવેલ સર્વેક્ષણ

વર્ષ 2004-05 ના ગરીબી ગુણોતર[54] અને 01 માર્ચ 2016 ની સ્થિતિએ અનુમાનિત વસ્તી આધારિત GoI એ રાજ્યમાં યોજનાં હેઠળ નોંધણી માટે અંદાજિત 7.21 લાખની વસ્તી (60 વર્ષ અને તેથી વધુ વર્ષની વ્યક્તિઓ) માંથી 5.81 લાખ વ્યક્તિઓનાં લક્ષ્યાંકને મંજૂરી આપેલ. ઓડિટમાં જણાયુ કે, માર્ચ 2018 ની સ્થિતિએ, GoG એ યોજનાં હેઠળ GoI દ્વારા મંજૂર કરાયેલ 5.81 લાખનાં લક્ષ્યાંકની સામે 5.60 લાખ વ્યક્તિઓ (96 ટકા) ની નોંધણી કરી હતી.

ઓડિટમાં જણાયું કે માર્ચ-2018 ની સ્થિતિએ નમૂના તપાસેલ 21 GPS માં BPL પાત્રતા ધરાવતી કુલ 2,949 વ્યક્તિઓ માંથી, 1,288 પાત્રતા ધરાવતી BPL વ્યક્તિઓ હજુ સુધી યોજનાં હેઠળ આવરી લેવાઈ નથી. સંબંધિત GPs નાં તલાટી-કમ-મંત્રી (TCM)/સરપંચ એ ખાતરી કરેલ કે આ ન આવરી લેવાયેલ વ્યક્તિઓ હજુ ગામમાં જ રહે છે અને તેમને યોજનાનો લાભ મળ્યો નથી.

શહેરી વસ્તી સંદર્ભે ઓડિટમાં જણાયું કે ન તો (UD&UHD) અથવા ન તો MCs/NPs એ શહેરી વસ્તીનો કોઈપણ એકીકૃત BPL ડેટાબેઈઝ જાળવ્યો હતો. ઓડિટમાં નમૂના-તપાસેલ આઠ તાલુકાઓ પૈકી, છ તાલુકાઓ (લીમખેડા અને કપરાડા તાલુકાઓ સિવાય) શહેરી વિસ્તારની કામગીરી ચલાવવા માટે નગરપાલિકાઓ હતી. સ્વર્ણિમ જયંતી શહેરી રોજગાર યોજના (SJSRY) હેઠળ જારી કરાયેલ BPL કાર્ડસનો ટેડા-બેઈઝ ફક્ત ત્રણ NPs (દાહોદ, કાલાવડ અને વાપી તાલુકાઓ) જ આપી શક્યાં હતાં. ટેડાબેઈઝની ચકાસણીમાં જણાયું કે તેમાં પરિવારનાં વડાનું નામ, વય અને સરનામું જ સમાયેલ છે. તેમાં પરિવારના અન્ય સભ્યોનું નામ જ હતું. ડેટાબેઈઝમાં કુટુંબના બધાજ સભ્યોના વય/જન્મ તારીખ સામેલ ન હોવાને લીધે યોજનાં હેઠળ પાત્રતા ધરાવતી વસ્તીની સક્રિય ઓળખ માટેનો અવકાશ શક્ય ન હતો.

નાયબ સચિવ (SJED) એ સ્વીકારેલ (માર્ચ 2019) કે GoI દ્વારા મંજૂર કરાયેલ અનુમાનિત લક્ષ્યાંક (5.81 લાખ લાભાર્થીઓ) ને રાજ્ય હાંસલ કરી શક્યું નથી. તેણે વધુમાં જણાવ્યું હતું કે GoI દ્વારા મંજૂર કરાયેલ લક્ષ્યાંકને હાંસલ કરવા 17-20 નો ગુણાંક ધરાવતા વ્યક્તિઓને નવેમ્બર-2017 થી સામેલ કરવામા આવ્યાં હતા અને લક્ષ્યાંક વધારવા માટે GoG એ GoI ને રજુઆત (ડિસેમ્બર-2018) હતી.

3.3.3. અનુદાનનો અલ્પ પ્રમાણમાં ઉપયોગ કરવો

સપ્ટેમ્બર-2016 થી, GoI એ લાભાર્થીઓના પેન્શન વિતરણ માટે nsap.nic.in-ઓનલાઈન પોર્ટલ બનાવીને ડાયરેક્ટ બેનીફીશીયરીઝ ટ્રાન્સફર (DBT) સિસ્ટમ દાખલ કરી. મામલતદારો/ બેંક/પોસ્ટલ ખાતાઓની વિગતો સાથે હાલનાં લાભાર્થીઓની વિગતો દાખલ કરવા અને લાભાર્થીઓને ઉમેરવા/રદ કરવા માટે આ પોર્ટલનો ઉપયોગ કરે છે. નિયામકશ્રી, સમાજ સુરક્ષા GoI ના પબ્લીક ફાયનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) દ્વારા પેન્શનનું વિતરણ સીધેસીધુ આ લાભાર્થીઓનો બેંક ખાતાઓમાં કરે છે. સપ્ટેમ્બર-2016 અગાઉ, નિયામકશ્રી દ્વારા પેન્શનની ચૂકવણી કરવા માટે મુક્ત કરાયેલા ભંડોળ, મામલતદારો દ્વારા રીજીયોનલ પોસ્ટ માસ્તરને લાભાર્થીઓને મનીઓર્ડરોથી આપવા માટે છુંટું કરવામાં આવ્યું હતું.

વર્ષ 2013-18 દરમિયાન, SJED એ યોજનાં હેઠળ ₹ 1,416.63 કરોડ (₹ 927.76 કરોડ) GoI અને (₹ 488.87 કરોડ) GoG પાસેથી અનુદાન તરીકે પ્રાપ્ત કરેલ. જેમાંથી, વર્ષ 2013-18 દરમિયાન SJED ₹ 1,178.80 કરોડ (83 ટકા) નો ઉપયોગ કરી શક્યું. ઓડિટમાં જણાયું કે માર્ચ-2018 ની સ્થિતિએ

54 તે ગરીબી રેખા હેઠળની વસ્તીની ટકાવારી દર્શાવે છે વર્ષ 2004-05માં તે ગુજરાત માટે 31.60 ટકા અને રાષ્ટ્રીય સ્તરે 37.20 ટકા રહ્યો હતો (ડેટા સ્ત્રોત : સામાજિક ન્યાય અને અધિકારીના મંત્રાલય, GoI)

નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સંચાલિત બેંક ખાતામાં ₹ 42.82 કરોડ બિનઉપયોગી/વણવપરાયેલ પડી રહયાં હતાં. ઓડિટમાં વધુમાં જણાયું કે જનરલ ફાયનાસિયલ રૂલ્સ (GFR) નું ઉલ્લંઘન કરીને આ રકમ ટ્રેજરી ખાતાઓ સિવાય બહાર રાખવામા આવી હતી, જે નાણાંકીય વર્ષને અંતે સરકારને આ રકમ પરત કરવાનુ સૂચવે છે.

નમૂના તપાસ દરમિયાન, લીમખેડા તાલુકામાં ઓડિટમાં જણાયું કે ₹ 25.54 લાખનું બમણું ચૂકવણું સપ્ટેમ્બર-2016 માં લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. આ થવાનુ કારણ એ હતું કે મનીઓર્ડર આપવા માટે પોસ્ટલ ખાતામાં રકમ જમાં કરાવીને સપ્ટેમ્બર-2016 નાં મહિના માટે પેન્શનનું એડવાન્સમાં ચૂકવણું કરવામાં આવ્યું હતું, જ્યારે બીજી તરફ, નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ પણ DBT દ્વારા તે જ મહિના માટે પેન્શન ચૂકવેલ. વિભાગનાં બેંક ખાતામાંથી થયેલ ચુકવણાઓનું લાભાર્થીઓનાં ખાતા સાથે મેળવણું ન થવાને કારણે ઓડિટ દરમિયાન જ્યા સુધી ધ્યાન દોરવામા ન આવ્યુ ત્યાં સુધી આ જાણ પર આવ્યુ ન હતું.

નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જણાવેલ (સપ્ટેમ્બર-2018) કે ટ્રેઝરીમાંથી વિભાગના બેંક ખાતામાં ટ્રાન્સફર થયેલ ગ્રાન્ટનું મેળવણું કરવામાં આવ્યું હતું. પ્રત્યુત્તર તર્કસંગત નથી, કારણ કે વિભાગનાં બેંક ખાતામાંથી લાભાર્થીઓનાં ખાતાઓમાં વહેંચાયેલ રકમની વહેંચણીની ચોકસાઈ ચકાસવા માટે મેળવણુ કરવુ પણ જરૂરી છે. આ ઉપરાંત ઓડિટમા અનુદાનની પૂરતી પ્રાપ્યતા હોવા છતાં પેન્શન વિતરણ ન થવાના અને પેન્શનનું વિતરણ અન્ય ખોટા બેંક ખાતામાં થવાના કિસ્સાઓ પણ જોવા મળ્યાં હતા જેની **ફકરા 3.3.4.3** માં ચર્ચા કરવામાં આવી છે.

વણવપરાયેલ ભંડોળ સંદર્ભે, નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નાયબ સચિવશ્રી (SJED) એ જણાવેલ (સપ્ટેમ્બર-2018 અને માર્ચ-2019) કે વિવિધ કારણો જેવા કે આધારનું ખોટું લિંકઅપ, બેંક એકાઉન્ટ નંબરની ખોટી નોંધ, વિગેરેને લીધે ચૂકવણા સંબંધિત વણવપરાયેલ ભંડોળ લાભાર્થીઓના ખાતામા જમાં કરવામા આવ્યા નથી. આ ભંડોળ સરકારી ખાતામાં પરત જમા કરવામાં આવતા નથી, કારણકે તેઓએ લાભાર્થીઓને બાકી રકમની એરિયર્સ સહિત ચૂકવણી કરવી જરૂરી રહેશે અને અનુદાનની પ્રાપ્તિમાં વિલંબને કારણે નાણાકીય વર્ષનાં પ્રારંભિક મહિનામાં પેન્શનની ચૂકવણી કરવામાં પણ ઉપયોગ થાય છે. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે હવે પછીથી સરકારી ધારાધોરણો મુજબ, નાણાકીય વર્ષનાં અંતમાં બચતની રકમ સરકારી ખાતામાં જમાં કરવામાં આવશે.

3.3.4 યોજનાના અમલીકરણમાં ખામીઓ

3.3.4.1 પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો અસ્વીકાર :

યોજનાની માર્ગદર્શીકા મુજબ, યોજના હેઠળ નોંધણી માટે અરજદારની વય નક્કી કરવા માટે જન્મ-પ્રમાણપત્ર અથવા શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર અથવા મતદાર ફોટો ઓળખ કાર્ડ (EPIC) અથવા રેશનકાર્ડ પ્રાથમિક દસ્તાવેજ તરીકે માન્ય રાખવામાં આવશે. આવા કોઈ દસ્તાવેજોની ગેરહાજરીમાં કોઈપણ સરકારી હોસ્પિટલના કોઈપણ તબીબી અધિકારી (MO) દ્વારા જારી કરવામાં આવેલ વય-પ્રમાણપત્ર પણ આ હેતુ માટે કામ આવશે. નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ તમામ મામલતદારોને ઉંમરના પુરાવા તરીકે કાં તો જન્મ પ્રમાણપત્ર/શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા તો MO નું પ્રમાણપત્ર માન્ય રાખવા સૂચનાઓ જારી કરી હતી (એપ્રિલ-2015).

ઓડિટમાં પસંદ કરાયેલ આઠ તાલકાઓ પૈકી ત્રણ તાલુકાઓના દરેકમાં 200 અરજીઓ (2016-17 અને 2017-18 ના વર્ષમાં પ્રક્રિયા પામેલ 100 અરજીઓ દરેક વર્ષમાં) ની રેન્ડમલી ચકાસણી

કરેલ. ઓડિટ ચકાસણીમાં જણાયું હતું કે અરજદારોની વય નક્કી કરવા મામલતદારોએ એકસમાન પદ્ધતિનું અનુસરણ કર્યું ન હતું. નમૂનાં તપાસેલ ત્રણ તાલુકાઓ (દાહોદ, જામનગર અને લીમખેડા) માં ચકાસણી કરાયેલ 600 અરજીઓ પૈકી 435 અરજીઓ મામલતદારોએ માન્ય રાખેલ અને ૧૬૫ અરજીઓ વય અંગેના માપદંડ પૂર્ણ ન કરવા બદલ અસ્વીકાર કરવામાં આવી હતી. માન્ય રાખેલ 435 અરજીઓ પૈકી 127 અરજીઓ આધાર/EPIC માં દર્શાવેલ અરજદારોની ઉમર 60 વર્ષથી ઓછી હોવા છતાં MO નાં પ્રમાણપત્રને આધારે માન્ય રાખી હતી. તેમ છતાં 165 અસ્વીકારેલ અરજીઓ પૈકી 120 અરજીઓ સાથે જોડાયેલ જારી કરાયેલ પ્રમાણપત્રો અરજદારની ઉમર 60 વર્ષ કે તેથી વધુ દર્શાવતાં હોવા છતાં આધાર/EPIC માં ઉમર 60 વર્ષથી ઓછી હોવાને આધારે આ અરજીઓ માન્ય રાખેલ ન હતી. આ 120 અરજીઓનો અસ્વીકાર એ યોજનાની માર્ગદર્શિકાની જોગવાઈઓ અને નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા જારી કરવામાં આવેલ સૂચનાઓનું ઉલ્લંઘન કરતુ હતું અને યોજના હેઠળ નોંધણી માટે વય-માપદંડ નકકી કરવા માટે મામલતદારો દ્વારા અનુસરેલ સ્વચ્છંદી અને મનસુફીભર્યા અભિગમને પણ પ્રતિબિંબિત કરેલ.

નમૂના તપાસેલ તાલુકાઓના મામલતદારો અને નાયબ સચિવ (SJED) એ ઓડિટ અવલોકન સ્વીકારેલ અને જણાવેલ (જુન 2018 અને માર્ચ 2019) કે યોજનાની માર્ગદર્શિકાનાં પાલન સાથે ચકાસણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવામાં આવશે.

3.3.4.2 પાત્રતા ન ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ

યોજનાની માર્ગદર્શિકા મુજબ માત્ર 0-16 SES ગુણાંક સાથેની BPL વ્યકિતઓ યોજના હેઠળ નામાંકન/નોંધણી માટે લાયક છે. નમૂના તપાસેલ તાલુકાઓના પસંદ કરાયેલ વોર્ડો અને GPS નાં સંદર્ભમાં IGNOAPS નાં ડેટાની SES-2002 નાં ડેટા સાથે તુલના કરવા પર મામલતદારોએ 151 લાભાર્થીઓની નોંધણી કરાવી હોય તેવા નમૂના તપાસેલ 24 GPS/વોર્ડો પૈકી 16 માં ઓડિટ ચકાસણી કરતા ઓડિટમાં જણાયુ કે SES નો ગુણાંક 16 કરતા વધારે છે. તેમાં એવું પણ જોવા મળ્યુ હતું કે નવેમ્બર 2017 થી યોજનાની પાત્રતામાં 17 થી 20 SES ગુણાંક સાથેની વ્યકિતઓનો GoG એ સમાવેશ કરેલ. પેન્શન પોર્ટલ (nsap.nic.in) અને SES ડેટા દ્વારા કરવામાં આવેલ પેન્શનની ચૂકવણીના ઓડિટનાં ડેટા વિશ્લેષણમાં બહાર આવ્યું કે 55 વ્યકિત (151 પૈકી) નો ગુણાંક 17 થી 20 સુધીનો છે પરંતુ નવેમ્બર-2017 અગાઉ પણ તેઓને યોજનાં હેઠળ લાભ પૂરો પાડવામાં આવ્યો હતો. વધુમાં 96 વ્યકિતઓનો ગુણાંક 21 થી 38 સુધીનો હતો અને તેથી તેઓ યોજનાં હેઠળ પાત્રતા ધરાવતા ન હતાં, પરંતુ તેમને લાભ પૂરો પાડવામાં આવ્યો હતો. જે પેન્શન મંજૂરીની તારીખથી માર્ચ-2018 સુધી યોજના હેઠળ પાત્રતા ન ધરાવતા 151 વ્યકિતઓને ₹ 24.85 લાખ[55] પેન્શનની અનિયમિત ચૂકવણીમાં પરિણામ્યું હતું.

નાયબ સચિવ (SJED) એ જણાવેલ (માર્ચ-2019) કે આ પાત્રતા ન ધરાવતા લાભાર્થીઓને કરવામાં આવેલ ચૂકવણી અટકાવી દેવામાં આવી છે અને વસૂલાતની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

ઉપરોકત ઓડિટ અવલોકન એવી પ્રકૃતિનું છે, જે અન્ય તાલુકાઓમાં પણ પ્રતિબિંબિત થઈ શકે છે કે જે ઓડિટ દરમિયાન નમૂના તપાસમાં સમાવેશ થયેલ ન હતું. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓનાં સમાવેશ સુનિશ્ચિત કરવા માટે વિભાગ/સરકાર આવા તમામ કિસ્સાઓની આંતરિક તપાસ કરી શકે છે.

55 17-20 ગુણાંક -55 લાભાર્થીઓ (₹ 8.03 લાખ) અને 21-38 ગુણાંક-96 લાભાર્થીઓ (₹ 16.82 લાખ)

3.3.4.3 પેન્શનનું વિતરણ ન કરવું

- **મની ઓર્ડરો પરત મોકલવા**

DBT ની શરૂઆત (સપ્ટેમ્બર-2016) થઈ તે અગાઉ મામલતદારો અનુદાનની પ્રાપ્તિ થતાની સાથે જ ક્ષેત્રીય પોસ્ટ માસ્તરની તરફેણમાં ટ્રેઝરી તરફથી ચેક લખી અને લાભાર્થીઓની જરૂરી સૂચિ સાથે પોસ્ટ ઓફિસને જરૂરી વિગતો સાથે મોકલી આપે છે. પોસ્ટ ઓફિસો લાભાર્થીઓની તરફેણમાં મની ઓર્ડરો જારી કરીને ચૂકવણું કરતી હતી. ઓડિટમાં જણાયું કે DBTની શરૂઆત બાદ, પેન્શન વિતરણ પદ્ધતિ સંક્ષિપ્ત કરવામાં આવી છે અને પેન્શન વિતરણ સમયસર કરવામાં આવી રહ્યું હતું.

નમૂના તપાસેલ તાલુકાઓમાં, ઓડિટમાં જણાયું કે મામલતદારોને પોસ્ટ ઓફિસોમાંથી અવિતરીત મની ઓર્ડરોને લીધે કેટલુંક ભંડોળ પરત મળેલ હતું. મામલતદાર, જામનગર સિવાય ચલણો તિજોરીમાં પરત જમા કરાવવામાં આવ્યા હતા, જેમણે નિયામકશ્રી, સમાજ સુરક્ષા અથવા નાણા વિભાગની કોઈ પણ જાતની અધિકૃતતા વિના ખોલાવાયેલ (સપ્ટેમ્બર-2011) બચત બેંક ખાતામાં અવિતરીત ₹ 76.15 લાખની[56] રકમ જમા કરાવી હતી. નમૂના-તપાસેલ તાલુકાઓમાં રેકોર્ડની તપાસણી કરતા જણાયું કે માર્ચ-2018 ની સ્થિતિએ 728 લાભાર્થીઓ હતાં કે જેઓ DBT દ્વારા પેન્શન મેળવી રહ્યા હતા. પરંતુ સપ્ટેમ્બર-2016 માં DBT ની શરૂઆત થઈ તે અગાઉ મામલતદારો દ્વારા પોસ્ટ ઓફિસમાંથી **₹ 9.93 લાખ**ની રકમ પરત મળી હતી. ઓડિટમાં જણાયું કે આજ દિન (ડીસેમ્બર-2018) સુધી લાભાર્થીઓને ચૂકવણી કરવામાં આવી નથી. જો કે મામલતદારોએ ત્યારબાદના મહિનાઓમાં આ પેન્શનનું ફરીથી વિતરણ કરવાં માટેનાં પ્રયત્નો કરેલ. ઓડિટમાં એ પણ જણાયું કે જો કોઈ લાભાર્થી મામલતદારનો સંપર્ક કરે અને તે માટે દાવો કરે તો જ વિતરણ કરવામાં આવતું હતું. આમ, મામલતદારો આગામી મહિનાઓમાં લાભાર્થીઓને તે ફરીથી વિતરણની ખાતરી કરવા માટે સક્રીય અનુવર્તી પધ્ધતિ અપનાવી ન હતી. પરિણામ સ્વરૂપે, 728 લાભાર્થીઓ મની ઓર્ડરોના વિતરણ (ડિલીવરી) ના સમયે પોતે સ્થાયી થયેલ સ્થળે તેઓની ગેરહાજરી અથવા પોસ્ટ ઓફિસો દ્વારા જણાવેલ અન્ય કારણોને લીધે વચગાળાના મહિનાઓમાં **₹ 9.93 લાખ**[57]ની રકમના પેન્શનથી વંચિત રહી ગયા હતા.

નાયબ સચિવ (SJED) એ જણાવેલ (માર્ચ-2019) કે લાભાર્થીઓને મની ઓર્ડરો દ્વારા ફરીથી વિતરણના ત્રણ પ્રયત્નો કર્યા બાદ અવિતરીત પેન્શન તિજોરીના ખાતામાં જમા થાય છે. અને અંતમાં તે માટે લાભાર્થીઓનો સંપર્ક કરવામાં આવે છે. જવાબ યોગ્ય નથી કારણકે નમૂના તપાસેલ તાલુકાઓનાં ઓડિટમાં જણાયું કે મની ઓર્ડર ફરીથી આપવા માટે કોઈ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા નથી અને આ હકીકત સંબંધિત મામલતદારો દ્વારા સ્વીકારવામાં આવી હતી.

ઉપરોક્ત ઓડિટ અવલોકન એવી પ્રકૃત્તિનું છે; જે અન્ય તાલુકાઓમાં પણ પ્રતિબિંબિત થઈ શકે છે કે જે ઓડિટ તપાસ દરમિયાન નમૂના-તપાસમાં સમાવેશ થયેલ ન હતાં. લાભાર્થીઓને લાગુ અવિતરીત પેન્શનના ચૂકવણાને સુનિશ્ચિત કરવા માટે વિભાગ/સરકાર આવા તમામ કિસ્સાઓની આંતરિક તપાસ કરી શકે છે.

- **પાત્રતા ન ધરાવતા લાભાર્થીઓના ખોટા બેંક ખાતામાં પેન્શનનું વિતરણ થવું**

ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) પધ્ધતિ આધારની સાથે લિંકઅપ થયેલ બેંક ખાતાને ધ્યાનમાં લે છે તે NSAP ડેટાબેઈઝ હેઠળ નોંધાયેલ લાભાર્થીના નામ સાથે ખાતા ધારકનું નામ ચકાસાતું નથી.

56 ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન સ્કીમ (IGNDPS) ની થોડી રકમ પણ સમાવિષ્ટ છે, કેમ કે IGNOAPS ની રકમની ચોક્કસ માહિતી ઉપલબ્ધ ન હતી

57 જામનગર-544 (₹ 7.90 લાખ), કાલાવડ-13 (₹ 0.12 લાખ), દાહોદ-79 (₹ 0.78 લાખ), લીમખેડા-42 (₹ 0.49 લાખ), કપરાડા-50 (₹ 0.64 લાખ)

ત્રણ નમૂના-તપાસેલ-તાલુકાના ઓડિટમાં જણાયું કે 107 લાભાર્થીઓ (દાહોદ-7, જામનગર-98 અને પોરબંદર- 2) નું પેન્શન સપ્ટેમ્બર-2016 અને ત્યારબાદ થી DBT ની શરૂઆત થઈ ત્યારથી અન્ય વ્યકિતઓ (જેઓ યોજના હેઠળ લાભાર્થીઓ ન હતા) ના ખાતામાં ખોટી રીતે જમા થઈ રહ્યું હતું. ઓડિટ વિશ્લેષણમાં જણાયું કે આ મામલતદારો દ્વારા આધારનું ખોટુ લિંકઅપ અથવા બેંક ખાતાના નંબરની ખોટી એન્ટ્રીને કારણે આવું બન્યુ છે. પેન્શન ન મળવા બાબતે અસરગ્રસ્ત લાભાર્થીઓએ સંબંધિત મામલતદારોનો વારંવાર (નવેમ્બર-2017 થી માર્ચ-2018 દરિમયાન) સંપર્ક કરેલ. મામલતદાર, જામનગરે આ બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષાને જાણ કરી (માર્ચ-2018) પગલાં લીધા પરંતુ દાહોદ અને પાલનપુરના મામલતદારોએ મામલો આગળ વધાર્યો ન હતો તે પણ જણાયું હતું કે નવેમ્બર2017 થી પેન્શનનાં ખોટા બેન્ક ખાતામાં જમા થવાનાં આ કિસ્સાઓની લાભાર્થીઓએ રજુઆત કરેલ હોવા છતાં માર્ચ-2018 સુધી ખોટા બેન્ક ખાતામા હવે પછીથી ચૂકવણી રોકવા માટે કોઈપણ અધિકારી (મામલતદાર અથવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા) દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. વધુમાં વિસંગતતા સુધારવા અથવા બેંકમાંથી આયોગ્ય ક્રેડિટને પરત કરવા માટે કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

મામલતદાર જામનગર અને પાલનપુરએ એપ્રિલ-2018 માં અનુક્રમે 86 અને બે કિસ્સાઓને સંબંધિત ભૂલો સુધારી છે, જો કે અગાઉના સમયગાળાની ચડત રકમની ચૂકવણી હજુ સુધી (માર્ચ-2019) બાકી છે આ પાત્રતા ન ધરાવતા લાભાર્થીઓ ને ₹ 10.18 લાખ[58] પેન્શન અનિયમિત ચૂકવણામાં પરિણમેલ અને સપ્ટેમ્બર-2016 પછી થી માર્ચ-2018/નવેમ્બર-2018 થી પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પેન્શનની પ્રાપ્તિથી વંચિત રહેલ.

મામલતદાર, દાહોદે જણાવેલ (જુન-2018) કે વિસંગતતા સુધારવા જરૂરી પગલા લેવામાં આવશે. મામલતદાર, જામનગર અને પાલનપુરે યોજનાની માર્ગદર્શિકામા આ માટેની જોગવાઈની ગેરહાજરીને ચઢત રકમની ચૂકવણી ન કરવા પાછળનું કારણ બતાવ્યું હતું. નાયબ સચિવ (SJED) એ જણાવેલ (માર્ચ-2019) કે લાભાર્થીઓ દ્વારા ધ્યાન ઉપર લાવવામાં આવેલી આવી વિસંગતતાઓને સંબંધિત મામલતદારો સુધારી રહયાં છે.

ઉપરોકત ઓડિટ અવલોકન એવી પ્રકૃતિનું છે, જે અન્ય તાલુકાઓના પણ પ્રતિબિંબિત થઈ શકે છે કે જે ઓડિટ દરમિયાન નમૂના તપાસમાં સમાવેશ થયેલ ન હતા. પેન્શનનું યોગ્ય ખાતાઓમા જ ચુકવણું થાય છે તે સુનિશ્ચિત કરવા માટે વિભાગ/સરકાર આવા તમામ કિસ્સાઓની આંતરિક તપાસ કરી શકે છે.

3.3.5 દેખરેખ

3.3.5.1 લાભાર્થીઓની વાર્ષિક ચકાસણી અને સામાજિક ઓડિટ હાથ ધરવું.

યોજનાની માર્ગદર્શિકામાં સ્પેશિયલ વેરીફીકેશનસ ટીમો[59]ની રચના કરીને હાલનાં લાભાર્થીઓની વાર્ષિક વ્યક્તિગત ચકાસણી હાથ ધરવાનું નિયત કરેલ છે. તે યોજનાના અમલીકરણની કાર્યક્ષમતા, પારદર્શિતા અને ફરિયાદ નિવારણ માટે ગોઠવાયેલ સમિતિઓ દ્વારા દર છ મહિને સામાજિક ઓડિટ હાથ ધરવાની યોજના પણ કરે છે.

58 માર્ચ-2018 સુધી 88 લાભાર્થીઓ માટે અને નવેમ્બર-2018 સુધી 19 લાભાર્થીઓ માટે ગણતરી

59 સમિતિમાં પ્રતિષ્ઠિત બિન-સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ હશે જેઓ કોઈ અધિકૃત અધિકારી હેઠળ સ્થાનિક વિસ્તારમાં સક્રિય હોય છે.

ઓડિટમાં જણાંયુ કે વર્ષ-2013-18 ના સમીક્ષા સમયગાળા દરમિયાન નમૂના તપાસેલ કોઈપણ મામલતદારો અથવા રાજ્ય સ્તરનાં સતાધીશોએ હાલના લાભાર્થીઓની વ્યકિતગત ચકાસણી હાથ ધરી ન હતી અથવા સામાજિક ઓડિટ હાથ ધર્યું ન હતું. સર્વેક્ષણ હાથ ધરવા માટે લાભાર્થીઓની પસંદગી કરતી વખતે, ઓડિટમાં જણાયુ કે નમૂના તપાસેલ 24 GPS/વોર્ડમાં નમૂના તપાસેલ પાંચ GPS ને સંબંધિત 32 લાભાર્થીઓ મૃત્યુ પામ્યા હતાં, તેમ છતાં, તેઓનું પેન્શન તેમનાં બેંક ખાતામાં વિતરીત કરવાનુ ચાલુ રાખ્યુ હતું. જો વિભાગે વ્યક્તિગત ચકાસણી હાથ ધરી હોત તો આ ટાળી શકાયું હોત. વધુમાં સામજિક ઓડિટ હાથ ધરવામાં આવ્યું હોત તો, આગળના ફકરાઓમાં ચર્ચા કર્યા મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આવરી ન લેવા, પેન્શન પ્રાપ્ત ન થવું, વિગેરે બાબતોનું સમાધાન થઈ શકયું હોત.

નમૂના તપાસેલ તાલુકાઓનાં મામલતદારોએ વાર્ષિક વ્યકિતગત ચકાસણી નહી કરવા અંગે પુષ્ટિ/સમર્થન કરેલ છે. અને જણાવેલ (મે-2018 અને જુન-2018) કે તે ઉચિત/યોગ્ય સમયે કરવામાં આવશે. નાયબ સચિવ (SJED) એ જણાવેલ (માર્ચ-2019) કે તમામ લાભાર્થીઓની ચકાસણી માટે જિલ્લા કલેકટરોને સૂચનાઓ જારી કરવામાં આવી છે. (ડીસેમ્બર-2018). સામાજિક ઓડિટ બાબતે, નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જણાવેલ (સપ્ટેમ્બર-2018) કે આ મામલે જિલ્લા કલેકટર પાસેથી તપાસ કરવામાં આવશે. ઓડિટનો મત એ છે કે રાજ્ય સરકાર યોજનાની માર્ગદર્શિકા મુજબ વાર્ષિક ચકાસણીની ખાતરી કરી શકે છે.

3.3.6. સમાપન

ઓડિટનું તારણ છે કે GoG એ ગ્રામીણ અને શહેરી બંને ગરીબી રેખા હેઠળ (BPL) વસ્તીનાં બધા જ BPL લાભાર્થીઓને આ યોજનાં હેઠળ આવરી લીધા નથી. 2004-05 નાં ગરીબી ગુણોત્તરને આધારે GoI દ્વારા અધિકતમ મર્યાદા તરીકે મંજૂર કરાયેલ ₹ 5.81 લાખ અંદાજિત BPL લાભાર્થીઓની સામે, માર્ચ-2018 ની સ્થિતિએ, GoG યોજના હેઠળ 5.60 લાખ BPL લાભાર્થીઓને આવરી શકી છે.

નમૂના તપાસેલ તાલુકાઓના ઓડિટમાં જણાયું કે મામલતદારોએ BPL ગુણાંક નક્કી કરાયેલ માપદંડો કરતાં વધારે BPL ગુણાંકો સાથેના પાત્રતા ન ધરાવતા BPL વ્યક્તિઓને પેન્શન પુરૂ પાડેલ અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓને યોજનાની માર્ગદર્શિકાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા સ્વચ્છંદ રીતે અસ્વીકાર કરવામાં આવ્યો હતો. અને નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સૂચનાઓ જારી કરવામાં આવેલ હતી.

નમૂના-તપાસેલ તાલુકાઓમા મનીઓર્ડરોનાં પરત થવાના કિસ્સાઓમાં પેન્શનનાં વિસ્તરણ ન થવાના કિસ્સાઓ નોંધવામાં આવ્યાં હતાં. દાહોદ, જામનગર અને પાલનપુર તાલુકાઓમાં, ઓડિટમાં જણાયું કે 107 લાભાર્થીઓનું પેન્શન (₹ 10.18 લાખ) મામલતદારો દ્વારા આધારની સાથે ખોટી રીતે લીંકઅપ અને ખોટા નંબરનાં બેંક ખાતામાં એન્ટ્રીને કારણે અન્યનાં બેંક ખાતાઓમાં ખોટી રીતે જમાં કરવામાં આવ્યાં હતાં. નમૂનાં તપાસેલ મામલતદારોએ હાલનાં લાભાર્થીઓની વાર્ષિક ચકાસણી હાથ ધરી ન હતી.

આદિજાતિ વિકાસ વિભાગ

3.4 ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત નિવાસી શાળાઓની કામગીરી

3.4.1 પ્રસ્તાવના

ભારત સરકાર (GoI) નાં આદિજાતિ બાબતોનાં મંત્રાલયે (MoTA) રાજ્યોનાં અંતરીયાળ વિસ્તારોમાંના આદિજાતિ સમુદાયોનાં વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમીત સ્તર (ધોરણ VI થી XII) સુધીનું નિઃશુલ્ક, ગુણવતાયુક્ત નિવાસીય શિક્ષણ પુરૂ પાડવાનાં હેતુથી 'એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ' (EMRSs) ની યોજના શરૂ કરી (1997-98) હતી. યોજનામાં EMRSs નાં સંચાલન માટે અન્ય બાબતોની સાથોસાથ દરેક રાજ્યોમાં સ્વાયત મંડળી સ્થાપવા માટેનો વિચાર હતો. તે મુજબ, ગુજરાત સરકારે (GoG), આદિજાતિ વિકાસ વિભાગ (TDD) અંતર્ગત ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી[60] (સોસાયટી) ની સ્વાયત મંડળી તરીકે સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ, 1860 અંતર્ગત સ્થાપના કરી (જાન્યુઆરી 2000) હતી, અને તેની બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ 1950 અંતર્ગત પણ નોંધણી કરાઈ હતી.

'અલ્પ સાક્ષરતાવાળા જીલ્લાઓમાં અનુસુચિત જનજાતી (ST) ની કન્યાઓમાં શિક્ષણ સ્તરમાં સુદ્દઢીકણ' યોજના અંતર્ગત MoTA એ કન્યા સાક્ષરતા રેસીડેન્સીયલ શાળાઓ[61] (GLRSs) ની સ્થાપના કરી (એપ્રિલ 2008) હતી, કે જેનો હેતુ ઓળખાયેલા જીલ્લાઓ અને જુથોમાં આદિજાતિ કન્યાઓની 100 ટકા નોંધણીની સગવડતા દ્વારા સામાન્ય સ્ત્રીઓ અને આદિજાતિની સ્ત્રીઓની વસ્તીમાં સાક્ષરતા સ્તરનો તફાવત દુર કરવાનો હતો.

આ સોસાયટી **પરિશિષ્ટ-XIII** માં દર્શાવ્યા મુજબ, વર્ષ 2017-18 દરમિયાન રાજ્યનાં 16 જીલ્લાઓમાંના 43 આદિજાતિ તાલુકાઓમાં ફેલાયેલ 79 નિવાસી શાળાઓ (GoI અંતર્ગતની 27 EMRSs, GoG અંતર્ગતની નવ EMRSs અને 43 GLRSs) નાં સંચાલન અને નિયંત્રણ માટે જવાબદાર છે. આ શાળાઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) દ્વારા માન્ય છે.

TDDનાં સચિવએ આ સોસાયટીનાં હોદ્દાની રૂએ અધ્યક્ષ છે. આ સોસાયટીનાં સમગ્રતયા સંચાલન માટે સોસાયટીનાં કાર્યકારી નિયામક જવાબદાર છે. એક મદદનીશ કમિશ્નર, એક હિસાબી અધિકારી અને પરિયોજના સંચાલકો તેમને સહાય કરે છે. જીલ્લા સ્તરે સંકલીત આદિજાતિ વિકાસ પ્રયોજના (ITDP) નાં પ્રયોજના વહિવટદાર (PA) એ હોદ્દાની રૂએ આ સોસાયટીનાં સંયુક્ત કાર્યકારી નિયામક છે. જે ITDP વિસ્તારોમાં આવેલ શાળાઓની બાબતો માટે જવાબદાર છે. અને આ ઉપરાંત તેઓ હોદ્દાની રૂએ શાળાની સ્થાનીય સંચાલન સમિતિ (LMC) નાં ચેરમેન પણ છે. સોસાયટી દ્વારા કરાર આધારિત નિયુક્ત કરાયેલા એક પ્રયોજતા સહ નિર્દેશક PA ને સહાય કરે છે.

GoI/GoG દ્વારા સોસાયટીને અપાયેલ ભંડોળનો કરકસરયુક્ત, કાર્યક્ષમ અને અસરકારક રીતે વપરાશ થયો હતો કે કેમ, ગુણવતા યુક્ત શિક્ષણ આપવા માટે પર્યાપ્ત ભૌતીક અને માનવીય માળખાગત સુવિધાઓ હતી કે કેમ તે ચકાસવા અને નિરિક્ષણ અને દેખરેખ માટેની અસરકારક પ્રણાલી આસ્તિત્વમાં હતી કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે સોસાયટી હેઠળની નિવાસી શાળાઓની કામગીરીનું ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું.

60 અગાઉ ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિવાસી શિક્ષણ સંસ્થા મંડળી (GSTDREIS) અથવા EMRS મંડળી તરીકે ઓળખાતી હતી.

61 અગાઉ અલ્પ સાક્ષર કન્યાઓની નિવાસી શાળાઓ (LLGRSs) અથવા એકલવ્ય કન્યા નિવાસી શાળાઓ (EGRSs) તરીકે ઓળખાતી હતી.

સોસાયટી, ITDD, કમિશ્નર આદિજાતિ વિકાસ (CoTD), 14 PAs માંથી છ PAs, અને પસંદ કરાયેલ 12 શાળાઓ (GoI હેઠળની 27 માંથી પાંચ ERMRs[62], GoG હેઠળની નવમાંથી એક EMRSs[63] 43 માંથી છ GLRSs[64] નાં વર્ષ 2015-16 થી 2017-18 સુધીનાં સમયગાળાને આવરી લેતા રેકોર્ડઝ ઓડિટે તપાસ્યા હતા.

ઓડિટનાં તારણોની ચર્ચા માટે TDDનાં સંયુક્ત સચિવશ્રી સાથે 27 મે 2019 નાં રોજ સમાપન મીટીંગ યોજવામાં આવી હતી. વિભાગનાં અભિપ્રાયો અને પ્રતિક્રિયાઓ ધ્યાને લેવામાં આવ્યા હતા અને રિપોર્ટમાં સામેલ કરવામાં આવ્યા હતા.

3.4.2 ભંડોળની રૂપરેખા અને ભંડોળની પ્રવાહિતા

EMRSs ની સ્થાપના માટે જરૂરી જમીન રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક આપવામાં આવે છે, જ્યારે શાળાનાં મકાન સહિત હોસ્ટેલ અને નિવાસીય ક્વાર્ટસ માટે ₹ 12 કરોડ સુધીના મુડીગત ખર્ચ (બિન-આવર્તક) માટે GoI નાણા પુરા પાડે છે. બાળક દીઠ વાર્ષિક ₹ 42,000 આવર્તક ખર્ચ અને બિન-આવર્તક વસ્તુઓ જેવીકે ફર્નિચર, અન્ય સાધનો વિગેરેની ખરીદી માટે શાળાદીઠ દર પાંચ વર્ષે ₹ 10 લાખની નાણાકીય સહાય પણ GoI પુરી પાડે છે.

યોજનાની જોગવાઈ મુજબ, GLRSs ભાડાનાં મકાનમાં ચલાવી શકાય છે. એક કન્યા છાત્ર દીઠ પ્રતિવર્ષ ₹ 27,100 અને પાંચ વર્ષમાં એકવાર 100 છાત્રો દીઠ ₹ 3.75 લાખ આવર્તક ખર્ચ માટેનાં નાણા GoI આપે છે. વર્ષ 2014-15માં GLRSs માટે મકાનનાં બાંધકામ માટેનાં મુડીગત ખર્ચ માટે શાળા દીઠ ₹ 6.00 કરોડની નાણાકીય સહાય આપવાનું GoIએ નક્કી કર્યુ હતું. GoGએ EMRSs અને GLRSs માટે વર્ષ 2015-16થી ફુગાવાના ખર્ચને પહોંચી વળવા GoIના ફાળા ઉપરાંત છાત્ર દીઠ વાર્ષિક ₹ 10,000 આવર્તક ખર્ચ રૂપે નાણાંકીય સહાય આપવા નક્કી કર્યું હતું (એપ્રિલ-2015). EMRSs અને GLRSs બન્ને માટેનાં મકાન બાંધકામ માટેનો વધારાનો મુડીગત ખર્ચ પણ GoG ભોગવે છે. સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓ માટે GoI અને GoG વચ્ચેના આવર્તક ખર્ચ માટેનાં ભંડોળનું માળખુ **પરિશિષ્ટ XIII** માં આપેલ છે.

ઓડિટનાં તારણો

3.4.3 આયોજન

3.4.3.1 EMRSs ની અસમાન ફાળવણી

સોસાયટી રાજ્યમાં EMRSs અને GLRSs ને ઉભી કરવાનું આકલન કરી TDD ને સોંપે છે, ત્યારબાદ TDD આ દરખાસ્તોને મંજુરી માટે MoTA ને પ્રસ્તુત કરે છે. 2015-18 દરમિયાન GoG એ પાંચ નવી EMRSs ઉભી કરવાની મંજુરી મેળવી હતી, માર્ચ 2018ના અંત સુધીમાં સોસાયટી હેઠળ 36 EMRSs (GoI હેઠળની 27) અને 43 GLRSs કાર્યરત હતી.

ગુજરાતમાં ITDPનાં 14 વિસ્તારોમાંથી 43 આદિજાતિ તાલુકાઓ ઓળખી કાઢવામાં આવ્યા હતા. EMRSsની માર્ગદર્શિકાઓ (જુન 2010)માં દરેક આદિજાતિ તાલુકાઓમાં ઓછામાં ઓછી એક EMRSs સ્થાપવા માટેની જોગવાઈ છે. કારણકે EMRSs મુખ્યત્વે STનાં બાળકો માટેની જોગવાઈ છે,

62 અંબાજી, જાગાણા, કડાણા, કપરાડા અને ઉકાઈ
63 વાઘોડીયા-I
64 જેઠી, ખડકવાડા, મોગરા, પોશિના અને સુત્રાપાડા

રાજ્ય સરકાર દ્વારા આ આદિજાતિ તાલુકાઓમાં EMRSsની સ્થાપના કરવા પારસ્પરીક અગ્રતા માટે અમુક માપદંડો નક્કી કરવાનું અપેક્ષિત હતું. ઓડિટનું અવલોકન હતું કે GoGએ આ સંદર્ભમાં કોઈજ માપદંડ નક્કી/નિયત કર્યા ન હતા. પરિણામ સ્વરૂપ, 43 આદિજાતિ તાલુકાઓમાંથી 18માં EMRSs ન હતી, જ્યારે ત્રણ તાલુકાઓમાં એક થી વધારે EMRSs હતી જેમ કે ભીલોડા તાલુકામાં ત્રણ EMRSs[65], વાઘોડીયા અને બારડોલી દરેક તાલુકાઓમાં બે EMRSs[66], ઉપરાંત ST વસ્તીની મહતમ ગીચતા ધરાવતા તાલુકાઓ જેવાકે ઉચ્છલ (97 ટકા), ઉમરપાડા (96 ટકા), ડેડીયાપાડા (95 ટકા), ગરબાડા (94 ટકા), ફતેહપુરા (92 ટકા), ઝાલોદ (88 ટકા), વગેરેમાં EMRSs ન હતી, તેથી વિરુધ્ધ પાલનપુર (4 ટકા) અને વાઘોડીયા (30 ટકા) જેવા ન્યુનતમ ST વસ્તી ધરાવતા તાલુકાઓમાં આવી શાળાઓ હતી.

ઓડિટમાં વધુમાં જણાયું હતું કે, વર્ષ 2015-18 દરમિયાન EMRSs, માં પ્રવેશ માટે મળેલી અરજીઓની સંખ્યા મોટી હતી, તેમ છતાં પ્રવેશ ઈચ્છુકો સામે રાજ્યમાં ઓછી સંખ્યામાં EMRSs હોવાને કારણે સોસાયટી માત્ર છ ટકા છાત્રોને પ્રવેશ આપી શકી હતી. રાજ્યમાં EMRSsની કુલ પ્રવેશ ક્ષમતા સંખ્યા કરતા સરેરાશ 15 ગણી વધારે સંખ્યામાં અરજીઓ મળી હતી તેની વિગતો નીચે **કોષ્ટક I** માં દર્શાવ્યા મુજબ છે.

કોષ્ટક-1 : વર્ષ 2015-18 દરમિયાન EMRS પ્રવેશ પરીક્ષા માટે મળેલ અરજીઓની સંખ્યાની વિગતો

વર્ષ	મળેલ અરજીઓની સંખ્યા	EMRS પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ છાત્રોની સંખ્યા	EMRS ની કુલ વાર્ષિક પ્રવેશ ક્ષમતા સંખ્યા	પ્રવેશ મેળવનાર છાત્રોની સંખ્યા
2015-16	26,072	23,296	1,820	1,731
2016-17	28,917	26,111	1,880	1,594
2017-18	37,347	34,280	2,180	2,035
કુલ	**92,336**	**83,687**	**5,880**	**5,360**

(સ્ત્રોત : સોસાયટી દ્વારા પુરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે રાજ્યમાં સોસાયટીએ વ્યાપ વધારવાની જરૂર છે.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગમાં જણાવ્યું હતું (27 મે 2019) કે જ્યારે EMRSs ની દરખાસ્ત કરવાની હોય ત્યારે જમીનની ઉપલબ્ધતા, STની વસ્તી, અને EMRS પ્રવેશ પરીક્ષા માટે મળેલ અરજી પત્રકોની સંખ્યા ધ્યાને લેવામાં આવતી હતી. ઉપરાંત વધુમાં જણાવ્યું હતું કે, GoI એ 50 ટકા આદિજાતિ વસ્તી ધરાવતા અને 20.000 ની આદિજાતિ વસ્તી ધરાવતા બાકીનાં તમામ આદિજાતિ તાલુકાઓને વર્ષ 2022 સુધીમાં આવરી લેવા માટે નિર્ણય (ડીસેમ્બર 2018) લેવાયો હતો.

3.4.4 નાણાકીય વ્યવસ્થાપન

EMRSs/GLRSsનાં બાંધકામ, કામગીરી અને જાળવણી માટે સોસાયટી GoI અને GoG તરફથી અનુદાનો મેળવે છે. વર્ષ 2015-16 અને 2017-18નાં સમયગાળાની વચ્ચે સોસાયટી દ્વારા મેળવાયેલ અનુદાનો અને કરાયેલ ખર્ચની વિગતો **પરિશિષ્ટ-XIV**માં દર્શાવેલ છે.

3.4.4.1 GLRSsનાં સંદર્ભમાં કેન્દ્રીય સહાયમાં નુકશાન

GLRSsનાં સંદર્ભમાં સોસાયટી આવનાર નાણાકીય વર્ષ માટે ઘટક દીઠ ખર્ચ (આવર્તક અને બિન-આવર્તક)નાં બજેટ અનુમાનો GoGનાં માધ્યમ દ્વારા GoIને પ્રસ્તુત કરે છે. GoI જેને મંજુર કરી

65 ખરેંચા, શામળાજી-I અને શામળાજી-II

66 **વાઘોડીયા તાલુકો :** વાઘોડીયા-I અને વાઘોડીયા-II, **બારડોલી તાલુકો :** મોટા અને બિલ્વાન

હપ્તાઓમાં GoGને મુક્ત કરે છે. વાર્ષિક હીસાબોની આકારણી બાદ જે તે વર્ષમાં ખર્ચમાં થયેલા વધારા કે બચતને પછીનાં વર્ષમાં સમાયોજીત કરવામાં આવે છે.

વર્ષ 2016-17માં GoIએ ₹ 34.76 કરોડ[67] મંજુર કર્યા અને 26 કરોડ[68] મુક્ત કર્યા (75 ટકા) હતા. વર્ષ 2016-17 દરમિયાન સોસાયટીએ મંજુર કરેલ ખર્ચ ₹ 30.64 કરોડની સામે ₹ 33.89 કરોડનો આવર્તક ખર્ચ કર્યો હતો. ઓડિટનું અવલોકન હતું કે અમુક ઘટકો હેઠળનો આવર્તક ખર્ચ સ્વીકાર્ય ખર્ચ મર્યાદાથી વધારે અથવા તો ઓછો હતો. છાત્રોને ઘડિયાળો અને સાયકલો આપવા માટે મંજુર કરાયેલા ₹ 0.40 કરોડનાં સંદર્ભમાં એવુ પણ ધ્યાને આવ્યું હતું કે, સોસાયટી દ્વારા કંઈ પણ ખર્ચ કરવામાં આવ્યો ન હતો. પરિણામ સ્વરૂપ, દરેક ઘટક માટે નિયત કરાયેલ મર્યાદાથી વધારાનો ખર્ચ અને બચતનાં ભાગને સમાયોજીત કરીને GoI એ માત્ર ₹ 30.64 કરોડનાં આવર્તક ખર્ચ માટેનો દાવો સ્વીકાર્યો હતો. આ ઉપરાંત, GoI એ રૂા 4.12 કરોડનો બિન-આવર્તક ખર્ચ ન સ્વીકાર્યો કારણકે, સોસાયટી મુડીગત ખર્ચ માટેના કાર્યો, જેમા ₹ 2.75 કરોડ ફર્નીચર/સાધનો માટેના, ₹ 0.82 કરોડ બિસ્તર માટેના, ₹ 0.55 કરોડ મનોરંજન માટેનાં કાર્યો શરૂ કરવામાં નિષ્ફળ રહી હતી. પરિણામો ₹ 34.76 કરોડનાં મંજુર કરાયેલા ખર્ચ સામે GoI એ માત્ર ₹ 20.64 કરોડ મંજુર કર્યા અને રૂ. 5.36 કરોડને (₹ 26 કરોડ - ₹ 20.64 કરોડ) વર્ષ 2016-17માં વધારાની મુક્ત કરાયેલ રકમ ગણી વર્ષ 2017-18માં સમાયોજીત કરાતા કેન્દ્રીય સહાયમાં નુકશાન રહેવામાં પરિણમ્યું હતું.

સોસાયટીનાં હિસાબોની ચકાસણી કરતા, ઓડિટે અવલોકન કર્યું હતું કે, વર્ષ 2015-16 અને 2017-18 વચ્ચે સોસાયટી નીચે **કોષ્ટક-2** માં દર્શાવ્યા મુજબનો છાત્ર દીઠ વાર્ષિક ₹ 27.100/- નો આવર્તક ખર્ચ મેળવવામાં નિષ્ફળ રહી હતી.

કોષ્ટક 2 : વર્ષ 2015-16 અને 2017-18 વચ્ચે સોસાયટીનાં આવર્તક ખર્ચની વિગતો

વર્ષ	બજેટ અનુમાનો મુજબ			આખરી મંજૂરી પ્રમાણે			છાત્ર દીઠ વાર્ષિક આવર્તક અનુદાન	છાત્ર દીઠ વાર્ષિક આવર્તક અનુદાનનાં વપરાશમાં ઘટ
	છાત્રોની અંદાજીત સંખ્યા	દાવો કરાયેલ રકમ (₹ કરોડમાં)	GoI દ્વારા મંજુર કરાયેલ રકમ (₹ કરોડમાં)	છાત્રોની ખરેખર સંખ્યા	દાવો કરાયેલ રકમ (₹ કરોડમાં)	GoI દ્વારા મંજુર કરાયેલ રકમ (₹ કરોડમાં)		
1	2	3	4	5	6	7	8 (સ્તંભ 7/5)	9 (₹ 27100 - સ્તંભ 8)
2015-16	7,509	30.25	18.93	10,965	28.57	18.60	16,964	10,136
2016-17	11,981	33.52	30.64	11,981	33.89	20.63	17,227	9,873
2017-18[69]	12,182	33.42	29.92	12,182	33.42	28.75	23,993	3,107

(સ્ત્રોત : સોસાયટીનાં બજેટ અનુમાનો અને GoI ની મંજુરીઓ)

ઓડિટનું અવલોકન હતું કે, GoG દ્વારા ₹ 10,000 નું વધારાનું અનુદાન પુરૂ પાડીને GoI તરફથી આવશ્યક આવર્તક અનુદાનની ઘટને પરીપુર્ણ કરવામાં આવતી હતી. આ દર્શાવે છે કે, સોસાયટી અને શાળાઓ, માર્ગદર્શિકાઓમાં અને મંજુર કરાયેલ બજેટ અનુદાનોમાં નિયત કરાયેલ ઘટક મુજબની મર્યાદા પ્રમાણે આવર્તક અનુદાનોના વપરાશમાં નિષ્ફળ રહી હતી.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગ (27 મે 2019) માં ઓડિટનું અવલોકન સ્વીકાર્યું હતું.

67 બિન આવર્તક ખર્ચ ₹ 4.12 કરોડ અને આવર્તક ખર્ચ ₹ 30.64 કરોડ

68 બિન-આવર્તક ખર્ચ ₹ 3.02 કરોડ અને આવર્તક ખર્ચ ₹ 22.98 કરોડ

69 આખરી મંજુરી પ્રતિક્ષામાં છે, ઓડિટ દ્વારા બજેટ અનુમાનોનાં આંકડા ધ્યાને લેવામાં આવ્યા હતા.

3.4.4.2 વધારાનાં આવર્તક અનુદાનો મુક્ત કરાયા

EMRSsની સ્થાપના માટેની સુધારેલી માર્ગદર્શિકાઓ (2010) મુજબ રાજ્ય સરકાર તેના સંચાલન માટે કોઈપણ વ્યવહારૂ/અનુકુળ પદ્ધતિ જેવી કે સ્વાયત શૈક્ષણિક મંડળીઓ દ્વારા, નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ સાથે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) રાજ્યના શિક્ષણ વિભાગ સાથે ગોઠવણી કરી અથવા અન્ય કોઈપણ પદ્ધતિનો વિકલ્પ પસંદ કરી શકે છે. આ મુજબ, સોસાયટીએ GoG વતી સુઘી પરિવાર ફાઉન્ડેશન (SPF) ન્યુ દિલ્હી, અને મુની સેવા આશ્રમ ટ્રસ્ટ (MSAT) વાઘોડીયા, વડોદરા સાથે અનુક્રમે EMRS (ક્વાંટ) અને EMRS (વાઘોડીયા-I)[70] નાં સંચાલન માટે સમજુતી કરારો (MOU) (નવેમ્બર 2008 અને નવેમ્બર 2010) કર્યા હતા. આ MOU ઓક્ટોબર 2017 સુધી રિન્યુ કરાયા હતા.

MSAT સાથે કરાયેલા MOU મુજબ, સોસાયટી આવર્તક અનુદાન[71] તરીકે વાર્ષિક આવર્તક ખર્ચનાં 50 ટકા, મહતમ ₹ 60 લાખની મર્યાદામાં મુક્ત કરાશે. બાકીનો 50 ટકા આવર્તક ખર્ચ, MSAT દ્વારા બિન-આદિજાતિ છાત્ર/બિન નિવાસી છાત્ર પાસેથી ફી લઈને અને ડોનેશન વિગેરે મેળવીને ભરપાઈ કરાશે. માળખાગત સુવિધાઓ, સાધનો, અને અન્ય સ્થાવર મિલકતો પુરી પાડવાનો ખર્ચ સોસાયટી MSAT વચ્ચે 75.25 નાં ગુણોતર પ્રમાણમાં મહતમ ₹ 7.00 કરોડની મર્યાદામાં કરવાનો રહેશે.

રેકોર્ડઝની ચકાસણીમાં જણાયું હતું કે, સોસાયટીએ નીચે **કોષ્ટક-3**માં દર્શાવ્યા મુજબ MOUમાં માન્ય નાણાકીય મર્યાદા ધ્યાને લીધા વગર જ વર્ષ 2015-16 અને 2017-18 વચ્ચે MSATને વધારાનાં અનુદાનની ચુકવણી કરી હતી.

કોષ્ટક 3 : વર્ષ 2015-18 દરમિયાન MSATને મુક્ત કરાયેલા વધારાનાં આવર્તક અનુદાનોની વિગતો

(₹ લાખમાં)

વર્ષ	છાત્રોની સંખ્યા	વાર્ષિક આવર્તક ખર્ચ	વહેંચવાપાત્ર આવર્તક ખર્ચ		આવર્તક ખર્ચની ખરેખર વહેંચણી		સોસાયટી દ્વારા મુક્ત કરાયેલ વધારાનું અનુદાન[72]
			સોસાયટી	MSAT	સોસાયટી	MSAT	
2015-16	193	85.60	42.80	42.80	69.81	22.59	9.81
2016-17	215	97.20	48.60	48.60	67.45	25.89	7.45
2017-18	234	113.16	56.58	56.58	76.55	37.80	16.55
કુલ	**642**	**295.96**	**147.98**	**147.98**	**213.81**	**86.28**	**33.81**

(સ્ત્રોત : શાળા/સોસાયટી દ્વારા પુરી પડાયેલ માહિતી)

ઉપર્યુક્ત કોષ્ટક દર્શાવે છે કે, સોસાયટીએ MSAT ને ₹ 33.81 લાખનો નાણાકીય લાભ આપતા આવર્તક ખર્ચનાં 50 ટકાથી વધારે મુક્ત કર્યા હતા. ઉપરાંત PPP પદ્ધતિ સ્વીકારવાનો હેતુ નિષ્ફળ ગયો હતો.

EMRSs ક્વાંટનાં કિસ્સામાં સોસાયટી અને SPF વચ્ચે કરવામાં આવેલ MOUમાંના નિયમો અને શરતો MSAT સાથે કરવામાં આવેલ MOU સાથે સામ્ય ધરાવતા હતા. ઓડિટનું અવલોકન હતું કે સોસાયટીએ SPFને વાર્ષિક આવર્તક ખર્ચનાં 50 ટકાથી વધારે મુક્ત કરીને ₹ 1.73 કરોડનો વધારાનો નાણાકીય લાભ આપ્યો હતો.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગ (27 મે 2019) માં ઓડિટનું અવલોકન સ્વીકાર્યું હતું અને જણાવ્યું હતું કે MOU માં લાગુ પડતી કલમોમાં તુરંત સુધારો કરવામાં આવશે.

70 GoGની વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગતની પહેલ અનુસારના બન્ને EMRSs છે.

71 છાત્ર દીઠ વાર્ષિક ₹ 36000 મુજબની ગણતરી કરાતા

72 સોસાયટી દ્વારા કરવામાં આવેલ આવર્તક ખર્ચમાંથી ₹ 60 લાખ બાદ કરતા

3.4.5 શૈક્ષણિક/અભ્યાસ લક્ષી

3.4.5.1 EMRSs માં પ્રવેશ

સોસાયટી દ્વારા આયોજીત એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલ પ્રવેશ પરીક્ષા (EMRSET) કરવાની પ્રવેશ પરીક્ષાને આધારે છાત્રોને ધોરણ VIમાં પ્રવેશ આપવામાં આવે છે.

વર્ષ 2015-18 દરમિયાન, રાજ્યમાં EMRSs માં EMRSET આધારિત ધોરણ VI માં પ્રવેશ મેળવનાર છાત્રોની વિગતો નીચે **કોષ્ટક-4** માં દર્શાવેલ છે.

કોષ્ટક-4 : ધોરણ-VIમાં પ્રવેશ પામેલ છાત્રોની સંખ્યાની વિગતો

(આંકડા સંખ્યામાં)

વર્ષ	રાજ્યમાં EMRSs ની પ્રવેશ ક્ષમતા સંખ્યા			ધોરણ-VIમાં પ્રવેશ મેળવતા છાત્રો		
	છોકરાઓ	કન્યાઓ	કુલ	છોકરાઓ	કન્યાઓ	કુલ (ટકાવારી)
2015-16	950	870	1,820	929	802	1,731 (95)
2016-17	980	900	1,880	831	763	1,594 (85)
2017-18	1,130	1,050	2,180	1,069	966	2,035 (93)
કુલ	**3,060**	**2,820**	**5,880**	**2,829**	**2,531**	**5,360 (91)**

(સ્ત્રોત : સોસાયટી દ્વારા પુરી પડાયેલ માહિતી)

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે વર્ષ 2015-18 દરમિયાન ધોરણ VI માટેની 5880 છાત્રોની પ્રવેશ ક્ષમતા સંખ્યા સામે સોસાયટી 5360 છાત્રો (91 ટકા)ને પ્રવેશ આપી શકી હતી.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગ (27 મે 2019) માં પ્રવેશ ક્ષમતા સંખ્યાની સામે જગ્યાઓ ખાલી રહેવા પાછળ છાત્રો તેમનો પ્રવેશ રદ કરતા હોવાનું કારણ દર્શાવ્યુ હતું.

3.4.5.2 GLRSs માં પ્રવેશ

સોસાયટી દ્વારા આપવામાં આવેલ સુચનાઓ (મે 2016) મુજબ દરેક GLRSs માંના દરેક વર્ગમાં 60 ST કન્યા છાત્રાઓની પ્રવેશ ક્ષમતા સંખ્યા હોવી જોઈએ. વર્ષ 2015-18 દરમિયાન, નમૂના તપાસ કરાયેલા GLRSs માં પ્રવેશ ક્ષમતા સંખ્યાની સામે પ્રવેશ પામેલ છાત્રાઓની વર્ષવાર વિગતો નીચે **કોષ્ટક 5** માં દર્શાવેલ છે.

કોષ્ટક 5 : વર્ષ 2015-18 દરમિયાન નમૂના તપાસ કરાયેલ GLRSs માં પ્રવેશ પામેલા છાત્રાઓની વિગતો

નમૂના તપાસ કરાયેલ GLRSs	2015-16		2016-17		2017-18	
	પ્રવેશ ક્ષમતા સંખ્યા	છાત્રાઓની સંખ્યા (ટકાવારી)	પ્રવેશ ક્ષમતા સંખ્યા	છાત્રાઓની સંખ્યા (ટકાવારી)	પ્રવેશ ક્ષમતા સંખ્યા	છાત્રાઓની સંખ્યા (ટકાવારી)
જેઠી	300	285 (95)	300	283 (94)	300	280 (93)
બડકવાડા	300	275 (92)	300	295 (98)	360	336 (93)
મોગરા	300	290 (97)	360	344 (96)	480	441 (92)
પોશિના	240	174 (73)	300	236 (79)	300	240 (80)
સરોત્રા	300	281 (94)	300	283 (94)	360	343 (95)
સુથારપાડા	300	300 (100)	300	299 (100)	360	333 (93)
કુલ	**1740**	**1605 (92)**	**1860**	**1740 (94)**	**2160**	**1973 (91)**

(સ્ત્રોત : નમૂના તપાસ કરાયેલ GLRSs દ્વારા પુરી પડાયેલ માહિતી)

ઉપરોકત કોષ્ટક દર્શાવે છે કે, નમૂના તપાસ કરાયેલ GLRSs માં પ્રવેશ ક્ષમતા સંખ્યાની સામે, સોસાયટી વર્ષ 2015-18 દરમિયાન 91 થી 94 ટકા છાત્રાઓને પ્રવેશ આપી શકી હતી.

3.4.5.3 બોર્ડની પરીક્ષાઓમાં સિધ્ધિ

ઓડિટમાં જણાયું હતું કે, નમૂના તપાસ કરાયેલ 12 શાળાઓમાં નીચે **કોષ્ટક-6** માં દર્શાવ્યા મુજબ X અને XII નાં પરિણામો, રાજયની સરેરાશ ટકાવારીની સરખામણીએ વધારે સારા હતા.

કોષ્ટક 6 : નમૂના તપાસ કરાયેલ 12 શાળાઓનાં ધોરણ X અને XII નાં પરિણામો

વર્ષ	ધોરણ X			ધોરણ XII			રાજયની સરેરાશ સફળતા ટકાવારી	
	પરીક્ષામાં હાજર	સફળતા પામેલ	સફળતાની ટકાવારી	પરીક્ષામાં હાજર	સફળતા પામેલ	સફળતાની ટકાવારી	ધોરણ X	ધોરણ XII[73]
2015-16	370	330	89	103	101	98	67	60
2016-17	484	414	86	225	173	77	68	61
2017-18	686	583	85	221	163	74	67	59
કુલ	**1540**	**1327**	**86**	**549**	**437**	**80**	**67**	**61**

(સ્ત્રોત : સોસાયટી દ્વારા પુરી પડાયેલ માહિતી)

3.4.5.4 ઉચ્ચતર માધ્યમિક પ્રવાહો શરૂ ન કરાયા

જવાહર નવોદય વિદ્યાલયોનાં સ્વરૂપ મુજબ જ રાજયનાં અંતરીયાળ વિસ્તારોમાં આદિજાતિ સમુદાયનાં વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક સ્તર સુધી (ધોરણ VI થી XII) નું નિઃશુલ્ક, ગુણવત્તાયુકત નિવાસી શિક્ષણ પુરૂ પાડવાનાં હેતુથી EMRSs ની સ્થાપના કરવામાં આવી છે. EMRSs ની સુધારેલી માર્ગદર્શિકાઓ (જુન 2010) મુજબ દરેક EMRSs માં ધોરણ VI થી X અને ઉચ્ચતર માધ્યમિક (ધોરણ XI અને XII) ત્રણેય પ્રવાહ સાથે હોવા જોઈએ. વિશેષમાં GoG એ શૈક્ષણિક વર્ષ/સત્ર 2017-18 થી રાજયની દરેક 43 GLRSs માં ધોરણ XI શરૂ કરવા નકકી કર્યુ હતું. શૈક્ષણિક સત્ર વર્ષ 2017-18 માટે EMRSs અને GLRSs માં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સ્થિતિ નીચે **કોષ્ટક-7** માં દર્શાવેલ છે.

કોષ્ટક 7 : રાજયમાં EMRSs અને GLRSs માં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સ્થિતિ

શાળાઓનો પ્રકાર	શાળાઓની સંખ્યા	શિક્ષણ આપતી શાળાઓની સંખ્યા							
		તાજેતરમાં શરૂ કરાયેલ (સ્તંભ 2 માંથી)	માત્ર ધોરણ X સુધી	ત્રણેય પ્રવાહ માટે (વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય)	માત્ર વિજ્ઞાન અને વિનયન	માત્ર વિજ્ઞાન અને વાણિજ્ય	માત્ર વિજ્ઞાન	માત્ર વિનયન	માત્ર વાણિજ્ય
1	**2**	**3**	**4**	**5**	**6**	**7**	**8**	**9**	**10**
EMRS (GoI)	27	5	3	4	3	3	9	0	0
EMRS (GoG)	9	1	5	0	0	0	3	0	0
GLRS	43	0	19	0	0	0	8	12	4
કુલ	**79**	**6**	**27**	**4**	**3**	**3**	**20**	**12**	**4**

(સ્ત્રોત : સોસાયટી દ્વારા પુરી પડાયેલ માહિતી)

73 સામાન્ય (વાણિજ્ય અને આર્ટસ) અને વિજ્ઞાન પ્રવાહની સરેરાશ

ઓડિટનું અવલોકન હતું કે-

- GoI દ્વારા પુરા પડાયેલ ભંડોળવાળી 27 માંથી પાંચ EMRSs[74] વર્ષ 2015-16 અને 2017-18 વચ્ચે શરૂ થઈ હતી, જ્યારે બાકીની 22 EMRSs વર્ષ 2012-13 પહેલા શરૂ કરવામાં આવી હતી. આમ, વર્ષ 2017-18 માં આ દરેક 22 EMRSs માં ધોરણ XI સુધીનાં વર્ગો હોવા જોઈએ. આમ છતાં, વર્ષ 2017-18 દરમિયાન ત્રણ EMRSs[75] માં માત્ર ધોરણ X સુધીનાં જ વર્ગો હતા. બાકી રહેલી 19 EMRSs માંથી, માર્ગદર્શિકાઓમાં દર્શાવ્યા મુજબ ત્રણે પ્રવાહોની ઉપલબ્ધતા સાથેની ઉચ્ચતર માધ્યમિક શાળા માત્ર ચાર EMRSs (અંબાજી, જાગાણા, ખોદાડા અને તીલકવાડા) હતી, જયારે બાકીની શાળામાં એક અથવા બે પ્રવાહો જ, જેમકે ત્રણ EMRSs માં વિજ્ઞાન અને વિનયન(આર્ટસ), ત્રણ EMRSs માં વિજ્ઞાન અને વાણિજય અને નવ EMRSs માં માત્ર વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ ઉપલબ્ધ હતું.
- વર્ષ 2017-18માં સ્થાપિત એવી GoG દ્વારા ભંડોળ પુરૂ પડાતું હોય એવી બિલવાન EMRS સિવાય, પાંચ EMRSs[76] માં માત્ર ધોરણ X સુધીનાં વર્ગો હતા, જયારે બાકીની ત્રણ EMRSs[77] માં માત્ર વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ જ આપવામાં આવતું હતું.
- વર્ષ 2017-18 સુધીમાં સોસાયટી માત્ર 24 GLRSs માં ધોરણ XI નું શિક્ષણ શરૂ કરી શકી હતી. કારણ કે અન્ય GLRSs માં વધારાના વર્ગખંડો ઉપલબ્ધ ન હતાં. આ 24 GLRSs માંથી, 12 GLRSs માત્ર વિનયન (આર્ટસ) પ્રવાહમાં જ શિક્ષણ આપતી હતી અને ચાર GLRSs માત્ર વાણિજ્ય પ્રવાહમાં શિક્ષણ આપતી હતી.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગ (27 મે 2019) માં દરેક ત્રણેય પ્રવાહોમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ન આપવા પાછળ શાળાનાં મકાનમાં પર્યાપ્ત માળખાગત સુવિધા ન હોવાનું કારણ રજુ કર્યું હતું. ઉપરાંત વધુમાં જણાવ્યું હતું કે શૈક્ષણિક વર્ષ સત્ર 2018-19 થી EMRS કડાણામાં ધોરણ-XI (વિજ્ઞાન પ્રવાહ) નું શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું.

3.4.5.5 શૈક્ષણિક અને બીન-શૈક્ષણિક સ્ટાફની ભરતી

(i) શૈક્ષણિક સ્ટાફ

EMRS માર્ગદર્શિકાઓ (1997-98) માં EMRS નાં આચાર્યો અને શૈક્ષણિક સ્ટાફ માટે સરકારી શાળાઓનાં શિક્ષકો કરતા ઉચ્ચ પગાર ધોરણ માટે દર્શાવેલ છે કે જેથી આ શાળાઓ તરફ સર્વોતમ પ્રતિભાશાળીઓને આકર્ષી શકાય. EMRS માર્ગદર્શિકાઓ (જુન-2010) માં એવું પણ દર્શાવેલ છે કે, રાજય સરકારે શૈક્ષણિક તથા અભ્યાસોતર શ્રેષ્ઠતા માટે શિક્ષકો અને સ્ટાફની પસંદગી વખતે તેઓમાં ઉચ્ચતમ ગુણવતાનું ધોરણ જાળવવું અને સુનિશ્ચીત કરવું જોઈશે.

ઓડિટનું અવલોકન હતું કે, EMRSs અને GLRSs અનુક્રમે વર્ષ 1997-98 અને 2008-09 થી કાર્યરત હોવા છતાં, સોસાયટીએ આચાર્યો અને શૈક્ષણિક સ્ટાફની કાયમી ધોરણે નિમણુંક માટે કોઈ જ માર્ગદર્શિકાઓ નક્કી કરી ન હતી. માત્ર ડિસેમ્બર 2016 માં, 17 વર્ષો[78] વીતી જવા બાદ GoG એ સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓમાં આચાર્યોનાં 76 અને શૈક્ષણિક સ્ટાફ માટેનાં 685 પદો મંજુર કર્યા હતા. ડિસેમ્બર 2016 પહેલા, સોસાયટી, આચાર્યો અને શૈક્ષણિક સ્ટાફની અનુક્રમે ₹ 16,500 અને ₹ 7500 નાં માસિક મહેનતાણા સાથે ત્રણ થી પાંચ વર્ષ માટે કરાર આધારિત નિમણૂંક કરતી હતી.

74 EMRS, પોશીના (2015-16), EMRS વાગલખોડ (2016-17) અને EMRS માંડવી, સાગબારા અને નસવાડી (2017-18)

75 EMRS, ઈન્દુ (2011-12), EMRS કડાણા (2011-12), અને EMRS, પારડી (2001-02)

76 EMRS સ્વરૂપ મુજબ ચાલતી આશ્રમ શાળાઓ.

77 કવાંટ, ખારેંચા અને વાઘોડીયા-I

78 સોસાયટીની સ્થાપના જાન્યુઆરી 2010 માં થઈ હતી.

શિક્ષકોને અપાતું મહેનતાણું, GoG નાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા અધિસૂચિત (ડીસેમ્બર 2014) કુશળ શ્રમિકોને અપાતા અલપતમ પગાર[79] કરતા ઘણું જ ઓછું હતું. સોસાયટી દ્વારા નિયુક્ત કરાયેલા શિક્ષકો અને શિક્ષકોનાં નોકરી છોડી જવાનાં દરની વિગતો નીચે **કોષ્ટક-8** માં આપેલ છે.

કોષ્ટક-8 : સોસાયટી દ્વારા શિક્ષકોની ભરતી અને શિક્ષકોનાં નોકરી છોડી જવાના દરની વિગતો

ભરતીનું વર્ષ	જાહેરાત કરાયેલ ખાલી જગ્યાની સંખ્યા	ભરતી કરાયેલ શિક્ષકોની સંખ્યા	ફેબ્રુઆરી 2019ની સ્થિતીએ હજુ પણ સેવામાં હોય તેવા શિક્ષકોની સંખ્યા (ટકાવારી)	નોકરી છોડી ચુકેલા શિક્ષકોની સંખ્યા	નોકરી છોડવાનો દર (ટકામાં)
2010-11	149	126	45(36)	81	64
2012-13	316	312	32(10)	280	90
2013-14	341	301	177(59)	124	41
2015-16	255	108	26(24)	82	76
કુલ	**1061**	**847**	**280(33)**	**567**	**67**

(સ્ત્રોત : સોસાયટી દ્વારા પુરી પડાયેલ માહિતી)

ઉપરોકત કોષ્ટક દર્શાવે છે કે, સોસાયટી દ્વારા કરાર આધારિત નિમણુંક કરાયેલ 847 શિક્ષકોમાંથી 567 શિક્ષકો (67 ટકા) ઓછા મહેનતાણાની ચુકવણી, સ્થાયીત્વનો અભાવ અને વધારે સારી તકો મળવા જેવા કારણોને લઈ નોકરી છોડી જતા હતા.

ઓડિટમાં વધુમાં જણાયું હતું કે ડિસેમ્બર 2016 માં મંજુર કરાયેલા આચાર્યો અને શૈક્ષણિક સ્ટાફનાં પદો માટેનાં પગારધોરણો પણ નીચે **કોષ્ટક-9** માં દર્શાવ્યા મુજબ જવાહર નવોદય વિદ્યાલયનાં સ્ટાફને ચુકવાતા પગારધોરણો કરતા નીચાં હતાં.

કોષ્ટક-9 : GoG દ્વારા નિયત કરાયેલ પગાર ધોરણોની જવાહર નવોદય વિદ્યાલય સાથે સરખામણી

અનુ-ક્રમ નંબર	વિભાગ	ધોરણ	પદ	સંખ્યા	પગારધોરણ	જવાહર નવોદય વિદ્યાલયમાં આનુસંગીક પગાર ધોરણ
1.	ઉચ્ચતર પ્રાથમિક	6 થી 8	શિક્ષકો (વિદ્યા સહાયકો)	377	₹ 10,000 (ફિક્સ) પ્રથમ પાંચ વર્ષ માટે, ત્યારબાદ ₹ 5200-20200, GP-₹ 2400	₹ 9300-34800,GP - ₹ 4200
2.	માધ્યમિક	9 થી 10	આચાર્ય	61	₹ 9300-34800, GP- ₹ 4400	₹ 9300-34800, GP- ₹ 5400
			શિક્ષકો (વિદ્યા સહાયકો)	219	₹ 15000 (ફિક્સ) પ્રથમ પાંચ વર્ષ માટે, ત્યારબાદ ₹ 9300-34800, GP-₹ 4200	₹ 9300-34800, GP- ₹ 4600
3.	ઉચ્ચતર માધ્યમિક	11 થી 12	આચાર્ય	15	₹ 9300-34800, GP-₹ 4600	₹ 9300-34800, GP- ₹ 7600
			શિક્ષકો (વિદ્યા સહાયકો)	89	₹ 15500 (ફિક્સ) પ્રથમ પાંચ વર્ષ માટે, ત્યારબાદ ₹ 9300-34800, GP-₹ 4400	₹ 9300-34800, GP- ₹ 4800

(સ્ત્રોત : સોસાયટી દ્વારા પુરી પડાયેલ અને જવાહર નવોદય વિદ્યાલયની વેબસાઈટ પરથી મેળવાયેલ માહિતી)

ઉપરોકત કોષ્ટક દર્શાવે છે કે, શૈક્ષણિક સ્ટાફને પાંચ વર્ષ માટે ફિક્સ પગાર અપાય છે અને આચાર્ય અને શૈક્ષણિક સ્ટાફની શૈક્ષણિક લાયકાતો, જવાહર નવોદય વિદ્યાલયોનાં સ્ટાફ સમકક્ષ હોવા છતાં તેઓને અપાતો ગ્રેડ પે ઓછો હતો.

79 કુશળ (બીન-શૈક્ષણિક) સ્ટાફને ખાનગી નોન-GIA શૈક્ષણિક સંસ્થાનમાં ઓકટોબર 2017 અને માર્ચ 2018 વચ્ચે 30 દિવસ માટે અપાતો લઘુત્તમ પગાર ₹ 9678 હતો. [₹ 293 (એક દિવસનો મુળ પગાર) + ₹ 29.60(મોંઘવારી ભથ્થુ) x 30 દિવસ]

સંયુક્ત સચિવે સમાપત મીટીંગમાં સ્વીકાર્યુ હતું (27 મે 2019) કે નોકરી છોડીને જવાનો ઉંચો દર મુખ્યત્વે સ્થાયીત્વનો અભાવ, સાથોસાથ ઓછા મહેનતાણાથી બેવડાઈ છે. ઉપરાંત વધુમાં જણાવ્યું હતું કે, હમણાં જ કરાર આધારિત શિક્ષકો/આચાર્યોનાં ફિક્સ પગારમાં ₹ 5000 નો વધારો કરાયો હતો. ઓડિટનો મત એ છે કે GoG એ ઉતમ અને કુશળ પ્રતિભાને શિક્ષક તરીકે આકર્ષિત કરવા જરૂરી પગલા લેવા વિચારવું જોઈએ.

(ii) બિન-શૈક્ષણિક સ્ટાફ

કારકુન કમ હિસાબનીશો અને પટ્ટાવાળાઓની નિમણુંક LMC દ્વારા કરવામાં આવતી હતી. જયારે અન્ય સહાયક સ્ટાફ જેવા કે સુરક્ષાકર્મી, સફાઈકર્મી, રસોઈયા અને મદદનીશોની સેવા આઉટસોર્સથી (બહારથી કરાર આધારિત) કરાય છે. ઓડિટનું અવલોકન હતું કે કારકુન-કમ-હિસાબનીશ અને પટ્ટાવાળાઓને સોસાયટી દ્વારા અનુક્રમે ₹ 6000 અને ₹ 3500 મહેનતાણુ ચુકવવામાં આવતુ હતું જે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ માટેના બિન શૈક્ષણિક સ્ટાફ[80], (કુશળ, અર્ધ-કુશળ, અકુશળ) માટે GoG દ્વારા નિયત કરાયેલા ન્યૂનત્તમ પગાર કરતા ઓછુ/નીચું હતું.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગમાં (27 મે 2019) ઓડિટનું અવલોકન સ્વીકાર્યું હતું અને જણાવ્યું હતું કે, લઘુત્તમ વેતન ધારા-1948 સાથે સુસંગત રહે તેમ બિન-શૈક્ષણિક સ્ટાફના મહેનતાણામાં વધારો કરવાની દરખાસ્ત સોસાયટીના નિયામક બોર્ડ સમક્ષ મંજુરી માટે મૂકવામાં આવશે.

3.4.6 EMRSs અને GLRSsમાં માળખાગત સુવિધાઓ

MoTA દ્વારા શાળાની મંજુરી બાદ, સોસાયટી મંજુર કરાયેલ શાળાનું કાર્ય અન્ય શાળાઓનાં મકાનમાં કે હંગામી સુવિધાઓ ઊભી કરીને, ત્યારબાદનાં શૈક્ષણિક વર્ષથી શરૂ કરે છે EMRSs ની મંજુરી બાદ GoI, સોસાયટીને માળખાગત સુવિધાઓ માટે મુડીગત ખર્ચનાં 50 ટકા મુક્ત કરે છે, જ્યારે GLRSને ભાડાનાં મકાનમાં પણ સમાવી શકાય છે.

ઓડિટનું અવલોકન હતું કે, સપ્ટેમ્બર 2018 ની સ્થિતિ GoIનાં ભંડોળ દ્વારા સંચાલિત 27માંથી છ EMRSs GoGનાં ભંડોળથી સંચાલિત નવમાંથી બે EMRSs અને 43માંથી દશ GLRSs નાં પાકા મકાન કે પ્રિ-ફેબ્રીકેટેડ (પૂર્વ નિર્મિત સાધનોને જે તે સ્થળ પર લાવીને તેમને જોડી દઈને બનાવવામાં આવતી રચના) મકાન પણ ન હતા આ શાળાઓ અન્ય સંસ્થા દ્વારા સંચાલિત શાળાઓમાં (13) અન્ય સરકારી મકાનોમાં (3) અને ભાડાનાં મકાનમાં (2) નીચે **કોષ્ટક-10**માં દર્શાવ્યા મુજબ કાર્યરત છે.

કોષ્ટક 10 : EMRSs/GLRSs નાં મકાનોની સ્થિતિ

શાળાનો પ્રકાર	શાળાઓની સંખ્યા	કાર્યરત શાળાઓની સંખ્યા				
		પોતાનુ પાકુ મકાન	પ્રી-ફેબ્રીકેટેડ મકાન	અન્ય શાળાઓનાં મકાન	અન્ય સરકારી મકાન	ભાડાનું મકાન
EMRS (GoI)	27	20	1	4	2	0
EMRS (GoG)	9	7	0	2	0	0
GLRS	43	18	15	7	1	2
કુલ	**79**	**45**	**16**	**13**	**3**	**2**

(સ્ત્રોત : સોસાયટી દ્વારા પુરી પડાયેલ માહિતી)

3.4.6.1 શાળાઓનાં બાંધકામમાં વિલંબ

શાળાનું મકાન બાંધવા અને માળખાગત સુવિધાઓ માટે GoI એ (2010-11) બે EMRSs માટે મંજુરી આપી અને ₹ 24 કરોડ મુક્ત કર્યા. વર્ષ 2015-16 અને 2017-18 વચ્ચે પાંચ EMRSs અને આઠ

80 ઓકટોબર-2017 અને માર્ચ-2018 વચ્ચે 30 દિવસ માટેનું લઘુતમ વેતન-કુશળ (₹ 9678) અને અર્ધ-કુશળ (₹ 9408) અને બિન-કુશળ (₹ 9168)

GLRSs માટે શાળાનાં મકાનમાં બાંધકામ માટે મંજુરી આપી હતી. માર્ચ 2018ની સ્થિતિએ, GoIએ હતાં પાંચ EMRSs માટે ₹ 46 કરોડ અને આઠ GLRSs માટે સોસાયટીને ₹ 40 કરોડનું અનુદાન મુક્ત કર્યુ હતું. જો કે, ઓડિટનું અવલોકન એવું હતું કે, સોસાયટી દ્વારા ઉપર્યુક્ત કાર્યોમાંથી એક પણ શરૂ કરવામાં આવ્યું ન હતું. રેકોર્ડઝની તપાસમાં જણાયું હતું કે છ કિસ્સાઓમાં જરૂરી જમીનનું સંપાદન કરવામાં આવ્યું ન હતું, સાત કિસ્સામાં કાર્ય માટેનાં અંદાજો તૈયાર કરવાનું કામ તૈયારી હેઠળ હતું, અને બે કિસ્સાઓમાં કામ ટેન્ડરીંગ પ્રક્રિયા હેઠળ હતા. પરિણામે GoI તરફથી મળેલ ₹ 110 કરોડ[81] જેવી રકમ સોસાયટી પાસે વણવપરાયેલ પડી રહી હતી, અને યોજના માર્ગદર્શિકાઓમાં દર્શાવ્યા મુજબનું ગુણવતા યુક્ત આંતરમાળખાકિય સુવિધાઓથી છાત્રો વંચીત રહયા હતા. ઉપરાંત ઉતમ માળખાગત સુવિધા વગર (જેમ કે અન્ય શાળઆઓમાં વર્ગો ચલાવવા) ત્રણ વર્ષથી પણ વધારે સમયથી શાળાઓ ચલાવવાનું માળખાગત સુવિધાઓનાં અતિગીચતા/અતિવપરાશમાં પરિણમે છે.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગ (27 મે 2019) માં બાંધકામનાં વિલંબમાં મુખ્યત્વે ફાળવાયેલ જમીન મેળવવામાં વહિવટી વિલંબ, ફાળવાયેલ જમીનમાં અનધિકૃત દબાણો દૂર કરવામાં, જમીનનું સ્થળ બદલવા, વધારાની બજેટરી જોગવાઈ ઊભી કરવામાં અને અન્ય સ્થાનિક મુદ્દાઓ જેવા કારણોને વિલંબ માટે જવાબદાર ઠેરવ્યા હતા. ઉપરાંત વધુમાં જણાવ્યું હતું કે, મોટા ભાગના કાર્યો R & B વિભાગને સોંપવામાં આવ્યા છે તે વિલંબીત થયા છે કારણ કે તેઓ અન્ય અગ્રતા ધરાવતા કાર્યોને લઈ વધારે કાર્ય બોજ હેઠળ હતા.

3.4.6.2 વર્ગ ખંડ, પ્રયોગશાળા અને છાત્રાલય સુવિધાની અપ્રાપ્યતા

બનાસકાંઠા જીલ્લાનું અમીરગઢ શૈક્ષણિક સંકુલ GLRS સરોટા અને મોડેલ સ્કુલ અમીરગઢ માટેનાં શાળાનાં મકાનો, સ્ટાફ ક્વાર્ટર્સ અને છાત્રાલય ધરાવતું હતું. GLRSs જેઠી અને વિરમપુરની મંજુરી મળતા સોસાયટીએ આ શાળાઓને ઉપરોક્ત સંકુલોમાં સમાવવાનું નક્કી કર્યુ હતું. GLRS, જેઠી GLRS સરોટાનાં શાળાનાં મકાનમાં કાર્યરત હતી અને GLRS વિરમપુર GLRS સરોટાનાં છાત્રાલયનાં મકાનમાં કાર્યરત હતી. બે શાળાઓ માટે સૂચિત સંશાધનો ચાર શાળાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા હતા, વર્ગખંડો, પ્રયોગશાળાઓ અને છાત્રાલયો અતી ભીડ વાળા જણાયા હતા. વર્ષ 2017-18 દરમિયાન છાત્રાલયોમાં 700 છાત્રોની ક્ષમતા સામે લગભગ 1500 છાત્રો સમાવાયા હતા, જે ઓરડામાં ભીડ અને શૌચાલય અને મુતરડીઓમાં કમી તરફ દોરી જતું હતું.

ઓડિટમાં વધુમાં જણાયું હતું કે, સોસાયટી દ્વારા ₹ 4.44 કરોડના ખર્ચે વર્ગ ખંડો, સ્ટાફ ક્વાર્ટર્સ, છાત્રાલય અને ભોજનગૃહ ધરાવતાં પ્રીફેબ્રીકેટેડ સંકુલમાં EMRS જાગાણા (બનાસકાંઠા) કાર્યરત હતી, જે EMRS જાગાણા માટે નવું મકાન તૈયાર થવાથી જુન-2016માં ખાલી કરાયું હતું. આ પ્રીફેબ્રીકેટેડ સંકૂલ વપરાયા વગરનું પડ્યું હોવા છતાં સોસાયટી GLRS જેઠી અને GLRS વિરમપુરને તેમા સમાવી ઉપયોગમાં લેવામાં નિષ્ફળ રહી હતી અને તેને બદલે આ શાળાઓને GLRS સરોટામાં જ તે વધારે ભીડવાળી હોવા છતાં ચાલુ રખાઈ હતી. જે ₹ 4.44 કરોડનું માળખુ વણવપરાયેલું પડી રહેવા ઉપરાંત સોસાયટીનું સ્પષ્ટપણે નબળુ સંચાલન હોવાનું દર્શાવે છે.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગમાં (27 મે 2019) જણાવ્યું હતું કે કન્યા શિક્ષણને ઉતેજન આપવાના હેતુથી શાળા છોડી જવાના દરમાં ઘટાડો કરવાના હેતુથી શાળાના મકાનનાં બાંધકામની રાહ જોયા વગર જ GLRS સરોટાનાં મકાનમાં GLRS જેઠી અને GLRS વિરમપુર શરૂ કરવામાં આવી હતી. કોઈપણ શાળાનાં સ્થાનમાં ફેર બદલી આસાન હોય નહી કારણકે તેના માટે માતા પિતા/વાલીઓની

81 વર્ષ 2010-11 દરમિયાન ₹ 24 કરોડ અને વર્ષ 2015-16 અને 2017-18 વચ્ચે ₹ 86 કરોડ મળ્યા હતા.

મંજુરી અગાઉથી લેવી જરૂરી છે અને જાગાણા ખાતેના પ્રીફેબ્રીકેટેડ સંકુલને ઉપયોગમાં લેવા પાત્ર બનાવવા ₹ 25.00 લાખનો વધારાનો રીપેરીંગ ખર્ચ જરૂરી હતો. સંયુક્ત સચિવે ઉપરાંતમાં ખાત્રી આપી હતી કે બન્ને શાળાઓને અથવા તો EMRS જાગાણા ખાતેનાં પ્રીફેબ્રીકેટેડ મકાનમાં યા તો ભાડાનાં મકાનમાં સ્થળાંતરીત કરવામાં આવશે.

3.4.6.3 ખાટલાઓ, ચાદરો અને ગાદલાઓની અપ્રાપ્યતા

યોજનાની માર્ગદર્શીકાઓ મુજબ, EMRS અને GLRSમાં દરેક છાત્રને પ્રવેશ સાથે ખાટલો, ચાદર અને ગાદલાની સુવિધા પુરી પાડવી જરૂરી છે. આમ છતા નમૂના તપાસ કરાયેલ શાળાઓનાં ઓડિટમાં જણાયું હતું કે-

- વર્ષ 2017-18 દરમિયાન EMRS જાગાણામાં 479 છાત્રો સામે માત્ર 294, ખાટલા, ચાદર અને ગાદલાનો સેટ ઉપલબ્ધ હતાં. આમ, 185 છાત્રોને આ સુવિધા પુરી પડાતી ન હતી. આ છાત્રોને બધા ખાટલાઓને ભેગા કરીને સમાવવામાં આવતા હતાં.
- વર્ષ 2017-18 દરમિયાન EMRS કડાણામાં 338 છાત્રોની સામે 338 ગાદલાઓ અને ચાદરો હતી પણ ખાટલા માત્ર 155 હતા. આમ, 183 છાત્રોને ખાટલાની સુવિધા પુરી પાડવામાં આવતી ન હતી અને તેઓને નીચે જમીન પરજ સમાવવામાં આવતા હતા.
- નમૂના તપાસ કરાયેલ દરેક, છ GLRSs માં ખાટલાઓની ઘટ ધ્યાનમાં આવી હતી આ GLRSs માં ખાટલાઓની એકદમ ઘટ 27 ટકા સાથે GLRSs પોશીના અને ખડકવાડામાં 60 ટકાથી પણ વધુ એવી સૌથી વધારે ઘટ હતી. (**પરિશિષ્ટ XV**).

શાળાઓ દ્વારા ઉપર્યુક્ત વસ્તુઓની ખરીદી છાત્રોની સગવડતા, જરૂરિયાત અને પર્યાપ્તતાની દેખરેખ ન તો સોસાયટી કે ન તો LMC દ્વારા કરાઈ હતી.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગમાં જણાવ્યું હતું (27 મે 2019) કે વર્ષ 2018-19માં ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત ખાટલાઓની ખરીદી માટે બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવી હતી અને જરૂરિયાત મુજબના 11,514 ખાટલાઓની ખરીદી માટેની પ્રક્રિયાઓ પ્રગતિ હેઠળ છે.

3.4.6.4 પાણીની અપ્રાપ્યતા

છોટાઉદેપુર જીલ્લાનાં ક્વાંટ તાલુકા ખાતેનાં ગોજારીયા શૈક્ષણિક સંકુલ બે શાળાઓ, ચાર છાત્રાલયો અને 18 કુટુંબની ક્ષમતાવાળા એક એવા ચાર મકાન ધરાવતું હતું. આ બે શાળાનાં મકાનો પૈકી એકમાં ત્રણ GLRS (મોગરા, છોડાવાડી અને સૈદીવાસણ) માટે ઉપયોગમાં લેવાતું હતું અને અન્ય મકાન મોડેલ સ્કુલ ક્વાંટ અને આદર્શ નિવાસી શાળા (ANS) કડીપાણી માટે ઉપયોગમાં લેવાતું હતું. છાત્રાલય માટેનાં ચાર મકાનો GLRSs અને ANSનાં છાત્રોને સમાવવા માટે ઉપયોગમાં લેવાતા હતા. સમગ્ર સંકુલ લગભગ 2000 છાત્રો માટે પ્રબંધકર્તા છે જેમાંથી પરિસરમાં લગભગ 1300 છાત્રો નિવાસ કરે છે.

ઓડિટનું અવલોકન હતું કે, સંકુલમાં પરિસરમાંના છ બોરવેલ સિવાય પાણી માટેનાં સીધા જોડાણની કોઈજ સગવડતા ન હતી. બોરવેલમાં પર્યાપ્ત પાણીની સુવિધા ન હોવાથી પાણીનાં ટેન્કરોની મદદથી પાણીની વ્યવસ્થા કરવામાં આવતી હતી. પરિણામે GLRS મોગરાની આવર્તક અનુદાનની

મોટાભાગની રકમ[82] પાણીની ખરીદીમાં વપરાઈ જતી હતી. શાળાની સંયુક્ત સ્થળ મુલાકાતમાં ઓડિટે જોયું હતું કે શૌચાલયો અને મુતરડીઓમાં ચાલુ/વહેતા પાણીની સુવિધા ન હતી અને છાત્રો ટેન્કરમાંથી પાણી એકઠું કરતા હતા અને ઉપયોગમાં લેવા માટે ડોલમાં તેનો સંગ્રહ કરતા હતા (**ચિત્ર**).

સંયુક્ત સચિવે સમાપન મીટીંગ (27 મે 2019) માં ઓડિટનું અવલોકન સ્વીકાર્યુ હતું અને જણાવ્યું હતું કે PA છોટાઉદેપુરે ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત, પરિસરમાં પાઈપલાઈન બિછાવવા માટે જાહેર આરોગ્ય બાંધકામ વિભાગને ₹ 17.17 લાખની રકમ મંજુર કરીને ફાળવી હતી.

3.4.7 દેખરેખ અને મુલ્યાંકન

3.4.7.1 શાળા સંચાલન સમીતીની રચના ન કરાઈ

બાળકોને નિઃશુલ્ક અને ફરજીયાત શિક્ષણ એક્ટ-2009નાં સેકશન 21 અને 22માં બિન સહાયીત શાળાઓ સિવાય દરેક શાળાઓએ દર વર્ષે અનુક્રમે શાળા સંચાલન સમિતિ[83] (SMC) નું ગઠન કરવા અને શાળા વિકાસનું આયોજન (SDP) કરવા માટેની જોગવાઈ છે. આ મુજબ સોસાયટીએ દરેક શાળાઓને SMC ની રચના કરવા સુચના આપી હતી (માર્ચ 2011 અને જાન્યુઆરી 2014). જો કે, ઓડિટનું અવલોકન હતું કે નમૂના તપાસ કરાયેલ 12 શાખામાં એકપણ શાળાએ SMCનું ગઠન કર્યુ ન હતું અને SDP પણ તૈયાર કર્યા ન હતા. SMC ની ગેરહાજરીમાં શાળાકીય બાબતોનાં સંચાલનમાં માતા-પિતાનાં સમાવેશને સુનિશ્ચિત કરવામાં આવ્યો ન હતો.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગ (27 મે 2019) માં ઓડિટનું અવલોકન સ્વીકાર્યુ અને જણાવ્યું હતું કે સોસાયટી દરેક શાળાઓમાં SMCની સ્થાપના કરવા પહેલ કરશે.

3.4.7.2 મુલ્યાંકન

EMRSનો હેતુ અંતરીયાળ વિસ્તારોમાં રહેતા ST છાત્રોને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરનું ગુણવતાયુક્ત શિક્ષણ પુરૂ પાડવાનો છે. ઉપરાંત ઉચ્ચ અને વ્યવસાયિક શિક્ષણ અને સરકારી, જાહેર અને ખાનગી ક્ષેત્રમાં નોકરી માટે અનામત મેળવવા માટે માત્ર નહી પણ નોન-ST છાત્રની સમકક્ષ શિક્ષણની ઉત્તમ તકો મેળવી શકે તે માટે પણ હતો. જો કે સોસાયટીએ શાળાઓ પાસેથી શાળાઓ દ્વારા પાછલા ત્રિમાસિક ખર્ચ પત્રક સાથે અનુદાનો માટે ત્રિમાસિક માંગ પત્ર સિવાય બીજી કોઈ પણ માહિતી (દા. ત. માસિક/ત્રિમાસિક પ્રગતી અહેવાલ) પત્રકો નિયત કર્યા ન હતા. પરિણામ સ્વરૂપ સોસાયટી પાસે છાત્રોનાં અભ્યાસલક્ષી અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં થયેલ વિકાસની માહિતી, EMRSનાં છાત્રોનો સંકલિત ડેટા, કે જેમણે તાલુકાઓમાંથી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવ્યો હોય કે શિક્ષણ છોડીને જતા રહ્યા હોય તેવા સંદર્ભની કોઈ જ માહિતી ન હતી. આવા મહત્વનાં ડેટાની ગેરહાજરીમાં, સોસાયટી તેમના અંતર્ગત કાર્યરત EMRSs અને GLRSs ની સમર્થતાનું મૂલ્યાંકન કરવાની સ્થિતિમાં ન હતી.

સંયુક્ત સચિવે સમાપન મીટીંગમાં જણાવ્યું હતું (27 મે 2019) કે સોસાયટી, EMRsમાં ઉતિર્ણ થઈ ચુકેલાઓનો અને GLRSs સ્થિત હોય તેવા તાલુકાઓમાં આદિજાતિની મહિલાઓનો સાક્ષરતા દરની માહિતી એકઠી કરવાની અને દરેક શાળાઓ માટે છાત્રોનાં અભ્યાસ અને અભ્યાસેત્તર વિકાસને સુનિશ્ચિત કરવા નિશ્ચિત સમયના અંતરે નિયમિત રીતે નિયત માહિતી મોકલવાની પ્રક્રિયા શરુ કરવામાં આવશે.

82 2015-16 - ₹ 1,62,400, 2016-17 - ₹ 3,44,000, 2017-18 - ₹ 1,53,500

83 SMC, સ્થાનીક સત્તાંડળનાં ચુંટાયેલા સભ્યો, આવી શાળાઓમાં પ્રવેશ મેળવતા બાળકોનાં માતા-પિતા અથવા વાલીઓ અને શિક્ષકોને ધરાવતી હોય છે. SMCનાં 75 ટકા સભ્યો તરીકે માતા-પિતા અથવા વાલીઓ હોવા જોઈએ. સામાજિક તકોથી વંચિત અને નબળા વર્ગનાં બાળકોનાં માતા-પિતા અને વાલીઓને યોગ્ય પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવું જોઈએ. SMCનાં પચાસ ટકા સ્ત્રી સભ્યો હોવા જોઈએ.

3.4.8 ઉપસંહાર

ઓડિટનું અવલોકન હતું કે, STs માટેની નિવાસી શાળાઓનો સમસ્તરીય વ્યાપ એકસરખો થયો ન હતો, જેમકે 43 આદિજાતિ તાલુકાઓમાંથી 18 તાલુકાઓમાં EMRSs ન હતી, જ્યારે ત્રણ તાલુકાઓમાં એકથી વધારે EMRS હતી. જે EMRS સ્થાપવા માટેનાં પારદર્શક માપદંડોની ગેરહાજરી સ્વયં સિધ્ધ કરે છે. સોસાયટી અને GLRSs, બજેટ અનુમાનો મુજબ અને માર્ગદર્શિકાઓમાં નક્કી કર્યા મુજબ આવર્તક અનુદાનનો વપરાશ કરવામાં નિષ્ફળ રહી હતી, જે ₹ 5.36 કરોડની કેન્દ્રીય સહાયનાં નુકશાનમાં પરીણમ્યું હતું. PPP પદ્ધતિ મુજબ સંચાલિત બે NGOs દ્વારા ચલાવાતા EMRSsને વધારે આવર્તક અનુદાનો મુક્ત કરીને સોસાયટીએ વધારાનો નાણાકીય લાભ (₹ 2.07 કરોડ) આપ્યો હતો.

ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ ન કરવા/આંશિક શરૂ કરવાને લઈ આઠ EMRSs અને 19 GLRSsનાં છાત્રો ઉચ્ચતર માધ્યમિક શિક્ષણથી વંચિત રહયા હતા. 36 EMRSs અને 43 GLRSsમાંથી ત્રણેય પ્રવાહની પસંદગી માત્ર ચાર EMRSsમાં ઉપલબ્ધ હતી. શિક્ષકોની નિયુક્તી કરાર આધારિત, માસિક ફીકસ પગાર મુજબ કરાતી હતી જે કુશળ કામદારો માટેનાં રાજ્યનાં નિયત લઘુતમ વેતન કરતા ઓછા હતા. પરિણામે તેમાના ઘણાજ અધવચ્ચે નોકરી છોડી જતા હતા જે જગ્યાઓ ખાલી પડવામાં અને નિયમીત વર્ગો યોજવામાં અસરકર્તા છે.

GoI એ ₹ 110 કરોડનું ભંડોળ પુરુ પાડ્યું હોવા છતાં સોસાયટી સાત EMRSs અને આઠ GLRSsનું બાંધકામ શરૂ કરી શકી ન હતી. મકાનો ઉપલબ્ધ ન હોવાને કારણે આ શાળાઓ, અન્ય શાળાનાં મકાનોમાં ચલાવાતી હતી. પરિણામ સ્વરૂપ ITDP બનાસકાંઠામાં વર્ગખંડો અને હોસ્ટેલો વધારે ભીડભાડ વાળી જણાતી હતી. નમૂના તપાસ કરાયેલ છ GLRSs અને બે EMRSs માં ખાટલાઓ અને ગાદલાઓની સઘન ધ્યાનમાં આવી હતી. EMRS જાગાણામાં 479 છાત્રો સામે માત્ર 294 ખાટલા, ગાદલા અને ચાદરોનો સેટ ઉપલબ્ધ હતો; EMRS કડાણામાં 338 છાત્રો સામે માત્ર 155 ખાટલાઓ ઉપલબ્ધ હતા અને નમૂના તપાસ કરાયેલ 12 શાળાઓમાંથી આઠમાં ખાટલાઓની એકંદર અછત 27 ટકા હતી. ITDP છોટાઉદેપુરની GLRSનાં છાત્રો તેમના વપરાશ માટે વોટર ટેંકરમાંથી પાણી એકઠુ કરી તેને ડોલમાં સંગ્રહિત કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું કારણકે મકાનમાં પાણી માટે સીધા જોડાણની સગવડતા ન હતી.

સોસાયટી દ્વારા શાળાઓનું મુલ્યાંકન અને તેની દેખરેખ ખામીયુક્ત માલુમ પડી હતી. કારણકે છાત્રોનાં અભ્યાસ લક્ષી અને અભ્યાસેતર વિકાસ, EMRSનાં છાત્રોએ ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાઓમાં મેળવેલ પ્રવેશ અંગેની અને તાલુકાઓમાં શાળા છોડી જવા અંગેની માહિતીનાં મૂલ્યાંકન માટે કોઈ જ પ્રણાલી સ્થાપવામાં આવી ન હતી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

3.5 રેફ્યુઝ કોમ્પેક્ટર વ્હીકલની ખરીદીમાં બીન-ફળદાયી ખર્ચ

નગરપાલિકાનાં ઘન કચરાનાં કાર્યક્ષમ વ્યવસ્થાપન માટે ગુજરાત શહેરી વિકાસ કંપની લીમીટેડ નગરપાલીકાઓ (NPs) માટે સમાવવાની અને ભાર વહનની એકસરખી ક્ષમતા ધરાવતા 25 રેફ્યુઝ કોમ્પેક્ટર ₹ 9.94 કરોડની કુલ કિંમતે ખરીદ્યા હતા. આ 25માંથી 15 વ્હીકલો તેમની મોટી સાઈઝને લઈ NP વિસ્તારનાં સાંકડા રસ્તાઓ/શેરીઓમાંથી કચરા એકઠા કરવાનું કામ પાર પાડી શકતા ન હતા, જ્યારે ત્રણ વાહનો કચરાને અનુરૂપ કન્ટેઈનર્સ પ્રાપ્ય ન હોવાને અને કોન્ટ્રાક્ટર દ્વારા ખાતરીબધ્ધ સમારકામની આપૂર્તિ ન થવાના કારણે ₹ 7.16 કરોડનાં બિન ફળદાયી ખર્ચમાં પરીણમ્યું હતું.

ગુજરાતની નગરપાલિકાઓમાં (NPs) ''મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ 2000'' નાં અમલીકરણ માટે ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ગુજરાત શહેરી વિકાસ કંપની લીમીટેડ (GUDCL) ને મધ્યવર્તી સંસ્થા તરીકે નિયુક્ત (સપ્ટેમ્બર 2000) કરી હતી.

GUDCLએ સપ્ટેમ્બર 2013માં NP વિસ્તારોમાં ઘન કચરાનાં કાર્યક્ષમ વ્યવસ્થાપન માટે NPs માટે રેફ્યુઝ કોમ્પેક્ટર વ્હીકલ્સ (RCV)[84] ખરીદવાનો નિર્ણય કર્યો હતો. આ મુજબ GUDCLએ NPS પાસેથી નગરપાલિકાઓનાં કમિશ્નર (CoM) દ્વારા તેમની આવશ્યકતા માટેનો હુકમ કર્યો હતો. કુલ 159 NPs માંથી 25 NPs[85] એ દરેકે એક RCV માટેની જરૂરીયાત રજુ કરી હતી.

GUDCLએ TPS ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ, ન્યુ દિલ્હી (કોન્ટ્રાક્ટર) ને કુલ ₹ 9.94 કરોડની કિંમતનાં અને ટ્રીપ દીઠ 12 ટન ભાર વહન અને 18 ક્યુબીક મીટર (cum)ની કદ ક્ષમતા સાથેના એક એવા 25 RCV પુરા પાડવા માટે ત્રણ ખરીદ આદેશો (માર્ચ 2014 અને ઓગષ્ટ 2014 વચ્ચે) આપ્યા હતા. દરેક 25 RCVs ઓળખી કઢાયેલ 25 NPs ને જુન 2014 અને નવેમ્બર 2014 વચ્ચે પુરા પાડવામાં આવ્યા હતા. GUDCLએ કોન્ટ્રાક્ટરને જુલાઈ 2014 અને મે 2016 વચ્ચે ₹ 9.84 કરોડ ચુકવ્યા હતા.

RCVsની ખરીદી, પુરવઠો અને ઉપયોગીતાની ચકાસણીના હેતુથી ઓડિટે GUDCL, CoM અને 25માંથી 23 NPs[86] નાં રેકોર્ડઝની નમૂના તપાસ (એપ્રિલ-મે 2018) કરી હતી. RCVsની ઉપયોગીતાની તપાસ માટે ઓડિટે NPs નાં કર્મચારીઓ સાથે NPsની સંયુક્ત સ્થળ તપાસ પણ કરી હતી. ઓડિટ ચકાસણીમાં નીચેના મુદ્દાઓ ધ્યાને આવ્યા હતા:

(i) ખરીદ કરાયેલા 25માંથી માત્ર છ RCV ઉપયોગમાં હતા જ્યારે એક RCVનો જુન 2017માં ઘાતક અકસ્માત થયો હતો અને સપ્ટેમ્બર 2017થી વપરાશમાં નથી. (આ મામલો નીચલી કોર્ટમાં ન્યાયીક પ્રક્રિયા હેઠળ હતો). સપ્ટેમ્બર-2019 સુધી ₹ 7.16 કરોડની કિંમતે ખરીદાયેલા બાકીના 18 RCVs તેમને પુરા પડાયાની તારીખ (જુન 2014 થી નવેમ્બર 2014)થી લગભગ એક થી પાંચ વર્ષ સુધી વપરાશમાં ન હતા.

આ 18 RCVs પૈકી 15 RCVs[87] ને ક્યારેય પણ ઉપયોગમાંજ લઈ શકાયા ન હતા કારણકે NP વિસ્તારમાંનો કચરો એકઠો કરવા માટે NP વિસ્તારોની સાંકડી[88] ગલીઓ/રસ્તાઓ પર

84 RCV ઘન કચરાને એકઠો કરવા, ઘનીકરણ કરવા અને તેને કચરાને એકઠો કરવા/દાટી દેવાની જગ્યાએ પરિવહન કરવા માટે વપરાય છે.

85 આણંદ, ભરૂચ, બોટાદ, બારડોલી, છોટાઉદેપુર, ધંધુકા, ધ્રાંગધ્રા, ગોધરા, કાલોલ (પંચમહાલ જીલ્લો), કડી, કલોલ (ગાંધીનગર જીલ્લો), કઠલાલ, માણસા, નડીયાદ, પાદરા, પાટણ, પોરબંદર, પ્રાંતિજ, સુરેન્દ્રનગર, ઉમરગામ, ઉમરેઠ, વલસાડ, વાપી, વેરાવળ અને વિસનગર

86 ભરૂચ અને કાલોલ NPs (ગાંધીનગ જીલ્લો) દરેક પાસે બે RCVs હતા. બારડોલી અને માણસા NPs ને પુરા પડાયેલા RCVs ત્યારબાદ ભરૂચ અને કાલોલ NPsને મોકલવામાં આવ્યા હતા.

87 ભરૂચ, બોટાદ, છોટાઉદેપુર, ધંધુકા, ધ્રાંગધ્રા, ગોધરા, કાલોલ (પંચમહાલ જીલ્લો), કઠલાલ, પાટણ, સુરેન્દ્રનગર, ઉમરગામ, ઉમરેઠ, વલસાડ, વાપી અને વેરાવળ

88 NPsનાં રસ્તાઓની બાજુ પર અથવા સાંકડી ગલીઓમાં સામાન્ય રીતે રાખવામાં આવતા કચરાં માટેનાં કન્ટેઈનરો ને ઉપાડવા માટે RCVsને મોટી જગ્યાની જરૂર છે.

ચલાવવાનું અત્યંત મુશ્કેલ જણાતુ હતું. દેખીતી રીતેજ, GUDCLની 18 cum ક્ષમતા સાથેના 18 RCVs ખરીદવાનો નિર્ણય મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, 2000 નાં મેન્યુઅલ મુજબનો ન હતો કે જેમાં સ્પષ્ટ પણે દર્શાવેલ છે કે વ્હીકલ્સનાં પ્રકારની પસંદગીની સાથોસાથ શહેરો/નગરોનાં રોડની સ્થિતી/પહોળાઈ ને ધ્યાને લેવી જોઈએ.

ઉપરાંત જ્યારે સપ્ટેમ્બર 2013માં NPs પાસેથી RCVsની વિગતો એકઠી કરાઈ હતી ત્યારે ન તો GUDCL એ ખરીદવા માટે દરખાસ્ત કરાયેલ RCVsનાં માપ સાઈઝ અંગે વિગતવાર વર્ણન અંગે દર્શાવેલ કે ન તો NPs એ તેમની માંગ રજૂ કરી ત્યારે RCVsનાં ચોક્કસ માપ/સાઈઝની વિગતો દર્શાવી હતી. પરિણામ સ્વરૂપ, 23માંથી 11 NPsમાં દૈનીક કચરા ઉત્પાદન ક્ષમતા લગભગ 6.5 ટનથી 15 ટનની હોવા છતાં દરેક 23 NPs 18 cum ક્ષમતા વાળા એકજ સાઈઝનાં RCVs ના ભાર વહન કરતી હતી.

કડી અને પ્રાંતીજ ખાતેનાં બાકીનાં બે RCVs માટે 4.5 cum ક્ષમતા સાથેના હળવા સ્ટીલ બંધ બોડીનાં ગાર્બેજ કન્ટેઈનરની જરૂરીયાત ને લઈ (કે જે GUDCL એ પુરા પાડવાના હતા) કોન્ટ્રાક્ટર દ્વારા નિદર્શન બાકી હોય, ઉપયોગમાં લઈ શકાયા ન હતા. પોરબંદર NP ખાતે એક RCV હાઈડ્રોલીક પ્રણાલી કાર્યરત ન હોય ઉપયોગમાં લેવાતુ ન હતું. આમ, કચરાને ચડાવવા-ઉતારવા અને ઘનીકરણની પ્રવૃત્તિઓ અત્યંત અવરોધિત છે.

ચિત્ર 1 અને 2 દર્શાવે છે કે ઉમરગામ અને ઉમરેઠ NPsમાં RCVs વણવપરાયેલ/નિષ્ક્રીય પડી રહ્યાં છે.

ચિત્ર 1 : ઉમરગામ NP ખાતે RCV વણવપરાયેલ પડી રહેલ છે (02.05.2018)

ચિત્ર 2 : ઉમરેઠ NP ખાતે RCV વણવપરાયેલ પડી રહેલ છે (24.04.2018)

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં અગ્ર સચિવે સમાપન મીટીંગ (ઓગષ્ટ 2019) માં ઓડિટ દ્વારા સૂચિત કરાયા બાદ જણાવ્યું હતું કે વણ વપરાયેલ RCVs ને અને NPsમાં તબદીલ કરીને ઉપયોગમાં લેવામાં આવતા હતા.

આમ છતાં, સમાપન મીટીંગમાં ઓડિટને પ્રસ્તુત કરાયેલ દસ્તાવેજો પરથી જણાતું હતું કે, અન્ય NPs ને તબદીલ કરાયાનો દાવો કરાયેલ RCVs ઓડિટ દ્વારા અગાઉ નોંધવામાં આવેલ તે જ ઓડોમીટર રીડીંગ દર્શાવતું હતું યા તો એક NP થી અન્ય NPમાં RCVને તબદીલ કરાતા કાપવામાં આવેલ અંતર જેટલુ જ વધારે રીડીંગ દર્શાવતા હતા. આ બાબત RCVs ને ખરેખર તબદીલ કરાયા છે કે કેમ તે અંગે સંદેહ ઊભો કરે તેવી હતી.

(ii) ટેન્ડરમાં માપ/સાઈઝની વીગતો સેકસન-III ''અન્ય વધારાના સાધનો'' મુજબ, જ્યારે RCVs ગતીમાં હોય ત્યારે આ સાધનનાં ચાલકની સગવડતા માટે ડાબી અને જમણી દરેક બાજુએ એક પગ રાખવા માટેનાં ચોકઠા (ફુટ સ્ટેપ્સ) તથા હાથની પકડ માટેનાં સળીયાઓ (હેન્ડબાર્સ) વધારાનાં સાધન તરીકે RCVsમાં હોવા જોઈએ (**ચિત્ર 3**), NPsનાં સંયુક્ત સ્થળ નીરીક્ષણ દરમિયાન ઓડિટનું અવલોકન હતું કે, કોન્ટ્રાક્ટર દ્વારા પુરા પડાયેલા 25 RCVsમાંથી એક પણમાં ફુટ સ્ટેપ્સ અને હેન્ડ બાર્સ વધારાનાં સાધનો તરીકે ન હતા. (**ચિત્ર-4**).

ચિત્ર 3 : રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે ફુટસ્ટેપસ અને હેન્ડ બાર્સ સાથેનું RCVs (15.06.2018)

ચિત્ર 4 : ફુટ સ્ટેપસ અને હેન્ડબાર્સ વગરના 25 NPs ને પુરા પડાયેલા RCVs ભરૂચ નગરપાલિકાનો દાખલા રૂપ ફોટોગ્રાફ અહીયા છે (18.05.2018)

કોન્ટ્રાકટર દ્વારા પુરા પડાયેલા RCVs ટેન્ડર પ્રમાણેની માપ/સાઈઝની વિગતોનું પાલન કરતુ ન હોવા છતા RCVનાં મળ્યા પહેલા અને પછીની તપાસ માટે GUDCL દ્વારા નિયુક્ત થર્ડ પાર્ટી એજન્સી, તકનીકી મંજૂર સમૂહ (TAG)[89] દ્વારા તે સારી સ્થિતિમાં અને ટેન્ડરની શરતો પ્રમાણે હતાં તેવું પ્રમાણિત કરવામાં આવ્યું હતું. પરિણામ સ્વરૂપ, GUDCLનો કોન્ટ્રાકટ મેનેજર તરીકે નિરિક્ષણ રીપોર્ટ પ્રસ્તુત કર્યા બાદ કોન્ટ્રાકટરને ચુકવવા પાત્ર કોન્ટ્રાકટ દરનો 10 ટકાનો આખરી હિસ્સો રોકી રાખવા કે કોન્ટ્રાકટર દ્વારા પુરી પડાયેલ ₹ 49.72 લાખ (કુલ ખરીદ કિંમતનાં 5 ટકા)ની પરફોર્મન્સ બેંક ગેરંટીનો ઉપયોગ કરવા માટે કોઈજ કારણ ન હતું, કે જે ખરીદીના સમયથી વોરંટીનાં 36 મહિના સુધી માન્ય હતી. આમ, TAG દ્વારા સાધનોનાં ભુલભરેલા પ્રમાણપત્રોને લઈ દંડાત્મક કાર્યવાહી/નાણાકીય દંડ થી કોન્ટ્રાકટર પર રહયો હતો.

અગ્ર સચિવે જણાવ્યું હતું કે RCVsનાં ફુટ સ્ટેપસ અને હેન્ડ બાર્સ જેવા અન્ય સાધનો અંગેની બાબતના મામલાની કોન્ટ્રાકટર સાથે તુરંત જ ચર્ચા કરવામાં આવશે.

(iii) કોન્ટ્રાકટરે ઓફર દસ્તાવેજ (ડીસેમ્બર 2013) માં 10 વર્ષ માટે RCVsનાં સ્પેર પાર્ટસ પુરા પાડવા સાથે વેંચાણ બાદની સેવા સહાય આપવા દરખાસ્ત કરી હતી. આમ છતા, 36 માસનો વોરંટીનો સમયગાળાની સમાપ્તિ બાદ GUDCL કોન્ટ્રાકટર સાથે જાળવણી/વેંચાણ બાદના સેવા કરારો કર્યા ન હતા. આમ, લાંબાગાળા માટે RCVsનાં સમારકામ અને જાળવણીની જરૂરીયાતનાં મહત્વનો મુદ્દો ધ્યાને લેવાયા વગરનો રહ્યો હતો.

89 TAG એક ચેરમેન અને સભ્યો ધરાવે છે-શ્રી કે. સી. ભારતી, ચેરમેન (નિવૃત્ત મુખ્ય ઈજનેર, યાંત્રીક જલ સંશાધન વિભાગ); શ્રી વી. આર. પટેલ, સભ્ય (નિવૃત મુખ્ય ઈજનેર, યાંત્રીક, જલ સંશાધન વિભાગ) અને શ્રી વિજય એચ. મિસ્ત્રી (સંયુક્ત નિદેશક યાંત્રીક, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન)

વોરંટી સમયગાળા દરમિયાન પણ પોરબંદર NP એ RCVની હાઈડ્રોલીક સિસ્ટમમાં આવેલ સમસ્યાનાં નિરાકરણ (ડીસેમ્બર 2016) માટે કરાયેલા અનેક કોલ્સનો કોન્ટ્રાકટરે પ્રતિભાવ આપ્યો ન હતો.

આમ, NP વિસ્તારોની સાંકડી ગલીઓમાંથી પસાર થવાની તેમની મર્યાદીત કાર્યક્ષમતા, સાનુકુળ હોય એવા ગાર્બેજ કન્ટેનરોની અનઉપલબ્ધતા અને કોન્ટ્રાકર દ્વારા વોરંટીનાં સમયગાળાની રીપેરીંગ સેવાની અનાપુર્તીને લઈ GUDCL એ 18 RCVsની ખરીદી માટે કરેલ ₹ 7.16 કરોડનો ખર્ચ બિન-ફળદાયી રહ્યો હતો. ટેન્ડરમાં દર્શાવેલ માપ/સાઈઝની વિગત મુજબ જ RCVs પુરા પાડવામાં આવ્યા હતા તેવું પણ GUDCL એ સુનિશ્ચિત કર્યુ ન હતું. ઉપરાંત RCVs માટે વોરંટી સમયગાળા બાદનાં વ્હીકલ્સ માટે લાંબાગાળાનાં સમારકામ અને જાળવણી ને ધ્યાને લેવા જાળવણી કરારો પણ કર્યા ન હતા.

(યશવંત કુમાર)
પ્રધાન મહાલેખાકાર
(સામાન્ય અને સામાજિક ક્ષેત્ર ઓડિટ),
ગુજરાત

રાજકોટ
તા. 16 માર્ચ 2020

પ્રતિ સહી

(રાજીવ મહર્ષિ)
ભારતના નિયંત્રક અને મહાલેખા પરિક્ષક

નવી દિલ્હી
તા. 18 માર્ચ 2020

પરિશિષ્ટો

પરિશિષ્ટ-I

31 ડિસેમ્બર 2018 ની સ્થિતિએ પડતર રહેલા નિરક્ષણ અહેવાલો/ફકરાઓની વર્ષવાર વિગતો દર્શાવતુ પત્રક

(સંદર્ભ : ફકરા નં. 1.6.1; પૃષ્ઠ 7)

વર્ષ	નિરીક્ષણ અહેવાલો	ફકરાઓ
1993-94	15	39
1994-95	34	79
1995-96	91	239
1996-97	77	179
1997-98	102	291
1998-99	64	166
1999-2000	83	309
2000-01	121	454
2001-02	181	578
2002-03	233	593
2003-04	343	924
2004-05	192	603
2005-06	188	497
2006-07	241	1194
2007-08	504	1914
2008-09	483	2002
2009-10	343	1599
2010-11	379	1911
2011-12	299	1903
2012-13	269	1332
2013-14	246	1408
2014-15	300	1521
2015-16	486	2215
2016-17	546	2904
2017-18	379	2616
2018-19	87	548
કુલ	6,286	28,018

પરિશિષ્ટ -II

31 ડિસેમ્બર 2018 ના રોજ બાકી રહેલ વિગતવાર ખુલાસાની વિગતો દર્શાવતુ પત્રક

(સંદર્ભ: ફકરા નં 1.6.3; પૃષ્ઠ 8)

અનુ. નંબર	વિભાગ	2007-08	2008-09	2009-10	2010-11	2011-12	2013-14	2014-15	2015-16	2016-17	કુલ
1.	શિક્ષણ	--	--	01	--	--	01	01	01	01	05
2.	મત્સ્યોદ્યોગ	--	--	01	--	--	--	--	--	--	01
3.	વન અને પર્યાવરણ	--	01	--	01	--	--	--	--	--	02
4.	સામાન્ય વહીવટ			--		--	--	--	--	01	01
5.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	--	01	01	--	01	01	01	01	01	07
6.	ગૃહ	--	--	--	--	01	--	01	--	01	03
7.	શ્રમ અને રોજગાર	--	--	--	--	--	--	01	--	01	02
8.	કાયદા	--	--	--	--	--	01	--	01	--	02
9.	પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ	01	01	01	--	01	--	01	01	01	07
10.	મહેસૂલ	--	--	--	01	--	--	--	--	--	01
11.	માર્ગ અને મકાન	--	--	01	01	--	--	--	--	--	02
12.	વિજ્ઞાન અને ટેક્નોલૉજી	--	--	01	--	--	--	--	--	--	01
13.	સામાજિક ન્યાય અને અધિકારીતા	01	01	--	--	01	--	--	01	--	04
14.	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ	--	--	--	01	01	01	02	02	01	08
15.	જળ સંપતી	01	01	01	01	--	--	--	--	--	04
16.	પાણી પુરવઠા	--	01	--	--	--	--	--	01	01	03
17.	મહિલા અને બાલ વિકાસ	--	--	--	--	01	--	--	--	--	01
18.	રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કુતિક	--	--	--	01	--	01	--	--	01	03
	કુલ	**03**	**06**	**07**	**06**	**06**	**05**	**07**	**08**	**09**	**57**

પરિશિષ્ટ -III

31 ડિસેમ્બર 2018 ના રોજ જાહેર હિસાબ સમિતિ દ્વારા ચર્ચા કરવાના બાકી રહેતા ફકરાઓ

(સંદર્ભ : ફકરા નં 1.6.4; પૃષ્ઠ 8)

અનુ. નંબર	વિભાગ	2006-07		2007-08		2008-09		2009-10		2010-11		2011-12		2013-14		2014-15		2015-16		2016-17		કુલ	
		CA	PA	CA	PA	CA	PA	CA	PA	CA	PA	CA	PA	CA	PA	CA	PA	CA	PA	CA	PA	CA	PA
1.	સહકાર	04	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	04	--
2.	શિક્ષણ	--	--	--	--	--	--	01	01	01	--	--	--	01	--	01	--	03	--	01	--	08	01
3	મત્સ્યોદ્યોગ	01	--	--	--	--	--	01	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	02	--
4.	વન અને પર્યાવરણ	--	--	--	--	--	01	--	--	--	01	--	--	--	--	--	--	--	--	--	--	--	02
5.	સામાન્ય વહીવટ	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	01	--	01	00
6.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	--	--	--	--	--	01	01	02	--	--	01	01	01	01	01	01	03	01	03	01	10	08
7.	ગૃહ	--	--	01	--	--	--	--	--	--	--	--	--	--	--	01	--	--	--	--	--	02	--
8.	ગૃહ (પરિવહન)	--	--	--	01	--	--	--	--	--	--	01	01	--	--	--	--	--	--	--	--	01	02
9.	શ્રમ અને રોજગાર	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	01	--	--	01	--	01	01
10.	પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ	01	--	02	--	01	--	02	--	--	--	01	01	03	01	02	--	02	--	02	01	16	03
11.	બંદરો	--	--	--	--	--	--	--	--	01	--	--	--	--	--	--	--	--	--	--	--	01	--
12.	મહેસૂલ	--	--	--	--	--	--	--	--	--	01	--	--	--	--	--	--	--	--	--	--	--	01
13.	માર્ગ અને મકાન	01	01	--	--	--	--	05	--	02	--	--	--	--	--	--	--	--	--	--	--	08	01
14.	વિજ્ઞાન અને ટેક્નોલૉજી	--	--	--	--	--	--	--	01	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	01
15.	સામાજિક ન્યાય અને અધિકારીતા	01	01	--	01	--	01	--	--	--	--	01	--	--	--	--	--	01	--	--	--	03	03
16.	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ	01	--	--	--	--	--	--	--	01	--	--	01	05	--	04	02	03	02	05	--	19	05
17.	મહિલા અને બાલ વિકાસ	--	--	--	--	--	--	--	--	--	--	--	01	--	--	--	--	--	--	--	--	--	01
18.	જળ સંપતી	01	--	05	01	02	--	01	01	02	--	--	--	--	--	--	--	--	--	--	--	11	02
19.	પાણી પુરવઠા	01	--	--	--	03	--	01	--	02	01	--	--	--	--	--	--	01	--	03	--	11	01
20.	રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કુતિક	--	--	--	--	--	--	--	--	--	01	--	--	01	--	--	--	--	--	01	--	02	01
21.	કાયદા	--	--	--	--	--	--	--	--	--	--	--	--	01	--	--	--	01	--	--	--	02	--
22.	સામાન્ય ફકરાઓ	01	--	01	--	--	--	01	--	--	--	--	--	--	--	--	--	--	--	--	--	03	--
	કુલ	**12**	**02**	**09**	**03**	**06**	**03**	**13**	**05**	**09**	**04**	**04**	**05**	**12**	**02**	**09**	**04**	**14**	**03**	**17**	**02**	**105**	**33**

નોંધ : કામગીરી ઓડિટ (PA) અને અનુપાલન ઓડિટ (CA)

પરિશિષ્ટ - IV

આંકડાકીય માળખું દર્શાવતું પત્રક

(સંદર્ભ: ફકરા નં 2.1.5; પૃષ્ઠ 12)

પ્રથમ તબક્કો:

- રાજ્યના ભૌગાલિક રીતે સંલગ્ન સમાન ચાર ક્ષેત્રોમાં વિભાગ પાડવામાં આવ્યા હતા અને આખા રાજયનું પ્રતિનિધિત્વ કરે તે રીતે દરેક ક્ષેત્રમાંથી નમૂના રૂપ પસંદગી કરવામાં આવી હતી.
- સિમ્પલ રેંડમ સેમ્પલિંગ વિધાઉટ રિપ્લેસમેંટ(SRSWOR) પધ્ધતિથી દરેક ક્ષેત્રમાંથી બે જિલ્લાઓ (કુલ આઠ જિલ્લાઓ[1]) ની પસંદગી કરવામાં આવી હતી.
- પસંદ કરાયેલ દરેક જિલ્લામાં GWSSB સંબંધિત સર્કલો/ડિવિઝનો/સબ-ડિવિઝનો, WASMO ના DWSU તથા GJTI ની જિલ્લા/તાલુકા વોટર ટેસ્ટિંગ લેબોરેટરીઓની વિસ્તૃત તપાસણી માટે પસંદગી કરવામાં આવેલ હતી.

દ્વિતીય તબક્કો (સંયુક્ત ભૌતિક ચકાસણી તેમજ લાભાર્થીઓના સંયુક્ત સર્વેક્ષણ માટે)

- પ્રથમ તબક્કામાં પસંદ કરાયેલ દરેક જિલ્લામાં SRSWOR પદ્ધતિથી બે ગ્રામ્ય બ્લોક્સ (તાલુકાઓ) પસંદ કરવામાં આવ્યા હતા.
- નમૂનારૂપ તાલુકાઓની પસંદગી કર્યા બાદ દરેક તાલુકામાં SRSWOR પદ્ધતિથી બે ગ્રામ પંચાયતોને પસંદ કરવામાં આવી હતી.
- પસંદ કરાયેલ દરેક ગ્રામ પંચાયતોમાં SRSWOR પધ્ધતિથી ચાર વસવાટો(ઉપલબ્ધતાની શરતે) પસંદ કરવામાં આવ્યા હતા.
- અસર-પ્રભાવ મૂલ્યાંકન અર્થે, પસંદ કરાયેલ ચાર વસવાટોમાના દરેક માંથી યદચ્છ રીતે અટક્ળે 15 ઘર-રહીશોની પસંદગી કરવામાં આવી હતી (દરેક GP માં કુલ 60 ઘર-રહીશો). જો કોઈ GP માં વસવાટોની સંખ્યા ચાર કરતાં ઓછી હોય, તો એવા કિસ્સામાં સર્વેક્ષણ કરાયેલ ઘર-રહીશોની સંખ્યા દરેક GP માટે ઓછામાં ઓછી 60 રહે તે રીતે પ્રવર્તમાન વસવાટોમાં વહેંચી દેવામાં આવી હતી.

લાભાર્થીઓના સર્વેક્ષણમા પીવાના પાણીનો પુરવઠો, પાણીની ગુણવત્તા, તાલીમ તથા જન-સમૂહનો સમાવેશ, યોજનાના સંચાલન, તથા મરામત (O&M), જેવા લાભાર્થીઓને અસરકર્તા મુદ્દાઓને સાંકળી લેવામાં આવ્યા હતા. નમૂના રૂપ પસંદ કરાયેલ 78 વસવાટો (પસંદ કરાયેલ વસવાટોનો વિગતો પરિશિષ્ટ-V માં આપવામાં આવેલ છે) ના કુલ 1,920 ઘર-રહીશોનું ઓડિટ ટીમ દ્વારા GWSSB, WASMO તથા જીલ્લા/તાલુકા લેબોરેટરીઓના કર્મચારી ગણને સાથે રાખીને સંયુક્ત સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું (માર્ચ 2018 થી જુલાઈ 2018).

1 (i) ભરુચ, (ii) દાહોદ, (iii) ડાંગ, (iv) જામનગર, (v) પાટણ, (vi) પોરબંદર, (vii) સાબરકાંઠા અને (viii) વલસાડ

પરિશિષ્ટ - V

ઓડિટ માટે પસંદ કરાયેલ યુનિટો દર્શાવતું પત્રક

(સંદર્ભ ફકરા નં 2.1.5; પૃષ્ઠ 12)

અનુ. નંબર	પસંદ કરાયેલ જિલ્લાનું નામ	પસંદ કરાયેલ બ્લોક (તાલુકા) નું નામ	પસંદ કરાયેલ ગ્રામ પંચાયતનું નામ	પસંદ કરાયેલ વસવાટોના નામ
1	ભરુચ	જંબુસર	દેવળા	(i) દેવળા
2	-do-	-do-	ભોદર	(i) ભોદર
3	-do-	ઝઘડીયા	રાણીપરા	(i) રાણીપરા
4	-do-	-do-	રાજપારડી	(i) માધવપુરા (ii) નવીવસાહત (iii) ભીમપોર (iv) રાજપારડી
5	દાહોદ	ઝાલોદ	નાનસલાઈ	(i) ઉમરીમાળ ફળિયા (નાનસલાઈ) (ii) ઉપલા ફળિયા (મેલણિયાં) (iii) નીચલા ફળિયા (મેલણિયાં) (iv) ગામતળ (મેલણિયાં)
6	-do-	-do-	બાંબેલા	(i) ગામતળ ફળિયા (ii) લૂચાણીયા ફળિયા (iii) ડામોર ફળિયા (iv) ગરાસિયા ફળિયા
7	-do-	લીમખેડા	માંડેર	(i) નાનીમાંડેર ફળિયા (ii) ગામતળ
8	-do-	-do-	પી. ખાખરીયા	(i) બારિયા ફળિયા (ii) નિનામા ફળિયા (iii) પટેલ ફળિયા (iv) તડવી ફળિયા
9	ડાંગ	આહવા	ડોન	(i) ડોન
10	-do-	-do-	ચિચલી	(i) કરાડીઅંબા (ii) હણવંતપાડા (iii) ચિચલી (iv) મહારધાર
11	-do-	સુબીર	ગાવધડ	(i) બોરથડી (ii) ગાવધડ (iii)ગિરમલ
12	-do-	-do-	દહર	(i) દહર (ii) ઘાના (iii) ઉગા
13	જામનગર	ધ્રોલ	ખાખરા	(i) ખાખરા (ii) ખાખરા II
14	-do-	-do-	કટડા	(i) કટડા
15	-do-	જામનગર	ગોરધનપુર	(i) ગોરધનપુર
16	-do-	-do-	રણજીતપર	(i) રણજીતપર
17	પાટણ	હારીજ	જસવંતપુરા	(i) જસવંતપુરા

અનુ. નંબર	પસંદ કરાયેલ જિલ્લાનું નામ	પસંદ કરાયેલ બ્લોક (તાલુકા) નું નામ	પસંદ કરાયેલ ગ્રામ પંચાયતનું નામ	પસંદ કરાયેલ વસવાટોના નામ
18	-do-	-do-	કાઠી	કાઠી
19	-do-	સાંતલપુર	અમરાપુર	(i) અમરાપુર (ii) હંસનગર (iii) પાટી
20	-do-	-do-	જરૂસા	(i) ફૂલપુરા (ii) ગામડી (iii) જરૂસા (iv) શેરપુરા
21	પોરબંદર	કુતિયાણા	ભોગસર	(i) ભોગસર
22	-do-	-do-	ચોળિયાણા	(i) ચોળિયાણા
23	-do-	પોરબંદર	ગારેજ	(i) ગારેજ
24	-do-	-do-	મોરાણાં	(i) મોરાણાં
25	સાબરકાંઠા	પ્રાંતિજ	કમલપુર	(i) કમલપુર (ii) સંડોળિયા
26	-do-	-do-	સોંસણ	(i) સોંસણ (ii) સોનગઢ
27	-do-	વિજયનગર	ભાંખરા	(i) ઝેર (ઝેર) (ii) વડારી (ખેરવાડા) (iii) ટોળડુંગરી (ટોળડુંગરી) (iv) ગોળવાડા(ગોળવાડા)
28	-do-	-do-	કલવાણ	(i) કઠવાવડી(કઠવાવડી) (ii) ટોકરા (વિરેશ્વર) (iii) જાડીસિંબલ (કઠવાવડી) (iv) પૃથ્વીપરા (પૃથ્વીપરા)
29	વલસાડ	ધરમપુર	મોટીઢોળડુંગરી	(i) ગૂંદી ફળિયા (ii) પટેલ ફળિયા (iii) ડુંગરી ફળિયા (iv) નિશાળ ફળિયા
30	-do-	-do-	પીપળપાડા	(i) નિશાળફળિયા (પીપળપાડા) (ii) ચેસપડા (પીપળપાડા) (iii) વેલપાડા(મોરડાહડ) (iv) ખોરી ફળિયા (મોરડાહડ)
31	-do-	ઉમરગામ	ટૂંભ	(i) દોહરપાડા (ii) ભંડારપાડા (iii) ધોડિયાવાડ (iv) ડુંગરીફળિયા
32	-do-	-do-	મરોલી	(i) આગરા ફળિયા (ii) દાંડી ફળિયા (iii) ડુંગરી ફળિયા (iv) મચ્છીવાડ
કુલ				**78 રહેઠાણો**

પરિશિષ્ટ - VI

DLLs દ્વારા ફેર-ચકાસણી કરાયેલ નમૂનાઓના પરિણામોની વિગત દર્શાવતુ પત્રક

(સંદર્ભ ફકરા નં 2.1.8.1; પૃષ્ઠ 23)

(આંકડા સંખ્યામાં)

DLLs નું નામ	મૂળભૂત રીતે એકઠા કરાયેલ નમૂના તથા ફરીથી એકઠા કરાયેલ નમૂનાની તારીખ વચ્ચેનું અંતર (દિવસમાં)	ફેર-ચકાસણી કરાયેલ અયોગ્ય નમૂનાઓની સંખ્યા	ફ્લોરાઈડ		નાઈટ્રેટ		TDS		ફેર-ચકાસણીમાં યોગ્ય ઠરેલ નમૂનાઓની સંખ્યા
			મૂળભૂત પરિક્ષણમાં અયોગ્ય ઠરેલ નમૂનાઓની સંખ્યા	ફેર-ચકાસણીમાં અયોગ્ય ઠરેલ નમૂનાઓની સંખ્યા	મૂળભૂત પરિક્ષણમાં અયોગ્ય ઠરેલ નમૂનાઓની સંખ્યા	ફેર-ચકાસણીમાં અયોગ્ય ઠરેલ નમૂનાઓની સંખ્યા	મૂળભૂત પરિક્ષણમાં અયોગ્ય ઠરેલ નમૂનાઓની સંખ્યા	ફેર-ચકાસણીમાં અયોગ્ય ઠરેલ નમૂનાઓની સંખ્યા	
પંચમહાલ	84 થી 130	26	26	20	26	10	7	2	5
વડોદરા	72 થી 143	17	0	2	17	12	9	5	3
બનાસકાંઠા	95 થી 151	30	17	7	30	29	4	1	0
પાટણ	109 થી 146	8	5	3	2	0	5	2	3
છોટાઉદેપુર	87 થી 149	57	9	7	15	13	2	0	2
ખેડા	87 થી 119	12	8	7	0	2	5	3	1
મહીસાગર	94 થી 135	10	0	7	9	9	3	2	0
દાહોદ	74 થી 142	44	28	36	31	37	10	2	0
મોડાસા	60 થી 74	10	6	2	10	3	7	2	7
કચ્છ	82 થી 99	18	14	8	0	2	14	6	4
અમરેલી	4 થી 5	12	0	1	12	10	7	2	0
સુરેન્દ્રનગર	91 થી 115	5	4	3	2	2	1	0	1
કુલ	**4 થી 151**	**249**	**117**	**103**	**154**	**129**	**74**	**27**	**26**

પરિશિષ્ટ - VII

SLL, DLLs તથા TLLs માં પરીક્ષણ કરવા જરૂરી માપદંડોની યાદી

(સંદર્ભ: ફકરા નં 2.1.8.3; પૃષ્ઠ 26)

અનુ. નંબર	લાક્ષણિક્તાઓ	SLL ખાતે જરૂરી કે નહીં	DLL ખાતે જરૂરી કે નહીં	TLL ખાતે જરૂરી કે નહીં
ભૌતિક માપદંડો				
1.	તાપમાન	હા	હા	હા
2.	રંગ	હા	હા	હા
3.	ગંધ	હા	હા	હા
4.	સ્વાદ	હા	હા	હા
5.	ટર્બીડીટી	હા	હા	હા
6.	Ph	હા	હા	હા
રાસાયણિક માપદંડો				
7.	ટોટલ ડિઝોલ્વડ સોલીડ્સ(TDS)/ ઈલે. કંડકટીવીટી	હા	હા	હા
8.	ટોટલ આલ્કલીનીટી	હા	હા	હા
9.	ક્લોરાઈડ	હા	હા	હા
10.	ફ્લોરાઈડ	હા	હા	હા
11.	એમોનિયા	હા	હા	હા
12.	નાઈટ્રેટ	હા	હા	હા
13.	નાઈટ્રીટ	હા	ના	ના
14.	સલ્ફેટ	હા	હા	હા
15.	સિલિકા	હા	ના	ના
16.	સોડિયમ	હા	Ha	ના
17.	પોટેશિયમ	હા	હા	ના
18.	બોરોન	હા	ના	ના
19.	કેલ્સિયમ (as Ca)	હા	ના	ના
20.	મેગ્નેસિયમ (as Mg)	હા	ના	ના
21.	ટોટલ હાર્ડનેસ	હા	હા	ના
22.	સલ્ફઈડ	હા	ના	ના
23.	ક્લોરામીન્સ (as Cl_2)	હા	ના	ના
ભારે ધાતુઓ				
24.	આયર્ન	હા	હા	હા
25.	મેંગેનીઝ	હા	હા	હા
26.	કોપર	હા	હા	ના

અનુ. નંબર	લાક્ષણિક્તાઓ	SLL ખાતે જરૂરી કે નહીં	DLL ખાતે જરૂરી કે નહીં	TLL ખાતે જરૂરી કે નહીં
27.	ટોટલ ક્રોમિયમ (as Cr)	હા	હા	ના
28.	કેડમિયમ	હા	ના	ના
29.	લીડ	હા	હા	ના
30.	નિકલ	હા	હા	ના
31.	ટોટલ આર્સેનિક (as As)	હા	હા	હા
32.	મર્ક્યુરી	હા	ના	ના
33.	બેરિયમ	હા	ના	ના
34.	ઝીંક	હા	હા	ના
35.	એલ્યુમિનિયમ	હા	હા	ના
36.	એન્ટીમની	હા	ના	ના
37.	સેલેનિયમ	હા	હા	ના
38.	સિલ્વર	હા	હા	ના
39.	મોલીબેડનમ (as Mo)	હા	ના	ના
	માઈક્રોબાયોલોજિકલ			
40.	ટોટલ કોલિફોર્મ	હા	હા	હા
41.	E. Coli/ થરમોટોલરંટ કોલિફોર્મ્સ	હા	હા	હા
42.	વાયરસ	હા	ના	ના
43.	V. કોલેરા, S. ટાઈફી, S. ડિસેન્ટ્રી , સ્ટેફલોકોકસ , F. સ્ટ્રેટોકોકસી, G. લેમ્બિલીયા પરીક્ષણો - રાજ્ય કક્ષાની લેબોરેટરીઓમાં સમાવિષ્ટ કરી શકાય, અને અમુક કિસ્સોમાં વાયરસ માપદંડો, રોગના ભારણ અનુસાર રાજ્યોએ નક્કી કરવાનું રહે			
	ચોક્કસ માપદંડો			
44.	ટોટલ પેસ્ટીસાઈડ રેસિડયુ	હા	ના	ના
45.	રેડીયોએક્ટીવ એલિમેંટ્સ	હા	ના	ના
46.	સાઈનાઈડ	હા	ના	ના
47.	પોલી-એરોમેટિક હાઈડ્રો કાર્બન(PAH)	હા	ના	ના
48.	ફ્રી રેસિડ્યુઅલ ક્લોરીન	હા	હા	હા
49.	પોલીક્લોરીનેટેડ બાયફેનીલ્સ	હા	ના	ના
50.	NDMA	હા	ના	ના
51.	એનીયોનીક ડિટરજન્ટસ્ (as MBAS)	હા	ના	ના
52.	ઓઇલ્સ અને ગ્રીસ	હા	હા	ના
53.	ડિઝોલ્વડ ઑક્સીજન (DO)	હા	હા	ના
54.	બાયોલોજિકલ ઓક્સિજન ડિમાન્ડ (BOD)	હા	હા	ના
55.	કેમિકલ ઓકિસજન ડિમાન્ડ (COD)	હા	હા	ના

અનુ. નંબર	લાક્ષણિક્તાઓ	SLL ખાતે જરૂરી કે નહીં	DLL ખાતે જરૂરી કે નહીં	TLL ખાતે જરૂરી કે નહીં
56.	મિનરલ ઓઇલ	હા	ના	ના
57.	ફીનોલીક કમ્પાઉન્ડ	હા	ના	ના
58.	ટ્રાઈ હેલો મિથેન a. બ્રોમોફોર્મ b. ડાઈબ્રોમોમિથેન c. બ્રોમોડાઈક્લોરોમિથેન d. ક્લોરોફોર્મ	હા	ના	ના
	વૈયક્તિક એકલ પેસ્ટિસાઈડ્ઝ			
59.	અલ્કલોર	હા	ના	ના
60.	એટ્રાઝાઈન	હા	ના	ના
61.	આલડ્રીન/ડીલડ્રીન	હા	ના	ના
62.	આલ્ફા HCH	હા	ના	ના
63.	બીટા HCH	હા	ના	ના
64.	બુટાકલોર	હા	ના	ના
65.	ક્લોરોપાઈરીફોસ	હા	ના	ના
66.	ડેલ્ટા HCH	હા	ના	ના
67.	2, 4-ડ્રાયક્લોરોફીનોઓકસીએસીટીક એસિડ	હા	ના	ના
68.	DDT (DDT ના o, p તથા p, p આયોમર્સ, DDE તથા DDE)	હા	ના	ના
69.	એન્ડોસલ્ફેન (આલ્ફા, બીટા અને સલ્ફેટ)	હા	ના	ના
70.	ઈથિઓન	હા	ના	ના
71.	ગામા - HCH (લીન્ડેન)	હા	ના	ના
72.	ઈસોપ્રોટ્યુરોન	હા	ના	ના
73.	માલાથીઓન	હા	ના	ના
74.	મિથાઈલ પેરાથીઓન	હા	ના	ના
75.	મોનોક્રોટાફોસ	હા	ના	ના
76.	ફોરેટ	હા	ના	ના

પરિશિષ્ટ - VIII

નમૂનારૂપ ચકાસણી કરાયેલ 78 વસવાટોના નમૂનાઓના પરીક્ષણોના પરિણામો દર્શાવતું પત્રક

(સંદર્ભ: ફકરા નં 2.1.9.1; પૃષ્ઠ 29)

જિલ્લો	નમૂના રૂપ ચકાસણી કરાયેલ વસવાટોની કુલ સંખ્યા	વર્ષ 2017-18 દરમિયાન લેબોરેટરીઓ દ્વારા નમૂનારૂપ ચકાસણી કરાયેલ વસવાટોના પાણીના નમૂનાઓ ચોમાસા-પૂર્વે તથા ચોમાસા બાદ કરાયેલ પરીક્ષણોની વિગતો				એપ્રિલ થી ઓગષ્ટ 2018 દરમિયાન ઓડિટની હાજરીમાં એકઠા કરવામાં આવેલ નમૂનારૂપ ચકાસણી કરાયેલ વસવાટોના પાણીના નમૂનાઓના પરિક્ષણની વિગતો			
		જ્યાંથી પાણીના નમૂનાઓ એકઠા કરવામાં આવેલ હતા તે વસવાટોની સંખ્યા	એકઠા કરાયેલ પાણીના નમૂનાઓની સંખ્યા	અયોગ્ય ઠરેલા પાણીના નમૂનાઓની સંખ્યા (ટકાવારી)	અયોગ્ય જળ સ્ત્રોત ધરાવતા જોવા મળેલ વસાવટોની સંખ્યા (ટકાવારી)	જ્યાંથી પાણીના નમૂનાઓ એકઠા કરવામાં આવેલ હતા તે વસવાટોની સંખ્યા	એકઠા કરાયેલ પાણીના નમૂનાઓની સંખ્યા	અયોગ્ય ઠરેલા પાણીના નમૂનાઓની સંખ્યા (ટકાવારી)	અયોગ્ય જળ સ્ત્રોત ધરાવતા જોવા મળેલ વસવાટોની સંખ્યા (ટકાવારી)
ભરુચ	7	7	29	5 (17)	3 (43)	7	21	5 (24)	3 (43)
દાહોદ	14	4	6	0 (0.00)	0 (0.00)	14	36	17 (47)	10 (71)
ડાંગ	11	11	210	1 (0.48)	1 (9)	11	37	2 (5)	2 (18)
જામનગર	5	5	16	8 (50)	3 (60)	5	18	7 (39)	3 (60)
પાટણ	9	6	12	0 (0.00)	0 (0.00)	9	11	3 (27)	2 (22)
પોરબંદર	4	4	8	0 (0.00)	0 (0.00)	4	14	3 (21)	2 (50)
સાબરકાંઠા	12	12	70	8 (11)	5 (42)	12	22	16 (73)	10 (83)
વલસાડ	16	16	51	0 (0.00)	0 (0.00)	16	29	1 (3)	1 (6)
કુલ	**78**	**65**	**402**	**22 (5)**	**12 (18)**	**78**	**188**	**54 (29)**	**33 (42)**

પરિશિષ્ટ - IX

વર્ષ 2013-18ના સમય ગાળા દરમિયાન નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં ચકાસાયેલ નમૂનાઓની વિગતો દર્શાવતું પત્રક

(સંદર્ભ: ફકરા નં 2.1.9.1; પૃષ્ઠ 29)

નમૂના રૂપ તપાસ કરાયેલ જિલ્લાઓ	પૂર્વે તથા બાદમાં પરીક્ષણ કરાયેલ પાણીના નમૂનાઓની સંખ્યા	પાણીના નમૂનાઓની સંખ્યા (ટકાવારી)			
		અયોગ્ય ઠરેલ	ફ્લોરાઈડની અધિક માત્રને કારણે અયોગ્ય	નાઈટ્રેટની અધિક માત્રને કારણે અયોગ્ય	TDS ની અધિક માત્રને કારણે અયોગ્ય
ભરુચ	14516	1873 (13)	49(0.34)	1187(8)	1005(7)
દાહોદ	49836	12331(25)	4077(8)	5178(10)	589 (1)
ડાંગ	17431	599(3)	0(0)	595 (3)	1 (0.01)
જામનગર	5923	2182(37)	65(1)	1980(33)	155 (3)
પાટણ	6880	1680 (24)	983(14)	193(3)	608 (9)
પોરબંદર	2481	476(19)	78(3)	330(13)	92(4)
સાબરકાંઠા	15523	2401(15)	264 (2)	2185(14)	138 (0.89)
વલસાડ	49992	510(1)	83 (0.17)	41(0.08)	358(0.72)
કુલ	162582	22052 (14)	5599 (3)	11689 (7)	2946(2)

પરિશિષ્ટ - X

વિવિધ યોજનાઓ હેઠળ ખર્ચની વર્ષવાર વિગતો દર્શાવતું પત્રક

(સંદર્ભ: ફકરા નં 2.1.10; પૃષ્ઠ 32)

(₹ કરોડમાં)

યોજનાનુ નામ	2013-14		2014-15		2015-16		2016-17		2017-18	
	મળેલ ભંડોળ	ખર્ચ	મળેલ ભંડોળ	ખર્ચ	મળેલ ભંડોળ	ખર્ચ	મળેલ ભંડોળ	ખર્ચ	મળેલ ભંડોળ	ખર્ચ
1	2	3	4	5	6	7	8	9	10	11
સંશોધન અને વિકાસ	1.00	3.00	3.00	1.91	2.00	7.31	6.00	3.09	6.00	2.04
NRDWP - રાજ્ય સરકારના હિસ્સા- સહિત RWSS	861.20	837.93	909.50	784.17	795.67	1430.34	1369.85	1557.58	1999.42	2002.77
સરદાર સરોવર કેનાલ આધારીત WSS	439.80	903.78	837.00	1217.82	648.00	485.37	693.00	673.27	693.00	702.22
ડ્રિંકિંગ વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેકશન ટાસ્ક ફોર્સ	3.75	0.00	5.00	0.73	5.00	3.61	5.00	10.85	5.00	0.00
વોટર કંઝર્વેશન એન્ડ પ્રિવેન્શન ઓફ વેસ્ટજ ઓફ વોટર	1.00	0.40	1.00	0.17	2.00	0.41	3.00	1.08	1.00	0.59
મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના	0.00	0.00	1.50	0.86	1.50	1.14	1.50	0.99	1.50	1.29
ટ્રાઈબલ એરિયા સબ-પ્લાન અંતર્ગત 10 ટકા સ્થાનિક ફાળો	0.00	0.00	0.00	0.00	20.00	6.11	5.00	7.87	5.00	9.45
NRDWP (GoI નો હિસ્સો)	515.06	438.10	362.36	485.12	281.55	760.34	242.61	448.53	261.97	247.39
કુલ	**1821.81**	**2183.21**	**2119.36**	**2490.78**	**1755.72**	**2694.63**	**2325.96**	**2703.26**	**2972.89**	**2965.75**

(સ્ત્રોત: પાણી પુરવઠા વિભાગનો વાર્ષિક વહીવટી અહેવાલ)

પરિશિષ્ટ - XI

MDM યોજનાના અમલીકરણનો ફ્લો-ચાર્ટ

(સંદર્ભ: ફકરા નં 3.1.1; પૃષ્ઠ 42)



પરિશિષ્ટ - XII

પસંદ કરાયેલ જિલ્લાઓ,તાલુકાઓ અને GPs/વોર્ડ્સ તથા લાભાર્થીઓના કરાયેલ સર્વેક્ષણની વિગતો દર્શાવતુ પત્રક

(સંદર્ભ: ફકરા નં 3.3.1; પૃષ્ઠ 64)

પસંદ કરાયેલા જિલ્લાઓ	નમૂના તપાસ કરયેલા તાલુકાનું નામ	ઓડિટ દ્વારા મુલાકાત કરાયેલ GPs/વોર્ડ્સ	સર્વેક્ષણ કરાયેલ લાભાર્થીઓની સંખ્યા
બનાસકાંઠા	પાલનપુર	ખોડલા	30
		મડાણા (ગઢ)	30
		રામપુરા (કરાઝા)	30
	ધાનેરા	રુણી	30
		જડિયા	30
		વીંછીવાડી	25
દાહોદ	દાહોદ	તરવાડીયાહીમત	30
		સીમાળિયાખુર્દ	30
		વરવાડા	30
	લીમખેડા	જાડા ખેરિયા	30
		લૂખાવાડા	12
		પટવાણ	22
વલસાડ	વાપી	ચીભ્ભાડકચ્છ	19
		કોપરાળી	29
		સાલવાવ	21
	કપરાડા	બુરલા	30
		વરોલીજંગલ	30
		મોટી વહીયાળ	30
જામનગર	જામનગર	ધૂણવાવ	19
		જીવાપર	08
		વોર્ડ 5 (શહેરી)	30
	કાલાવડ	મૂળિલા	6
		વોર્ડ- 2 (શહેરી)	30
		વોર્ડ- 3 (શહેરી)	30
કુલ			611

પરિશિષ્ટ - XIII

સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓ સાથે છાત્રોની સંખ્યા અને ભંડોળની રૂપરેખાની વિગતો દર્શાવતું પત્રક

(સંદર્ભ: ફકરા નં 3.4.1 અને 3.4.2; પૃષ્ઠ 72 અને 73)

અનુ. નંબર	શાળાનો પ્રકાર	શાળાઓની સંખ્યા	છાત્રોની સંખ્યા	છાત્રદીઠ વાર્ષિક આવર્તક ખર્ચની વહેંચણી (₹ આંકડામાં)	
				GoI	GoG
EMRS શાળાઓ					
1.	GoI ની EMRS	27	8,991	42,000	10,000
2.	GoG ની વનબંધુ કલ્યાણ યોજના(VKY) EMRS	2	498	0	36,000
3.	GoG ની ડાંગ જિલ્લાની આશ્રમ શાળાઓ	5	1,297	0	42,000
4.	EMRS, ખારેંચા અને GoGની EMRS, બિલવાન - સૈનિક સ્કૂલ	2	525	0	52,000
	પેટા-કુલ	**36**	**11,311**		
5.	GoI ની GLRS	43	13,252	27,100	10,000
	પેટા-કુલ	**43**	**13,252**		
	કુલ	**79**	**24,563**		

(સ્ત્રોત: સોસાયટી દ્વારા પૂરી પડાયેલ માહિતી)

પરિશિષ્ટ - XIV

વર્ષ 2015-18 દરમિયાન મેળવેલ અનુદાન અને કરાયેલ ખર્ચની વિગતો દર્શાવતુ પત્રક

(સંદર્ભ ફકરા નં 3.4.4; પૃષ્ઠ 74)

(₹ કરોડમાં)

વર્ષ	ખૂલતી સિલક	આવકો						કુલ પ્રાપ્ય ભંડોળ	ખર્ચ						બંધ સિલક
		EMRSs માટે અનુદાન		GLRSs માટે અનુદાન		અન્ય અનુદાનો	વ્યાજ અને અન્ય આવકો		EMRSs		GLRSs		અન્ય	કુલ	
		મૂડીગત	મહેસૂલી	મૂડીગત	મહેસૂલી				મૂડીગત	મહેસૂલી	મૂડીગત	મહેસૂલી			
2015-16	75.51	37.15	39.71	34.65	23.93	65.96	77.17	354.08	51.05	40.54	40.60	36.39	128.87	297.45	56.63
2016-17	56.63	79.54	56.96	40.86	42.64	76.74	22.57	375.94	26.77	42.56	9.77	43.59	89.53	212.22	163.72
2017-18	163.72	50.43	62.37	29.56	54.18	29.99	8.24	398.49	4.59	59.53	4.50	41.36	97.39	207.37	191.12
કુલ		**167.12**	**159.04**	**105.07**	**120.75**	**172.69**	**107.98**		**82.41**	**142.63**	**54.87**	**121.34**	**315.79**	**717.04**	

(સ્ત્રોત: સોસાયટી દ્વારા પૂરી પડાયેલ માહિતી)

પરિશિષ્ટ - XV

નમૂના તપાસ કરાયેલ શાળાઓમાં ખાટલાઓ અને ગાદલાઓની ઉપલબ્ધતાની અછત દર્શાવતું પત્રક

(સંદર્ભ: ફકરા નં 3.4.6.3; પૃષ્ઠ 83)

નમૂના તપાસ કરાયેલ શાળાઓ	ખાટલાઓ			ગાદલાઓ			ડાઈનિંગ ટેબલો		
	જરૂરી	ઉપલબ્ધ	અછત	જરૂરી	ઉપલબ્ધ	અછત	જરૂરી	ઉપલબ્ધ	અછત
EMRSs									
અંબાજી	477	500	0	477	500	0	80	0	80
જાગાણા	479	294	185	479	294	185	60	35	25
કડાણા	338	155	183	338	338	0	42	0	42
કપરાડા	423	423	0	423	423	0	59	59	0
ઉકાઈ	420	420	0	420	117	303	41	0	41
વાઘોડિયા-I	250	250	0	250	250	0	43	0	43
પેટા-કુલ	**2387**	**2042**	**368**	**2387**	**1922**	**488**	**325**	**94**	**231**
GLRSs									
જેઠી	300	200	100	300	200	100	50	50	0
ખડકવાડા	340	120	220	340	300	40	42	0	42
મોગરા	540	450	90	540	290	250	90	0	90
પોષીના	300	100	200	300	150	150	60	0	60
સરોટા	420	207	213	420	270	150	50	50	0
સુત્રાપાડા	333	260	73	333	263	70	70	60	10
પેટા-કુલ	**2233**	**1337**	**896**	**2233**	**1473**	**760**	**362**	**160**	**202**
કુલ	**4620**	**3379**	**1264**	**4620**	**3395**	**1248**	**687**	**254**	**433**